Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી શારદાદેવી

લેખક
જયંતીલાલ આચાર્ય



४३ ग
५१

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या 83 ग/59

पंजिका-संख्या 29680/24.3.2003

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री शारदादेवी

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 83ग/59
आगत सं० 29684
तिथि० 25.3.2003
गुरुकुल ग्रन्थालय कांगड़ी.

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ. માંઘીબાઈ વૃંદાવન દયાળ ગ્રંથમાળા: નં. ૩

શ્રી શારદાદેવી

લેખક

જયંતીલાલ આચાર્ય

CHECKED 1973

Initial

पुस्तकालय
गुरुकुल कांगड़ी

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક:
જેઠાલાલ જીવણલાલ ગાંધી
આસિસ્ટન્ટ સેક્રેટરી
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી
ભદ્ર, અમદાવાદ

આવૃત્તિ ૧ લી
પ્રત ૨,૦૦૦

ઈ. સ. ૧૯૪૩
વિ. સં. ૧૯૯૯

કીમત એક રૂપિયો

CHECKED 1973

મુદ્રક: સોમાલાલ મંગળદાસ શાહ
ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ,
પાંચકૂવા, ચાર રસ્તા
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ. મોંઘીબાઇ, તે શાહ વૃંદાવન દયાળનાં પત્ની,
ગ્રંથમાળા ફંડનો

ઉપોદ્ઘાત

સદરહુ ટ્રસ્ટ ફંડ રૂ. ૧,૫૦૦) નું શેઠ વૃંદાવનદાસ દયાળે તેમનાં પત્ની સ્વ. મોંઘીબાઇના સ્મારક અર્થે સોસાયટીને સ્ત્રી ઉપયોગી પુસ્તકો રચાવવા સોંપ્યું છે, તેમાંથી નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છેઃ—

૧. ગૃહજીવનની સુંદરતા	કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ	૦–૪–૦
૨. સમાજ સુધારાનું રેખાદર્શન	નવલરામ જગન્નાથ ત્રિવેદી	૦–૮–૦
૩. શ્રી શારદાદેવી	જયંતીલાલ મ. આચાર્ય	૧–૦–૦

ગુ. વ. સોસાયટી
અમદાવાદ
તા. ૩૧–૧–૪૩

જેઠાલાલ જી. ગાંધી
આસિસ્ટન્ટ સેક્રેટરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪	૧૭	હતા.	હતા:
૯	૧૫	સ્થૂળ	સ્થૂળ રૂપે
૯	૨૨	પ્રતિક્ષા	પ્રતીક્ષા
૧૦	છેલ્લી	ારણ	કારણ
૧૩	પ્રથમ	આબદ્ઘ	આબદ્ધ
૧૮	૨૨	શિવના	શિવની
૨૦	૧૫	માના	માની
૩૨	૨૪	પરવાલી	પરવારી
૫૯	૨૬	ગરીમા	ગારીમા
૬૦	૪	કરવો	કરવા
૬૩	૨	કહ્યું: મા...	કહ્યું: "મા...
૭૦	૩	તેકળી	તે કળી
૭૪	૪	મોકલી છે	મોકલી દે
૭૮	૪	કવિઓનુ	કવિઓનું
૮૮	૧૭	તારુ	તારું
૮૮	૨૨	(પણ	, પણ
૯૪	૨૩	ચિતાથી	ચિંતાથી
૧૨૦	૪	માગ	માર્ગ
૧૩૨	૯	ઉર્દ્ધગામી	ઉદ્ધ્વર્ગામી
૧૩૩	૧૫	નથી ?	નથી.
૧૪૧	૧૪	ઉપરાછપરી	ઉપરાછાપરી
૧૪૨	૨૨	...શું કરી શકે	...શું કરી શકે?
૧૪૨	છેલ્લી	હત	હતા
૧૪૩	૧૭	શાળમાં	શાળામાં
૧૪૬	૮	થી !	નથી !
૧૫૨	૨૧	છે !	છે ?
૧૫૨	૨૪	જન્માં	જન્મમાં
૧૬૯	૧૮	વષાની	વર્ષાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

॥ वन्दे विश्वहिते रतां भगवतीं चैतन्यदां शारदाम् ॥

"બની શકે તો રામકૃષ્ણ અને શારદામણિના ભક્તોમાંથી કોઇ આ મહીયસી નારીનું જીવન તેમજ વાતચીત લખવાનો પ્રયત્ન કરે, એમ ઇચ્છું છું. કદાચ તેવું એકાદ ચરિત્ર ભવિષ્યમાં લખાય. તેમાં સરળ અને અવિમિશ્ર ભાવે માત્ર તેમનું ચરિત અને વાતચીત જ હોય, કોઇ પ્રકારનાં વ્યાખ્યા, ટીકાટિપ્પણી કે ભાષ્ય ન હોય..........જેના દ્વારા માનવના અંતરનો પરિચય પામી શકાય એવી કોઇ પણ વાત, કોઇ પણ ઘટના કે આખ્યાયિકા તુચ્છ ન ગણાવી જોઇયે. કોઈની પણ જીવંત છબી મનુષ્યની સામે ખડી કરવી હોય તો આટલું જરૂરી છે."

—શ્રીરામાનંદ ચટ્ટોપાધ્યાય

'મૉડર્ન રીવ્યુ' તેમજ 'પ્રવાસી'ના વિદ્વાન તંત્રીનો શારદાદેવી વિષે લખતાં ઉપર જણાવેલો ખ્યાલ આ જીવનચરિત લખતાં મેં હરઘડી મનમાં રાખ્યો છે. તેમના ભક્તોએ અંગ્રેજીમાં જે તેમનું ચરિત લખ્યું છે તે પરદેશીઓને માટે કદાચ ઉચિત હશે, કારણ કે માતાજીના પ્રસંગો સમજાવવા માટે તેમણે ઘણે ઠેકાણે વિસ્તૃત સમાલોચના કરી છે; પરંતુ અહીંના વાચકોને માટે સરળ અને અવિમિશ્ર ભાવે એક આર્યમાતાનું શ્રી, હ્રી અને ધીના સુભગ સુમેળવાળું એક ચિત્ર અંકિત થાય એ ઇરાદાથી બની શક્યું ત્યાં લગી તેમની વાણીમાંથી તેમનું ચરિત લખ્યું છે. તેમના સમગ્ર જીવનનો પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં પાડેલો વિભાગ પણ આકસ્મિક છતાં સૂચક છે. તેમની ઉંમર જોતાં પણ તે બંધ બેસે છે, અને શ્રીરામકૃષ્ણનો દેહત્યાગ પણ પૂર્વાર્ધને અંતે થાય છે! ઉત્તરાર્ધમાં શ્રીરામકૃષ્ણની પ્રચંડ સાધનાના સંચારને તેમજ વિશ્વજનનીના ક્રિયાત્મક આરોપણને પરિણામે શારદાદેવી બધાંનાં મા બને છે. વાતચીતની સંકલનામાં પરોવાયેલું સૂત્ર સમજદારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે સહેલું જ છે. અંતે જે બે સળંગ નોંધપોથી આપી છે તે ભક્તોના તેમની સાથેના વાતચીતના ખ્યાલ આપવા માટે તેમજ તેમાંથી નીતરતી માતૃત્વની ભાવનાને વ્યક્ત કરવાને માટે.

બંગાળીમાં તેમના ભક્તોની નોંધપોથીઓને એકઠી કરીને તેમાંથી લખાયેલાં "**શ્રીશ્રીમાયેર કથા**"નાં બે દળદાર પુસ્તકોમાંથી બધી જ સામગ્રી લીધી છે. તે ઉપરાંત અંગ્રેજીમાં લખાયેલાં શ્રીરામકૃષ્ણ અને શ્રીશારદાદેવીનાં ચરિત, સ્વામી શારદાનંદે લખેલા "**શ્રીરામકૃષ્ણલીલાપ્રસંગ**"ના પાંચ ભાગ, તેમજ "શ્રીઠાકુર-રામકૃષ્ણેર દાંપત્યજીવન," એ બધાં પણ વાંચવામાં આવ્યાં હતાં. છતાંય નોંધપોથીઓ જ સર્વસ્વ છે.

અંતમાં આ પુસ્તક લખવાનું સોંપીને શ્રીશારદાદેવીના જીવનનો પરિચય કરવાનું તેમજ કરાવવાનું જે સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે તે બદલ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો અને આવાં સરળ સહજ ઉપેક્ષિત પાત્રોને બહાર આણવા સૂચવનાર વિદ્વાનોનો આભાર માનું છું.

૧૨ મી ડીસેમ્બર, ૧૯૪૨
અમદાવાદ

જયંતીલાલ આચાર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચિપત્ર

વિષય	પૃષ્ઠસંખ્યા
નિવેદન	—
જીવન:	૧—૭૬
પૂર્વાર્ધ	૧—૩૪
ઉત્તરાર્ધ	૩૫—૭૬
પ્રસંગોચિત વાતચીત:	૭૭-૧૮૮
૧ દીક્ષા	૭૯—૮૨
ગુરુ	૮૩—૮૫
સાધના	૮૫-૧૦૧
કર્મ	૧૦૨-૧૦૫
સાધુભાવ-સંન્યાસ	૧૦૫-૧૦૯
શ્રદ્ધા, કૃપા ઇત્યાદિ	૧૦૯-૧૨૧
મૂર્તિપૂજા	૧૨૨-૧૨૫
સૃષ્ટિ પ્રકરણ	૧૨૫-૧૨૬
સ્વપ્ન રહસ્ય	૧૨૭
મૃત્યુ	૧૨૭-૧૨૮
શ્રી રામકૃષ્ણ અને શ્રી માને વિષે	૧૨૮-૧૩૧
૨ વિવિધ વાર્તાલાપ	૧૩૧-૧૫૩
૩ એક ભક્તની સળંગ નોંધપોથી	૧૫૪-૧૮૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન

" હે ચાંદા મામા, મારું અંતર જાણે તમારી જ્યોત્સ્ના જેવું નિર્મળ રહે ! "

" ગંગામાં કેટકેટલી અપવિત્ર વસ્તુઓ વહી જાય છે, તેથી શું ગંગા કદાપિ અપવિત્ર બને છે ? "

" જે મહાન હોય છે, તે એક જ હોય છે. તેની સાથે કોઇની તુલના થઇ શકે નહિ. "

(શ્રીશારદાદેવી)

" You have not yet understood the wonderful significance of Mother's life,–none of you. But gradually you will know……Mother has been born to revive that wonderful Sakti in India; and making her the nucleus, once more will Gargis and Maitreyis be born into the world… To me, Mother's grace is a hundred thousand times more valuable than Father's. Mother's grace, Mother's blessings are all paramount to me. Please pardon me, I am a little bigoted here, as regards Mother. If but Mother orders, her demons can work anything. Brother, before proceeding to America I wrote to Mother to bless me. Her blessing came and at one bound I cleared the ocean. "

—*Swami Vivekananda*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



শ্রী সারদাদেবী

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રામકૃષ્ણ પરમહંસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

કુમાર પ્રિન્ટરી • અમદાવાદ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી શારદાદેવી

(પૂર્વાર્ધઃ ૧૮૫૩-૧૮૮૬)

[૧]

દક્ષિણેશ્વરના સંત સાધક **શ્રીરામકૃષ્ણને** ત્રેવીશ વર્ષ પૂરાં થયાં હતાં. પારણામાંથીજ પોતાનાં લક્ષણો સૂચવતો ગદાધર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેની નાનપણની લીલા બધાંયને આશ્ચર્યચકિત કરવા લાગી. અનેક પ્રકારના ભાવાવેશ ભજવતો ગદાધર કામારપુકુરનાં આબાલવૃદ્ધ સ્ત્રીપુરૂષોનાં ચિત્ત આકર્ષવા લાગ્યો. કોઈ કોઈ વાર પોતે ભાવસમાધિમાં પણ આવી જતો. નાનપણનો એક આવો પ્રસંગ નોંધવાલાયક છે. તે વખતે ગદાધરની ઉંમર છ કે સાત વર્ષની હતી. પોતાનાં નાનાં સાથીદારોની સાથે સવારને વખતે મમરાની ઉજાણી કરવા ખેતરોમાં જાય છે. જેઠ કે અષાઢ માસ છે. મમરા મોંમાં ફાકતો ફાકતો અને આકાશ તરફ નિહાળતો નિહાળતો ગદાધર ચાલે છે. એવામાં એક પાણીથી સભર વાદળ આકાશમાં નજરે ચઢે છે. દૂર દૂરથી ધોળી દૂધ જેવી બગલાંની હાર પસાર થતી હોય છે. આ દશ્ય જોઈને તેની સુંદરતામાં ગદાધર એવો તો તલ્લીન બની જાય છે કે પરિણામે પોતાનું ભાન ગૂમાવે છે. પાછળ જતાં પોતાના શિષ્યોને શ્રીરામકૃષ્ણ જણાવે છે કે આ તેમના જીવનનો સર્વપ્રથમ અભાન અવસ્થાનો પ્રસંગ હતો.

ઈ. સ. ૧૮૪૩માં ગદાધરની સાત વર્ષની ઉંમરે પોતાના ધર્મપરાયણ સાત્વિક પિતા ખુદિરામનું મૃત્યુ થાય છે. આખા કુટુંબના ભરણપોષણનો ભાર હવે તેમના મોટાભાઈ રામકુમારને માથે પડે છે. ગદાધરને જનોઇ દેવાનો માંગલિક પ્રસંગ સમાપ્ત કરીને રામકુમાર કલકત્તા જાય છે અને ત્યાં સંસ્કૃત પાઠશાળા કાઢે છે. એક બે વર્ષમાં

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે કલકત્તામાં સ્થિર થાય છે એટલે ગદાધરને પણ કલકત્તામાં રામકુમાર બોલાવી લે છે. રામકુમારના મનમાં એમ હતું કે ગદાધર તેના કાર્યમાં સાથ આપશે અને એ પ્રમાણે બન્ને ભાઈઓના કાર્યથી કાંઈક વધારે પ્રાપ્ત થઈ શકશે. પરંતુ ગદાધરને તો કોઈ પણ દુન્યવી કાર્યમાં રસ ઉત્પન્ન નહોતો થતો. તેની ઉદાસીનતા જોઈને રામકુમારે એક વખત ગદાધરને ઠપકો આપ્યો. ગદાધરે જવાબ વાળ્યો: “ ભાઈ, માત્ર ઉદર પૂરણ કરવા પૂરતા શિક્ષણથી મારું શું વળવાનું હતું ? મારે તો એવું જ્ઞાન જોઈએ કે જે મારા હૃદયને ઉજાળે, મને સનાતન શાંતિ આપે. ” આવો જવાબ સાંભળીને સમજુ રામકુમાર શાંત થયો. પરંતુ તેની આર્થિક સ્થિતિ સમસ્ત કુટુંબના ભરણપોષણને પહોંચી વળે તેવી નહોતી, તેથી હંમેશાં તે ચિંતામગ્ન રહેતો.

એવામાં કલકત્તામાં રાણી રાસમણિ નામે એક ધનાઢ્ય બાઈને સ્વપ્નમાં આદેશ થયો કે તેણે કાલીની પ્રતિષ્ઠા કરવી. બાઈ પોતે શૂદ્ર જાતની એટલે તેનું ધાર્મિક નિરાકરણ કેવી રીતે થાય તે પ્રશ્ન ચર્ચાવા લાગ્યો. ઘણી શાસ્ત્રીય ચર્ચાઓને અંતે રામકુમારને માથે તેની જવાબદારી આવી પડે છે અને તેની પ્રતિષ્ઠાની પૂર્ણાહુતિ થયા પછી કાલીના પૂજારી તરીકે પણ રામકુમારની નિમણૂંક થાય છે. આથી ગદાધર પણ પોતાના મોટાભાઈની સાથે ગંગાતટે આવેલા દક્ષિણેશ્વરમાં રહેવા લાગે છે.

રાણી રાસમણિને મથુરબાબુ નામે એક જમાઈ હતા. તેમના ઘરનો ઘણોખરો કારભાર મથુરબાબુજ ચલાવતા. આથી અવારનવાર દક્ષિણેશ્વરમાં તેમને આવવાનું થતું. રામકુમારની સાથે રહેતા તેમના નાના ભાઈની ઘણી પ્રવૃત્તિઓ મથુરબાબુ ઝીણવટથી જોવા લાગ્યા અને તેના તરફ તેમનો આદરભાવ દિવસે દિવસે વધવા લાગ્યો. પરિણામે રામકૃષ્ણને પણ કાલીના મંદિરમાં કામ સોંપાયું. શરૂઆતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાધાગોવિંદની પૂજાનું કાર્ય તેમને કરવાનું કર્યું, પરંતુ તરતજ તેમની ભાવદશા જોઇને કાલીમાતાનું કાર્ય તેમને સોંપાયું.

એટલામાં રામકૃષ્ણની વીસ વર્ષની ઉંમરે રામકુમારનું મૃત્યુ થયું. રામકૃષ્ણના મન ઉપર તેની ભારે અસર થઇ. હવે આખા કુટુંબની જવાબદારી પોતાને માથે આવી પડી.

કાલીની પ્રતિમાને રામકૃષ્ણ ચૈતન્યવંતી જોવા લાગ્યા. વિશ્વ-જનનીની પરિચર્યામાં પોતે એવા ભાવમગ્ન રહેતા કે બાહ્ય જગતને વિષે શૂન્ય જણાતા. મથુરબાબુ રામકૃષ્ણને બરાબર પારખી ગયા હતા, એટલે ગમે તેવી સ્થિતિમાં પણ રામકૃષ્ણની ચારેબાજુથી સંભાળ રાખતા. કાલીમાતાનાં સાક્ષાત દર્શન માટે તેમનો તલસાટ, તેમનાં ક્રંદન, એટલાં બધાં વધવા લાગ્યાં કે રાત અને દિવસ રામકૃષ્ણ એના એજ ભાવના અમલમાં રહેતા. દિવસે દિવસે તેમની દિવ્ય ઉન્માદની દશા વધતી ચાલી, કેટલીક વાર કાલીની પૂજાનું પણ ઠેકાણું રહેતું નહિ. ગંગાને તટે જઇને એકાંતમાં ઘણો વખત પોતે ગાળવા લાગ્યા. ઘણાંને લાગ્યું કે કદાચ તેમનું ચિત્ત અસ્થિર થઇ ગયું હશે, તેથી મથુરબાબુએ પોતે પણ વૈદ્યોની પાસે તેમની ચિકિત્સા કરાવરાવી. આ સમાચાર રામકૃષ્ણનાં માતા ચંદ્રાદેવીને કામારપુકુર પહોંચ્યા, તેથી તેમણે રામકૃષ્ણને હવાફેર માટે પોતાને ત્યાં બોલાવ્યા.

પરંતુ રામકૃષ્ણને જેની લગની લાગી હતી, તે કાંઇ માત્ર સ્થળાંતરથી ઓછી થવાની હતી ? કામારપુકુરમાં જઈને પણ તેમણે ઉગ્ર તપસ્યા કરવી શરૂ કરી. જગન્માતાની ચિન્મયી મૂર્તિનાં પોતે દર્શન કરવા લાગ્યા. આથી કરીને તેમના મનની સ્થિરતા કંઇક અંશે પ્રાપ્ત થવા લાગી. ભૂવાજતી વગેરે ચંદ્રાદેવીએ ઘણા કર્યા પણ તેની તો કાંઇજ અસર થઇ નહિ. ચારે બાજુનાં માણસો એમ માનતાં થયાં કે રામકૃષ્ણની મોટી ઉંમર પ્રમાણે વિવાહ નહિ થવાથી તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્તવૃત્તિઓ અસ્થિર જણાય છે. ચંદ્રાદેવીના ગળે પણ એ વાત ઊતરી. તેથી તેમણે ચારેબાજુનાં ગામડાંઓમાં તપાસ કરાવરાવી, પણ ક્યાંય પત્તો ખાય નહિ. બધાંય ઘરેણાં અને પહેરામણીની એવી મોટી માગણી કરે કે ચંદ્રાદેવીની ગરીબ સ્થિતિને તે પોસાય નહિ. આ પ્રમાણે ઘરનાં બધાંય ચિંતાતુર રહેવા લાગ્યાં. રામકૃષ્ણને આ વાતનો અંદેશો ગયો હતો, પણ પોતે શાંત ચિત્તે તે બધી ધમાલ જોઈ રહ્યા હતા. છેવટે જ્યારે તેમણે જોયું કે હવે કાંઇ કર્યા વિના ચાલે તેમ નથી ત્યારે એક વાર પોતેજ તે વાત ઉપાડી અને બધાંને આશ્ચર્ય સાથે જણાવ્યું: "બીજે બધે તમે જે પ્રયત્નો કરો છો તે ફોકટ છે. જયરામબાટી નામના ગામમાં રામચંદ્ર મુખોપાધ્યાયને ત્યાં મારે માટે નિર્માણ થયેલી કન્યા જન્મેલ છે." ચંદ્રાદેવીને આ વાતમાં શ્રદ્ધા તો ન બેઠી, પરંતુ તપાસ કરાવવામાં શું જાય છે એમ માનીને તપાસ કરાવરાવી. અને વાત તદ્દન સાચી ઠરી!

[૨]

શ્રી શારદાદેવીનો જન્મ બાંકુડા જીલ્લાના જયરામબાટી નામના ગામમાં **ઈ. સ. ૧૮૫૩** ની ૨૨મી તારીખે થયો હતો. તેમના પિતાનું નામ રામચંદ્ર મુખોપાધ્યાય અને માતાનું નામ શ્યામસુંદરીદેવી. પિતાને બીજા ત્રણ ભાઇઓ હતા. ત્રૈલોક્યનાથ, ઇશ્વરચંદ્ર અને નીલમાધવ. આખા કુટુંબનું ભરણપોષણ ખેતી ઉપર નિર્ભર હતું.

શારદાદેવીના પિતા ગરીબ હોવા છતાં નિષ્ઠાવાન અને માતા ભક્તિમતી તેમજ કર્તવ્યપરાયણ હતાં. નાનપણથી પોતે ગરીબાઇમાં ઊછર્યા હતાં. ઘરનાં બીજાં કામકાજમાં શારદાદેવી માતાને મદદ કરતાં.

ઈ. સ. ૧૮૬૪ માં બંગાળામાં ભારે દુકાળ પડયો. શારદાદેવીની ઉંમર તે વખતે અગિઆર વર્ષની હતી. તે વખતનું વર્ણન કરતાં પોતે જણાવે છે: "કેટલાંય લોક ખાવાનું નહિ મળવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારે ત્યાં આવતાં. અમે આગલે વર્ષે ધાનનો સારો સંઘરો કરેલો. મારા પિતા ખીચડી હાંડી ઉપર ચઢાવીને જે કોઇ આવે તેને ખાવા બેસાડતા. કોઈ કોઈ વાર તો એટલાં બધાં લોકો આવી ચડતાં કે અમારાથી પહોંચી વળાતું નહિ. બધાંને ગરમાગરમ ખીચડી પીરસી રહ્યાં પછી હું પંખો નાખવા બેસતી. પણ લોકો એટલા બધા ભૂખ્યા હતા કે ખીચડી ટાઢી થાય તે પહેલાં તો ખાઈ જતા. એક વાર એક હલકી વર્ણની છોકરી આવી. તેના ભાલોડિયાં જેવા ખડા વાળ અને લાલ લાલ આંખો હજુ મને યાદ છે. આવીને તરતજ એ તો ઢોરને માટે બાફવા મૂકેલું ખાણુ ખાવા મંડી પડી. અહા! કેવી ભૂખ! દેહ છે ત્યાં સુધી ભૂખતરસ બધુંજ ભોગવવાનું!"

નાનપણમાં ગળા સુધી પાણીમાં ડૂબીને શારદાદેવી ઢોરઢાંખરને માટે ઘાસ વાઢી લાવતાં. ખેતરોમાં કામ કરનાર ચાકરો માટે ખાવાનું લઈ જતાં અને પોતાના નાના ભાઇઓની દેખરેખ રાખતાં. કોઈ કોઈ વાર તેમને લઇને આમોદર નદીમાં સ્નાન કરવા જતાં, ન્હાઈ પરવારીને નદી કિનારે ચવાણું ખાતાં. શારદાદેવીને ચાર ભાઇઓ હતાઃ પ્રસન્નકુમાર, કાલીકુમાર, વરદાપ્રસાદ અને અભયચરણ. આગળ જતાં પોતાના શિષ્યોને શારદાદેવીએ જણાવ્યું હતું કે તેમની સાથે તેમનાં બધાં કાર્યોમાં તેમના જેવી એક છોકરી તેમને મદદ કરતી. તેમની દશ અગિઆર વર્ષની ઉંમર સુધી આ પ્રમાણે બન્યું.

શારદાદેવીની સાથે બાળપણમાં રમનાર શ્રીરામકૃષ્ણનાં સ્ત્રી-શિષ્યાઓમાંનાં એક અઘોરમણિ જણાવે છેઃ "શારદામાતા ઘણાં સાદાસીધાં હતાં. રમવામાં તેમની સાથે કોઇનો ઝઘડો થતો નહિ. પોતે ગૃહિણી બનીને રમતમાં ભાગ લેતાં. ઢીંગલીની રમતના કરતાં કાલી અને લક્ષ્મી બનાવીને તેની પૂજા કરતાં અને બધાંનો ઝઘડો પોતે પતાવતાં. એક વાર જગદ્ધાત્રીની પૂજાની વેળા હતી. રામહૃદય ઘોષાલ તે વખતે હાજર હતા. માતાજીને જગદ્ધાત્રીની સામે ધ્યાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરતાં જોઇને ગોપાલ આશ્ચર્ય પામ્યા. મીટ માંડીને પોતે માતાજીની સામે જોઈ રહ્યા, પરંતુ જગદ્ધાત્રીને કે માતાજીને પારખી શક્યા નહિ !"

પોતાના નાના ભાઈ પ્રસન્નકુમારની સાથે શારદાદેવી કોઈ કોઈ વાર પાઠશાળામાં જતાં. ત્યાં કાંઈક શીખ્યાં. ત્યાર પછી કામારપુકુરમાં વર્ણપરિચય પરાણે વાંચી શકતાં. આગળ અભ્યાસ કરીને રામાયણ વગેરે બંગાળીમાં વાંચી શકતાં, પણ કાગળપત્ર લખી શકતાં નહિ.

આગળ આપણે જોઈ ગયા કે શ્રીરામકૃષ્ણે પોતે પોતાને માટે નિર્મિત થયેલી ગૃહિણીની પસંદગી કરી હતી, અને આખા કુટુંબને મુઝવતા પ્રશ્નનો સહેજમાં નિકાલ આણ્યો હતો. ગૃહસ્થાશ્રમનું રામ-કૃષ્ણનું નામ ગદાધર હતું. તેમના સૂચવ્યા પ્રમાણે તેમનાં માતા ચંદ્રાદેવીએ તપાસ કરાવી તો વાત તદ્દન સાચી નીકળી; પરંતુ મુશ્કેલી માત્ર એક જણાઇ કે કન્યા પાંચ વર્ષની હતી! ચંદ્રાદેવીએ રામકૃષ્ણની સાંસારિક બાબતો તરફની સંપૂર્ણ ઉદાસીનતા અને નિરંતર ઉન્માદની અવસ્થા દૂર કરવાના હેતુથી નિર્માણ થયેલી આ વાતનો સ્વીકાર કર્યો. પરંતુ ગરીબાઈની સ્થિતિમાં કન્યાને માટે ખાસ આવશ્યક ઘરેણાં ક્યાંથી લાવવાં? વિચાર કરતાં જમીનદાર ધર્મદાસ લાહાને ત્યાંથી વિવાહ પૂરતાં ઘરેણાં લઈ આવવાં એમ નક્કી કર્યું.

વરયાત્રા કામારપુકુરથી ચાર માઈલ દૂર આવેલા જયરામબાટી ગામ ગઈ. **ઈ. સ. ૧૮૫૯** ના મે માસમાં ગદાધર ગૃહસ્થ થયા. રામકુમારથી નાના ભાઇ રામેશ્વરે કન્યાના પિતાને ત્રણસો રૂપિયા રોકડા આપ્યા. લગ્નગ્રંથિથી યુક્ત થઇને વરકન્યા કામારપુકુર આવ્યાં.

પરંતુ ચંદ્રાદેવીના મનમાં પેલાં ઘરેણાં સાલતાં હતાં? કામ તો પતી ગયું પણ હવે કન્યાની પાસેથી ઘરેણાં પાછાં કેવી રીતે લેવાં એ વાત તેમને મુઝવવા લાગી. અને આ વાત કરવી પણ કોની આગળ? તેથી મનમાં ને મનમાં ચંદ્રાદેવી ચિંતાતુર રહેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યાં. ચતુર ગદાધર આ વાત કળી ગયા અને પોતાની માતાને સાંત્વન આપતાં કહ્યું: "ગભરાશો નહિ મા, તે સૂઈ રહી હશે ત્યારે સાવચેતીથી ઘરેણાં કાઢી લઈશ અને પછી બધું થઈ પડશે." ગદાધરે તે પ્રમાણે કર્યું. શારદાદેવી જ્યારે નિદ્રામાંથી જાગ્યાં ત્યારે પોતાનાં ઘરેણાં નહિ જોવાથી બોલી ઊઠ્યાં: "ક્યાં ગયાં મારાં ઘરેણાં?" ચંદ્રાદેવીએ પોતાની વહાલી નવવધૂને ખોળામાં લીધી અને અશ્રુપૂર્ણ આંખે જણાવ્યું: "બેટા! ગદાધર તને એથીયે બીજાં ઉત્તમ પ્રકારનાં ઘરેણાં ભવિષ્યમાં આણી આપશે!"

પણ આ વાત અહીંથી અટકી નહિ. શારદાદેવીના કાકા તેજ દિવસે તેમની ખબર લેવા ગયા ત્યારે તેમની જાણમાં આ વાત આવી. તરતજ શારદાદેવીને પોતે તેને પિયર લઈ ગયા. આથી ચંદ્રાદેવીના મનમાં ઘણું દુ:ખ થવા લાગ્યું. ગદાધરે હસતાં હસતાં કહ્યું: "હવે ભલે ને ગમે તે તેઓ કરે પણ લગ્ન ઓછું ફોક થવાનું છે!"

ઇ. સ. ૧૮૬૦માં શારદામણિને સાતમું વર્ષ બેઠું. તેથી ત્યાંની કુળની રૂઢિ પ્રમાણે કન્યાને સાસરે વળાવવી જોઇયે. તેથી ગદાધર પોતે સાસરે ગયા. તેમની સાથે તેમનો ભાણેજ હૃદયરામ પણ હતો. શારદામણિ પોતાના પતિને કેવી રીતે પગે પડ્યાં અને કેવી રીતે તેમને પંખો નાંખતાં એના સ્મરણની વાતો પોતે પોતાનાં શિષ્યોને કરતાં. એક વાર હૃદયે પણ શારદાદેવીની કમળથી પૂજા કરી હતી. આ પ્રમાણે જયરામબાટીથી આવી કામારપુકુરમાં થોડો વખત ગાળીને રામકૃષ્ણ પાછા દક્ષિણેશ્વર ચાલ્યા ગયા. સાત વર્ષ વીત્યાં પછી પોતાને તાંત્રિક તેમજ વૈષ્ણવ સાધનામાં દીક્ષિત કરનાર ભૈરવી બ્રાહ્મણી અને હૃદયરામની સાથે વળી પાછા કામારપુકુર આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

વચગાળામાં શારદાદેવીની જ્યારે તેર વર્ષની ઉંમર હતી, ત્યારે પોતે ઘણી વાર કામારપુકુર આવી ગયેલાં. "તે વખતે યાત્રાના દિવસો હતા, તેથી કામારપુકુર ગઇ, પણ ઠાકુર દક્ષિણેશ્વર હતા. ત્યાં એકાદ માસ રહીને જયરામબાટી ગઈ. વળી પાછી પાંચ છ માસ પછી જઇને કામારપુકુરમાં દોઢેક માસ રહી. તે વખતે પણ ઠાકુર તો દક્ષિણેશ્વર હતા. ત્યાર પછી જ્યારે ઈ. સ. ૧૮૬૯–૭૦માં ઠાકુર બ્રાહ્મણીને લઇને દેશમાં આવ્યા ત્યારે તેમણે મને કહેવરાવ્યું કે બ્રાહ્મણી આવેલ છે, માટે તું પણ આવ. સમાચાર મળતાંની સાથેજ હું ત્યાં ગઇ. તે વખતે ત્રણેક માસ ત્યાં રહેલી."

આ વખતે રામકૃષ્ણે એક મહાન કાર્યની શરૂઆત કરી. શારદાદેવીના ભાવિ કલ્યાણની ચિંતાથી પોતે તેમને કાંઇક કાંઇક જણાવવા લાગ્યા. પોતાને હાથે કુંડલિની, ષટ્ચક્ર વગેરે દોરી બતાવીને શારદાદેવીને પોતાની સાધનામાં રસ કરતાં કરવા લાગ્યા. રામકૃષ્ણને પરણેલા જાણીને શ્રીમદાચાર્ય તોતાપુરીએ એકવાર તેમને કહેલું કે સ્ત્રી નિકટ હોવા છતાં જેનાં ત્યાગ, વૈરાગ્ય, વિવેક, વિજ્ઞાન સર્વ રીતે અબાધિત રહે છે, તેજ વ્યક્તિ યથાર્થભાવે બ્રહ્મમાં પ્રતિષ્ઠિત ગણાય, અને જે સ્ત્રી તેમજ પુરુષને સમભાવે આત્મા તરીકે જુવે છે અને તેમ જોઇને પ્રતિક્ષણ દ્રષ્ટિથી તેમજ વ્યવહારથી તે પ્રમાણે આચરણમાં મૂકે છે, તેજ યથાર્થ બ્રહ્મવિજ્ઞાન મેળવે છે. સ્ત્રી અને પુરુષમાં ભેદદ્રષ્ટિ રાખનાર બીજા બધા સાધક હોવા છતાંય બ્રહ્મવિજ્ઞાનથી ઘણા પાછળ છે.

પોતાની અદ્વૈત સાધનાના ગુરુ સમાન તોતાપુરીની આ વાણી રામકૃષ્ણના મનમાં ઉદય પામી. પરિણામે પોતાની સાધનાની અગ્નિપરીક્ષા માટે તેમજ પત્નીના ભાવિ કલ્યાણની ભાવનાથી પ્રેરાઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે તે પ્રમાણે કરવાનું વિચાર્યું. જેથી કરીને શારદાદેવી દેવતા, ગુરુ કે અતિથિની સેવામાં અગર ઘરના કામકાજમાં કુશળ બને, ધનનો સારો વ્યય કરતાં શીખે અને પોતાનું સર્વસ્વ ઈશ્વરને સમર્પીને સંસારમાં રહ્યાં છતાં પોતાનું મન તેમાં તલ્લીન રાખી શકે,—એવા વિષયોમાં રામકૃષ્ણ શારદાદેવીનું મન પરોવવા લાગ્યા.

પવિત્ર બાળા સમાન શારદાદેવી રામકૃષ્ણના આ પ્રકારના દિવ્ય સંગથી અને નિઃસ્વાર્થ આદરભાવથી અનિર્વચનીય આનંદના ઊછાળા અનુભવવા લાગ્યાં. પાછળથી એ વેળાનો ઉલ્લેખ કરીને પોતે જણાવતાં: "હૃદયમાં જાણે કે આનંદનો પૂર્ણ ઘડો સ્થપાયો હોય એવો હમેશાં અનુભવ કરતી. એ સ્થિર ધીર દિવ્ય ઉલ્લાસમાં અંતઃકરણ કયાંસુધી તરબોળ રહેતું એ સમજાવ્યું સમજાવાય તેમ નથી."

આ પ્રમાણે કેટલોક વખત ગાળીને જ્યારે આ બાજુ રામકૃષ્ણ દક્ષિણેશ્વર ગયા, ત્યારે બીજી બાજુ શારદામણિ પણ અખંડ આનંદના કેફમાં પોતાના દિવ્ય સંપત્તિપ્રાપ્ત પતિનું સ્મરણ કરતાં પિયેર ગયાં.

[૪]

પરંતુ શારદાદેવી સ્થૂળ પિયર હોવા છતાં તેમનું મન દક્ષિણેશ્વરમાં પોતાના પતિની પાછળ હતું. તેમને જોવાની અને તેમની પાસે જવાની એવી પ્રબળ ઉત્કંઠા તેમને આકુળવ્યાકુળ કરવા લાગી કે ઘણા બળપૂર્વક તેને પોતે રોકી શકતાં. હવે તેમના હૃદયના ઉંડાણમાં ખાત્રી થઇ ચૂકી હતી કે જેમણે પ્રથમ દર્શનેજ તેમના ઉપર પ્રેમનાં અમીઝરણ વરસાવ્યાં હતાં તેઓ કદાપિ તેમને ભૂલનાર નથી. સમય પાકશે કે તરતજ તેમની હાકલ પડશે. આ પ્રમાણે ધીરજ સાથે એ શુભ દિનની પ્રતિક્ષા કરવા લાગ્યાં. એમ કરતાં કરતાં તો પોતે અઢાર વર્ષનાં થઈ ગયાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણે દક્ષિણેશ્વરમાં રામકૃષ્ણ પોતાની ઉગ્ર સાધનાના ક્રમમાં એવા તલ્લીન થતા ગયા કે રાત દિવસ એના એજ ભાવમાં મગ્ન રહેવા લાગ્યા. તેમને વિષે ચારે બાજુ વાતો પણ ઊડવા લાગી. જયરામબાટીમાં પણ એ વાતો આવી. શારદાદેવી જણાવે છે: "અનેક માણસોની પાસે સાંભળવા લાગી કે એ તો પાગલ થઈ ગયા છે, ઉન્મત્ત અવસ્થામાં દિવસો ગાળે છે, નગ્ન થઇને ફરે છે. કોઇ તેમનો ભાવ સમજી શકતું નહિ. મેં વિચાર્યું કે જ્યારે બધાંજ આમ બોલ્યાં કરે છે તો એક વાર પ્રત્યક્ષ જોઈ આવું. બહાર નીકળું તો ઘણાં મને રોકતાં, 'અરે બિચારી શ્યામાની દીકરીનું કેવું થયું, પતિ તો પાગલ થઈ ગયો, કેવું ભાવિ!' આવી અર્થ વગરની ટીકાઓ ટાળવા મેં બહાર નીકળવાનું બંધ કરી દીધું."

છતાંય મનમાં અનેક સંકલ્પવિકલ્પ ઉઠવા લાગ્યા. છેવટે મનમાં દૃઢ નિશ્ચય કર્યો કે ગમે તેમ કરીને દક્ષિણેશ્વર જવું. અને તેજ વખતે એક અવસર ઉપસ્થિત થયો. બંગ સંવત ૧૨૭૮ ના ફાગણ માસની દોલ પૂર્ણિમાને દિવસે શ્રી ચૈતન્યદેવની જન્મતિથિને પ્રસંગે શારદાદેવીની ઘણી બહેનપણીઓ ગંગાસ્નાન કરવા માટે કલકત્તા જવાની હતી. શારદાદેવીને આ વાતની ખબર મળતાં તેમણે પણ તેમની સાથે જવાનું નક્કી કર્યું. એ પ્રમાણે પોતાની એક બહેનપણીને જણાવ્યું. પોતાના પિતાને તો લજ્જાથી કેવી રીતે જણાવી શકે! પરંતુ પેલી બાઇએ શારદાદેવીના પિતાને આ વાત જણાવી. પિતા શારદાદેવીના મનોભાવ કળી ગયા અને તેની સાથે પોતેજ જવું એમ ઠરાવ્યું. તે વખતે જયરામબાટીથી કલકત્તા પાલખીમાં કે ચાલીને જવું પડતું. ધનિક વર્ગ સિવાય સામાન્ય માણસો પગે ચાલીને જતાં. આ પ્રમાણે પોતાની કન્યા શારદાદેવી તેમજ બીજાં સાથીદારોની સાથે રામચંદ્ર મુખોપાધ્યાય કલકત્તા જવા નીકળ્યા.

શરૂઆતના એક બે દિવસો તો આનંદમાં ગયા, કારણ કે ચારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુ ધાનનાં ખેતરોમાં થઈને રસ્તો જતો હતો. પણ શારદાદેવીને આ પ્રમાણે સતત ચાલવાની ટેવ નહિ હોવાથી માર્ગમાંજ તેમને તાવ આવ્યો. તેથી રામચંદ્ર પાસેની ચટીમાં શારદાદેવીને લઈ ગયા. "તાવ ઘણો હતો, ભાન પણ નહોતું. રાતે સ્વપ્નામાં એક કાળી મેશ જેવી છોકરી મારી પથારીની પાસે બેસીને મારે માથે હાથ ફેરવવા લાગી. કહ્યું કે, 'દક્ષિણેશ્વરથી આવું છું.' મેં કહ્યું: 'હું પણ ત્યાંજ જાઉં છું. તું કોણ છે?' તે બોલી: 'તારી બહેન છું. ગભરાઈશ નહિ. સારૂં થઇ જશે.'"

સવારમાં રામચંદ્રે ઊઠીને જોયું તો શારદાદેવીનો તાવ સમૂળગો ઊતરી ગયો હતો. તેથી તેમણે વિચાર્યું કે રસ્તામાં વખત ગાળવા કરતાં ધીમે ધીમે આગળ વધવું સારૂં. સહેજ આગળ વધતાંની સાથેજ એક પાલખીવાળો મળી ગયો. વળી પાછો થોડો તાવ શારદાદેવીને આવી ગયો. "રાતે નવ વાગે દક્ષિણેશ્વર પહોંચ્યાં. જતાંની સાથેજ ઠાકુરના ઓરડામાં ગયાં. ઠાકુરે જોતાંની સાથેજ કહ્યું: 'આવી કે? ઠીક કર્યું.' નીચે સાદડી પાથરી ઠાકુર કહેવા લાગ્યા: 'મારો મથુર હોત તો? ખરેખર મારો જમણો હાથ ગયો?' થોડીવાર પછી મેં ટંકારખાનાવાળા ઘરમાં જવાની ઈચ્છા બતાવી. ઠાકુરે કહ્યું: 'ના, ત્યાં જવાની જરૂર નથી. દાક્તરને બતાવતાં ત્યાં મુસ્કેલી પડે, અહીંજ રહેજે.' તેમની આજ્ઞા પ્રમાણે હું અને મારી સાથે બીજી એક સાથીદાર ત્યાં સૂતાં."

આ પ્રમાણે પરમહંસદેવે શારદામણિને પોતાની પાસેજ રાખ્યાં અને ત્રણ ચાર દીવસ સુધી દાક્તરની સલાહ પ્રમાણે દવાદારૂ કરીને જ્યારે બરાબર થઇ ગયું ત્યારે પોતાની માતા ચંદ્રાદેવીની પાસે ટંકારખાનાવાળા ઘરમાં તેમને માટે વ્યવસ્થા કરી. શારદાદેવીને ખાત્રી થઈ કે ઠાકુરનો પોતાપર તેનો તેજ સ્નેહ અખંડભાવે ચાલુ છે. આથી પરમ ઉલ્લાસની સાથે પોતે પરમહંસની તેમજ પોતાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાસુની સેવામાં મગ્ન થવા લાગ્યાં. શારદાદેવીનો આનંદ જોઇને પિતાને સંતોષ થયો અને તેથી રામચંદ્ર જયરામબાટી ગયા.

હવે શ્રી રામકૃષ્ણ તેમજ શારદાદેવીના નિઃસંગ ગૃહસ્થજીવનની શરૂઆત થાય છે. જ્યારે જ્યારે વખત મળે ત્યારે ત્યારે પોતે શારદાદેવીને બ્રહ્મની ઉપાસનાના સહજ સરળ ઉપાયો બતાવે છે. એકવાર રામકૃષ્ણ તેમને કહેતા હતા: "જો, ચાંદામામા જેવી રીતે બધાંય બાળકોના મામા થાય, તેવી રીતે ઇશ્વર પણ બધાયના છે. તેમને બોલાવવાનો બધાંયને સરખો અધિકાર છે. જે બોલાવશે તેને પોતે દર્શનથી કૃતાર્થ કરશે. તું જો તેમ કરીશ, તો તને પણ મળશે." રામકૃષ્ણની શિક્ષણપદ્ધતિ માત્ર ઉપદેશમાં સમાપ્ત થતી નહિ, પરંતુ પોતાના શિષ્યને પાસે રાખીને પ્રેમપૂર્વક તેને બધું જણાવતા. શિષ્ય તે કેટલે અંશે પાળે છે તે પોતે ઝીણી નજરે જોઇ લેતા અને કદાચ ભૂલ થાય તો તેને સમજાવીને ઠેકાણે પાડતા. શારદાદેવીને વિષે પણ તેમણે આજ પ્રમાણે કરવાનું શરૂ કર્યું. સામાન્ય બાબતો વિષે પણ કહેતા: "ગાડીમાં કે નૌકામાં જતી વખતે હમેશાં સૌથી આગળ બેસી જવું અને ઊતરતી વખતે કોઇ જણસપત્ર રહી ગઇ છે કે નહિ તેની તપાસ કરીને સૌથી છેવટે ઊતરવું."

એક વાર શારદામાતા પરમહંસદેવની પગચંપી કરતાં હતાં. તે વખતે તેમણે પૂછ્યું: "તમે મને કયી દૃષ્ટિથી જુઓ છો?" રામકૃષ્ણે કહ્યું: "જે મા મંદિરમાં છે તેણે જ આ શરીરને ઉત્પન્ન કર્યું છે અને હમણાં હમણાં તેજ મા ટકોરખાનામાં રહે છે અને પોતેજ અત્યારે મારા પગ દાબી રહ્યાં છે. સાક્ષાત આનંદમયીના રૂપ તરીકે તમને જોઉં છું."

એકવાર શારદાદેવીને પોતાની પાસે સૂતેલાં જોઈને ઠાકુર પોતાના મનને નીચે પ્રમાણે સંબોધવા લાગ્યા: "હે મન, આનું નામ સ્ત્રીનું શરીર. લોકો તેને ભોગ્ય માને છે અને તેને માટે તલસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, પરંતુ એમ કરવા જતાં દેહમાંજ આબદ્ધ રહેવું પડે છે, સચ્ચિદાનંદઘન ઇશ્વરની પ્રાપ્તિ થતી નથી. માટે કહી દે, ભાવની ચોરી કરીશ નહિ, જે તારા પેટમાં હોય તે ખરેખર કહી દે, કે તારે તેને ગ્રહણ કરવું છે કે ઈશ્વરની પ્રાપ્તિ કરવી છે? જો શરીર જોઇતું હોય, તો તારી સામેજ પડ્યું છે,"–એમ કહીને જેવા પોતે શારદાદેવીના અંગને સ્પર્શ કરવા તત્પર થયા કે તરતજ સમાધિસ્થ થઈ ગયા !

આ પરથી જણાય છે કે તે વેળા રામકૃષ્ણ અને શારદામણિ એકજ પથારીમાં સૂતાં. દેહબોધરહિત રામકૃષ્ણની આખી રાત સમાધિમાં પસાર થતી. તે સમયનો ઉલ્લેખ કરતી વખતે એકવાર પરમહંસે જણાવ્યું હતું કે, "જો શારદાદેવી પોતાનું ભાન ભૂલીને અને કામનાને વશ થઈને મારા ઉપર આક્રમણ કરત તો સંયમનો બંધ તૂટી જઇને દેહબોધ આવત કે નહિ, તે તો કોણ કહી શકે? લગ્ન પછી જગદંબાને વ્યાકુળ થઈને જણાવ્યું હતું કે હે મા, મારી પત્નીમાંથી કામભાવ દૂર કરી દેજે. તેનું પરિણામ હવે જણાય છે." આ પ્રસંગ બતાવી આપે છે કે શારદાદેવી પોતેજ જો સાત્વિક પ્રકૃતિનાં ન હોત તો રામકૃષ્ણ પોતે પણ પરમહંસ બની શક્યા હોત કે કેમ એ વિષે સંદેહ છે.

આ પ્રમાણે એકાદ વર્ષ વીતી ગયા છતાંય જ્યારે રામકૃષ્ણે જોયું કે પોતાનામાં દેહભાવ ઉત્પન્ન થતો નથી અને શારદાદેવીને પોતે કોઇક વાર જગદંબાના અંશભાવે અથવા કોઈવાર સચ્ચિદાનંદ-સ્વરૂપ આત્મા કે બ્રહ્મભાવે જોવા સિવાય બીજી કોઈ ભાવના જન્મતી નથી, ત્યારે પોતે સમજી ગયા કે શ્રીજગદંબાએ સ્વયં તેમને તે અગ્નિપરીક્ષામાંથી બચાવી લીધા છે. તેમને જણાયું કે માતાના પ્રસાદથી પોતાની સાધના પરિપૂર્ણ પક્વ અવસ્થાને પામી છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણ્યે અજાણ્યે પણ માને ન ગમે તેવું પોતે પણ કાંઇ કરી શકવાને સમર્થ નથી !

આથી પોતાની પ્રચંડ સાધનાને પરિપૂર્ણ કરવાના વિચારથી રામકૃષ્ણે શારદાદેવીમાં માતૃત્વની પ્રતિષ્ઠા કરવાનો વિચાર કર્યો. તેને માટે શુભ દિવસની રાહ જોવા લાગ્યા.

[૫]

તે દિવસ આવ્યો. ફલાહારિણી કાલિકાની પૂજાનો તે પુણ્ય દિવસ આવ્યો. અમાવાસ્યા હતી. દક્ષિણેશ્વરમાં તે દિવસે વિશેષ પર્વ ગણાતું. શ્રી જગદંબાની પૂજા કરવાને માટે ઠાકુરે આજે વિશેષ પ્રકારની તૈયારીઓ કરી હતી. આજે તેને માટે મુખ્ય સ્થળ મંદિર નહિ પરંતુ પોતાનું ઘર હતું. પૂજાને વખતે દેવીને બેસવાને માટે લીંપણથી પવિત્ર થયેલી બેઠક પૂજા કરનારના આસનની જમણી બાજુએ તૈયાર કરી હતી. સૂર્યાસ્ત થઈ ગયો અને અમાવાસ્યાની ગાઢ રાત્રિ શરૂ થઇ. ઠાકુરે પોતાના ભાણેજ હૃદયરામને મંદિરમાં પૂજા માટે મોકલ્યો હતો. બધી તૈયારીઓ પૂરી કરતાં લગભગ રાતના નવ વાગી ગયા. શારદાદેવીને ઠાકુરે પહેલેથીજ તે વખતે હાજર રહેવાનું કહેવડાવેલું, તે પ્રમાણે શારદાદેવી હાજર થઈ ગયાં હતાં. પછી ઠાકુર પૂજામાં બેઠા.

પૂજાની બધી સામગ્રીને શુદ્ધ કરીને રામકૃષ્ણે શારદાદેવીને લીંપેલી બેઠક ઉપર બેસવાનું ઈશારાથી જણાવ્યું. પૂજા જોતાં જોતાં શારદાદેવી અડધાંપડધાં બાહ્યજ્ઞાનશૂન્ય બની ગયાં હતાં. તેથી ઠાકુર શું કરી રહ્યા છે તે બરાબર જાણ્યા વગર મંત્રમુગ્ધ સ્થિતિમાં ઠાકુર તરફ મીટ માંડીને જોઈ રહ્યાં હતાં. સામેના કળશમાં રહેલા મંત્ર-શુદ્ધ જળથી ઠાકુર વારંવાર શારદાદેવીને અભિષેક કરી રહ્યા હતા. પછી મંત્ર સંભળાવીને ઠાકુરે પ્રાર્થનામંત્રનું ઉચ્ચારણ કર્યું:—" હે બાલે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે સર્વશક્તિની અધીશ્વરી માતઃ ત્રિપુરસુંદરી ! સિદ્ધિદ્વાર ખોલો, આના શરીરને તેમજ મનને પવિત્ર કરીને તેનામાં આવિર્ભૂત થઇને બધાનું કલ્યાણ કરો !" ત્યાર પછી મંત્રોપયુક્ત વિધાનથી સાક્ષાત દેવી તરીકે શારદાદેવીની ષોડશોપચાર પૂજા કરી અને તેમને નૈવેદ્ય ધરાવીને તેમાંથી કેટલોક ભાગ પોતાને હાથે તેમના મુખમાં મૂક્યો. તે વખતે શારદાદેવી સંપૂર્ણ સમાધિસ્થ બની ગયાં હતાં. ઠાકુર પણ ધીરે ધીરે સમાધિમાં લીન થતા ગયા. આ પ્રમાણે સમાધિસ્થ પૂજક સમાધિસ્થ દેવીની સાથે આત્મસ્વરૂપે પૂર્ણ ભાવે એકાકાર થયા !

રાત્રિના બે પહોર વીતી ગયા ! પ્રથમ ઠાકુરમાં કાંઇક જાગ્રતિ આવવા લાગી. પહેલાંની માફક અર્ધબાહ્યદશામાં તેમણે શ્રીદેવીને આત્મનિવેદન કર્યું. ત્યાર પછી પોતાની સાધનાનું બધું ફળ વિસર્જન કરતાં કરતાં પ્રણામ કરીને બોલ્યાઃ–"હે બધાંય મંગલનાં મંગલ-સ્વરૂપ દેવી, હે સર્વકર્મનિષ્પન્નકારિણી, હે શરણદાયિની, ત્રિનયને શિવગેહિની ગૌરી, હે નારાયણી, તને પ્રણામ, તને વારંવાર પ્રણામ."

આ પ્રમાણે **ષોડશીપૂજા** સમાપ્ત થયા પછી શારદાદેવી, જેમનાનાં માતૃત્વનું આરોપણ કરવામાં આવ્યું હતું, લગભગ પાંચ માસ ઠાકુરની પાસે રહ્યાં. પહેલાંની માફક તે વખતે ઠાકુરની અને ઠાકુરનાં માતાની સેવામાં રત રહેતાં દિવસો પસાર કરવા લાગ્યાં અને રાત્રિવેળાએ પરમહંસદેવની પથારીની પાસે સૂતાં. રાત દિવસ પરમહંસદેવની ભાવ-સમાધિ રહેતી. કોઈ કોઇ વાર મૃત વ્યક્તિનાં લક્ષણો તેમના શરીરમાં જણાતાં. ક્યારે સમાધિ થશે એ આશંકામાં શારદાદેવીને રાતભર પૂરતી ઊંઘ પણ નહોતી આવતી. રામકૃષ્ણને આ વાતની ખબર પડી કે પોતે ટકોરખાનાવાળા ઘરમાં પોતાની માતા પાસે શારદાદેવીની સૂવાની વ્યવસ્થા કરી દીધી. આ પ્રમાણે લગભગ એક વર્ષ અને ચાર માસ રહીને શારદાદેવી કામારપુકુર પાછાં ફર્યાં. તે વખતની વાતોનાં સંસ્મરણો કરતાં શારદાદેવી પોતાનાં શિષ્યોને જણાવતાં:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ કેવા દિવ્યભાવમાં રહેતા તે કહીને સમજાવાય તેમ નથી. કોઇ વાર ભાવાવેશમાં ખૂબ બોલતા, કોઇ વાર હસતા, કોઈ વાર રડતા, કોઇ વાર જડ જેવા થઇ જતા! એ બધું જોઇને ભયથી મારા શરીરમાં કંપારી છૂટતી અને મનમાં વિચારતી કે રાત કયારે વીતશે! તે વખતે ભાવસમાધિ કોને કહે છે તે તો સમજતી નહિ. એક વાર તેમની સમાધિ ઊતરતી નહોતી, તે જોઇને ભયભરી રડતી રડતી હૃદયને બોલાવવા લાગી. તેણે આવીને તેમના કાનમાં નામ-સ્મરણ કર્યું, એટલે ધીરે ધીરે તેમને ચૈતન્ય આવવા માંડયું. ત્યાર પછી તેમણે જોયું કે હું તેમની તે દશામાં ભય પામું છું, તેથી મને શીખવાડયું કે અમુક પ્રકારનો ભાવ :જોતાં અમુક નામ ઉચ્ચારવું, અમુક ભાવ જોતાં અમુક બીજ ઉચ્ચારવાં. ત્યાર પછી ભય પામતી નહિ અને તેમના કહ્યા પ્રમાણે કરવાથી તેમને ભાન આવતું."

[૬]

હવે શારદાદેવીના જીવનમાં મહત્વનું પર્વ શરૂ થાય છે. ષોડશી-પૂજા દ્વારા માતૃત્વના આરંભથી માંડીને પરમહંસદેવના દેહત્યાગ સુધીનું તેમનું જીવન ઘણે ભાગે દક્ષિણેશ્વરમાં શુશ્રૂષામાં નિરંતરભાવે વ્યતીત થયું. આ તેર વર્ષના ગાળાની તેમની શાંત મૌન સેવા, જપધ્યાન વગેરેની અખંડ ઉપાસના, અતિથિસત્કાર, પતિપરાયણતા વગેરે એવાં અસ્ખલિત ભાવે અને ઝીણવટથી વિકસ્યાં કે બાહ્ય રીતે તેને અંગે કાંઇ નોંધવાલાયક ન હોવા છતાં તેમના આંતરિક જીવનમાં તે એક મહત્વનો ભાગ ભજવે છે. "**શ્રીશ્રી માયેર કથા**"ના બે ભાગમાં તેનાં ઘણાં દૃષ્ટાંતો છૂટાંછવાયાં નજરે ચડે છે.

આ અરસામાં જે મહાપુરુષની સાથે પોતાનું જીવન સંકળાયું છે, તેમના જીવનનો ઝીણવટથી અભ્યાસ કરવાનું મળે છે અને ઉપદેશના કરતાં તેમાંથીજ પોતાનું જીવનપાથેય વિવેકી શારદાદેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના સમગ્ર જીવનમાં ભેળવી દે છે. પોતાના ગુરુ કહો કે પતિ કહો, તેવા ગૃહસ્થી પરમહંસની લાક્ષણિકતાઓ યથાર્થ ભાવે સમજવી, અનેક પ્રકારના અતિથિઓના મનોભાવ કળીને તેમની યોગ્ય બરદાસ્ત કરવી, રામકૃષ્ણના નિકટના શિષ્યો કે શિષ્યાઓને પોતાનાં બાળક સમાન ગણીને તેમની કાળજી લેવી, એ બધું કાર્ય શારદાદેવી એવી ચોકસાઈથી કરતાં કે તે દ્વારા તેમની ધી શક્તિ જણાઈ આવે છે. હ્રી તો તેમનામાં સહજ હતી. આ પ્રમાણે શ્રી, ધી અને હ્રીનો સુભગ મેળ મળવાથી શારદાદેવીનું જીવન એક આર્યમાતા તરીકે આદરણીય તેમજ પ્રાતઃસ્મરણીય બને છે.

દક્ષિણેશ્વરના રહેઠાણ દરમિયાન શ્રી રામકૃષ્ણ અને શારદાદેવીના જીવનના પ્રસંગો પરસ્પર ઓતપ્રોત છે, તાણાવાણાની જેમ. હવે જે પ્રસંગો ટાંકવામાં આવશે તેમાંનો ઘણો ભાગ શારદાદેવીએ સ્વમુખે પોતાનાં શિષ્યો કે શિષ્યાઓને પાછળથી જણાવેલો તેમાંનાજ ઉતારા હશે. નીચે જે ઉતારો કરવામાં આવે છે તે શ્રીરામકૃષ્ણ તેમજ શારદાદેવી બન્નેનાં નિકટનાં શિષ્યા હતાં. તેમનું નામ **યોગેન માતા.**

"શ્રી શ્રીઠાકુરની સાથે મારો પ્રથમ પરિચય થયા પછી એક વાર હું દક્ષિણેશ્વર ગઇ. ઉતાવળી ઉતાવળી ગઇ તેથી ખાવા કરવાનું રહી ગયેલું. ઠાકુરને તે પ્રમાણે કહ્યું એટલે તેમણે મને જણાવ્યું: 'અરે ખાધા વિના આવી છું, જા જા, ટકોરખાનામાં જઇને દાળભાત કે જે કાંઈ હોય તે પતાવી આવ.' ત્યાં માતાની સાથે મારો પ્રથમ પરિચય થયો. માએ મને જે કાંઇ હતું તે તરતજ આપ્યું. એ પ્રથમ પરિચયમાંજ મારો તેમની સાથે ગાઢ સ્નેહ બંધાઇ ગયો.

એક વાર મા રામલાલના વિવાહને ટાણે પોતાને ઘેર જવાનાં છે એમ સાંભળીને દક્ષિણેશ્વર ગઈ. ઘણા વખત સુધી માનાં દર્શન નહિ થાય એ ખ્યાલ માત્રથી દુઃખ થવા લાગ્યું. જતી વખતે મા ઠાકુરને પ્રણામ કરવા ગયાં. ઠાકુરે કહ્યું: 'સંભાળીને જજો. હોડીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ગાડીમાં કાંઇ ભૂલી જવાય નહિ.' માતાજીને અને ઠાકુરને મેં પ્રથમ એક સાથે જોયાં. કેવું દૃશ્ય! હોડીમાં બેસીને મા રવાના થયાં. મારી નજર પહોંચે ત્યાં સુધી મેં જોયા કર્યું. નૌકા નજરની બહાર નીકળી ગઇ એટલે મા જ્યાં બેસીને ધ્યાન કરતાં હતાં ત્યાં જઇને ખૂબ રડી પડી. એટલામાં ઠાકુર ત્યાં થઇને પસાર થતા હશે, તેમણે મારાં ડુસકાં સાંભળ્યાં. પોતાના ઓરડામાં જઇને ઠાકુરે મને બોલાવરાવી. મને જોઇને બોલ્યા: 'એના જવાથી તને ખૂબ લાગી આવ્યું?' એમ કહીને એ વાત ભૂલાવવા માટે ઠાકુરે જે બધી ઉગ્ર સાધનાઓ કરેલી તે વિષે સંભળાવ્યું. પછી કહ્યું: 'આ બધું કોઇને કહેવાનું નહિ, હોં.'

લગભગ દોઢ વર્ષ પછી મા દક્ષિણેશ્વર આવ્યાં. ઠાકુરે લખ્યું હતું: 'મારે ખાવાપીવાની મુશ્કેલી રહે છે.' મા આવ્યાં કે ઠાકુરે તેમને કહ્યું: 'પેલી મોટી મોટી આંખોવાળી આવે છેને, એ તને ખૂબ ચાહે છે. તારા ગયા પછી એ ખૂબ રડી હતી.'

જ્યારે જ્યારે દક્ષિણેશ્વર જતી ત્યારે ત્યારે મા મને બધું જણાવતાં, મારો મત પણ પૂછતાં. માના વાળ હું હોળી આપતી. મારે હાથે વાળ હોળાવવાનું માને એટલું બધું ગમતું કે ત્રણ ચાર દિવસ પછી પણ સ્નાનને વખતે માથાના વાળ છોડતાં નહિ. કહેતાં: 'ના, એ તો યોગેને હોળેલા વાળ છે, એ જ્યારે આવશે ત્યારે છોડશે.' હું લગભગ સપ્તાહમાં એકાદ વાર દક્ષિણેશ્વર જતી. દક્ષિણેશ્વરથી પાછાં ફરતાં શિવની પૂજા માટે બિલિપત્ર લઈ આવતી. પછી સૂકાં બિલિપત્રથી પણ શિવના પૂજા કરતી. એક વાર માએ મને પૂછ્યું: 'યોગેન, તું સૂકાં બિલિપત્રથી શિવને પૂજે છે કે શું?' 'હા, મા; તમે શી રીતે જાણ્યું?' 'આજે સવારે ધ્યાનમાં બેઠી ત્યારે મને તેમ જણાયું.'

એકવાર મા પાન બનાવતાં હતાં. મેં જોયું તો કેટલાંક પાનમાં ઇલાયચી વગેરે મશાલો નાંખતાં હતાં, અને બીજાં કેટલાંક માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોપારી અને ચૂનાવાળાં હતાં. મેં કહ્યું: 'કેમ મા, આમાં તો તમે મશાલો નાંખ્યો નહિ? આ કોનાં ને પેલાં કોનાં?' માએ કહ્યું: 'યોગેન, મશાલાવાળાં ભક્તોને માટે. એમને મારે પોતાનાં ગણીને સંભાળવાં રહ્યાં. અને બીજાં એમને માટે, એ તો મારા છેજ ને!'

મા સારૂં ગાઇ શકતાં. એકવાર મા અને લક્ષ્મીદિદિ રાતે ધીરે ધીરે ગાતાં હતાં. બરાબર જમાવટ થઇ હતી. ઠાકુર તે સાંભળી ગયા. બીજે દિવસે કહ્યું: 'કાલ તો તમે જમાવ્યું હતું. બરાબર, બરાબર, સરસ જામ્યું'તું.'

દક્ષિણેશ્વરમાં માને આખા દિવસમાં સહેજ પણ આરામ મળતો નહિ. ભક્તોને માટે લગભગ ત્રણ શેર કે સાડાત્રણ શેરની રોટલીનો આટો બંધાતો. અને તે ઉપરાંત કેટલાં બધાં પાન! ઠાકુરને માટે દૂધ પણ ખૂબ ઊકાળતાં, કારણકે તેમને મલાઈ ખૂબ ભાવતી. ઠાકુરને માટે નરમ શાક થતું. ચંદ્રાદેવી જ્યાં સુધી જીવ્યાં ત્યાં સુધી ઠાકુર ટંકારખાનામાં ખાતા. કોઈ ના હોય તો સ્નાનને વખતે મા ઠાકુરને તેલનું માલીશ કરતાં.

ગોલાપદિદિ આવ્યાં એટલે ઠાકુરે તેમને એકવાર ખાવાનો થાળ લાવવાનું કહ્યું. ત્યાર પછી ગોલાપદિદિ દરરોજ તેમ કરવા લાગ્યાં. ખાવાનું લઈ જતાં એટલે મા રોજ ઠાકુરને એકવાર જોઈ શકતાં, તે પણ હવે બંધ થયું. સંધ્યાકાળ પછી ઘણીવાર ગોલાપ ઠાકુરની પાસે ગાળતાં. કોઇ કોઇ વાર તો રાતના દશ થઇ જતા, એટલે ટંકારખાનાના વરંડામાં ગોલાપદિદિને માટે ખાવાનું સાચવવા માને બેસી રહેવું પડતું, તેથી તેમને જરા મુશ્કેલી લાગતી. એકવાર ઠાકુરને કાને એ વાત ગઈ, ઠાકુરે તેથી ગોલાપને કહ્યું: 'તું આટલી બધી વાર અહીં બેસી રહે છે, અને ત્યાં એને કષ્ટ થાય છે. વહેલાં જતી હોય તો!' ગોલાપે કહ્યું: 'ના, મા તો મને ખૂબજ ચાહે છે, પોતાની દીકરીની માફક રાખે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકવાર ગોલાપે માને કહ્યું: 'મા, મનમોહનની મા કહેતી 'તી કે ઠાકુર તો મોટા ત્યાગી છે અને શારદાદેવી તો કાનનાં ને બીજાં બધાં ઘરેણાં પહેરે છે એ તે શું સારૂં કહેવાય?' બીજે દિવસે જ્યારે હું દક્ષિણેશ્વર ગઈ તો જોયું કે માએ હાથની બંગડીઓ સિવાય બીજાં બધાં ઘરેણાં કાઢી નાંખ્યાં'તાં. મેં આશ્ચર્ય સાથે જણાવ્યું: 'મા, આમ કેમ?' માએ કહ્યું: 'ગોલાપના કહેવાથી...'

મા જ્યારે પહેલવહેલાં દક્ષિણેશ્વર આવ્યાં ત્યારે સંસારની ઘણી વાતો સમજતાં નહિ અને ભાવ પણ થતો નહિ. નિષ્ઠાપૂર્વક ભગવાનનું દરરોજ ધ્યાન ધરતાં છતાં ભાવસમાધિ થતી નહિ. ઠાકુરની ભાવસમાધિ જોઈને મા ખૂબ બીતાં. તે વખતે મા અને ઠાકુર એકજ ઓરડામાં સૂતાં, ઠાકુર મોટા પલંગમાં અને મા ખાટલામાં. મારો પરિચય થયા પછી માએ મને એક વાર કહ્યું: 'એમને જરા કહેજે કે મને ભાવબાવ થાય.' મેં વિચાર્યું કે માએ જ્યારે કહ્યું ત્યારે તે ઠાકુરને જણાવવું. બીજે દિવસે ગઈ તો સવારે ઠાકુર પલંગ ઉપર બેઠા હત્તા. પ્રણામ કરીને મેં માના વાત જણાવી. તેમણે વાત સાંભળી, પણ કાંઈ કહ્યા વિના ગંભીર બની ગયા. આ પ્રમાણે જ્યારે ઠાકુર ગંભીર થઈજતા ત્યારે કોઈની તેમને કાંઈ કહેવાની તાકાત નહોતી. તેથી થોડી વાર શાંત બેસીને પ્રણામ કરીને પાછી ફરી. ટંકારખાનામાં જઈને જોયું તો મા પૂજા કરી રહ્યાં હતાં. સહેજ દરવાજો ખોલીને જોયું તો મા ખૂબ હસતાં હતાં. વળી પાછાં રડવા લાગ્યાં. થોડી વાર પછી જાણે કે સમાધિસ્થ થઈ ગયાં. દરવાજો મેં બંધ કરી દીધો અને ઘણી વાર પછી ગઈ. કહે: 'હમણાંજ આવી?' મેં કહ્યું: 'કેમ મા, તમને ભાવ થતો નથીને?' મા સાંભળીને હસી પડયાં."

દક્ષિણેશ્વરના વાસ દરમિયાન પોતાની કેટલીક વાતો કરતાં માએ પોતાની એક શિષ્યાને કહેલું: "બેટા, કેવું મોટું સૌભાગ્ય કે આવો જન્મ મળ્યો છે. ખૂબ ભાવથી ભગવાનને ભજ. કર્યા વિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२१६८० ४३ग/५१
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
२५.२.२०

કાંઇ મળે બેટા ? સંસારનાં કામકાજમાંથી પરવારીને પણ થોડો વખત મેળવી લેવો જોઇયે. જોને, હું જ્યારે દક્ષિણેશ્વરમાં રહેતી ત્યારે રાતના ત્રણ વાગે ઊઠીને જપ કરતી. ભાન પણ ભૂલી જતી. એક વાર જ્યોત્સ્નાભરી રાતે ટંકારખાનાની સીડીની પાસે બેસીને જપ કરતી'તી. ચારે બાજુ શાંતિ હતી. ઠાકુર તે પહેલાં શૌચે ગયા હતા તેની તો મને ખબરજ નહોતી. બીજે દિવસે પણ જ્યારે તેમનાં જૂતાંનો અવાજ થયો ત્યારે ખબર પડી. ધ્યાન ખૂબ જામ્યું હતું. જોગેન જ્યારે ઠાકુરને ઝારી આપવા આવ્યો ત્યારે તેણે મને તે અવસ્થામાં જોયેલી. કેવા મઝાના એ દિવસો હતા, બેટા ! ચાંદની રાતે ચંદ્ર તરફ તાકીને હાથ જોડીને બોલતી: 'તમારી આ જ્યોત્સ્નાની માફક મારું અંતર નિર્મળ કરો.' જપ કે ધ્યાન કરતાં કરતાં જોઇશ તો તને જણાશે કે જાણે તેઓ હમણાં બોલશે, મનમાં જે વાસના હશે તે હમણાંજ પૂરી દેશે,–પ્રાણમાં કેવી શાંતિ ! આહા ! તે વેળા મારું મન કેવું હતું ! એક વાર કામ કરનારી બાઇએ ભૂલ-ભૂલથી કાંસાની થાળી પાડી નાંખી, તેનો રણકાર જાણે મારા હૈયામાં અથડાયો, વજ્ર જેવો ઘા થયો ! સાધના કરતાં કરતાં સમજાશે કે મારામાં જેઓ રહ્યા છે, તેઓ તારામાં પણ છે, બધેજ તેઓ છે. મન પછી મરી જાય છે, બેટા, અહંકાર ગળી જાય છે. ગરીબાઈ, દીનતા આવી જાય છે !"

"આહા ! કેવો તેમનો મારી સાથેનો વ્યવહાર ! એક પણ દિવસ મને દુઃખ પડે તેવું બોલ્યા નથી ! અરે, ફૂલનો પણ ઘા કર્યો નથી ! એક વાર દક્ષિણેશ્વરમાં તેમને માટે ખાવાનું મૂકવા ગઈ હતી. તેમણે જાણ્યું કે લક્ષ્મી રોજ મૂકી જાય છે, તેથી કહ્યું: 'જરા દરવાજો વાસી જજે.' મેં કહ્યું: 'વારુ.' મારો અવાજ સાંભળીને એ તો ચમકી ઊઠ્યા: 'શું, તમે ? મને તો તેની ખબરજ રહી નહિ ? મેં જાણ્યું કે લક્ષ્મી હશે. મનમાં આણતાં નહિ, હોં !' મેં

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું: 'અરે, એ શું બોલો છો !' કોઈ વાર ટૂંકારાથી મને બોલાવી નથી. કહેતા, 'સ્ત્રીઓએ કામ કરવું જરૂરી છે, નહિ તો બેસી રહેવાથી ખોટી ચિંતાઓ, ખોટા વિચારો આવે.' એક વાર કંતાનના ધાગા લઈ આવ્યા. મને કહે: 'આમાંથી મને શીંકુ બનાવી આપો. નાનાં છોકરા માટે ખાવાનું તેમાં રાખીશ.' મેં શીંકુ બનાવી આપ્યું અને વધેલા ધાગામાંથી મારે માટે ઓશીકું બનાવ્યું. કોથળા ઉપર સાદડી પાથરતી અને ધાગાનું ઓશીકું બનાવતી. કેવી ગઝગઝાટ ઊંઘ આવતી !

હૃદયને કહેતા: 'અલ્યા હૃદય, મને તો ભારે ચિંતા હતી કે ગામડાંની છોકરી, કોણ જાણે, અહીં તેનું શું થશે ? ક્યાં શૌચ જશે ? તેની લાજ મરજાદાનું શું થશે ? લોકો નિંદા કરશે, અને બિચારી લાજી મરશે ! પણ આ તો નવુંજ નીકળ્યું. કોણ જાણે શું કરે છે તેની ખબરજ પડે નહિ. મેં પણ બહાર જતાં જોઈ નથી !' સાંભળીને મને કંઇ કંઇ થઈ જતું. વ્યાકુળ થઇને જગદંબાને પ્રાર્થના કરતી: 'હે મા, મારી લાજ રાખજો !' માએ પણ મને જાણે બરાબર સાચવી. આટલાં વર્ષો રહી છતાં કોઇને છતી થઈ નથી. લોકો મને ભગવતી કહે છે, હું પણ વિચારું છું કે કદાચ તેમ હોય. નહિ તો મારા જીવનમાં ઘણું અદ્ભૂત બન્યું. આ ગોલાપ, યોગીન બધાં જાણે છે. જો વિચારું કે આમ થાય, ફલાણું ખાવું છે, તો ભગવાન કોણ જાણે ક્યાંથી પાર પાડે ! આહા ! દક્ષિણેશ્વરમાં તો કેવા દિવસો ગાળ્યા છે, બેટા !

ઠાકુર કીર્તન કરતા, હું કલાકોના કલાકો સાંભળતી. ટટ્ટાર-ખાનાની પડદીમાંથી બહાર જોઇને પ્રણામ કરતી. કેવો આનંદ વ્યાપી જતો ! રાત દિવસ લોકો આવજા કરતા, ભગવાનની વાતો નિરંતર થયાં કરતી. આહા ! તે વખતે વિષ્ણુ નામના એક છોકરાએ સંસારના ભયથી આપઘાત કર્યો. તે વિષે કોઇએ ઠાકુરને પૂછ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એને આત્મહત્યાનું પાપ ના લાગ્યું ?' ઠાકુરે કહ્યું: 'એણે તો ભગવાનને માટે દેહનો ત્યાગ કર્યો, એમાં વળી પાપ કેવું ? પણ એ વાત વિષે કોઇને કહેવું નહિ, કારણ કે બધાં મૂળ ભાવ સમજતાં નથી.'

મન તો છે મસ્તાના હાથી જેવું, બેટા! હવાની સાથે દોટ મૂકે છે. તેથી સદસતનો વિચાર કરીને બધું જોવું જોઈયે, ભગવાનનો માર્ગ જેવો તેવો નથી. દક્ષિણેશ્વરમાં રાતે કોણ જાણે કોણ વાંસળી વગાડતું, સાંભળીને મન આકુળવ્યાકુળ થઈ જતું. મનમાં થતું જાણે સાક્ષાત ભગવાન વાંસળી વગાડી રહ્યા હશે, તરતજ સમાધિ થઇ જતી. અને બેલુડમાં પણ સ્થાન કેવું શાંત, ધ્યાન ચાલુજ રહેતું. તેથીજ નરેન્દ્રે ત્યાં સ્થાનક બનાવવાની ઇચ્છા કરી હતી. જેવી ઠાકુરની ઇચ્છા!"

[૭]

શારદાદેવી જેટલાં વર્ષો દક્ષિણેશ્વરમાં રહ્યાં તેમાંનો મોટો ભાગ તેમણે ટંકારખાનાવાળા મકાનમાં ગાળ્યો હતો. આ મકાનને બે માળ હતા. ઉપરના ભાગમાં ચંદ્રાદેવી જીવ્યાં ત્યાં સુધી પડી રહ્યાં, અને નીચેના ભાગમાં શારદાદેવી રહેતાં. શારદાદેવી લજ્જાશીલ હતાં, તેથી ચારે બાજુનો વરંડાનો ખુલ્લો ભાગ વાંસની ચીપોથી જડી લેવામાં આવેલો. આ એકજ ઓરડો કોઠાર તરીકે તેમજ રસોડા તરીકે વાપરવામાં આવતો. આથી જ્યારે રાતે સૂઈ જતાં ત્યારે શાકભાજી, ચોખા, દાળ વગેરે સામાન પોતાની આસપાસ રાખીને સૂતાં. ઉપર શીંકામાં રામકૃષ્ણને માટે ખાવાનો ખોરાક રાખતાં. ઓરડો એટલો બધો નીચો હતો કે બારણાની બારસાખે તેમનું માથુ અથડાતું. રામકૃષ્ણને આ બધી અગવડોનો સંપૂર્ણ ખ્યાલ હતો, પરંતુ મથુરબાબુના મૃત્યુ પછી કોઇ કહ્યા વિના આવી બધી મુશ્કેલીઓને આપમેળે સમજી જાય એવું હતું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શારદાદેવીના સ્વભાવ પ્રમાણે પોતે પરોઢિયે લગભગ ત્રણ વાગે દરરોજ ઊઠતાં. સહેજસાજ પ્રકાશ થતાં પહેલાં તો પોતે ગંગામાં સ્નાન કરી પરવારીને ઘરમાં પેસી જતાં, ત્યાર પછી ભાગ્યેજ તેઓ બહાર નીકળતાં. પરંતુ રામકૃષ્ણને ખબર હતી કે જો શારદાદેવીનું જીવન આમને આમ જશે તો ભવિષ્યમાં રોગાપન્ન થશે. પરમહંસદેવનાં કીર્તન, નૃત્ય વગેરે જોવા માટે શારદાદેવી કલાકોના કલાક ઊભાં રહેતાં, તેને પરિણામે તેમના પગમાં વા થયેલો. આથી રામકૃષ્ણે તેમને કહેલું કે બપોરને વખતે જ્યારે કોઈની અવરજવર ન હોય ત્યારે તેમણે બહાર હરવું ફરવું. રામકૃષ્ણ પોતે તે વિષે દરરોજ તપાસ રાખતા.

થોડો વખત વીત્યા બાદ ઇ. સ. ૧૮૭૪માં પરમહંસદેવના કેટલાક ભક્તજનોએ શારદાદેવીને માટે એક ઝુંપડી બંધાવી આપી. શારદાદેવી રાંધવાનું ત્યાં રાખતાં અને રામકૃષ્ણને માટે ખાવાનું લઈ જતાં.

રામકૃષ્ણને લગભગ એકાદ વર્ષ પછી આમાશયનો રોગ થયો. તેમની પરિચર્યા કરવા માટે શારદાદેવી વળી પાછાં નજીકમાં ટંકારખાનામાં રહેવા ગયાં. તેમનું પેટ એવું નાજુક હતું કે ખોરાકની બાબતમાં સહેજ અનિયમિતતા કે અવ્યવસ્થા થતાં તરતજ તેની અસર તેમના શરીર પર થતી. તેથી કરીને આહારની બાબતમાં બહુ કાળજી રાખવી પડતી. આ જાતની કાળજી શારદાદેવી બરાબર રાખી શકતાં. તેમની ગેરહાજરીમાં તેમનું શરીર અસ્વસ્થ થઇ જતું તેથી તરતજ શારદાદેવીને બોલાવી લેતા. શરૂઆતમાં તેમને માત્ર રામકૃષ્ણને તેમજ ચંદ્રાદેવીને માટે રાંધવું પડતું. ચંદ્રાદેવીનો બોલ શારદાદેવી પડયો ઝીલી લેતાં. કોઇવાર એટલી બધી ઉતાવળ કરતાં કે વાગવાની બીકથી યોગેનમા તેમને ટોકતાં. પરંતુ શારદાદેવી જણાવતાં: “વાગે તોય શું. એ તો મારાં ગુરુજન ગણાય, વળી મારાં સાસુ. ઘડપણમાં તેમને સહેજ પણ ઓછું આવે એમ કેમ બને ?”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ જેમ જેમ શિષ્યમંડળ વધવા લાગ્યું તેમ તેમ શારદાદેવીને માથે જવાબદારી પણ વધતી ચાલી. બધાંને અનુકૂળ છતાં કેટલાકને મનગમતો ખોરાક કરવો પડતો. તે વખતનું વર્ણન કરતાં પોતે જણાવે છે: "કોઈ કોઈ વાર એકલી પડી જતી. મારાં સાસુ તો હતાંજ. વચ્ચે વચ્ચે ગોલાપ, ગૌરદાસી આવતાં. નાનકડી જગ્યા, તેમાં રાંધવાનું, રહેવાનું, ખાવાનું. ઠાકુરને માટે પણ ત્યાંજ રંધાતું, કારણકે પેટને લીધે કાલીનો ભોગ ખાઈ શકતા નહિ. વળી બીજા ભક્તો આવે તેમને માટે પણ રાંધવાનું. રાતદિવસ રાંધવાનું જાણે ચાલતું. કોઈ ભક્ત આવીને કહે આજે તો અમુક ખાઇશ, કોઈ વળી કહે અમુક ખાઇશ. ત્રણ ચાર શેર આટો બંધાતો. રાખાલને માટે ઘણે ભાગે ખીચડી થતી. સુરેન મિત્ર પ્રત્યેક માસ ભક્તોની સેવાને માટે દશ રૂપિયા આપતા. વૃદ્ધ ગોપાલ ખરીદી કરી લાવતો. બીજી બાજુ નાચ, ગાન, કીર્તન, ભાવ, સમાધિ રાતદિવસ ચાલતાં. સામે વાંસની ચીપોનો વંડો વાળેલો હતો. તેમાં કાણાં પાડીને બધું જોતી. તેથીજ ઊભાં ઊભાં રહેવાથી પગમાં વા થયો."

આમાશયની બીકથી રામકૃષ્ણ એવા સચેત રહેતા કે સહેજ પણ ખોરાકમાં સુધારો વધારો થાય કે બાળકની માફક ભડકતા. પરંતુ શારદાદેવી ખૂબ પ્રેમ તથા કુશળતાથી બાળકની માફક ટોકી ટોકીને તેમને ખવડાવતાં. તે વખતનો એક રમુજી પ્રસંગ શારદાદેવીની ચાલાકી બતાવે છે. રામકૃષ્ણ તે વેળા માંદા હતા. "ઠાકુરના મંદવાડ વખતે કુમારટુલિના ગંગાપ્રસાદ સેનને બોલાવ્યા. વૈદ્યે પાણી પાવાની મના કરી. ઠાકુર બધાંને પૂછવા લાગ્યા: 'હેં અલ્યા, પાણી પીધા વિના ચાલે!' જેને જુએ તેને, પછી ભલે ને તે નાનો છોકરો હોય, તોય પૂછતા: 'હેં અલ્યાભાઈ, પાણી વગર રહેવાય?' મને પૂછ્યું: 'રહી શકાશે?' મેં કહ્યું: 'જરૂર'. 'જો જો હોં' દાડમના દાણામાંથી પણ પાણી કાઢી લેજો, થઈ શકશે ને?' મેં કહ્યું: 'જેમ કાલી માતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરાવશે તેમ કરીશું.' છેવટે મન સ્થિર કરીને દવા પીધી. રોજ શરૂઆતમાં ત્રણ ચાર શેર અને પછી પાંચ છ શેર દૂધ આપતી. ગોવાળ મને રોજ વધારે દૂધ દઈ જતો. કહેતો કે કાલીના મંદિરમાં આપવાથી બધા પોતપોતાને ઘેર લઈ જશે અને ગમે તેને ખવરાવી દેશે, તેના કરતાં અહીં તો ઠાકુરને મોઢે જશે. તેથી પાંચ છ શેર દૂધ થતું. દૂધને ખૂબ ઊકાળી ઊકાળીને એક શેર કે દોઢ શેર રહેવા દેતી. મને પૂછતાઃ 'દૂધ કેટલું છે?' હું કહેતી. 'કેટલું વળી, એક શેર......કે પાંચ પાવ હશે.' ત્યારે કહેતાઃ 'ના, ના, આટલી બધી ઘટ મલાઈ ક્યાંથી?' એકવાર ગોલાપને પૂછ્યુંઃ 'હેં અરે, દૂધ કેટલું હશે!' ગોલાપે ખરું કહી દીધું.

'હેં, એટલું બધું દૂધ! તેથીજ મને પેટનું દરદ થાય છે. બોલાવો એને, બોલાવો.' હું ગઈ. મને પૂછ્યુંઃ 'કેટલું દૂધ?' મેં કહ્યુંઃ 'પાંચ પાવ આશરે.' 'પણ ગોલાપ તો આટલું બધું જણાવે છે?' 'ગોલાપ ક્યાંથી જાણે? અહીંનું માપ ગોલાપ શી રીતે સમજે?'

વળી એક વાર ગોલાપને પૂછ્યું. ગોલાપે કહ્યુંઃ 'અહીંની એક વાડકી અને કાલી મંદિરની એક વાડકી.' 'હેં, પુછો તો, બોલાવો એને?' જતાંજ મને પૂછ્યુંઃ 'વાડકીમાં કેટલાં છટાંક, કેટલા પાવ દૂધ માય છે?' મેં કહ્યુંઃ 'કેટલાં છટાંક, કેટલા પાવ, તેની મને ખબર નથી. દૂધ ખાવું, તેમાં વળી આવી શી ધમાલ?' ત્યારે કહ્યુંઃ 'આટલું તો પચતું હશે? તેથીજ પેટની ધમાલ વધશે.' ખરેખર તે દિવસે પેટમાં દરદ વધ્યું. મેં પૂછ્યુંઃ 'કેવો દસ્ત થાય છે?' કહ્યુંઃ 'ધોળો ચીકણો, સહેજસાજ. પંદર વાર જવું પડ્યું. તમારાં બધાંની આવી સેવા મારે ન પાલવે.' તે દિવસે સાંજે કાંઈ ખાધું નહિ. ગોલાપે કહ્યુંઃ 'મા, તમારે મને કહેવું જોઈતું'તું. મને શી ખબર? ખાવાનું બગડ્યું.' મેં કહ્યુંઃ 'ખાવાની બાબતમાં એમ કરવામાં દોષ ના ગણાય. આ પ્રમાણેજ તેમને ભોળવીને દરરોજ ખવરાવું છું.' બધુંજ મનનું કારણ છે, પાછળથી શરીર કેવું થઈ ગયું!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર પાનિહાટીનો મહોત્સવ જોવા કેટલાંક સ્ત્રી ભક્તો જવાનાં હતાં. રામકૃષ્ણને તે વિષે ખબર પડવાથી તેમણે શારદાદેવીને જવું હોય તો તે વિષે પૂછાવરાવ્યું. શારદાદેવીએ રામકૃષ્ણે કહેલો સંદેશો બરાબર સાંભળીને કહ્યું: "ઘણાં જણ જાય છે. ત્યાં પણ ખૂબ ભીડ થવાની. મને એ બધું ફાવશે નહિ." તેમનો આ નહિ જવા વિષેનો સંકલ્પ વિચારતાં રામકૃષ્ણે કહ્યું: "આટઆટલી ભીડ, અને તેમાં વળી મારી ભાવ સમાધિ થાય એટલે બધાં મારી તરફ તાકી રહે. તેમણે આવવાની ના કહી તે ઠીક કર્યું. બન્નેને સાથે જોઇને લોકો કહેત: 'હંસ હંસી આવ્યાં!' એ ખરેખર બુદ્ધિમતી છે." શારદાદેવીએ પાછળથી તેનો ખુલાસો કરતાં જણાવ્યું હતું: "સવારે તેમણે મને જે ભાવે જે શબ્દોમાં કહેવરાવ્યું હતું તે ઉપરથી સમજી ગયેલી કે તેમણે મન ખોલીને કહેવરાવ્યું નથી. જો મારે જવાનુંજ હોત તો કહેવરાવત: 'જરૂર જશે.' પરંતુ તેમણે તેમ ના કરતાં જવા-ન-જવાની જવાબદારી મારે માથે મૂકી, તેજ સૂચવે છે કે જવાનો સંકલ્પ છોડી દેવો એ ઇચ્છનીય છે."

એક વાર લક્ષ્મીનારાયણ નામે રામકૃષ્ણનો એક મારવાડી ભક્ત દશ હજાર રૂપિયા આપવાની ઇચ્છાથી આવ્યો. તે સાંભળીને રામકૃષ્ણના હૃદયમાં જાણે કે વજ્રાઘાત થયો. તેમણે માતાને કહ્યું: "હે મા! આટઆટલા દિવસો પછી વળી પાછું પ્રલોભન!" તે વખતે શારદાદેવીનો અભિપ્રાય જાણવા માટે તેમને બોલાવ્યાં. કહ્યું: "જુઓ, રૂપિયા આપવા આ ભક્ત આવ્યો છે. મેં કહ્યું કે હું તો નહિ લઉં, તેથી તમારે નામે આપવા ઇચ્છે છે. તો શું કરવું?" સાંભળીને શારદાદેવીએ કહ્યું: "એમ તો કેમ બને? પૈસા તો લેવાયજ નહિ. હું લઉં તોય અંતે તો તમારાજ ને; કારણ કે તમારે માટે સેવા ચાકરીમાંજ તે વપરાવાના. પરિણામે તમેજ તે લીધા તેમ થયું. તમને લોકો ત્યાગને માટે પૂજે છે, ભજે છે. માટે લઈ નહિ શકાય." શારદાદેવીની તીક્ષ્ણ બુદ્ધિ, નિર્લોભ વૃત્તિ અને મનોભાવને પારખવાની તત્પર શક્તિ જોઇને રામકૃષ્ણ ખુશ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮]

ઘણાં વર્ષો પછી એક વાર દેવવ્રત મહારાજના દેહ ત્યાગ પહેલાં શારદાનંદ મહારાજે ‘ ઉદ્બોધન ’ વાળા મકાનમાં ભૂત જોયું હતું તે વિષે વાત નીકળી. બધાંએ એ વાત શારદામાતાને જણાવી. તે વખતે તેમણે દક્ષિણેશ્વરમાં પરમહંસદેવની બાબતમાં અનુભવેલો દાખલો સંભળાવ્યો. એક વાર રામકૃષ્ણ રાખાલને લઇને વેણીપાલના બાગમાં ગયા હતા. બાગની આસપાસ ફરતા હતા એટલામાં ભૂતે આવીને કહ્યું: “ તું અહીં કેમ આવ્યો છું, અમે તો બળી મર્યા. અમારાથી તારી હાજરી સહન થતી નથી, માટે ચાલ્યો જા, ઝટ જા. ” રામકૃષ્ણને તો આ વિષે કાંઈ ખબરજ નહોતી ! તેમની પવિત્ર હાજરી અને તેમનું સાધનાનું બળ કેવી રીતે સહેવાય ? ખાઈ-પીને પરવારીને રાખાલને ગાડી લઈ આવવા જણાવ્યું. પણ એટલી રાત્રે ગાડી ક્યાંથી મળે ? ઠાકુરે કહ્યું: “ મળી આવશે, જુઓ તો ખરા. ” અને ગાડી મળી આવી. ગાડીનો અવાજ થયો એટલે શારદાદેવીએ જાણ્યું કે રામકૃષ્ણ ક્યાંકથી આવે છે. બન્નેને વાતો કરતાં સાંભળીને નિશ્ચય થયો કે એ તો એજ. આટલી રાતે ખાવાનું માગશે તો શું આપીશ તેની ચિંતા કરવા લાગ્યાં. તે દિવસે આવવાના નથી જાણીને તેમણે કાંઈ રાખેલું નહિ. મંદિરના દરવાજા બંધ થઇ ગયા હતા. રાતનો એક વાગ્યો હતો. કોણ જાણે કેવી રીતે બારણાં ખુલી ગયાં ? શારદાદેવીએ ચાકરડીને કહ્યું: “ હવે શું થશે ? ” ઠાકુર સાંભળી ગયા, એટલે તેમના ઓરડામાં જઇને બોલ્યા: “ તમે ગભરાશો નહિ, અમે તો પરવારીને આવ્યા છીએ. ” પાછળથી જ્યારે રાખાલે ભૂતની વાત કાઢી ત્યારે તે બોલ્યા હતા: “ અરે, તે વખતે બોલ્યો નહિ તે ઠીક કર્યું, નહિ તો મારા દાંત બીડાઈ જાત. વાત સાંભળીને મને અત્યારે પણ ભય લાગે છે. ”

એક વાર શારદાદેવીએ કાલીને માટે રંગન અને જૂઇનાં ફુલની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત સેરની માળા ગૂંથેલી. સાંજે ગૂંથીને પત્થરના વાડકામાં પાણી ભરીને મૂકી કે તરતજ તેની કળીઓ ખીલી ઊઠી. માતાજીને પહેરાવવા મોકલાવી. રામકૃષ્ણ જ્યારે દર્શને ગયા ત્યારે સુંદર માળા જોઇને ભાવમાં તરબોળ બની ગયા. વારંવાર બોલવા લાગ્યા કે કેવી સુંદર લાગે છે, કોણે બનાવી હશે ? ખબર પડતાંની સાથે શારદાદેવીને દર્શન કરવા બોલાવ્યાં અને કહ્યું: "જુઓ તો, માનું કેવું રૂપ મઘમઘી ઊઠ્યું છે !"

દક્ષિણેશ્વરના રહેઠાણના ગાળામાં શારદાદેવીને અવારનવાર કામારપુકુર અને જયરામબાટી જવાનું થતું. પરંતુ તે અરસામાં તેમના કુટુંબના બનાવો સિવાય બીજો કોઈ નોંધવા લાયક પ્રસંગ બન્યો નથી. શારદાદેવીનાં માતા શ્યામસુંદરીદેવીએ એક વાર જગદ્ધાત્રીની પૂજાનો સમારંભ કરેલો. પાછળથી શારદાદેવીએ તે પ્રથા જાળવી રાખેલી અને તે દર વર્ષે તે સમયે પોતે હાજર થતાં. આ પ્રમાણે દક્ષિણેશ્વરથી આવવા જવાના પ્રસંગોમાં એક મહત્વનો બનાવ બની ગયો. એક તો બધાંયને પાલવી શકે તેવાં વાહનોનો અભાવ, અને બીજું પૂરતી આર્થિક સગવડ નહિ, એવાં ઘણાં કારણોને લઇને શારદાદેવી જયરામબાટીથી કામારપુકુર કે દક્ષિણેશ્વર પગપાળા આવતાં જતાં. વચમાં ચાર પાંચ કોશના વિસ્તારમાં તેલોભેલો અને કૈકલાનું જંગલ આવતું. એમાં નરઘાતક ડાકુઓ વસતા. જંગલના મધ્ય ભાગમાં હજુ પણ એક ભીષણ કાલીની મૂર્તિ છે. આ કાલીની પૂજા ડાકુઓ નરરક્તથી કરતા. આથી કરીને એ જંગલમાંથી પસાર થતી વખતે માણસો મોટા ટોળામાં ન હોય તો જવાનું સાહસ કરી શકતાં નહિ.

એકવાર રામકૃષ્ણનાં ભત્રીજો અને ભત્રીજી અને બીજાં કેટલાંક સ્ત્રીપુરુષોની સાથે શારદાદેવી કામારપુકુરથી દક્ષિણેશ્વર આવવા નીકળ્યાં. આરામબાગ પહોંચ્યાં પછી ત્યાંથી પેલાં બે જંગલો પસાર કરવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે હજુ પૂરતો દિવસ બાકી છે એમ માનીને બધાંએ આગળ વધવાનો નિશ્ચય કર્યો. થાક લાગેલો હોવા છતાં શારદાદેવી કાંઈ પણ બોલ્યા વિના આગળ ચાલવા લાગ્યાં. પાછળ પડી જતાં તો બધાં ઘડીભર રોકાતાં અને આવી જાય એટલે પાછાં ચાલતાં. પણ બધાં અંદરોઅંદર કહેવા લાગ્યાં કે આમ ચાલીશું તો પાર નહિ આવે અને રસ્તામાંજ રાત પડી જશે! પોતાને માટે બધાંને ખોટી કરવાં એ ઠીક નહિ લાગવાથી શારદાદેવીએ કહ્યું: "તમે બધાં તારકેશ્વરમાં આરામ લો અને હું હમણાં અને તેટલી ઝડપથી આવીને તમને મળું છું." સંમતિ મળવાથી તેમનાં સાથીદારોએ તો પગ ઉપાડયા અને જોતજોતાંમાં અદશ્ય થઇ ગયાં. ખૂબ થાકી ગયાં હોવા છતાંય શારદાદેવી જોરથી ચાલવા લાગ્યાં, પણ હવે તો થાકયાના ગાઉ, એટલે જંગલમાં જેવાં પેઠાં ત્યાં તો સંધ્યા પડી ગઈ. મનમાંને મનમાં શારદાદેવી ઝડપથી પહોંચવાનું કરે છે, ત્યાં સામેથી કોઈ લાંબો પહોળો ભયંકર કાળો માણસ ખભે ડાંગ લઇને આવતો જણાયો. તેમની પાછળથી પણ કોઇક આવતું લાગ્યું. પોતે એકદમ ચેતી ગયાં અને બુદ્ધિ સ્થિર રાખીને હતાં ત્યાંને ત્યાં ઊભાં રહ્યાં. થોડી વારમાંજ પેલો ડાકુ આવી પહોંચ્યો અને પૂછવા લાગ્યો: "આવે વખતે ત્યાં ઊભેલું કોણ છે?" શારદાદેવીએ કહ્યું. "બાબા, મારાં સાથીદારો મને મૂકીને આગળ નીકળી ગયાં છે; હુંય પણ માર્ગ ભૂલી ગઈ છું એમ જણાય છે. માટે મને તેમની સાથે જરા પહોંચાડી આવો તો બહુ સારૂં. તમારા જમાઈ દક્ષિણેશ્વરમાં રાણી રાસમણિના કાલી-મંદિરમાં રહે છે. મારે ત્યાંજ જવું છે. જો તમે મને ત્યાં લગી લઇ જાઓ તો તમારૂં તે ઘણુંજ સ્વાગત કરશે." એટલું બોલતાંમાં તો પાછળથી એક સ્ત્રી આવી પહોંચી. એ પેલા પુરુષની પત્ની હતી. તેને જોઈને શારદાદેવી તેનો હાથ પકડીને બોલી ઊઠયાં: "મા, હું તમારી દીકરી શારદા છું. બધાં છોડી જવાથી વચમાં અટવાઉં છું. ઠીક થયું કે તમે આવી પહોંચ્યાં, નહિ તો મારું શું થાત?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શારદાદેવીનો આવો સંકોચ વગરનો સરળ વ્યવહાર, એકાંત વિશ્વાસ અને મીઠી વાણીથી પેલાં જંગલી તો ખુશ થઈ ગયાં. પોતાની જાતિનો ભેદ ભૂલી જઇને તેમને તેમણે પોતાનાંજ માન્યાં અને આશ્વાસન આપવા લાગ્યાં. થાકેલાં છે એમ જાણીને શારદાદેવીને તેમણે આગળ વધવા ના દીધાં અને પાસેના ગામની એક દુકાને લઈ ગયાં. પેલી સ્ત્રીએ તેમને સૂવા માટે પોતાનું કાપડ આપ્યું અને પુરુષે મમરા લાવી આપ્યા. આ પ્રમાણે જાણે કે તેઓ ખરેખરાં શારદાદેવીનાં માતાપિતા હોય તેમ જતન કરવા લાગ્યાં, અને રાત્રે બરાબર સૂવાડીને સવાર પડતાં તારકેશ્વરને રસ્તે નીકળી પડયાં. ત્યાં પહોંચીને એક દુકાનમાં શારદાદેવીને આરામ કરવા મૂકીને કાંઈક ખાવાકરવાનું લેવા ગયાં. એટલામાં તેમનાં સાથીદારો તેમને શોધતાં શોધતાં આવી પહોંચ્યાં. બધાંય તેમની વાત સાંભળીને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. છૂટાં પડતી વખતે શારદાદેવીએ 'ડાકાતબાબા' અને 'ડાકાત મા' નો રજા લીધી. બન્નેની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં, શારદાદેવી પણ રડી પડયાં. માતાપિતાથી કન્યા વિખૂટી પડતી હોય અને જેવું કરુણ દૃશ્ય થઈ રહે, તેવું દૃશ્ય તે હતું! ત્યાર પછી પણ તે ડાકુ દક્ષિણેશ્વર શારદાદેવીના સમાચાર પૂછવા જતો અને રામકૃષ્ણે તે વાત સાંભળેલી તેથી પોતે પણ જાણે તેના જમાઈ હોય તેવો વરતાવ કરતા.

આ પ્રમાણે દક્ષિણેશ્વરમાં રામકૃષ્ણ અને શારદાદેવીના સહજીવનનો ગાળો પૂરો થવા આવે છે. પોતાના પતિ, ગુરુ અને દેવ સમા રામકૃષ્ણની સેવામાં, નિરંતર પરિચર્યામાં, જે તેમના દિવસો આનંદમાં પસાર થતા હતા તે ઉપર પણ જાણે કે પડદો પડે છે અને **ઇ. સ. ૧૮૮૫ માં** પરમહંસદેવના ગળામાં કર્કટરોગ (કૅન્સર) થવાથી તેમને કલકત્તા ખસેડવા પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯]

દક્ષિણેશ્વરમાં હવે શારદાદેવી, યોગેનમા, ગોલાપમા તેમજ બીજાં થોડાં રહે છે. એક વાર વાતવાતમાં ગોલાપમાએ યોગેનમાને કહ્યું: "જોયું કે યોગેન, ઠાકુર કદાચ માના ઉપર ચીડાઈને કલકત્તા જતા રહ્યા." આ હકીકત યોગેને શારદાદેવીને જણાવી. શારદાદેવી ખુબ દુઃખિત થતાં ગાડી કરીને કલકત્તા ગયાં અને ઠાકુરની પાસે જઈને રડી પડયાં. "તમે મારા ઉપર ચીડાઈને આવતા રહ્યા છો ?" ઠાકુર એ સાંભળીને આશ્ચર્ય પામ્યા. તેમણે કહ્યું: "અરે, તમને એવા વાત વળી કોણે કરી ?" માએ ખરી વાત જણાવી. ઠાકુર ગુસ્સે થઈને બોલી ઉઠયા: "એમ કહીને તમને રડાવ્યાં ? એને શી ખબર કે તમે કોણ છો ? કયાં છે એ ? આવવા દો એને." શારદાદેવી શાંત ચિત્તે દક્ષિણેશ્વર પાછાં ફર્યાં. પાછળથી જ્યારે ગોલાપમા ઠાકુરની તપાસ કરવા ગયાં ત્યારે તેમને ઠાકુરે ખૂબ ધમકાવ્યાં: "તેં શા માટે એમને રડાવ્યાં ? તું જાણે છે એ કોણ છે ? હમણાંજ જઈને તેમની માફી માગી આવ." ગોલાપમા તરતજ ચાલતાં ચાલતાં દક્ષિણેશ્વર ગયાં અને મા શારદાદેવીની પાસે જઈને રડતાં કહેવા લાગ્યાં: "મા, મેં ભૂલ કરી છે, મને ક્ષમા આપો." શારદાદેવીએ ગોલાપમાને બાથમાં લીધાં અને તેમના પીઠ થાબડીને શાંત કર્યાં.

થોડા સમય પછી શારદાદેવીને સમાચાર મળ્યા કે ઠાકુરની મંદવાડમાં શુશ્રૂષા કરી શકે તેવું કોઈ યોગ્ય પાત્ર નથી. તે વખતે ઠાકુરને શ્યામપુકુરમાં રાખવામાં આવ્યા હતા. સાંભળતાંના સાથેજ પોતે ત્યાં જઈને રહેવા લાગ્યાં. ત્યાં જે ઘર મળેલું તેમાં માત્ર એકજ ન્હાવાનો ઓરડો હતો, તેથી શારદામાતા સવારે વહેલાં ઉઠીને દક્ષિણેશ્વરની માફક પરવાલી લેતાં. ખાવાનું થઈ જાય એટલે લાટુ મહારાજ કે મોટા ગોપાલ સાથે સમાચાર કહેવરાવતાં અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજોગાસાર બની શકે તો પોતે અથવા બીજા શિષ્યોની સાથે ભોજનની વ્યવસ્થા કરતાં. બધાં જમી રહે પછી પોતે જમતાં, અને બપોરે સહેજ આરામ લેતાં. રાતે મોડાં પરવારી શકતાં અને બધાં ઊંઘી જાય પછી સૂતાં. તેમની દિનચર્યા એટલી શાંત હતી કે તેમની હાજરીની ઘણાંયને ખબર નહોતી.

ઘણા પ્રયત્નો કરવા છતાં ઠાકુરની સ્થિતિમાં કાંઈ ફેરફાર પડતો નથી એમ જોઈને શારદાદેવી ખૂબ ચિંતામગ્ન રહેતાં. તે વખતની પોતાની સ્થિતિ વર્ણવતાં તેઓ કહે છે: "દેહ ધારણ કરવામાં કેટલાં કષ્ટ! કોઈ કોઈ વાર ગળામાંથી કે નાકમાંથી જે કાંઈ પીવરાવતાં તે નીકળી જતું. તે જોતાં ઘણું દુ:ખ થતું. અસહ્ય કષ્ટ! મેં વિચાર્યું કે તારકેશ્વર જઈને 'હત્યા આપું' (એટલે ખાધા પીધા વિના જ્યાં સુધી ઈષ્ટદેવ પ્રસન્ન ના થાય ત્યાં સુધી પડ્યાં રહેવું). ત્યાં ગઈ. એક દિવસ ગયો, બીજો ગયો, પણ કાંઈ નહિ. રાત્રે એક પ્રકારનો અવાજ સાંભળીને ચમકી ગઈ. જાણે કે કોઈ કેટલાય ઘડા ભાંગી રહ્યું છે. ઊંઘમાંથી ઉઠી કે મારા મનમાં એવો ભાવ ઉત્પન્ન થયો કે કોણ કોનું સ્વામી છે? આ સંસારમાં કોણ કોનું છે? કોને માટે હું પ્રાણની હત્યા દેવા બેઠી છું? બધી માયા ત્યજીને જાણે કે વૈરાગ્ય પ્રગટ્યો! ઊઠીને અંધારામાં ને અંધારામાં અથડાતી મંદિરની પાછળ જ્યાં કુંડ હતો ત્યાં ગઈ અને ચોખ્ખું પાણી લઈને આંખે મોંએ લગાડયું, થોડું પીધું પણ. ત્યારે જરા પ્રાણમાં પ્રાણ આવ્યો. બીજે દિવસે ઠાકુરની પાસે ગઈ. મને જોતાંજ ઠાકુર બોલ્યા: 'કેમ રે, કાંઈ બન્યું? કાંઈજ નહિને?' ઠાકુરે પણ સ્વપ્ન જોયું હતું: દવા લાવવા હાથી ગયો, દવાને માટે હાથી જાણે કે માટી ખોદી રહ્યો છે. મેં પણ જે સ્વપ્ન જોયું હતું તે કહ્યું. કાલી મા જાણે કે ગળું નમાવીને ઊભાં છે. મેં કહ્યું: 'મા, કેમ આમ કરો છો?' કાલીએ કહ્યું: 'એને પણ થયું છે ને તેથી મને પણ થયું છે.' ઠાકુરે છેવટે કહ્યું: 'તમારે બધાંને માટે મેં ભોગવી લીધું.'"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યામપુકુરથી ઠાકુરને કાશીપુરમાં લઈ જવામાં આવ્યા. ત્યાં એકવાર શારદાદેવી દૂધનો વાડકો લઈને જેવાં સીડી ચડવા ગયાં કે તરતજ માથામાં કાંઈક થઈ જવાથી પડી ગયાં. દૂધ પણ ઢળી ગયું અને પગમાં હાડકું ખસી ગયું. તે વખતે નરેન્દ્ર, બાબુરામ વગેરે ભક્તો આવી ચડયા અને શારદાદેવીને પકડી લીધાં. પછીથી પગ ફૂલી ગયો. ઠાકુરે બાબુરામને જણાવ્યું: "કેમ બાબુરામ, હવે ખાવા પીવાનું શું થશે? મને કોણ ખવરાવશે?" તે વખતે પોતે માત્ર મગ ખાતા, મગ તૈયાર કરીને શારદાદેવી ખવરાવી આવતાં. તે વખતે શારદાદેવી નાકમાં નથ પહેરતાં. ઠાકુર તે દિવસે ઠાવકા થઇને નાક દેખાડીને અભિનય કરતા બોલ્યા: "અલ્યા બાબુરામ, પેલાં એમને જરા ઝોળી કરીને ઊંચકી લાવી શકીશ?" આ સાંભળીને નરેન્દ્ર અને બાબુરામ પેટફાટ હસી પડયા. છેવટના મંદવાડમાં પણ તેમનો રમુજી સ્વભાવ ગયો નહોતો!

તેમના કેટલાક ભક્તો કાલીની પૂજા કરવા માટે દક્ષિણેશ્વરમાં સામાન લઈ ગયા. તેમને ખબર પડી કે ઠાકુરને છેવટનો ગંભીર મંદવાડ છે, તેથી કાશીપુરમાં જઇને ઠાકુરને તે ભોગ ધરાવ્યો. રાતે શારદાદેવીને પાસે બોલાવીને રામકૃષ્ણે કહ્યું: "જુઓ, હવે ઘેર ઘેર મારી પૂજા થશે. પછી બધાં આનેજ (પોતાનું શરીર બતાવીને) માનશે. તમારે કાંઈ ચિંતા કરવી નહિ."

આ પ્રમાણે દિવસો ઉપર દિવસો પસાર થવા લાગ્યા. અંતે ઇ. સ. ૧૮૮૬ના ઑગસ્ટ માસની ૧૬મી તારીખે, સોમવારે, પરમહંસ શ્રી રામકૃષ્ણે દેહ છોડ્યો.

ત્યાર પછી શારદાદેવી ઘરેણાં વગેરે કાઢવા મંડ્યાં. જેવાં બંગડીઓ કાઢવા જાય છે તેવું તરતજ દશ્ય દેખાયું. રામકૃષ્ણ જાણે આવીને તેમને કહેવા લાગ્યા: "આ શું કરો છો? હું ક્યાંય ગયો નથી. માત્ર આ ઓરડામાંથી પેલામાંજ ગયો છું!"*

* આ દશ્યને વિષે શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયે પોતાના એક નિકટના માણસને પૂછાવીને ખાત્રી કરાવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઉત્તરાર્ધ: ૧૮૮૬-૧૯૨૦)

[૧]

પરમહંસદેવ શ્રીરામકૃષ્ણના દેહત્યાગ પછી શારદાદેવીનું માતૃત્વ યથાર્થભાવે પ્રગટે છે. તેમના જીવનનાં વર્ષોની દૃષ્ટિથી પણ પૂર્વ ભાગ અને ઉત્તર ભાગના વચગાળે રામકૃષ્ણ દેહ છોડે છે. તેમની જીવિત અવસ્થામાં એક વાર શારદાદેવીનાં માતા શ્યામસુંદરી-દેવી દુઃખિત થતાં હતાં કે એવા પાગલ જમાઈની સાથે શારદાનાં લગ્ન કર્યાં કે તેણે સંસાર પણ ના માંડ્યો, જેને છૈયાંછોકરાં પણ ન થયાં અને બિચારી શારદાને 'મા' શબ્દ પણ સાંભળવાનો મળ્યો નહિ. ઠાકુરને એ વાતની ખબર પડવાથી તેમણે સંભળાવ્યું: "સાસુજી, એ વિષે તમે જરાય દુઃખ કરતાં નહિ. તમારી દીકરીને એટલાં બધાં છોકરાં થશે કે 'મા' 'મા' સાંભળીને ગભરાઈ જશે." લગ્ન વખતે જ્યારે ઘરેણાં પાછાં આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો ત્યારે બાલિકા જેવાં શારદાદેવીનું મન મનાવવા રામકૃષ્ણનાં માતા ચંદ્રાદેવીએ પણ કહેલું કે તારે માટે ભવિષ્યમાં એ ઘણાં ઘરેણાં કરાવશે. જો કે ચંદ્રાદેવીએ તો તે વાત સરળ અને સાચા વાસ્તવિક અર્થમાં કરી હશે, પરંતુ આપણે તે બન્ને માતાઓની આંતરિક અભિલાષા ફળતી જોઈએ છીએ. ષોડશીપૂજાદ્વારા પરમહંસદેવે પણ શારદાદેવીમાં જગન્માતાનું આવાહન કરેલું.

અંતે મૃત્યુના ભૌતિક વિચ્છેદ પછી રામકૃષ્ણ અને શારદાદેવી એવાં આત્મિક એકાત્મભાવમાં સંકળાયાં કે શારદાદેવી જાણે કે સાક્ષાત રામકૃષ્ણનાં પ્રાણપ્રતિમા સમાન સંચાલક શક્તિ હોય તેમ બધાંયને લાગતું. શારદામાતામાં રહેલી માતૃત્વની વ્યાપક અને ઘેરી હૂંફમાં બધાંય એકસરખી રીતે વિસામો લઈ શકતાં. ગૃહસ્થી કે સંન્યાસી, ગરીબ કે ધનિક, સ્ત્રી કે પુરુષ, પતિવ્રતા કે પતિતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતિમાન કે પતિત,–બધાંય એમની પાંખમાં સમાતાં અને બધાંયને લાગતું કે એ મારાં મા છે.

રામકૃષ્ણના દેહત્યાગ પછી બલરામબાબુ શારદામાતા માટે ધોળું કાપડ પહેરવા લાવ્યા. કાપડ આપવા માટે ગોલાપમાને તેમણે કહ્યું, ત્યારે ગોલાપમાએ કહ્યું: "બાપરે, આ કામ તો મારાથી શે થાય!" પરંતુ ગોલાપમાએ જઇને જોયું તો માતાજી પોતાની સાડીની લાલ કિનારી ફાડતાં હતાં. ત્રીજે દિવસે મધ્યાહ્નકાળે ઠાકુરનાં અસ્થિવાળા કમરાની આગળ ભોગ ધરાવવામાં આવ્યો. એક વાર સાંજે બલરામબાબુને ત્યાં માતાજીને બોલાવ્યાં. ઠાકુરનાં અસ્થિની શી શી વ્યવસ્થા કરવી તે વિષે શિષ્યોમાં કાંઈ વિરોધ થયો હતો. એ વાત સાંભળીને માતાજીએ ગોલાપમાને કહ્યું: "જોયું ને ગોલાપ, આવો સોના જેવો માણસ ગયો અને હવે તેની પાછળ અસ્થિ માટે તકરાર!"

[૨]

પરમહંસદેવના દેહત્યાગથી થયેલી અસરને હળવી કરવાને માતાજીએ વૃંદાવનની યાત્રા કરવાનું નક્કી કર્યું. એ પ્રમાણે ઈ. સ. ૧૮૮૬ ના ઑગસ્ટ માસમાં માતાજી, ગોલાપમા, લક્ષ્મીદિદિ, યોગિન મહારાજ, કાલી મહારાજ અને લાટુ મહારાજ વગેરેની મંડળી લઇને નીકળ્યાં. વૃંદાવન જતાં રસ્તામાં કાશીમાં માતાજી સાત આઠ દિવસ રોકાયાં. તે વખતે તેમણે ત્યાં **સ્વામી ભાસ્કરાનંદને** જોયા. તેમને વિષેનાં સ્મરણો કહેતાં પાછળથી માતાજીએ જણાવ્યું હતું: "કેવા નિર્વિકારી મહાપુરુષની માફક નગ્ન અવસ્થામાં પડ્યા હતા! અમને જોતાં પોતે બોલી ઉઠ્યા: 'શંકા મત કરો માઈ, તુમ સબ જગદંબા હો, શરમ ક્યા? એ ઇન્દ્રિય કે લીયે?' શિયાળામાં તેમજ ઊનાળામાં એમજ પડ્યા રહેતા." ત્યાર પછી જ્યારે વૃંદાવન પહોંચ્યાં ત્યારે યોગેનમા ત્યાં તેમને મળી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃંદાવનમાં કાલાબાબુના કુંજમાં બધાં ઊતર્યા. યોગેનમાને જોતાંજ માતાજી " મારી યોગેન " કરતાં ખૂબ રડી પડ્યાં. ઠાકુરના દેહત્યાગ પછી પોતે યોગેનમાને પહેલીજ વાર ત્યાં મળ્યાં. તે વખતના કેટલાક અનુભવો યોગેનમાએ નોંધ્યા છે. " એક વાર સવારમાં ધ્યાન કરતાં માતાજીને સમાધિ થઇ ગઇ. સમાધિ કોઇપણ રીતે ઊતરે નહિ. મેં ઘણી વાર નામસ્મરણ કર્યું, છતાંય ઊતરી નહિ. પછી યોગિન સ્વામીએ આવીને જ્યારે નામસ્મરણ કર્યું ત્યારે સહેજ શાંતિ વળી. ઠાકુર જે પ્રમાણે સમાધિ પછી બોલતા તેજ પ્રમાણે માતાજીએ કહ્યુંઃ ' કાંઇક ખાવું છે '. ત્યાર પછીની બધી ક્રિયા ઠાકુરની માફક કરવા લાગ્યાં. અમે બધાં તો તે જોઇને આશ્ચર્ય પામી ગયાં. ભાવાવેશનું સંપૂર્ણ ઉપશમન થયા પછી માતાજીએ જણાવ્યું કે ઠાકુરનો આવેશ થયો હતો.

એક વાર પત્રપુષ્પોથી સજાવીને કીર્તન કરતાં કરતાં એક શબ લઈ જવાતું માતાજીએ જોયું. તે જોઇને કહેવા લાગ્યાંઃ ' જુઓ જુઓ, વૃંદાવનની કેવી લીલા છે! આપણે અહીં મરવા આવ્યાં છતાં એક પણ દિવસ કાંઈ થયું નહિ ? કેટલી બધી ઉંમર વીતી ગઈ, મારા પિતાને જોયા......' સાંભળીને અમે તો હસવા મંડ્યાં. મેં કહ્યુંઃ ' બાપને કોણે નહિ જોયા હોય, મા ! ' આવી આવી બાળક જેવી વાતો તે વખતે ઘણી કરતાં.

વૃંદાવનમાં એકવાર રામકૃષ્ણ માતાજીને જણાયા. તેમણે કહ્યુંઃ ' તમે યોગિનને આ મંત્ર આપો. ' પ્રથમ તો માતાજીએ ધાર્યું કે પોતાનું માથું અસ્થિર હોવાથી આમ બન્યું; બીજે દિવસે પણ તેમ બન્યું, છતાંય મનાયું નહિ. ત્રીજે દિવસે પણ જ્યારે તેમ થયું ત્યારે માતાજીએ કહ્યુંઃ ' હું તો તેની સાથે વાત પણ કરતી નથી, તો કેવી રીતે મંત્ર દઉં. ' ઠાકુરે કહ્યુંઃ ' યોગેનમાને સાથે રાખજો. ' પછી માતાજીએ મારા દ્વારા તપાસ કરાવરાવી કે યોગિનસ્વામીને મંત્ર મળ્યો છે કે નહિ. યોગિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું: 'ના મા, કોઈ વિશેષ ઇષ્ટ મંત્ર ઠાકુરે મને દીધો નથી. મારી રુચિ પ્રમાણે નામજપ કરું છું.' એ વાત સાંભળીને માતાજીએ તેમને એક દિવસ મંત્રદીક્ષા દીધી. સામે ઠાકુરની છબી અને દેહનાં અવશેષોવાળું પાત્ર રાખીને મા પૂજા કરવા બેઠાં. પછી યોગાનંદને બોલાવીને બેસવાનું કહ્યું. પૂજા કરતાં કરતાં માતાજીને ભાવાવેશ થયો, અને તેજ ભાવાવેશમાં તેમણે મંત્ર દીધો." માતાજીએ દીધેલી આ પ્રથમ મંત્રદીક્ષા હતી.

વચમાં એકવાર માતાજી હરિદ્વાર જઈને ઠાકુરના નખ અને કેશ બ્રહ્મકુંડમાં પધરાવી આવ્યાં અને ત્યાંથી વળી પાછાં જયપુર થઈને વૃંદાવન આવ્યાં. વૃંદાવનમાં પોતે એક વર્ષ રહ્યાં. કોઈ કોઈવાર ભાવાવેશમાં આવી જઈને જમુના તરફ ચાલ્યાં જતાં, વળી પાછાં સાથીદારો શોધી લાવતાં.

આ પ્રમાણે એક વર્ષના વૃંદાવનના વાસ દરમ્યાન કૃષ્ણની અનેક લીલા સંભારીને માતાજીને ભાવાવેશ થતા. કેટલાંક સ્થળોએ ભાવસમાધિ પણ થઈ જતી. કાશીથી પ્રયાગ ગયાં ત્યારે જે પ્રસંગ બનેલો તે તેમની વાણી દ્વારા જાણીએ. "કાશી થઈને પ્રયાગ ગઈ. ત્યાં તેમના વાળ તીર્થમાં નાખી દેવા માટે લઈ ગઈ. ગંગાયમુનાના સંગમનાં સ્થિર જળમાં એ વાળ પધરાવવાની ઇચ્છા કરતી હતી ત્યાં તો એકદમ એક મોજું ઊછળી આવ્યું અને મારા હાથમાંથી તે વાળ લઇને ક્યાંય ચાલ્યું ગયું. તીર્થ જાણે કે પવિત્ર થવા માટે તેમના વાળ મારા હાથમાંથી લઇ ગયું!"

પછી બધાં ૧૮૮૭ ના ઑગસ્ટમાં કલકત્તા પાછાં ફર્યાં.

[૩]

કલકત્તામાં બલરામબાબુને ત્યાં થોડો વખત માતાજી રહીને કામારપુકુર ગયાં. અહીં યાદ રાખવું જરૂરી છે કે કામારપુકુરમાં શારદામાતાનું સાસરું હતું. ત્યાં માતાજી લગભગ હંમેશાં ઠાકુરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ શકતાં. ઠાકુરે તેમને પહેલેથી જ જણાવેલું: " તમારે રહેવાનું કામારપુકુરમાં. શાકભાજી ને ચોખા રાંધવા અને હરિનું નામ લેવું." આ વખતે માતાજીને એજ પ્રકારે જીવન ગુજારવાનો સમય આવી પહોંચ્યો. ઘણીવાર તો તેમના સિવાય બીજું કોઇ ઘરમાં પણ રહેતું નહિ. કોઈ કોઈવાર એવા પણ દિવસો પસાર કરવા પડયા હતા જ્યારે મીઠા વિના ચલાવી લેવું પડેલું. આ વેળા યોગિન મહારાજ, શરદ્ મહારાજ વગેરે જેઓએ માતાજીની સંભાળની પૂર્ણ જવાબદારી ઉપાડેલી, તેઓ ઠાકુરના દેહત્યાગ પછી તીવ્ર વૈરાગ્યથી પ્રેરાઇને તીર્થાટન કરવા નીકળી ગયા હતા. પાછળથી શરદ્ મહારાજે જણાવેલું: " મારી તો કલ્પનામાંય નહોતું કે માતાજીને મીઠું સરખું નહિ મળતું હોય." આ પ્રમાણે ઘણી હાડમારીની ભક્તોને ખબર પડતાં માતાજીને કામારપુકુરમાંથી તેમણે બોલાવી લીધાં. પરંતુ કામારપુકુર છોડીને પુરુષ શિષ્યોની વચ્ચે જવાથી ગામડાનાં માણસો શું કહેશે એ વિચારથી માતાજીએ ઘણાને પૂછી જોયું. સૌ પોતપોતાના મત દર્શાવવા લાગ્યાં. અંતે એક વૃદ્ધ બાઈએ જણાવ્યું કે તેમાં કોઈ જાતનો વાંધો નથી, કારણ કે ઠાકુરના શિષ્યો એટલે માતાજીનાં તો બાળકો. આ પ્રમાણે કામારપુકુરમાં લગભગ એક વર્ષ ગાળીને પ્રથમ મા બેલુડમાં નીલાંબરબાબુના ઘરમાં રહ્યાં. અહીં માને ભાવસમાધિ આવેલી. ત્યાં આશરે છ મહિના રહીને કલકત્તામાં બલરામબાબુને ઘેર એકાદ બે દિવસ રહ્યાં, પછી પુરી યાત્રા કરવા ગયાં. તે વખતે રેલગાડી નહોતી, તેથી ચાંદબાલી સુધી જહાજમાં, ત્યાંથી કટક સુધી સ્ટીમરમાં, અને બાકીને રસ્તે બળદગાડીમાં જવું પડતું. પુરીમાં માતાજી બલરામબાબુના ક્ષેત્રવાસીના ઘરમાં માગશરથી માંડીને ફાગણ માસ સુધી રહ્યાં. બલરામબાબુની જગન્નાથપુરીમાં સારી નામના હોવાથી ત્યાંના પંડયા ગોવિંદ શિંગારીએ માતાજીને પાલખીમાં જગન્નાથજીનાં દર્શન કરવા લઇ જવાનો આગ્રહ કર્યો; પરંતુ માતાજીએ કહ્યું: " ના, ના, ગોવિંદ, તમે મારી આગળ ચાલજો અને હું તમારી પાછળ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીનહીન કંગાલિનીની માફક ચાલીશ." જગન્નાથનું દર્શન કરીને માએ જણાવ્યું હતું: "જગન્નાથ જાણે કે પુરુષસિંહ, રત્નવેદી ઉપર વિરાજમાન છે, અને હું દાસી થઈને તેમની સેવા કરી રહી છું."

પુરીથી પાછાં ફરીને માસ્તર મહાશયને ઘેર કલકત્તામાં લગભગ ત્રણ ચાર અઠવાડિયાં ગાળીને આંટપુર તેમજ તારકેશ્વર થઈને પાછાં કામારપુકુર ગયાં. ત્યાં એકાદ વર્ષ રહીને દોલપૂર્ણિમાને અવસરે કલકત્તામાં પાછાં આવ્યાં અને વળી પાછાં માસ્તર મહાશયને ત્યાં એકાદ માસ રહ્યાં. ત્યાર પછી બલરામબાબુની છેવટની માંદગીથી માંડીને તેમના દેહત્યાગ સુધી માતાજી તેમને ઘેર રહ્યાં. પછી બેલુડની પાસે સ્મશાનની નિકટમાં આવેલી જગ્યામાં પાંચ છ માસ રહ્યાં. ત્યાં તેમને રક્ત આમાશય થવાથી વરાહનગરમાં સૌરીન્દ્રમોહન ઠાકુરના ભાડે રાખેલા ઘરમાં રાખ્યાં અને ચિકિત્સા કરાવવામાં આવી. ત્યાર પછી બલરામબાબુને ઘેર રહીને દુર્ગાપૂજા પછી કામારપુકુર થઈને જયરામબાટી ગયાં. ઈ. સ. ૧૮૯૩ના અષાઢ માસમાં બેલુડમાં નીલાંબરબાબુના ભાડે રાખેલા ઘરમાં માતાજી રહ્યાં. તેમણે ત્યાં **પંચતપા** નામનું તપ કર્યું. તેમના જ શબ્દોમાં: "ઠાકુરના ગયા પછી થોડો સમય વીત્યા બાદ દરરોજ હું દાઢીવાળો એક સંન્યાસી જોતી. તે મને પંચતપા કરવાનું જણાવતો. શરૂશરૂમાં મેં તે મનમાં ધર્યું નહિ. પંચતપા કોને કહેવાય તેની પણ ખબર નહોતી. પણ તેણે તો વારંવાર કહ્યું. પછી મેં યોગેન માને તે વિષે પૂછ્યું તો કહે કે હું પણ તમારી સાથે કરીશ. પછી તેની બધી વ્યવસ્થા કરી. તે વખતે હું બેલુડમાં નીલાંબરબાબુને ત્યાં હતી. ચારે બાજુ છાણાંનો તાપ કરવાનો અને ઉપરથી સૂર્યનો પ્રખર તાપ. સવારમાં સ્નાન કરીને જ્યારે પાસે જતી ને જોતી તો અગ્નિની ઝાળ લાગી રહી છે. પ્રાણમાં ભય થયો, કેમ કરીને થશે? અને વળી સૂર્યાસ્ત સુધી અંદર બેસી રહેવાનું. પછી ઠાકુરનું નામ દઈને અંદર પેઠી તો અગ્નિનો તાપ જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે જ નહિ ! આ પ્રમાણે સાત દિવસ કરવું પડ્યું. પણ બાબા, શરીરનો રંગ તો કાળો રાખ જેવો થઇ ગયો હતો. ત્યાર પછી એ સંન્યાસીને જોયો નથી."

થોડો વખત નીલાંબરબાબુને ત્યાં ગાળીને માતાજી પોતાનાં માતા તેમજ ભાઇઓને લઇને ફરીથી કાશી તેમજ વૃંદાવન જઇ આવ્યાં. ત્યાંથી પાછાં ફરીને માસ્તર મહાશયના કાલુટોલાવાળા મકાનમાં એકાદ માસ રહ્યાં. પછી પોતાને દેશ ગયાં. દેશમાંથી પાછાં આવીને બાગ-બાજારમાં ગંગાને કિનારે ગુદામવાલાના ઘરમાં પાંચ છ માસ રહ્યાં. અહીં તેમને પરમહંસદેવના એક પરમ ભક્ત શિષ્ય દુર્ગાચરણ નાગ, જેઓ નાગ મહાશયને નામે ઓળખાય છે, તેઓ મળ્યા. તેમનાં સ્મરણો કહેતાં મા જણાવે છે: "આહા, શી તેની ભક્તિ ! શાં તેનાં પ્રેમથી છલકાતાં નયન ! રાતી આંખો, તેમાંથી સર્વદા પાણી ઝરે ! કઠોર તપસ્યાથી જીર્ણશીર્ણ શરીર ! મારી પાસે આવતા ત્યારે ભાવના આવેગથી સીડી ઉપરથી ઊડી શકતા નહિ, થરથર કંપતા. એક પગ અહીં તો બીજો ત્યાં પડે. એવી તો કોઇની ભક્તિ જોઈ નથી !"

વળી પાછાં માતાજી દેશ ગયાં અને દોઢેક વર્ષ પછી કલકત્તા પાછાં ફર્યાં. ઇ. સ. ૧૯૦૪ થી લગભગ દોઢ વર્ષ સુધી બાગબાજાર સ્ટ્રીટના ભાડે રાખેલા મકાનમાં રહ્યાં. ઈ. સ. ૧૯૦૭ માં ગિરીશ-બાબુને ત્યાં દુર્ગાપૂજાને નિમિત્તે જયરામબાટીથી પાછાં કલકત્તા આવ્યાં. તે વખતે પોતે રહેતાં બલરામબાબુને ત્યાં. પૂજાના કેટલાક દિવસ ગિરીશબાબુ માતાજીની પોતાને ત્યાં લઇ જઇને પૂજા કરતા. પરંતુ અષ્ટમીને દિવસે રાતની સંધિપૂજાને શુભ અવસરે માતાજીને કહેવરાવી શક્યા નહિ. પરંતુ માતાજી પોતે જ પાછલે બારણેથી આવ્યાં અને "દરવાજો ખોલ, હું આવી છું," કહેતાંક ને દાખલ થયાં. બધાં આશ્ચર્ય પામી ગયાં !

ગિરીશબાબુની ભક્તિ તેમજ તેમના જીવનનો એક પ્રસંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતાજીએ કહેલો તેમના જ શબ્દોમાં જાણીએ. "શરૂશરૂમાં તો ગિરીશ પાખંડી હતો, ખરાબ સંગમાં સબડતો હતો. પાછળથી ખૂબ શ્રદ્ધાવાન બની ગયો, એટલે ઠાકુરની કૃપા થઇ. ઠાકુર તેને શિવનો અંશ માનતા હતા.........

આહા, ગિરીશ બાબુ મરી ગયા, તેથી ચતુર્થીને દિવસે મને તેડવાને કોઇ આવ્યા હતા. એ તો છે નહિ, ત્યાં જવાનું ગમતું નથી. ઠાકુરને તેણે પુત્ર ભાવે માગ્યા હતા. ઠાકુરે કહ્યું: 'હાસ્તો, બાળક થઈને જન્મવાનું તો પતી ગયું.' ઠાકુરના દેહત્યાગ પછી ગિરીશને એક છોકરો થયો. ચાર વર્ષનો થયો છતાં કોઇની સાથે બોલે નહિ. બધું હાવભાવથી સમજાવતો. એ બધાં તો એની ઠાકુરની માફક સેવા કરતાં. એક વાર મને મળવા માટે એ એટલો તરવરી રહ્યો કે હું જ્યાં હતી ત્યાં હાવભાવથી બતાવતો બધાંને તાણી લાવ્યો. પહેલાં તો કોઈ સમજ્યાં નહિ. પાછળથી જ્યારે મારી પાસેથી ખસ્યોજ નહિ ત્યારે બધાંને ખ્યાલ આવ્યો. પરંતુ ચાર જ વર્ષમાં તે મરી ગયો!"

ચારે બાજુ મેલેરિયાના વાવરથી માતાજી પોતાના દેશમાં પીડાતાં હતાં. ઈ. સ. ૧૯૦૯ માં ઉદ્‌બોધનનું મકાન થયું ત્યારે માતાજી ત્યાં રહેવા આવ્યાં. ત્યાર પછી કોઠાર, મદ્રાસ, બેંગલોર, રામેશ્વર વગેરે સ્થળોએ જઈ આવ્યાં અને ઉદ્‌બોધન પાછાં આવીને થોડા દિવસ પછી પોતાની ભત્રીજી રાધારાણીના વિવાહ માટે દેશમાં ગયાં.

જયરામબાટીમાં એકાદ વર્ષ રહીને ઉદ્‌બોધન આવ્યાં. ત્રીજી વાર પાછાં ઈ. સ. ૧૯૧૨ માં કાશી ગયાં. તે વખતનાં સંસ્મરણોની એક શિષ્યની નોંધમાંથી કેટલુંક નીચે આપવામાં આવે છે.

"માતાજી કાશીમાં અદ્વૈતાશ્રમમાં પધાર્યા. ત્યાં થોડી વાર રહીને કિરણબાબુના નવા ઘરમાં ગયાં. ઘર આશ્રમની પાસે હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે સવારે પાલખીમાં બેસીને માતાજી વિશ્વનાથ અને અન્નપૂર્ણાનાં દર્શન કરી આવ્યાં......થોડા દિવસ પછી દેવદેવીનાં દર્શન પણ કરી આવ્યાં. વૈદ્યનાથ અને તિલભાંડેશ્વરનાં દર્શન કરીને માએ જણાવ્યું કે આ સ્વયંભુ લિંગ છે. પછી સંધ્યાને સમયે કેદારનાથ ગયાં. એક દિવસે સારનાથ પણ જઈ આવ્યાં. કાશીમાં તેમણે ગંગાતટે એક નાનકપંથી સાધુને અને ચમેલીપુરીને જોયા હતા. ચમેલીપુરીને જોઇને ગોલાપમાએ પૂછ્યું: 'આમને ખાવાનું કોણ પૂરૂં પાડે છે?' જવાબ મળ્યો કે 'દુર્ગામાઈ સિવાય કોણ આપે?'......

એક વાર માતાજી સૂઈ રહ્યાં હતાં. ઘરમાં ચારે બાજુ શાંતિ હતી. બધાં વિશ્રામ કરતાં હતાં. એટલામાં વરંડામાંથી ગાનના સુર આવ્યા. ગાનનો અર્થ હતો: 'મારી મા ક્યાં ગઈ? ઘણા દિવસો થયાં તેને જોઇ નથી; મા, મા, મને તારા ખોળામાં લે. હે જનની, તું કેવી પત્થર હૃદયની કે તારા સંતાનને ભૂલી ગઇ? ક્યાં છું મા, હવે વધારે રડાવીશ નહિ, તારી દીકરી બોલાવી રહી છે.' ગાન એટલા મૃદુ સ્વરોમાં ગવાતું હતું કે જાણે કોઈ રડતું હોય એમ લાગે. માતાજી એકદમ જાગી ઊઠ્યાં. 'કોણ ગાય છે? ચાલો તો જોઇએ.' એક નાની છોકરી ગાન ગાતી હતી. તેની આંખોમાંથી આંસુની ધાર વહી રહી હતી. માતાજીને જોઇને તે પ્રણામ કરીને બોલી: 'મા, મારી ઘણા વખતની આશા આજે ફળી. આજે મારા હૃદયમાં આનંદના એવા ઊછાળા આવે છે, શું કહું મા!' માતાજીએ તેને આશીર્વાદ આપ્યા અને તેને વિષે પૂછ્યું. છોકરીએ કહ્યું: 'હું તો, મા, આપની ભિખારણ દીકરી છું.' 'ક્યાં રહે છે, બેટા?' 'અન્નપૂર્ણાના દરવાજે કે દશાશ્વમેધને ઘાટે બેહારી બાબાના મંદિરની પાસે.' 'આમ માગવાથી તારું ઠીક ચાલે છે?' 'આપના આશીર્વાદથી ઠીક ઠીક ચાલે છે. એ વિષે તો કાંઈજ ચિંતા નથી, મા. અન્નપૂર્ણાની દયાથી અહીં કોઈને ઉપવાસ કરવા પડતા નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા. માત્ર કેવી રીતે ભક્તિ થાય એજ ચિંતા છે.' 'થશે, બેટા, થશે. તું એવે સ્થાને છું જ્યાં વિશ્વનાથ, અન્નપૂર્ણા વિરાજે છે. તેમની કૃપાથી બધું થશે.' પછી માએ તેને બીજું ગાન ગાવાનું કહ્યું. તેનો અર્થ નીચે પ્રમાણે છે: 'હે મા, મારા પર દયા કરીને શિશુની માફક રાખો. શૈશવનું સૌંદર્ય છોડીને મોટી થવા ન દો. સુંદર સરળ પ્રાણ, માન અપમાનનું નહિ જ્ઞાન, અને હિંસા, નિંદા, લજ્જા, ઘૃણા કાંઈ તે જાણે નહિ!'

'કેવું સુંદર ગાન!' 'અનેક દિવસોથી આપનાં દર્શન માટે આવવાની તીવ્ર ઈચ્છા હતી. આપ અહીંઆં છો તે સાંભળીને આવવાનો વિચાર કરતી હતી, પરંતુ બીક લાગતી હતી કે કોઇ કદાચ નહિ આવવા દે.'

'કોઈ કાંઈ કહેશે નહિ, બેટા, તારી ઈચ્છા થાય ત્યારે આવજે.' માતાજીએ તેને પ્રસાદ આપ્યો. પ્રસાદ લઈને વિદાય લેતી વેળા વળી માતાજીએ કહ્યું: 'આવજે, જરૂર આવજે'...

થોડા દિવસ પછી વળી પાછી પેલી ભિખારણ છોકરી માની પાસે આવી. તેના હાથમાં કેરી હતી. માને તે આપતાં બોલી: 'મા, આજે ભિક્ષામાં આટલું પામી છું. માટે આપને આપવા આવી છું. મા, આપતાં સાહસ નથી થતું.' માએ કહ્યું: 'સારૂ કર્યું. લાવ મા.' પછી કહ્યું, 'ભિક્ષાની વસ્તુ તો ઘણી પવિત્ર, બેટા. ઠાકુરને ખૂબ ગમતી. કેવું સરસ ફળ છે, અત્યારેજ ખાઈ જાઉં છું.' છોકરીએ કહ્યું: 'હું તો આપની ભિખારણ દીકરી મા, મારા ઉપર ઘણી દયા કરી!' તેની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. માએ બીજું એક ગીત ગાવાનું કહ્યું. ગીતનો અર્થ: 'હે ગોપાલ, તને આજે સજાવું. પણ એક વાર જરા ફરી ફરીને નાચ તો! ચરણમાં તને ઝાંઝર પહેરાવીશ, અને તેનો રણકાર ઊઠશે. કમરમાં સોનાનો કંદોરો પહેરાવીશ. હે ગોપાલ, તને આજે તો ખવરાવીશ, તારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને હાથે સોનાની કલ્લીઓ પહેરાવીશ. નાચી લે, જરા નાચી લે, ગોપાલ.' "

આ પ્રમાણે કાશીમાં ત્રણ માસ પસાર કરીને માતાજી કલકત્તા પાછાં ફર્યાં અને થોડા સમય પછી દેશમાં ગયાં. ત્યાં માતાજીના મોટા ભાઈવાળા ઘરમાં જ્યારે ભક્તો આવતા જતા ત્યારે ફાવતું નહિ, તેથી ૧૯૧૫ માં જયરામબાટીમાં તેમને માટે જૂદું ઘર ભક્તોએ કરાવરાવ્યું. ત્યાર પછી મા જ્યારે જ્યારે દેશ જતાં ત્યારે ત્યારે ત્યાંજ રહેતાં.

બેલુડમાં નીલાંબરબાબુવાળા મકાનમાં માતાજીને એક વાર ગભીર નિર્વિકલ્પ સમાધિ થઇ હતી. ઘણા સમય પછી જ્યારે સહેજ ભાનમાં આવ્યાં ત્યારે પણ હાથપગ વગેરે અવયવોનું તેમને જ્ઞાન રહ્યું નહોતું. માતાજીએ કપિલ મહારાજને કહ્યું: "તે વખતે લાલ જ્યોતિમાં, નીલ જ્યોતિમાં મન લીન થતું. બે ચાર દિવસો એ ભાવ રહ્યો હોત તો કદાચ શરીર ટકત નહિ." એજ ઘરમાં રહેતી વખતે માતાજીએ વળી બીજી એક વાર જોયું કે જાણે ઠાકુર ગંગામાં ઊતર્યા, ને જાણે કે તેમનો દેહ ગંગાજળમાં ગળી ગયો. સ્વામીજી 'જય રામકૃષ્ણ, જય રામકૃષ્ણ' બોલી રહ્યા છે, અને એ પાણી લઇને ચારે બાજુ અસંખ્ય મનુષ્યો પર છંટકાવ કરે છે, અને જાણે કે એ બધાં મનુષ્યો જળના સ્પર્શથી મુક્તિ પામી રહ્યાં છે. આ દૃશ્ય માતાજીના મનમાં એટલું બધું જડાઈ ગયેલું કે કેટલાક દિવસો સુધી પોતે ગંગામાં ઊતરી શક્યાં નહિ. કહેતાં: "આ તો ઠાકુરનો દેહ છે, કેવી રીતે તેના પર મારો પગ મૂકું!"

[૪]

આત્યાર સુધી આપણે શારદામાતાની કૌટુંબિક સ્થિતિ તરફ વિશેષ નજર નાંખી નથી. ઈ. સ. ૧૮૭૪ માં તેમના પિતા રામચંદ્ર મુખોપાધ્યાયના મૃત્યુ પછી ઘરની સ્થિતિ વધારે કફોડી થઈ ગયેલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યામસુંદરી દેવીએ જ્યારથી જગદ્ધાત્રીની પૂજાની શરૂઆત કરી ત્યારથી તેમની સ્થિતિ કાંઇક થાળે પડવા લાગી. ચારે ભાઇઓમાં શારદામાતા સૌથી મોટાં હતાં, તેથી બધાંયની નજર તેમના તરફ રહેતી. આર્થિક દૃષ્ટિથી તેમાંનો એક પણ ભાઈ કુટુંબને પૂરતી સહાયતા આપી શકે તેમ નહોતું. પરિણામે શારદામાતા તરફ તેમની મીટ મંડાતી. પોતે પણ ખૂબ દક્ષતાથી, પ્રેમથી અને વ્યવસ્થાશકિતથી ઘરનું કામકાજ સંભાળતાં.

ત્યાર પછી ઈ. સ. ૧૯૦૬ માં શ્યામસુંદરીદેવીનું મૃત્યુ થયું. હવે ઘરની સંપૂર્ણ જવાબદારી માતાજીને માથે આવી પડી. ભાઇઓ પણ પોતપોતાના સ્વાર્થમાં મશગુલ રહેવાથી કેટલીકવાર અંદરોઅંદર લઢી પડતા. તેવે વખતે બધાયનો ન્યાય ચૂકવવાનું કામ માતાજીને માથે આવતું. આખરે તેમણે સ્વામી શારદાનંદની મદદથી બધી મિલકતની વહેંચણી કરી દીધી. સ્વામીજીએ માતાજીને પૂછ્યું કે પોતે કયાં રહેશે, ત્યારે તેમણે જણાવ્યું: “**થોડો વખત** પ્રસન્નને ત્યાં, પછી કાલિને ત્યાં, એવી રીતે વારાફરતી.” શરૂઆતમાં **પ્રસન્ન**ને ત્યાં ઘણું રહેતાં, કારણ કે તેને પોતાની પ્રથમ સ્ત્રીથી નલિની અને માકુ નામે દીકરીઓ હતી, અને બીજી સ્ત્રી હજુ નાની હતી. તેથી તેનું ઘર વ્યવસ્થિત કરવા પૂરતાં પોતે ત્યાં વધારે રહેતાં. પરંતુ ઇ. સ. ૧૯૧૫ માં તેમને માટે નવું ઘર કરવામાં આવ્યું ત્યાર પછી ત્યાંજ જૂદાં રહેવા લાગ્યાં.

છતાંય માંહોમાંહેના કજીયા પત્યા નહિ. માતાજીની પાસેથી વારંવાર પૈસા માગતાંય શરમાતા નહિ. કંટાળીને એક વાર તેમણે જણાવ્યું: “માત્ર પૈસાનીજ વાત! ભક્તિ કે જ્ઞાનની કોઇને કાંઈ પડી છે?”

પરંતુ બધાયથી નાનો જે અભયચરણ હતો તેના ઉપર માતાજીનો વિશેષ પ્રેમ હતો. તેણે દાક્તરી ઉપાધિ મેળવી હતી, પણ કમનસીબે કૉલેરા થવાથી ઈ. સ. ૧૮૯૯ માં મરણ પામ્યો. માતાજીને તેથી ઘણો આઘાત થયો. તેના મરણ વખતે તેની નાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી સુરબાળા સગર્ભા હતી. આથી કરીને માતાજીની જવાબદારી એવડાઈ ગઇ. આ અકાળ ફટકાથી સુરબાળાની માનસિક સ્થિતિ ખરાબ થતી ગઈ. ઇ. સ. ૧૯૦૦ માં રાધારાણીનો જન્મ થયો. ત્યાર પછી સુરબાળા તદ્દન ગાંડી થઇ ગઈ અને લોકો પણ એને 'પાગલી મામી' તરીકે સંબોધવા લાગ્યા. નાની છોકરીને કેવી રીતે ઉછેરવી એ પ્રશ્ન માતાજીને મૂઝવવા લાગ્યો. તેની ગાંડી માની પાસે રાખવા જતાં તેનું ભાવિ બગડે એ વિચારે માતાજીએ તેને પાસેજ રાખી. જ્યાં જાય ત્યાં રાધુ તો પાસેજ હોય.

રાધુનો માના ઉપર તેમજ માતાજીનો રાધુ ઉપર સ્નેહ દિવસે દિવસે વધવા લાગ્યો. આ જોઇને સુરબાળાનું ગાંડપણ પણ વધવા લાગ્યું. તે અનેક પ્રકારની ગાંડી કલ્પનાઓ કરવા લાગી. માતાજીના રાધુ પરના અત્યંત પ્રેમમાં પાગલી મામી અશુભ હેતુઓનું આરોપણ કરવા લાગી. તેથી જ્યારે ને ત્યારે તે ગાળો દેતી. રાધુને જ્યારે માતાજી દાકતરી તપાસ કરાવવા લઈ ગયાં ત્યારે સુરબાળાને લાગ્યું કે તેને મારી નંખાવવા લઇ ગયાં છે. પરિણામે તે એટલી ઝેરીલી થઈ ગઈ કે એકવાર માતાજીને બળતું લાકડુ લઇને મારવા ગયેલી, પરંતુ સદ્ભાગ્યે માતાજીના ભક્તો હતા તેથી માતાજી બચી ગયાં. આવા કેટલાય પ્રસંગોમાં માતાજીને વચમાં પડવું પડેલું અને પરિણામે પાગલી મામીની ગાળો પણ ખાવી પડેલી. એકવાર કંટાળીને માતાજીએ કહ્યું: "મને લાગે છે કે મેં શિવની કાંટાળાં બીલીથી પૂજા કરી છે. તેથીજ મારે કપાળે આ કાંટો વાગ્યો!"

જેને પોતે આટલી મમતાથી ઉછેરી તે રાધુ પણ ભવિષ્યમાં પોતાની માના જેવીજ માતાજીને દુઃખ દેનારી થાય છે. ઈ. સ. ૧૯૧૧ માં રાધુનાં લગ્ન થયાં. પરંતુ રાધુ એવી અનાડી હતી કે પોતાને સાસરે જાય નહિ. તેથી રાધુ અને તેનો પતિ પણ માતાજીને ત્યાં રહેવા લાગ્યાં. રાધુ પણ જ્યારે સગર્ભા થઇ ત્યારે લગભગ ગાંડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવીજ બની ગઈ હતી. માતાજીએ કેટકેટલી સંભાળ કરીને અને દાક્તરો, વૈદ્યો તેમજ ભુવાજતી કરીને તેનું શરીર કાંઈક ઠીક કર્યું. રાધુ તેમજ તેની માતા વિષેના કેટલાક પ્રસંગો અને તેની અસર આપણે માતાજીના શબ્દોમાં જોઈએ.

"આટલી મોટી થઈ પણ તેને કંઈજ જ્ઞાન નથી. ઠાકુરે તેના દ્વારા કેવા બંધનમાં નાખી! ઠાકુરના શરીરત્યાગ પછી દેશમાં આવીને ઉદાસભાવે જ્યારે જ્યારે બેસતી ત્યારે ત્યારે લાલ કાપડ પહેરેલી એક છોકરીને સામે જોતી. મારે માટે તેમના ગયા પછી સંસારમાં કાંઈ રસ હતો નહિ, તેથી મન ગોઠતું નહિ. તેથી પ્રાર્થના કરતી: 'હવે મારું આ સંસારમાં રહીને શું થશે?' તે વખતે એકાએક જોયું તો દશબાર વર્ષની એક છોકરી મારી સામે ફરી રહી છે. ઠાકુરે મને તે બતાવી અને કહ્યું: 'એને લઈને વળગી રહો. તમારી પાસે કેટલાંય લોક આવવાનાં છે.' બીજી જ ક્ષણે ઠાકુર અંતર્ધાન થઈ ગયા, પેલી છોકરી પણ જણાઈ નહિ.

ત્યાર પછી આજ જગ્યામાં એકવાર બેઠી હતી. રાધુની મા તે વખતે તદ્દન ગાંડી થઈ ગઈ હતી. કેટલાક ગાભા બગલમાં લઈને પેલી બાજુ તે દોડતી હતી, રાધુ પણ રડતી રડતી તેની પાછળ પડી હતી. એ દશ્ય જોઈને હૃદયમાં કંઈક થઈ ગયું. દોડીને રાધુને ઉચકી લીધી. મનમાં થયું કે જો હું એની દરકાર નહિ રાખું તો કોણ રાખશે? બિચારીને બાપ તો નથી, અને મા ગાંડી છે! એમ વિચારીને એને જેવી ખોળામાં બેસાડવા ગઈ કે તરતજ સામે ઠાકુરને જોયા. તેમણે કહ્યું: 'આ પેલી જ છોકરી. એનેજ વળગી રહો. એ જોગમાયા છે.' કોણ જાણે, પહેલાં તો ઘણી સારી હતી. આજકાલ તો રોગની ભરેલી થઈ ગઈ છે. વળી પરણી. મનમાં બીક રહે છે કદાચ પાગલીની છોકરી પાગલી ના થઈ જાય!......જુઓને, ગૌરદાસીએ પોતાની છોકરીને કેવી બનાવી અને મેં એક વાંદરી ઉછેરી........"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાધુ માંદી હતી, તેથી પાગલી મામી માતાજીને ગાળો દેતી હતી. કહેતી: "તેંજ મારી છોકરીને દવા ખવરાવી ખરાવીને મારી નાંખી." પછી ગમે તેમ બકવા લાગી. વરદાચરણે જઇને તેને જરા ધમકાવી. માતાજી પણ કંટાળીને બોલવા લાગ્યાં: "ધારું તો તેને આજે જ મારી નાંખું. હું જો મારવા લાગી તો એમ જાણજે કે દુનિયામાં પછી તને કોઈ બચાવનાર નથી. અને મને તેમાં પાપ પણ નહિ લાગે." થોડીવાર પછી કહેવા લાગ્યાં: "તેમણે તો મને કોઈવાર 'તું' કહીને બોલાવી નથી...અને, આ, આખો દહાડો મને ગાળો જ દીધાં કરે છે!"......

રાધુ વાયુરોગથી પીડાતી પાગલ જેવી કોવાલપાડામાં માની પાસે હતી. મા તેને ઘણી વખતે ખવરાવતાં. રાધુ ખાવાનો કોળિયો મોંમાં લઇને ઘણીવાર માને શરીરે થૂંકી દેતી. એકવાર વિરક્ત બનીને માએ કહ્યું: "આ શરીર દેવશરીર છે. એ તે કેટકેટલા અત્યાચારો સહેશે? ઠાકુરે તો મને કોઈ દિવસ કાંઇજ કહ્યું કે કર્યું નથી......"

એકવાર ઉદ્‌બોધનમાં એક શિષ્યે માતાજીને પૂછ્યું: "મા, આપને વળી આટલી આસક્તિ શી? રાતદિવસ 'રાધી રાધી' કરો છો, ઘોર સંસારીની માફક. કેટકેટલા ભક્તો આવે છે, તેમના તરફ મન રાખતાં નથી." પહેલાં ઘણીવાર જ્યારે શિષ્યે આ પ્રમાણે પૂછેલું ત્યારે માતાજીએ ટૂંકો જવાબ આપેલો: "અમે તો સ્ત્રીઓ ને, અમે તો એવાંજ હોઇએ." પરંતુ એક દિવસ ખૂબ ઉત્તેજિત થઇને બોલ્યાં: "તને આવું કયાંય નહિ મળે. મારા જેવી બતાવ તો ખરો? જે લોકો પરમાર્થ વિષે ખૂબ વિચારે છે, તેમનું મન ઘણું સૂક્ષ્મ હોય છે. એવું મન જે કાંઇ લઈ પડે છે તેને ખૂબ મમતા-પૂર્વક સાચવે છે. તેથીજ તે આસક્તિ જેવું બહારથી જણાય છે. વિજળી જ્યારે ચમકે છે ત્યારે કાચની બારીમાંથી જણાય છે, નહિ કે લાકડાંની બારીમાંથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે શારદામાતાના જીવનમાં રાધુ એક જૂદીજ જાતનું પાત્ર પોતાનો પાઠ ભજવી જાય છે. આપણે આગળ જોઈ શકીશું કે તેમની દેહાંત વેળાએ તેમણે તેના તરફની જણાતી આસક્તિ એક પળમાં છોડી દીધી હતી. તે બતાવી આપે છે કે ઠાકુરનાં વાક્યોમાં શ્રદ્ધા રાખીને, જોગમાયાને કનડવા કરતાં તેને ખુશ રાખવામાં પોતાનું શ્રેય છે એમ માનીને, પોતે પોતાના સમગ્ર જીવન સુધી તેનું સંપૂર્ણભાવે જતન કરે છે. સ્વામી નિખિલાનંદે ખરું કહ્યું છેઃ One of the most interesting characters in her life is that of Radhu, a niece of undeveloped mind, whom with all her feelings, the Holy Mother humbly accepted as a beneficient gift of God. One sees through these trials and tribulations, and also in the discomforts of physical maladies suffered in her late years, an innate serenity and cheerfulness which demonstrate constant communion with an inner bliss.

[૫]

માતાજીનો દૈનિક કાર્યક્રમ બરાબર સચવાતો. પોતે આશરે ત્રણ વાગે ઊઠી જતાં અને સર્વ પ્રથમ ઠાકુરની છબીનું દર્શન કરતાં. ઊઠતી વખતે હરિસ્મરણ કરતાં. ત્યાર પછી પ્રાતઃસ્નાન વગેરે પરવારીને દેવના પૂજા કરતાં અને પછી જપ કરવા બેસતાં. દક્ષિણેશ્વરના જીવન વખતની જે ટેવ હતી તેની તે ચાલુ હતી. કોઈને ખબર પણ ના પડે તેવી રીતે પોતાનું કાર્ય આટોપીને ઘરમાં પેસી જતાં. શરીર ઘણું ખરાબ હોય તોય પોતાનો નિત્યક્રમ ચૂકતાં નહિ. માતાજી જણાવતાંઃ "રાતે ત્રણ વાગે ગમે ત્યાં હોઉં પણ કાનમાં જાણે કે વાંસળીની ફૂંક સાંભળતી." જે વખતે જે કાંઈ કરવાનું હોય, તે વખતે પોતે તે કાર્ય આળસ છોડીને કરતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારની પૂજાને માટે ફૂલ, બીલીપત્ર વગેરે સાફ કરીને રાખવાનું, ફળફળાદિ તૈયાર રાખવાનું કાર્ય માતાજી પોતે આટોપી લેતાં. સ્ત્રી ભક્તો થયાં પછી પણ પોતે તેમાં મદદ આપતાં. સવારે આઠ વાગે લગભગ પૂજામાં બેસતાં. પૂજા એકાદ કલાકમાં પરવારી જતાં અને પ્રસાદ માટે પાંદડાં પોતે મૂકતાં. પ્રસાદ આપવાનું કાર્ય પણ પોતે જ કરતાં. કોઈ કોઈવાર કોઇની પૂજાને લીધે સ્તવાદિ નિત્યક્રમમાં વિલંબ થઈ જાય તો ચીડાઇ જતાં. એકવાર કહી દીધું હતું કે, "પહેલાં પૂજા અને ભોગમાંથી પરવારીને પછીથી સ્તવ પાઠ ગમે તેટલાં કરો. આ શું? બધાંને વેળા વીતી જાય છતાં ખાવાંનું પણ મળે નહિ!" યોગ્ય કાર્ય જરાતરા વહેલું પરવારી જવાનું માતાજીને પસંદ હતું.

મધ્યાહ્નના ભોજન પછી મા આરામ તો કરતાં, પરંતુ સ્ત્રી ભક્તો વારંવાર આવતાં, કારણ કે તેમાંનાં ઘણાંખરાંને પોતાને ઘેર વહેલાં પાછાં જવાનું હોય. એ વખતે માતાજી સૂતાં સૂતાં તેમની સાથે વાતો કરતાં. આશરે સાડા ત્રણ વાગે ઊઠીને શૌચાદિ કરીને કપડાં ધોઇને પાછાં ઠાકુરને સાંજનો ભોગ ધરાવતાં. ધીમે ધીમે બીજાં સ્ત્રી ભક્તો આવતાં. માતાજી જપની માળા લઇને બેસતાં અને વચ્ચે વચ્ચે બધાંની સાથે વાતચીત કરતાં અથવા તો તેમના પ્રશ્નોના ઉત્તર દેતાં. જે પુરુષ ભકતો સાંજે આવતા તેમને લગભગ સાડા પાંચ વાગે બોલાવવામાં આવતા. માતાજી ચાદરથી માથુ ઢાંકી દઇને પલંગ ઉપર બેસતાં અને પગ ઝૂલતા રાખતાં. ગ્રીષ્મકાળને વખતે નિકટનાં ભક્તો પંખો નાંખતાં. એક પછી એક પ્રણામ કરીને ચાલ્યાં જતાં. તે સમયે સ્ત્રી ભક્તો બીજા ઓરડામાં બેસતાં. સામાન્ય પ્રશ્નોના ઉત્તર માત્ર માથુ હલાવીને પતાવતાં અથવા જો કાંઇ કહેવાનું હોય તો એવા મૃદુ સ્વરમાં કહેતાં કે નિકટના ભક્તોને તે ફરીથી તાણીને જણાવવું પડતું. આ પ્રમાણે પોતાની મર્યાદા ખૂબજ જાળવતાં. સંધ્યાકાળ પછી જપ પૂરા કરીને ભોગના પહેલાં વિશ્રામ કરતાં. તે વખતે કોઇ કોઈ ભક્તો તેમને પગે વાનું તેલ ઘસતાં કે બીજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલિશ કરતાં. રાત્રે ઠાકુરનો ભોગ પૂરો થતાં દશ અને આહારાદિથી પરવારતાં અગિયાર કે સાડા અગિયાર થતા.

માતાજીના આહાર વિષે પણ ખાસ કાળજી લેવી પડતી. તેમને ખૂબ ગળી કેરીના કરતાં સહેજ ખાટીમીઠી કેરી ગમતી. મુંબઈથી મળતી આફૂસ કેરી તેમને ખૂબ ગમતી. પરંતુ કોઈ ભક્ત કદાચ ખાટી કેરી પ્રેમપૂર્વક દઈ જાય તો તેટલાજ સ્નેહથી ખાઇ જતાં. ભાવપૂર્વક દીધેલી દરેક વસ્તુ પોતે પણ ભાવસહિત ચાખતાં. શાકભાજીમાં મૂળા અને સીંગદાણા તેમને વિશેષ ગમતાં. શિયાળામાં મમરા, ચણાની દાળ, વડાં ભજીયાં, કચોરી વગેરેનો ભોગ ઠાકુરને ધરતાં. તેલમાં તળીને આ બધું તૈયાર કરતાં. કળીના લાડુ તેમજ ભજીયાં માતાજીને ખૂબ ભાવતાં. આમાશય હોવાથી વૈદ્યરાજ દુર્ગાપ્રસાદ સેને માતાજીને આમરુલ શાક વિશેષ ખાવાનું કહેલું, તે પ્રમાણે પોતે ખાતાં. સવારમાં પતાસાં ખાતાં. તેમને માટે જે પ્રસાદ રાખી મૂકવામાં આવતો તેમાંથી માતાજી ભક્તજનોને ઘણીવાર વહેંચતાં. પોતાના હાથમાં જ્યારે પ્રસાદ વહેંચવાનું કામ આવતું ત્યારે પોતાને માટે ભાગ્યેજ કાંઇ રહેતું. જમણા પગનો વા હોવાથી દહીં ઇત્યાદિ ભાગ્યેજ ખાતાં. પેટના વ્યાધિ તેમજ વાને લઇને માતાજી સહેજ અફીણ ખાતાં, તેથી તેમને માટે દૂધની વિશેષ વ્યવસ્થા શરદ મહારાજે કરી રાખેલી હતી. મોટે ભાગે તો દૂધમાં ભાત ભેળવીને ભક્તજનોને પ્રસાદ તરીકે વહેંચી દેતાં. પોતે ભોજન વેળાએ દાળભાતમાં લીંબુ નીચોવતાં. દાળમાં વડી નાંખીને કોઈ કોઈવાર વઘાર પણ કરતાં. સાંજને વખતે પાન કે પાણી સિવાય કાંઇ લેતાં નહિ. રાતે પૂરી, શાક ને દૂધ લેતાં. બેચાર પૂરીજ માત્ર ખાતાં. દૂધ આશરે દોઢ પાશેરેક પીતાં.

દરરોજ લગભગ ચારવાર દાંતે કોલસાની ભૂકી ઘસતાં. નાળિએરનાં અને તમાકુનાં પાનમાંથી પણ ભૂકી બનાવતાં.

માતાજી જ્યારે જયરામવાટીમાં રહેતાં ત્યારે સવારમાં ઓશરીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસીને શાક સમારતાં. તે વખતે તેમના ભક્તજનો ચારે બાજુ તેમને મદદ કરાવતાં અને અનેક પ્રકારની વાતચીત પણ કરતાં. કામ કરતાં કરતાં પણ એવા સ્નેહભર્યા પ્રસન્ન મુખે બધાંની સાથે વરતતાં કે ભક્તજનો પોતાનું સદ્‌ભાગ્ય માનતાં. કલકત્તાથી માતાજી ક્યારે પાછાં આવશે તેની બધાં મીટ માંડીને રાહ જોતાં. જયરામવાટીમાં માતાજી ખૂબ નિકટનાં જણાતાં. ભક્તોને ખાવાપીવાની તેમજ રહેવાની બધી સંભાળ પોતેજ રાખતાં, ભક્તોને પણ જાણે તેમના સંસર્ગમાં પોતાની માતા જેવી જ હૂંફ લાગતી. સવારમાં બધાંને નાસ્તો આપતાં, સાથે ફળફળાદિ પણ દેતાં. પોતે જ્યારે રાંધે ત્યારે દાળ-શાકમાં મશાલો પ્રમાણમાં ઓછો નાંખતાં.

ખાવાના સમય પછી બીજે ગમે તે વખતે ભક્તો જ્યારે માને દર્શને જતા, ત્યારે પોતે તેમને મીઠાઈ, પાણી ને પાન આપતાં. પાનનાં બે બીડાં તો દરેકને આપતાં. આવી નાની નાની વસ્તુઓ હોવા છતાં પણ તે એટલા ભાવથી રંગાઈને માતાજી આપતાં કે તે લેવામાં દરેકમાં એક પ્રકારનો અપૂર્વ ભાવ ઉત્પન્ન થતો. તેમને માટે જો કોઈ અતિ સામાન્ય ઉપહાર લઇ જાય તો તે સ્વીકારતાં માતાજીને ઘણો આનંદ થતો! જયરામવાટીની પાસે શ્યામબજારમાં સરસ પાનો મળે; તેથી ત્યાંના ભક્તો ઘણીવાર માતાજીને ભેટ આપવા માટે પાન લાવતા. પાન જોઇને માતાજી ખુશ થઈ જતાં! મીઠાઇ વગેરેની ભેટ ભક્તોને માટે રાખી મૂકતાં. શરદ મહારાજ કલકત્તાથી કોઇ કોઈવાર સંદેશ મોકલતા તો માતાજી તે રાખી મૂકતાં અને જ્યારે જ્યારે ભક્તો જાય ત્યારે ત્યારે તેમને પ્રસાદ તરીકે આપતાં. આસપાસનાં પાડોશીઓ પણ પોતાની 'દિદિ ઠાકરુણ'ને મળવાને બહાને પ્રસાદ લઈ જતાં! માતાજી પણ આવનારનો ભાવ કળી જતાં અને તેના રુચિને અનુસાર આપતાં. શ્રીમતી ભાવિનીનાં દાડમ કે શરદ મહારાજની કેરીઓ પ્રથમ સિંહવાહિનીદેવીને અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મઠાકુરદેવને નૈવેદ્ય તરીકે ધરાવતાં, ત્યાર પછી પોતાનાં સ્વજનોને કે પાડોશીઓને પ્રસાદ તરીકે વહેંચતાં. કોઇ એકવાર પર્વને દિવસે માતાજીએ મીઠાઇ બનાવેલી. તે વખતે વિભૂતિબાબુ ઘણીવાર જયરામબાટી જતા, તેથી માતાજીએ તેમને માટે તે મીઠાઇનો ભાગ રાખી મૂકેલો. વિભૂતિ બે ત્રણ દિવસ સુધી જણાયા નહિ, છતાંય દરરોજ માતાજી તે તાજી કરી રાખતાં. "કદાચ કાલે આવે" એમ માનીને રાહ જોતાં. છેવટે વિભૂતિએ એ પ્રેમપ્રસાદી ખાધી! કોઈ ભક્તને રોગ થયો હોય તો પોતે તેને ખવરાવતાં અને તેનું એઠું પણ પોતે ફેંકી દેતાં. પોતાને ત્યાં રહેતા ભકતોને કદાચ બહારથી આવતાં વાર થાય તો તેઓ પાછા ફરતાં સુધી માતાજી જમતાં નહિ. આ પ્રમાણે:બધાંની સાથે તેમનો વ્યવહાર જેમ પ્રેમથી ભર્યો–ભર્યો હતો, તેમ પોતાનાં ગાંભીર્ય, લજ્જાશીલતા અને સંકોચ વડે સુરક્ષિત પણ હતો.

ઉપર કેટલીક બાબતો ઝીણવટથી બતાવવામાં આવી છે, કારણકે શારદામાતા જેવાં શાંત એકાંત પ્રભુમય જીવન જીવનારમાં બાહ્ય પ્રસંગો ઉલ્લેખ કરવા યોગ્ય હોતા નથી, અને કદાચ હોય તો પણ તેમાં તેમનું આંતરિક જીવન પ્રતિભાસિત થતું હોતું નથી. પરંતુ દરેક વસ્તુના યોગમાં પોતાનાં કાળજી, ચીવટ, ધૈર્ય અને પ્રેમ દ્વારા તે તે વસ્તુને પણ ભાવભરી બનાવતાં.

હવે આપણે તેમની સાથે કેટલીક વ્યક્તિઓના પરિચય તેમજ તેમાંથી ઉદ્‌ભવતી તેમની મીઠાશના કેટલાક પ્રસંગો જોઇએ.

[૬]

ભગિની નિવેદિતા: "ભગિની નિવેદિતા આવીને માતાજીને પ્રણામ કરીને બેઠાં. માએ તેમના કુશળ સમાચાર પૂછ્યા. પછી એક સુંદર પંખો તેમને આપતાં કહ્યું: 'મેં તમારે માટેજ આ કર્યો છે.' નિવેદિતાએ પંખો લઈને ખૂબ આનંદપૂર્વક માથે ફેરવીને, છાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસો ચાંપીને કહ્યું: 'કેવો સુંદર'! વળી અમને બતાવીને બોલ્યાં: 'માએ કેવો સરસ બનાવ્યો છે!' માએ કહ્યું: 'એક સામાન્ય વસ્તુ મળતાં પણ તેમનો આનંદ જોયો? કેવી સરળ શ્રદ્ધા! જાણે સાક્ષાત દેવી! સ્વામીજીની કેવી ભક્તિ કરે છે! પશ્ચિમમાં જન્મ્યાં છે છતાં પોતાનું સર્વસ્વ છોડીને સ્વામીજી માટે જીવન ગાળે છે. કેવી ગુરુ-ભક્તિ અને આ દેશ ઉપર તેમની કેવી પ્રીતિ!' એક વાર નિવેદિતા–સ્કૂલમાં માતાજી જવાનાં હતાં. નિવેદિતાએ બધાંને કહ્યું: 'માતા–દેવી આજે આપણે ત્યાં પધારવાનાં છે, આજે તમે બધાં ખુશ-ખુશાલી કરો.' ચાર વાગે માની ગાડી ગઈ. સાથે હતાં રાધુ ને ગોલાપમા. જેવાં ઊતર્યાં કે તરતજ નિવેદિતાએ સાષ્ટાંગ પ્રણામ કર્યા. માતાને પુષ્પાંજલિ દેવા માટે અમને બધાંને ફૂલ આપ્યાં. પછી બધાંએ ગાન ગાયું."

એક વાર 'નિવેદિતા' વિષેની ચોપડી સાંભળીને માએ કહ્યું: "મારે માટે કાંઈક કરવાની કેવી તાલાવેલી! રાત્રે જ્યારે મને મળવાને આવતાં ત્યારે મારી આંખે પ્રકાશ નડશે એમ માનીને એક કાગળ આડો દઈ દેતાં......જે સુપ્રાણી હોય છે તેને માટે મહાપ્રાણી (અંતરાત્મા) રડે, બેટા!"

કોઈ પશ્ચિમની યુવતી: "રાસબિહારી મહારાજે માને કહ્યું: 'કોઈ એક મડમ આપનું દર્શન કરવા માગે છે. આવવાનું કહું?' માએ સંમતિ દીધી. મડમે આવીને માને પ્રણામ કર્યા. તે બાઈ બંગાળી જાણતાં હતાં. તેથી કહ્યું: 'મને લાગે છે કે આપને મુશ્કેલીમાં તો નથી મૂકતીને? મારે એક દીકરી છે, તે ખૂબ મઝાની છે, તેને ઘણી માંદગી છે, તેથી મા, આપની દયા માગવા આવી છું. આપ દયા કરો કે જેથી તેને સારું થઈ જાય. માતાજી, એટલી કૃપા કરો.' માએ કહ્યું: 'તેને માટે ઠાકુરની પાસે પ્રાર્થના કરીશ, જરૂર સારું થઈ જશે.' મડમને આશ્વાસન મળ્યું અને આભારપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલ્યાં: 'હવે વાંધો નહિ. આપની ઈચ્છા છે તો તે જરૂર સારી થઈ જશે.' પછી માએ ગોલાપમાને ઠાકુરને ધરેલાં ફૂલ લાવવાનું તેમજ પદ્મ આણવાનું કહ્યું. માએ બિલીપત્ર અને પદ્મ લઇને આંખ આગળ ધર્યાં. થોડીવાર મૌન રહ્યાં. પછી ઠાકુર સામે નજર કરીને મડમને આપતાં કહ્યું: 'છોકરીને માથે ફેરવી દેજો.' મડમે અંજલિમાં ફૂલ લીધાં અને પ્રણામ કરીને કહ્યું: 'ત્યાર પછી શું કરવું?' ગોલાપમાએ કહ્યું: 'સૂકાઈ જાય એટલે નદીમાં પધરાવી દેજો. એજ.' મડમે કહ્યું: 'ના, ના, ભગવાનની ચીજ તે કાંઈ નદીમાં નાખી દેવાય! નવા કપડામાં તેને રાખીને દરરોજ છોકરીના માથા ઉપર ફેરવીશ.' માએ કહ્યું: 'ઠીક છે.' ત્યાર પછી વદાય લેતી વખતે તેમની આંખોમાંથી અ.સુનાં ટીપાં ખરવા લાગ્યાં. માએ છેવટે કહ્યું: 'એકવાર મંગળવારે આવજો.'"

પોલેંડની એક સ્ત્રી: વેદાંત શીખવા માટે ભારતવર્ષમાં આવેલી એક પોલેંડની બાઈ માનાં દર્શને ગઇ. તેમણે કલકત્તામાં માતાજી વિષે સાંભળેલું. માતાજી સાથે વાતો કરતાં તેમણે જણાવેલું કે બાહાઇ સંપ્રદાય શ્રીરામકૃષ્ણના સર્વધર્મસમન્વયના શિક્ષણને અનુરૂપ છે. તે બાઈ પણ તેજ સંપ્રદાયનાં હતાં. તેમના ગયા પછી માતાજીએ જણાવ્યું: "ઠાકુરે ભાવાવસ્થામાં જણાવ્યું'તું કે તેમના ઘણાય પીછાનવાળા આ દેશમાં તેમજ પરદેશમાં છે. બાઈ ભક્તિવાળી છે."

નાગ મહાશય: "અહા, તેમની તો વાતજ શી કરવી? મને સાક્ષાત ભગવતી ભાવે જોતા. પહેલે દિવસે જ્યારે મને મળવા આવ્યા ત્યારે એકાદશી હતી. તે વખતે કોઈ પણ પુરુષ ભક્ત મારાં પ્રત્યક્ષ દર્શન કરવા પામતો નહિ, માત્ર સીડીમાં ડોકિયું કરીને પ્રણામ કરવાના. એકવાર ચાકરે આવીને મને જણાવ્યું: 'મા, નાગ મહાશય કોણ છે? તેઓ પ્રણામ કરે છે અને માથુ એટલું જોરથી અથડાવે છે કે કદાચ માથામાંથી લોહી નીકળશે. શરદ મહારાજ તેમ કરવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણું ના કહે છે, પણ પોતે કાંઈજ સાંભળતા નથી, જાણે કે ભાનજ ના હોય! પાગલ તો નહિ હોયને, મા?' મેં કહ્યું: 'અરે, જા જા, જઈને શરદને કહે કે અહીં મોકલે.' પછી શરદ પોતેજ લઇ આવ્યો. જોયું તો કપાળ ફૂલી ગયેલું, આંખમાંથી ધારા વહે, પગ ગમે તેમ પડે. મેં ઝાલીને બેસાડયા. માત્ર 'મા' 'મા'ની ધૂન, જાણે કે પાગલ! છતાંય શાંત, ધીર, સ્થિર! આંસુ મેં લૂછી નાંખ્યાં. હું ખાવા બેસતી'તી. પૂરી, મીઠાઇ અને થોડાં ફળ હતાં. મેં થોડું તેમના મોંમાં મૂક્યું, પણ ગળાથી નીચે ઊતરેજ નહિ ને! કેવળ 'મા' 'મા' 'મા', બસ! પછી મારા પગ ઝાલીને બેઠા. મને બધાં જણાવવા લાગ્યાં: 'મા, તમે તો ખાધું નથી. શરદ મહારાજને જણાવીએ કે એમને ખસેડે.' મેં કહ્યું: 'સહેજ સ્થિર થવા દ્યો.' થોડીવાર પછી શરીરે તેમજ માથે હાથ ફેરવતાં ફેરવતાં અને ઠાકુરનું નામ બોલતાં બોલતાં ભાનમાં આવ્યા. મેં પણ ખાધું, તેમને પણ થોડું ખવરાવ્યું. પછી જતી વખતે બોલતા બોલતા ગયા: 'નાહં નાહં, તુહૂઁ, તુહૂઁ!'"

નરેન્દ્ર: "એક વાર નરેન્દ્ર મને બેલુડ મઠમાં લઇ ગયો અને દુર્ગાપૂજાના આચાર્યને મારે હાથે દક્ષિણા દેવરાવી. પૂજાને દિવસે લોકોની બહુ ભીડ હતી. નરેન્દ્રે આવીને મને જણાવ્યું: 'મા, મને તાવ ચડાવી દ્યો.' અરે, બોલતાં બોલતાં તો તેને તાવ ચડવા લાગ્યો! મેં કહ્યું: 'અરે, હવે શું થશે?' નરેન્દ્ર કહે: 'કાંઇ ચિંતા નથી, મા. મેં જાણી જોઇને તાવ ચડાવ્યો છે, કારણ કે છોકરા પ્રાણપર્યંત પરિશ્રમ કરે છે, છતાંય કયાંક ત્રૂટિ રહી જવાની અને હું સાંખી શકવાનો નહિ, કાંઈકને કાંઈક બકી બેસવાનો. કદાચ એકાદ થપ્પડ પણ લગાવી દેવાય. અને તે વખતે તેમને દુઃખ થાય, મને પણ લાગે. તેથી મેં વિચાર્યું કે તાવને બોલાવું તો ઠીક.' ત્યાર પછી જ્યારે બધું પતી ગયું ત્યારે મેં કહ્યું: 'નરેન્દ્ર, હવે તો ઊઠ.' 'આ ઊઠયો.' કરતોક ને તરતજ સ્વસ્થ થઈ ગયો. સાથે તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માને પણ લાવ્યો હતો. તેની મા રીંગણ સમારે, મરચાં વીણે અને અહીંતહીં હરેફરે. મનમાં એમ કે મારો નરેન્દ્ર બધું કરી રહ્યો છે! તે વખતે નરેન્દ્રે માને કહ્યું: 'અરે, મા, શું કરે છે? માતાજીની પાસે તો જરા બેસ. તને થતું હશે કે મારો નરેન્દ્ર બધું કરી રહ્યો છે. પણ તેમ નથી, મા. જે કરનાર છે તેજ કરે છે, નરેન્દ્ર તો કાંઈ નથી.' "

યોગાનંદ: શારદામાતાએ દીક્ષા દેવાની શરૂઆત ઠાકુરની પ્રેરણાથી યોગાનંદથી કરેલી. એ રીતે માતાજી એમનાં મંત્રદીક્ષા દેનારાં ગુરુ ગણાય. માતાજીની સાથે વૃંદાવનમાં કે કામારપુકુરમાં યોગાનંદ રહેતા. કાશી જઇને તેમણે પ્રચંડ તપસ્યામય જીવન ગાળ્યું, પરંતુ પરિણામે શરીર એટલું બધું લેવાઈ ગયું કે આમાશય થવાથી મઠમાં પાછા ફર્યા. માતાજીની પરિચર્યા, અતિથિઓ માટે માતાજીનાં દર્શનની વ્યવસ્થા વગેરે કરવામાં પોતે સમય પસાર કરતા. તેમના મૃત્યુથી માતાજીને ઘણો આઘાત થયો. તે વખતે તેમણે કહેલું: "મકાનની એક ઈંટ ખરી પડી, હવે બીજી પણ ખરવા લાગશે." તેમનું સ્મરણ કરતાં માતાજી જણાવે છે: "યોગેન જેવું મને કોઈ ચાહતું નહિ. કોઈ તેને આઠ આના આપે તો તે મારે માટે સંઘરી રાખતો. મારી નિરંતર દિનચર્યાનો એ સાક્ષી હતો."

બાબુરામ (સ્વામી પ્રેમાનંદ): ઇ. સ. ૧૯૧૮ ના જુલાઈ માસની ૨૯ મી તારીખે સાંજે બાબુરામે દેહ છોડયો. દર્શને ગયેલાંને માતાજી કહેવા લાગ્યાં: "આવો બેટા, બેસો. આજે મારો બાબુરામ ગયો. સવારથી રડું છું, મા." મા રડવા લાગ્યાં. કહે: "મારા હૃદયમાં એનું ઉંચે સ્થાન છે. બેલુડ મઠનાં બળ, ભક્તિ, બુદ્ધિ વગેરે બધાજ ગુણો તેનામાં મૂર્તિમંત હતા. મઠનો એ દીવો હતો, બેટા. તેની મા ગરીબ હતી, પોતાના પિતાની મિલ્કત તેને વારસામાં મળેલી." પછી ઠાકુરની છબી તરફ નજર કરીને અત્યંત કરુણાર્દ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરે મા બોલ્યાંઃ "હે પ્રભુ, તમે મારા બાબુરામને છેવટે લઈ લીધો !"

ગોલાપમાઃ માતાજીનાં અત્યંત અંતરંગ સ્ત્રીભક્તોમાંનાં ગોલાપમા પણ એક હતાં. જાતે પોતે બ્રાહ્મણ હતાં. પોતાની એકની એક દીકરીના મૃત્યુના શોકથી તેમણે દક્ષિણેશ્વરમાં પરમહંસદેવનો આશરો લીધેલો. ત્યાં માતાજીનો સંગ થયો. રામકૃષ્ણ માતાજીને તેમની સોંપણુક કરતા ગયેલા. પોતે સાચાં બોલાં, નીડર અને ભાવભક્તિથી ભરપુર હતાં. માતાજીના ઘણા વ્યવહારમાં તેમને ઘણી વાર તેઓ બચાવી પણ લેતાં. તેમને વિષે માતાજી જણાવે છેઃ "ગોલાપનું મન કેવું શુદ્ધ છે! કેવો ઉન્નત તેનો આત્મા છે! શુદ્ધ કે અશુદ્ધની તેને કાંઈજિ પડી નથી. કોઈ પણ જાતના ચોખલિયાટવેડા તેને ગમતા નથી. આ તેનો શેષ જન્મ છે. એના જેવો આત્મા કરવા માટે જનમ ધરવા પડે. ગંગાને બન્ને કિનારે માઈલો સુધી શુદ્ધ પવિત્ર હવા રહે છે, આ હવા નારાયણનુંજ મૂર્તિમંત સ્વરૂપ છે. તપસ્યાથી મન નિર્મળ બને છે."

યોગેનમાઃ માતાજી વારંવાર કહેતાંઃ "યોગેન અને ગોલાપ મારે વિષે બધુંજ જાણે છે." માતાજીના અંતરંગમાંનાં તે એક આધ્યાત્મિક બાઈ હતાં. શ્રી રામકૃષ્ણ કહેતાઃ "સ્ત્રીઓમાં યોગિન જ્ઞાની છે. એ કોઈ સાદું ફૂલ નથી કે તરતજ ખીલે. એ તો છે સહસ્રદળ કમળ. ધીરે ધીરે પૂર્ણ કળાએ ખીલશે." માતાની સાથે વૃંદાવનમાં વાસ દરમિયાન તેમને પણ સમાધિનો અનુભવ થતો. દક્ષિણેશ્વરમાં માતાનું માથુ પોતે હોળતાં. તેમની સાથે તીર્થયાત્રાનાં પણ સાથીદાર હતાં. તેમની નોંધપોથીમાંથી માતાજીના જીવનના ઘણા અગત્યના પ્રસંગો તેમજ ઐતિહાસિક ઘટનાઓ મળી આવે છે. તેમને તંત્રનું, વૈદિક કર્મકાંડનું સારું જ્ઞાન હતું.

ગૌરીમાઃ માતાજીનાં નિકટનાંમાંનાં નિકટતમ ગૌરીમા હતાં. તેમનામાં વિદ્વત્તા, વ્યવસ્થાશક્તિ તેમજ આધ્યાત્મિકતાનો શુભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમન્વય હતો. નાનપણથીજ આંતરિક ચેતનાને પરિણામે પોતે પરણવાની ના પાડીને વ્યવહારનો ત્યાગ કર્યો અને હિમાલયમાં તપશ્ચર્યા કરી. પછી શ્રી રામકૃષ્ણના સત્સંગમાં આવવાથી માતાજીની સાથે જીવન વ્યતીત કરવો લાગ્યાં. ઠાકુરને તેમની વ્યવસ્થાશક્તિ માટે બહુ માન હોવાથી, તેમણે તેમને સ્ત્રીઓના ઉદ્ધાર માટે જીવન ગાળવા સૂચવેલું. પોતે પાછળથી '**શ્રી શારદેશ્વરી આશ્રમ**'ની સ્થાપના કરી. કલકત્તામાં સ્ત્રી કેળવણીની સંસ્થાઓમાં તેનું ઉંચું સ્થાન છે.

ગૌરીમા તેમજ માતાજીનો અરસપરસનો સંબંધ અગાધ દિવ્ય પ્રેમ અને સમજથી ભરેલો છે. ગૌરીમાએ માતાજી વિષે જે જણાવ્યું છે તે ખૂબ યથાર્થભાવે સમજપૂર્વક કહ્યું છે. તેઓ જણાવે છેઃ "શ્રી શારદાદેવી માત્ર પરમહંસદેવનાં સહયોગી નહોતાં, પરંતુ તે એવાં પાત્ર હતાં જેમાં તેમને વિશ્વજનનીનાં દર્શન થયાં. પોતાની પત્નીનેજ વિશ્વજનની તરીકે ગણીને પૂજવાની ઘટના કોઈ યુગમાં ક્યાંય થઇ જાણી નથી. હજુ તેમને કોઈ પીછાની શક્યું નથી. મને લાગે છે કે તેમના સમગ્ર જીવનનો સાચો અભ્યાસ આખા જગતને કાંઇક નવીન આપશે." દુર્ગાપૂજાનો તેમનો એક પ્રસંગ નોંધવા જેવો છે. પૂજાના દિવસોમાં પોતે હમેશાં માતાજીની પાસે ચંડીપાઠ વાંચતાં. છેલ્લે દિવસે તેમણે માતાજીની એકસો ને આઠ રક્ત કમળથી પૂજા કરી. અને કહ્યુંઃ "મા, ચંડીનો પાઠ સાક્ષાત ચંડીની હાજરીમાં વાંચીને આજે તેની હું પૂર્ણાહુતિ કરું છું. હવે પછીથી દુર્ગાપૂજા વખતે મારે માટે તેનો પાઠ આવશ્યક નહિ, પરંતુ આપની ઇચ્છા પર નિર્ભર રહેશે."

માતાજી પણ ગૌરીમાને પોતાની દીકરીની માફક ચાહતાં. તેમને 'ગૌર–દાસી' કહીને બોલાવતાં. ગૌરીમાના મંદવાડ વખતે માતાજી તેમને પડખે આખી રાત બેસી રહેતાં. માતાજી કહેતાંઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જે મહાન હોય છે તે એકજ હોય છે. તેનો જોટો મળતો નથી. ગૌર–દાસી તેમાંની એક છે." જ્યારે તીર્થયાત્રા કરતાં કરતાં માતાજી મદ્રાસ ગયેલાં ત્યારે તેમને ઘણાંએ ભાષણ કરવાની આગ્રહ-ભરી વિનંતિ કરેલી. તે વખતે તેમણે ગૌરીમાને યાદ કરતાં કહેલું: "મને ભાષણ કરતાં ક્યાં આવડે છે? ગૌરદાસી હોત તો જરૂર કરત."

લક્ષ્મીદિદિ: શ્રીરામકૃષ્ણના મોટાભાઈ રામેશ્વરની દીકરી હોવાથી બધાં તેમને લક્ષ્મીદિદિ (દિદિ=બ્હેન) કહેતાં. પોતે બાળ–વિધવા હતાં, અને ઠાકોરખાનાવાળા મકાનના વાસ દરમ્યાન તે માતાજીની સાથે રહેતાં. લક્ષ્મીદિદિ વાતચીતમાં ઘણાં કુશળ, અને અભિનયમાં એકકો હતાં. રામકૃષ્ણના ઘણા હાવભાવનું પોતે અનુકરણ કરતાં, ભજનો સરસ ગાતાં અને ભાવમય નૃત્ય કરતાં કરતાં ઘણી વાર તન્મય થઈ જતાં. તેમની યાદશક્તિ ઘણી સરસ હોવાથી પુરાણનાં આખ્યાનો સરસ રીતે કહી જાણતાં.

[૭]

ઉપર આપણે શારદામાતાના અંતરંગ મંડળના નિકટવર્તી ભક્તોનો ઉલ્લેખ કરી ગયા. હવે તેમના બહિરંગ મંડળના દૂરવર્તી ભક્તો તેમજ અનેક અવસ્થાનાં અનેક થરનાં સ્ત્રી–પુરુષોનાં જીવન સાથે સંકળાયેલા તેમના માતૃત્વને વ્યાપક ભાવે નિહાળીએ. આપણે આગળનાં ઘણાં દૃષ્ટાંતો ઉપરથી જોઈ શકીશું કે માતાજીના અંતરમાં રહેલી માતૃત્વની ભાવના તેમના જીવનની પળે પળે નીતરતી. તે જેટલી ઉંડી હતી તેટલી વ્યાપક હતી. એ વ્યાપકતાનો ખ્યાલ હવે આપણને આવશે.

એક વાર કોઈ ભક્તે માતાજીને પ્રશ્ન કર્યો: "મા, બીજા બધા અવતારો પોતપોતાની શક્તિની પછી પણ દેહરક્ષણ કરી ગયા છે; પરંતુ ઠાકુર આપને મૂકીને આગળ કેમ ચાલ્યા ગયા?" માતાજીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબમાં કહ્યું: "બાબા, ખબર છે ને કે ઠાકુરનો જગતના પ્રત્યેક ઉપર માતૃભાવ હતો? તે માતૃભાવનો વિકાસ કરવા માટે મને રાખી ગયા છે." કોઇએ પૂછ્યું કે મા, તમે બધાંયનાં માતા છો? ત્યારે માતાજીએ જણાવ્યું: "હા બધાંયની." "બધાં જીવજંતુનાં પણ?" "હાસ્તો." "ત્યારે એ બધાંને આટલું કષ્ટ શાને વેઠવું પડે છે?" "એમને માટે આ જન્મમાં એમજ હોય."

એકવાર માતાજીએ કહ્યું: "આ તમે બધાં છો તે જો સારાં પોતાનાં ના હો તો અહીં આવ્યાં શી રીતે?" "અમે બધાંય તમારાં?" "જરૂર, એમાં વળી સંશય શો! જે પોતાનાં હોય છે તેમની સાથે તે બધાંજ યુગે યુગે અવતરે છે......"

લલિત નામનો એક પંદર કે સોળ વર્ષનો છોકરો હતો. તેનામાં અપ્રકટ રહેલી મહાશક્તિ પ્રકટવાની તૈયારી કરી રહી હતી. તેનો ચહેરો સુગઠિત કૃષ્ણ વર્ણનો હતો. ભીતરમાં જાણે કે ભગવદ્-ભકિતનું અમૃતસ્રોત છલોછલ ભરેલું હતું. તેનો અનુરાગ બહાર પણ ભભૂકી ઊઠતો. માને તે કહેવા લાગ્યો: "મા, મને આપનાં શ્રીચરણમાં સ્થાન દ્યો. બોલો, નહિ તો અહીંથી જવાનો નથી. કહો કે મેં તને સ્વીકાર્યો છે." એમ કહીને તે રડવા લાગ્યો. એવામાં અકસ્માત ઘીના વાસણને તેનો પગ અથડાવાથી તે ગભરાઇને બોલવા લાગ્યો: "અરે, મેં આ શું કર્યું? કોઇ ભકિતપૂર્વક માને ઘી આપે, મેં તેનો પગથી સ્પર્શ કર્યો? છિ, છિ!" આ પ્રમાણે ખેદ કરતો હતો એટલામાં તે ઓરડામાં માથા ઉપર વાળ બાંધેલી એક ગૌરવર્ણા વિધવા આવી. તેણે કહ્યું; "બેટા, દુઃખ કર નહિ, પગ લાગ્યો તેમાં થઈ શું ગયું? પગ તો કાંઈ સૃષ્ટિની બહારનો નથી, તેનું સૃષ્ટિમાં સ્થાન છે; શરીરનું તે અંગ છે, બેટા." લલિતને તેની સૌમ્ય સાંત્વનાભરી વાણીથી શાંતિ વળી અને પછી બોલ્યો: "મા, મને આશીર્વાદ આપો." "ઠાકુર તને આશીર્વાદ આપો", એમ કહીને માએ તેના માથા ઉપર હાથ ધર્યા. પછી લલિત ચાલ્યો ગયો......

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સોળ કે સત્તર વર્ષની છોકરીને લઈને એક પ્રૌઢ ભદ્રલોક બારણામાં આવીને ઊભો. માને કહ્યું: મા, આ મારી દીકરી છે. તેને એક દીકરી જન્મી, પણ આજે સવારે તે મરી ગઇ, તેથી તે શોકથી વિહ્વલ બની ગઈ છે. તેથી આપની પાસેથી સાંત્વના પામવા માટે તેને લઈ આવ્યો છું." સાંભળીને માએ કહ્યું: "આવો મા." છોકરી ઓરડામાં જઇને માની પાસે બેઠી અને પદધૂલિ લેવા માટે હાથ લંબાવ્યો. માએ સહેજ ખસી જઈને કહ્યું: "મને તારે સ્પર્શ કરવો છે? અશૌચ છું ને?" એવું સાંભળીને તે છોકરીનું મોં પડી ગયું. સંકોચ પામીને બેસી રહી. માએ તેના મોં તરફ નજર કરી, ત્યાર પછી કરુણ સ્વરે બોલ્યાં: "અરે બેટા! સાંત્વના પામવા માટે મારી પાસે તું આવી અને મેં તને કષ્ટ આપ્યું, નહિ, બેટા? ભલે અશૌચ હોય, ખુશીથી મારા પગનો સ્પર્શ કરીને પ્રણામ કર." છોકરીની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં અને માના શ્રીચરણમાં તેણે માથું મૂક્યું. માતાએ તેને આશીર્વાદ આપ્યા. છોકરીને પોતાની પાસે બોલાવીને થોડાં મીઠાં વેણ કહ્યાં: "હું તને શું કહું બેટા, હું તો કાંઇજ જાણતી નથી. ઠાકુરની એક છબી તારી પાસે રાખજે અને જાણજે કે તેઓજ સત્ય છે, તારી પાસેજ રહ્યા છે. તેમની પાસે તારાં દુઃખ રડજે. તેમને જણાવજે કે હે ઠાકુર, મને તમારી તરફ સ્વીકારશો, મને શાંતિ આપો, એમ કરતાં કરતાં તારા પ્રાણમાં શાંતિ સ્થપાશે." ત્યાર પછી બીજાં બધાં તરફ નજર કરીને માએ કહ્યું: "આજે શોક થયો, અને આજે જ કાંઈ સ્થિર થઈ શકે!" પછી પ્રણામ કરીને પિતાપુત્રી શાંત થઈને ચાલ્યાં ગયાં......

એક અભિજાત મહિલા કર્મને દોષે દુષ્ટવૃત્તિપરાયણ બની ગઇ હતી. કોઇ એક સાધુની નજરે ચઢવાથી તેનો સદુપદેશ પામીને પોતાનાં કૃત્યોનો બળાપો કરવા લાગી. તેના કહેવાથી બાગબજારમાં તે વેળાએ રહેતાં માતાજીની પાસે તે ગઈ. ઠાકુરના ઓરડામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ કરતાં સંકોચ પામતી રડતી રડતી પોતાનાં પાપની વિતક કથા કહેતી બારણામાં તે ઊભી રહી. "મા, મારું શું થશે? હું આપના આ પવિત્ર મંદિરમાં પેસવાને યોગ્ય નથી." માતાજીએ જઈને તેને બોલાવી લીધી અને કહ્યું: "આવ, બેટા, ઘરમાં આવ. પાપ તને સમજાયું, તેથી અનુતપ્ત થઈ. હવે તને મંત્ર આપીશ, ઠાકુરનાં શ્રીચરણમાં બધું સમર્પી દે. તારે ભય શો છે, બેટા?"

ઈ. સ. ૧૯૧૬માં મઠમાં દુર્ગાપૂજાનો પ્રસંગ હતો. સપ્તમીની પૂજાને દિવસે માતાજી બપોરે મઠમાં ગયાં. અષ્ટમીને દિવસે ઘણાં લોક માતાજીને પ્રણામ કરવાને ગયાં. માતાજીને વારંવાર ગંગાજળથી પગ ધોતાં જોઇને યોગેનમાએ પૂછ્યું: "મા, આ શું કરો છો? શરદી થઇ જશે." માએ કહ્યું: યોગેન, શું કહું તને? કોઈના પ્રણામથી પગ ઠંડા થઇ જાય છે, કોઇના પ્રણામથી વળી જાણે દાઝે છે! ગંગાજળથી ધોઉં નહિ તો સહેવાતું નથી...પણ કોઇને કાંઈ કહેતી નથી." એક જણે કહ્યું: "મા, તમારાં જેવાં મા મળ્યાં છતાં કાંઇ કર્યું નહિ!" માએ કહ્યું: "હમેશાં મનમાં રાખજો કે તમારી પાછળ ઠાકુર છે. હું છું ત્યાં લગી તમારે ભય કોનો? ઠાકુર મને કહી ગયા છે: 'જેઓ તમારી પાસે આવશે, તે બધાંને હું સંભાળી લઇશ.' જેને જે મનમાં ફાવે તે તેમ ભલે કરે. ગભરાશો નહિ. ઈશ્વરે હાથ પગ આપ્યા છે, તો ઈન્દ્રિયો પોતપોતાનું કામ કરશેજ. એમાં ગભરાવાનું શું છે?"

એક વાર ઠાકુરને નૈવેદ્ય ધરાવતી વખતે તેમની છબીમાંથી પ્રકાશનો સ્રોત નૈવેદ્ય ઉપર પડતો એક ભક્તે જોયો. તેથી તેણે માતાજીને કહ્યું: "મા, હું જે જોઉં છું તે મારો કોઇ ભ્રમ છે કે સાચે સાચ છે? મને સમજાવો." માએ કહ્યું: "બરાબર છે." તેણે કહ્યું: "પણ હું શું કહું છું તે તમે સમજ્યાં?" મા: "હા, ગીતામાં વાંચ્યું નથી કે ભગવાનને ભક્તિપૂર્વક જે કાંઈ દેવામાં આવે છે તે પોતે પામે છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદાય લેતી વેળા એક ભક્તે માને કહ્યું: "મા, મારાં જેવાં તો તમારે લાખો છોકરાં છે, પણ તમારાં જેવી મા મારે બીજી નથી." સાંભળીને માએ સજલનયને તેને વ્હાલભર્યું ચુંબન કર્યું!...

જયરામબાટીમાં એકવાર આખી રાત એક વાછરડું ચીત્કાર કરતું હતું. દુધને માટે તેને તેની માની પાસેથી દૂર બાંધવામાં આવ્યું હતું. તે સાંભળીને માએ જઈને છોડતાં છોડતાં કહ્યું: "આવું બેટા, આવું છું. હમણાંજ છૂટું કરું છું."......

બીજે દિવસે બપોરે પાલખીમાં બેસીને લલિતબાબુ રાધુનાં ઘરેણાં આણવા ગયા. લલિતબાબુ કલકત્તાના પોલિસ અમલદારની ચિઠ્ઠી લઈને સરકારી વેષમાં ગયા હતા. માતાજીએ માસ્તર મહાશયને તેમની સાથે મોકલ્યા, કારણ કે, કદાચ બ્રાહ્મણ ઘરેણાં પાછાં ના આપે તો લલિતબાબુ તેમનું અપમાન ના કરી બેસે! રાતે બે વાગ્યા હતા. માતાજીને આખી રાત ઊંઘ આવી નહિ તેથી વાયુ થઈ આવ્યું. બધાંને ખબર પડવાથી દવાની શોધ થવા લાગી. માને બધાંએ પૂછ્યું: "મા, આમ કેમ થયું!" પછી માએ કહ્યું: "એ બધા તો ઘરેણાં લાવવા નીકળી ગયા, પણ મને ચિંતા થવા લાગી કે કદાચ બ્રાહ્મણનું અપમાન ના થાય? તેથી વાયુ થઈ આવ્યું." ભક્તોએ વિચાર્યું કે જે બ્રાહ્મણે આટઆટલી ધમાલ મચાવી, જેણે આટલાં કષ્ટ દીધાં, તેને માટે આટલી ચિંતા!......

એકવાર જયરામબાટીમાં એક ભક્ત ખાઇને પોતાની એંઠી થાળી લઈ જતો હતો. માએ તેના હાથમાંથી તે લઈ લીધી. તે ભકતે કહ્યું: "ના મા, હુંજ લઈ જઈશ." માએ કહ્યું: "હું તેમાં તમારું શું કરું છું? માના ખોળામાં છોકરાં અઘે, કંઇ કંઇ કરે! તમે બધાં દેવને દુર્લભ ધન છો."........

સાંજે એકવાર મા બેઠાં હતાં. ઠાકુરના એક ભક્ત પૂર્ણબાબુ માંદા હતા, બચવાની આશા નહોતી. તેમનાં મા આવતાં હતાં. તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતાં જોઇને માતાજીએ કહ્યું: “એ આવ્યાં. રોજ રોજ આવીને મને સતાવે છે કે ‘મા મને આશીર્વાદ આપો, પૂર્ણને સાજો કરી દ્યો.’ જાણું છું કે તે બચવાનો નથી, છતાં તેમના તરફના સ્નેહને લઈને કહેવું પડે છે કે સારું થઇ જશે.” પૂર્ણની માએ માતાજીને પ્રણામ કરીને એની એ વાત જણાવી. રડવા લાગ્યાં. માએ કહ્યું: “હું શું કરું, મા? ઠાકુરને જણાવો.” પૂર્ણની મા: “તમે ઇચ્છા કરો તો બચી જાય, મા.” માએ કહ્યું: “હું તો ઠાકુરને જણાવું છું.” પછી માએ બધાંને જણાવ્યું: “ઠાકુરે તો કહ્યું જ હતું કે પૂર્ણને પરણાવશો તો વધારે જીવશે નહિ. તે વખતે સાંભળ્યું નહિ. જલદી જલદી તેનો વિવાહ પતાવી દીધો, કદાચ સંન્યાસી થઇ જાય એમ માનીને!” થોડા દિવસ પછી સંધ્યાની આરતી બાદ મા, યોગેન મા વગેરે બધાં સૂતાં હતાં. મા સહેજ તંદ્રામાં હતાં. એકાએક ઊઠીને બોલી ઊઠયાં: “યોગેન, પૂર્ણ મરી ગયો કે શું?” યોગેને કહ્યું: “તમને કોણે જણાવ્યું?” માએ કહ્યું: “ઊંઘમાં જાણે કે કોઈ કહી ગયું કે પૂર્ણ મરી ગયો.” “હા, મા, આજે સાંજે જ. તમને જાણી જોઇને કહ્યું નહોતું.” આખી રાત માએ પૂર્ણનીજ વાતો કર્યા કરી અને તેને માટે દુઃખિત થવા લાગ્યાં......

ઉદ્બોધનમાં માતાજીની પાસે એક સ્ત્રી આવતી. માતાજી તેને ખૂબ ચાહતાં; પરંતુ તેનો સ્વભાવ ખરાબ હોવાથી સાધુભક્તો તેની હાજરી ઇચ્છતાં નહિ. માતાને જ્યારે તેની ખબર પડી ત્યારે તેમણે જણાવ્યું: “જુઓ, ગંગામાં કેટલીયે અપવિત્ર ચીજો વહે છે, તેથી શું ગંગા અપવિત્ર બની ગઇ?”.........

એક જણે ઘણું ખરાબ કાર્ય કરેલું. તેને કઠોર દંડ દેવા માટે માતાજીને ઘણાએ જણાવ્યું. માએ કહ્યું: “હું તો મા છું, હું શી રીતે એમ કરી શકું?”......એક ત્યાગી ભક્તની માએ પુત્રને સંસારમાં આણવા માટે માતાજીની પાસે માગણી કરી. માએ કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યાગી બાળકને ગર્ભમાં ધારણ કરવો એ સૌભાગ્યની વાત છે. લોકો તો એક પીતળની વાટકીનો પણ ત્યાગ કરી શકતાં નથી, અને સંસારનો ત્યાગ કરવો એ શું સહેલ છે! તમે એની માતા છો, તમારે ચિંતા શી? ભલે ને સાધુ થાય, પણ તમારી સેવા તો કરશે ને!"......પીતાંબર નાથ નામે એક ભક્ત જયરામબાટીમાં ઓશરીની બહાર બેઠો બેઠો માતાજી સાથે વાતો કરતો હતો. માએ તેને અંદર આવવા કહ્યું. પોતે હીન જાતિનો છો એમ તેણે જણાવતાં માએ કહ્યું: "કોણ કહે છે તું નીચ જાતનો છું? તું મારો દીકરો છું, અહીં આવીને બેસ."...એક જણે પૂછ્યું: "મા, આપનાં સ્વજનો આપના સત્સંગમાં રહે છે, છતાં તેમને કાંઈ પણ જ્ઞાન કેમ થતું નથી?" મા બોલ્યાં: "બધાંય વાંસ કે શીમળો કે તાડ હોય, ત્યાં ચંદન પાસે હોય તોય શું વળે? સારવાન વૃક્ષ જોઈએ."......કોઈ જાતની આશા નહિ હોવા છતાં એક વિશિષ્ટ ભદ્ર લોકને ત્યાંથી એક ભક્ત યુવકના લગ્નને માટે કહેણ આવ્યું. પૈસા પણ ઘણા મળવાનું જણાવ્યું. યુવકની જીંદગી સુધી ગુજરાનનો વાંધો ના આવે એવો મોટો આંકડો હતો. તે વખતે તે યુવક એમ. એ. પાસ કરીને કોઈ નિશાળમાં મુખ્ય શિક્ષક હતો. તેનું મન પણ વિષયોની આકાંક્ષાથી રહિત નહોતું. તેથી માતાજીનો અભિપ્રાય જાણવા માટે એક વાર તે ગયો. માએ બધું સાંભળીને કહ્યું: "બાબા, તું ઠીક ઠેકાણે છું. શા માટે પાછો સંસારના અગ્નિમાં શેકાવા જાય છે? જે કાંઇ કરે છે તે બરાબર કરે છે." યુવકે જણાવ્યું: "પરંતુ, મા, મન વારંવાર ચંચળ બની જાય છે, વિષયો તરફ દોડે છે, તેનો ભય છે." માએ ઉત્તર આપ્યો: "તું બીશ નહિ, બેટા. હું તને કહું છું કે કળિયુગમાં મનનું પાપ તે પાપ નથી. તું તારે નિશ્ચિંત રહે. બધુંજ થઈ જશે." માની અભય વાણી સાંભળીને તેણે લગ્ન કરવાનું માંડી વાળ્યું....બીજા કોઇ એક યુવક ભક્તે માને કહ્યું: "મા, હું તો લગ્ન કરવાનો નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માએ કહ્યું: " એ વળી શું ? સંસારમાં બધેજ જોડકી છે. આંખો પણ બે, કાન પણ બે, હાથ બે, પગ બે, તેવાંજ પ્રકૃતિ અને પુરુષ. "......એક વાર બધાં ભક્તોને માએ કહ્યું: " જુઓ, હું તો સતની પણ મા, અને અસતની પણ મા. તમારે બધાંને તે વિષે ચિંતા નહિ કરવી ? "...

બં. સં. ૧૩૧૬ ના આસો માસમાં જયરામબાટીમાં દુર્ગા-પૂજાનો પ્રસંગ હતો. સપ્તમીને દિવસે બે યુવકો આવ્યા. અષ્ટમીને દિવસે ફળફૂલ લાવીને માતાજીને ચરણે ધર્યાં અને જણાવ્યું: " મા, અમને સંન્યાસ આપો. " મા સહેજ હસ્યાં અને કહ્યું: " બધુંજ થશે, બેટા, તેમાં ચિંતા શી ? " તેમાંનો એક જીદ કરીને બોલવા લાગ્યો: " નહિ, મા, સંન્યાસ દેવોજ પડશે. અમને ભગવાં પહેરાવો." ત્યારે મા ગંભીર ભાવે બોલી ઊઠયાં: " ભગવાંથી શું વળશે, બેટા ? એમાં શું છે ? તમે પરણ્યા તો નથી, તો પછી સંન્યાસી જ છોને ? અને આગળ જતાં ક્રમે ક્રમે બધુંજ થઈ જશે. " યુવકે જણાવ્યું: " મા, મારી ઇચ્છા છે કે જનોઈ, કપડાંલત્તાં વગેરે ફાડીને ફેંકી દઈને તૈલંગ સ્વામીની માફક સર્વદા ભગવતચિંતામાં મસ્ત રહેવું. " મા હસીને બોલ્યાં: " થશે, ભાઈ થશે. " પરંતુ તે તો અધીરો બની ગયો અને ઉતાવળે બોલવા લાગ્યો: " મા, આ હું તો બધું તોડીને ફેંકી દઉં છું. " એમ કરવા જતો હતો એટલામાં માતાજીએ કહ્યું: " રહેવા દે, રહેવા દે. વખત આવશે એટલે બધું આપમેળેજ ખરી પડશે. "

પરંતુ તેની અધીરાઇ ગઈ નહિ, તેથી વળી બોલવા લાગ્યો: " મા, ઠાકુરની મસ્તીનો એક છાંટો તો આપો, મને પાગલ બનાવી દ્યો, બસ. " માએ કહ્યું: " એમજ થશે, બેટા, બધું સારું થશે... "

જયરામબાટીથી પોતાને ઘેર ગયા પછી તે યુવક ભક્તમાં ઘણું પરિવર્તન થવા પામ્યું. ઠાકુરનાં દર્શનને માટે તે તલપાપડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ ગયો. માતાજી જો ધારે તો ઠાકુરનાં દર્શન કરાવી શકે, છતાંય તેમ કરતાં નથી, એમ માનીને તેના મનમાં અનેક સંદેહ ઊઠવા લાગ્યા. ખૂબ ચીડાઇને એક વાર વળી પાછો જયરામબાટી તે દોડ્યો અને જઇને માને કહ્યું: "મા, ઠાકુરને દેખાડો છો કે નહિ?" માએ સ્નેહપૂર્વક કહ્યું: "થશે, ભાઈ, થશે." તેનાથી રહેવાયું નહિ તેથી ક્રોધમાં કહેવા લાગ્યો: "માત્ર બનાવો છો? આ રહી તમારી જપની માળા, મારે કાંઈજ જોઈતું નથી." એમ કહીને માળા મા તરફ ફેંકી. માએ નમ્રતાથી કહ્યું: "ભલે, ઠાકુરનો બાળક રહેજે." પછી તે ચાલ્યો ગયો.

ત્યાર પછી તો તે ખરેખર પાગલ થઈ ગયો. બધા મહારાજોને ગાળોથી ભરેલા પત્રો લખતો. માતાજીને પણ કડવાં વેણ કાગળમાં લખતો. તેના અનેક ઉત્પાતને લઇને તેણે માર પણ ખાધેલો. એના સંબંધમાં એક વાર એક ભક્તે માને પૂછ્યું: "મા, તેણે મંત્ર પણ પાછો આપ્યો હતો? માળા તો જાણે છૂટી મારી, પરંતુ મંત્ર પાછો દઇ શકાય?"

માએ કહ્યું: "એ તે કદાપિ હોઇ શકે? આ તો સજીવ મંત્ર ગણાય. જે મહામંત્ર એક વાર મળ્યો તે પાછો દઇ શકાય નહિં. જે ગુરુ ઉપર એક વાર પ્રેમ પ્રકટ્યો તે શું કદાપિ ફરે? એ તો જ્યારે કોઇવાર પાછો પ્રકૃતિસ્થ થઇ જશે, ત્યારે બધાંને પગે પડશે." તે ભક્તે પૂછ્યું: "ત્યારે મા, આમ કેમ થતું હશે?" માએ સમજાવ્યું: "એ તો થાય. એકજ ગુરુ ઘણાને મંત્ર આપે છે, પણ બધા કાંઇ સરખા હોય છે? જેવો આધાર તે પ્રમાણે ઝીલી શકે. જયરામબાટીમાં આવીને તેણે પાગલ થવાની ધૂન મચાવી. મેં કહ્યું: 'નરી આંખે તે ઠાકુર દેખાતા હશે? પણ આંખો બંધ કરીને જોઇ શકે. અને આંખો બંધ કરે ત્યારે પણ તેમની છબી તો મનમાં આવેજ ને? બિચારો! કદાચ, છબી જોઇને માનતો હશે કે મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠાકુર જોયા.' કહ્યું: "તો તું પણ સાધનભજન કર. તેમની પ્રાર્થના કર. તને પણ દર્શન થશે. માણસ પોતે આગળ કેટલો વધ્યો છે, તે પોતે સમજી શકે છે, તેનું જ્ઞાન કેટલું ચૈતન્યવંતું થયું છે તે કળી શકે છે. પોતાના અંતરના અંતરમાં તેની ઈશ્વરપ્રાપ્તિ કેટલી છે તે પોતે પામી શકે છે. નહિ તો ખુલ્લી આંખે તો કેટલાયે જોયા?"...

એક વાર જયરામબાટીથી મેલેરિયાનો ભોગ બનીને માતાજી કલકત્તા હતાં. દવા કરવાથી કાંઈક ઠીક હતું, પણ અશક્તિ ઘણી હતી. તેથી ભક્તોને તેમનાં દર્શન થતાં નહિ. એવામાં એક પારસી યુવક મુંબઈથી માનાં દર્શનાર્થે આવ્યો. તેણે માતાજીને પ્રણામ કરીને કહ્યું: "માઈજી, કુછ મૂલમંત્ર દીજિયે જિસસે ખોદા પહચાના જાય." માતાજીએ શરદ મહારાજની સંમતિથી તેને દીક્ષા આપી. મદ્રાસમાં પણ ઘણાને દીક્ષા આપી હતી. આ બધા પોતાની ભાષા નહિ સમજનારને પણ માતાજી બંગાળીમાં જ કહેતાં, પરંતુ બધાં સમજી જતાં. દીક્ષા દેતી વખતે પોતાના મનમાંથી જે મંત્રનો ઉદય થતો તેનેજ દીક્ષાપ્રાર્થીનો યથાર્થ મંત્ર માનીને આપતાં. માતાજી કહેતાં: "કોઈને મંત્ર દેવા જતાં જ મનમાંથી 'આ આપો, આ આપો' એમ થતું. કોઈને દેતી વખતે મનમાં કાંઈજ ના આવે. જે સારો આધાર હોય તેને આપતાં મનમાંથી તરતજ મંત્ર ઉદ્ભવે છે."

પોતાને ન્યાયસરની લાગતી વિવેચનાની વિરુદ્ધમાં કોઈ કદાચ જણાવતું તો પ્રથમ તે માતાજી માની લેતાં. પછીથી ધીમે ધીમે પોતાના મનમાં જે તારતમ્ય લાગ્યું હોય તે વિષે પૂછતાં: "અચ્છા, ત્યારે જો આમ હોય તો?" આ પ્રમાણે પ્રશ્નો પૂછીને સામાને ઠેકાણે લાવતાં. કોઈ દિવસ પોતાને મોઢે "તારા કહેવામાં કાંઈજ માલ નથી" કે એવું કાંઈ પણ બોલતાં નહિ. કલકત્તાના વાસ કરતાં જયરામબાટી કે કામારપુકુરમાં માતાજી પોતાના અસલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપમાં જણાતાં, કારણ કે શહેરનાં શિક્ષિત લોકોની સંદિગ્ધ વાતોના કરતાં ગામડાનાં લોકોની ગ્રામ્ય પરંતુ મોકળા મનની વાતો તેમને પસંદ પડતી.

જયરામબાટી પાસે શિરોમણિપુરમાં મુસલમાનો રહેતા. પહેલાં એ લોકો રેશમના કીડાનો ધંધો કરતા. વિદેશી રેશમની હરિફાઈથી તેમનો એ ધંધો પડી ભાગવાથી પરિણામે બધા ચોરીનો કે લૂંટનો ધંધો ચલાવતા. આસપાસના લોકો તેમના ભયમાં રહેતા. શરદ મહારાજ જ્યારે માતાજીને માટે નવું ઘર ચણાવતા હતા, તે વર્ષે દુકાળ પડવાથી ઘણા મુસલમાનો મજુરીમાં રોકાયા હતા. ગામડાના લોકો તેમની હાજરીથી ઘણા ગભરાતા, પણ કાંઈ નવાજૂની નહિ થતી હોવાથી માતાજીની કૃપાની પ્રશંસા કરવા લાગ્યા. એકવાર માતાજીએ એવા એક કારીગરને પોતાના વરંડામાં ખાવા બેસાડયો હતો. તેમની ભત્રીજી નલિની તેને દૂર રહીને પીરસતી. એ પ્રમાણે જોઈને માતાજી બોલ્યાં: "**આમ** પીરસવાથી મનુષ્યને તે ખાધાનો સંતોષ થતો હશે? તને ના ફાવે તો હું પીરસીશ." તેના ખાધા પછી માતાજીએ પોતે તે સ્થાન અબોટી લીધું. નલિનીએ માને એમ કરતાં જોઈને કહ્યું: "અરે ફઈબા તમે તો અભડાયાં?" માતાજીએ તેને ધમકાવીને કહ્યું: "શરદ જેવો મારો છે, તેવો આ પણ છે. મારે તો બધાં સરખાં......દોષ તો બધાને વળગેલાજ છે. પણ શી રીતે તે ટળે એ કોણ સમજે છે?" બીજા મુસલમાને આણેલાં કેળાં પણ પોતે સ્વીકારેલાં.

આ પ્રમાણે પોતે સઘળી જવાબદારી માથે લેતાં, જાણે કે બીજાં બધાં તો માત્ર અભ્યાગત ના હોય! સવારમાં વહેલાં ઊઠી પરવારીને બે કલાક સુધી શાકની ભાંજગડ, રાંધવાને માટે વાસણો કાઢવાં, પૂજાની સાધનસામગ્રી તૈયાર કરીને પૂજા કરવી, દીક્ષાદાન, પ્રસાદ કે નાસ્તાની વહેંચણી કરવી, ઓછામાં ઓછાં સો બીડાં પાનનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૈયાર કરવાં, ભક્તોને અને ઘરનાંને ખવરાવવું, સાંજે પોતાને હાથે પૂરી, રોટલી, શાક વગેરે તૈયાર કરવાં, દૂધ ઊકાળવું, ફાનસો સાફ કરવાં, એ બધું ઝીણું ઝીણું કામકાજ દરરોજ નિત્યનૂતન પ્રીતિ-પૂર્વક કરતાં. પોતાના અંતરના ઉમળકાથી બધું કરતાં. સામાન્ય વિષયોમાં પણ તેમની દૃષ્ટિ ઊંડી ખૂંપતી. અને છતાં એક બાળક જેવાં નિર્દોષ, ગમતી અને નિઃસ્પૃહ !

આ પ્રમાણે કામના સતત બોજાથી, વારંવાર આવી જતા જીર્ણ તાવથી, મને કે કમને સ્વીકારવા પડતા સ્પર્શથી, તેમનું શરીર જીર્ણ થતું ચાલ્યું.

[૮]

જયરામબાટીમાં ઈ. સ. ૧૯૧૯ માં માતાજીના જન્મ-સમારંભને દિવસે તેમને સહેજ તાવ આવ્યો. ધીમે ધીમે તાવે ઘર કરવાથી તેમનું શરીર સાવ નખાઈ ગયું. આવી અસ્વસ્થ અવ-સ્થામાં પણ ઘણા ભક્તો માતાજીની દીક્ષા લેવા કે તેમને દર્શને જતા, અને પોતે તેમનું ભાવભીનું સ્વાગત કરતાં. આ વાતની ખબર પડવાથી શરદ મહારાજે ચિકિત્સા માટે માતાજીને કલકત્તા બોલાવી લીધાં. કલકત્તા જતાં પહેલાં એકબે દિવસ અગાઉ પોતે સિંહવાહિની માતાને દર્શને ગયાં, કારણ કે માતાજી તેને જાગ્રત દેવતા માનતાં. ત્યાંથી પાછાં ફર્યાં ત્યારે ખૂબજ થાકી ગયાં. કહ્યું કે "છેલ્લી અવસ્થાનો ઘામ થાય છે!"

મા કલકત્તા ફાગણ માસમાં પહોંચ્યાં. શ્યામાદાસ કવિરાજની દવાથી પ્રથમ તો જવર બંધ પડયો. શરીર પહેલાંના કરતાં કાંઇક સુધારા પર લાગ્યું. બધા ભક્તોને પ્રણામની પણ છૂટ મળી.

વૈદ્યરાજની દવામાં એક ખૂબ કડવી દવા હતી. સવારમાં તે લેવાની હતી. તેથી તેમને કાંઇ ચેન પડતું નહિ અને બપોરે ખાતી વખતે પણ તેનો તેજ સ્વાદ આવતો. તેથી કરીને ભાત ખાઈ શકતાં નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવા બદલવાની સૂચના થતાં કવિરાજે જણાવ્યું કે એ રોગમાં તે સિવાય બીજી દવા હોયજ નહિ. ત્યાર પછી દાકતરની ચિકિત્સા શરૂ કરી. ડૉ. બિપિન ઘોષને બતાવવામાં આવ્યાં. ફરીથી પાછો તાવ પણ આવ્યો. એ દાકતરે લગભગ દોઢ માસ દવા કરી.

ત્યાર પછી ડૉ. પ્રાણધન બસુને દેખાડયું. ડૉ. સુરેશ ભટ્ટાચાર્ય અને ડૉ. નીલરતન સરકારને પણ બોલાવ્યા. ડૉ. નીલરતન બાબુએ કાલા આઝર નામનો જ્વર બતાવ્યો. પ્રાણધન બાબુએ ખૂબ કાળજીપૂર્વક ચિકિત્સા કરી. પરંતુ કાંઈ ફેરફાર નહિ પડવાથી વળી પાછી કવિરાજની દવા શરૂ કરી. આ વખતે રાજેન્દ્રનાથ સેનની દવા શરૂ કરી.

પરંતુ માતાજીનો રોગ રોજ રોજ વધવા લાગ્યો. પિત્તપ્રધાન જ્વર, એટલે શરીરમાં અસહ્ય દાહ થવા લાગ્યો. તેથી ત્રણીવાર તેમના હાથમાં બરફ રાખવો પડતો, શરીરે હાથ પણ ફેરવ્યાં કરવાનો. તાવ ચડતો ત્યારે ભાન પણ રહેતું નહિ. ગ્રીષ્મકાળ હોવાથી ગરમી પણ ઘણી હતી.

ખાવા તરફ બીલકુલ અરુચિ હોવાથી માતાજી કાંઇપણ ખાઈ શકતાં નહિ. એક વાર ખાતી વખતે ડૉ. કાંજીલાલ આવી ચડયા. તેમણે જોયું તો ભાતનું માપ જરા વધારે હતું, તેથી માતાજીને દેખતાં બોલી ઊઠયા, "તમે બધાં માની સેવા બરાબર નહિ કરી શકો. કાલે માની સેવા માટે બે નર્સને મોકલીશ." કાંજીલાલના ગયા પછી માએ જણાવ્યું: "મારે એ જૂતાં વાળી છોકરીઓનું કામ નથી! તમે તમારે જેમ કરો છો તેમ મારી સેવાચાકરી કરો. કાંજીલાલ તમને સમજતો નથી. મને કયાં ભાત ભાવે છે?"

માનો સ્વભાવ બાળક જેવો થઈ ગયો હતો. ખાવાની બાબતમાં પણ એકવાર હઠે ચડયાં કે શરદને હાથે જ ખાઉં. શરદને હાથે ખાધું ત્યારે શાંત પડયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા દિવસ અગાઉથીજ માતાજી રાધુને વિષે કાંઈજ બોલતાં નહિ. એકવાર રાધુને બોલાવીને કહી દીધું: "હવે તું જયરામબાટી જતી રહે. અહીં રહેવાની જરૂર નથી." માતાજીની પરિચર્યા કરનારને તેમણે કહ્યું: "શરદને કહો કે એને જયરામબાટી મોકલી છે." ભક્તે કહ્યું: "શા માટે મોકલી દો છો, મા! તેના વિના ચાલશે?" મા બોલ્યાં: "જરૂર. મન હવે ખેંચી લીધું છે."

"મેં તે વાત યોગેનમાને અને શરદ મહારાજને જણાવી. યોગેનમાએ માને પૂછ્યું: 'કેમ રાધુને મોકલાવી દેવા ઇચ્છો છો, મા?' માએ જણાવ્યું: 'યોગેન, હવેથી તેમને ત્યાંજ રહેવું પડશે. મન પાછું ખેંચી લીધું છે, બેટા. હવે બસ.' યોગેનમાએ કહ્યું: 'એવું શું બોલો છો, મા? તમે એમ કરશો તો અમે કેવી રીતે રહી શકીશું?' મા કહે: 'યોગેન, માયાનો ફંદ તૂટી ગયો છે, હવે બહુ થઇ ગયું.' યોગેન માએ બધું શરદ મહારાજને જણાવ્યું. શરદ મહારાજે અમને કહ્યું કે માતાજીનું મન રાધુ તરફ પાછું વાળવા પ્રયત્ન કરો તો આપણે માતાજીને પાછાં પામીશું, નહિ તો હવે નહિ બચે. માને ખબર પડતાં તેમણે જણાવ્યું: 'જે મન તાણી લીધું તે હવે ઊતરતું હશે?' શરીર છોડવાના બે ત્રણ દિવસ પહેલાં માએ શરદ મહારાજને કહ્યું: 'શરદ, હવે વિદાય લઉં છું. યોગેન, ગોલાપ, એ બધાંની દેખરેખ રાખજે, બેટા.'"

"માએ કહ્યું: 'ઠાકુરની ઇચ્છા છે કે હવે થયું, તો જઇશ." ધીરે ધીરે હાથે પગે સોજા ચડવા લાગ્યા. ઊઠવાની શક્તિ પણ નહોતી. પથારીમાંજ શૌચાદિ કરાવતાં. કવિરાજ રાજેન્દ્રનાથ સેને જણાવી દીધું હતું કે ભક્તજનોને બોલાવવા હોય તો તેની વ્યવસ્થા કરી લેવી. હવે પાંચ દિવસો રહ્યા હતા. એક સ્ત્રી ભક્ત માને જોવાને આવ્યાં. અંદર જવાની મના છે જાણીને ઠાકુરના ઓરડાના બારણામાં બેઠાં. તેવામાં માતાજીએ પાસું ફેરવ્યું કે તેમની નજર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં ગઈ, એટલે ઇશારો કરીને પાસે બોલાવી લીધાં. સ્ત્રી ભક્ત રડતાં રડતાં કહેવા લાગ્યાં: 'મા, અમારું બધાંનું શું થશે?' ચિરકરુણામયી માતાએ અભયની મુદ્રાથી ધીરે ધીરે ક્ષીણકંઠે જણાવ્યું: 'શાનો ભય, બેટા? તમે ઠાકુરને જોયા છે. તમારે કોનો ભય?' પછી થોડીવાર રહીને પાછાં અચકાતાં અચકાતાં બોલ્યાં: 'ત્યારે હવે છેલ્લું બધાંને કહેતી જાઉં,–જો શાંતિ ચાહતાં હો તો, બેટા, કોઇના દોષ જુઓ નહિ. દોષ જોવા હોય તો પોતાના જુઓ. જગતને પોતાનું કરતાં શીખો; કોઈ પારકું નથી, બાબા, જગત તમારુંજ છે.'"

આ અંતિમ શબ્દો પછી **ઈ. સ. ૧૯૨૦** ના જુલાઇ માસની ૨૦ મી તારીખે રાત્રે દોઢ વાગે માએ દેહ છોડયો. મૃણ્મયી મા શારદા ચિન્મયી શારદા બની ગઇ!

[૯]

"**મા** જે સાક્ષાત ભગવતી છે, એ વાત જો મા પોતેજ ના સમજાવી શકે તો અમારી શી તાકાત કે તે સમજી શકીએ! છતાં માતાનું ઇશ્વિરત્વ તેમના અહંકારના વિલયમાં વરતાય છે. જીવ માત્ર અહંકારથી ભરેલા છે. આ જે હજારો લોકો માતાની પાસે 'તમે લક્ષ્મી છો, તમે જગદંબા છો' કહેતાં આવે છે, તેથી સામાન્ય મનુષ્ય તો ફૂલાઇ જ જાય. આટઆટલું હજમ કરવું એ શું નાનીસૂની શકિત બતાવે છે!"

"શ્રીમાતાનો અપાર સ્નેહ, અસીમ કરુણા અને અનંત દયા વિષે કાંઈજ લખીને સમજાવી શકાય તેમ નથી. અમે તેમનાં શ્રીચરણનાં દર્શન, સ્પર્શ અને કૃપાદષ્ટિ પામીને અમારી જાતને ધન્ય માનીએ છીએ. **कुलं पवित्रं जननी कृतार्था**! સેંકડો લોકો તે સ્પર્શમણિના સ્પર્શથી સુવર્ણમય થઇ ગયાં છે!"

મા કહેતાં: "મારું શરીર જ્યારે ખરાબ છે, ત્યારે ગમે તે ભલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને આવે, તેને પાછા જવું પડશે. શરીર સારું હશે તો પણ નિમંત્રણ પાઠવીને કોઈને બોલાવી શકીશ નહિ.

જેનું જેવું ભાગ્ય, જેનાં જેવાં કર્મ, તેને તેવો સુયોગ, તેવી સગવડ મળી શકે. કોઇ ઘણીવાર આવે છતાંય દર્શનની સગવડ ના મળે,–કાં તો મારું શરીર સારું ના હોય, કાં તો બીજી કોઈ અડચણ આવી નડે. એ બધી તેની અદૃષ્ટની વાત; તેમાં મારો શો ઉપાય? આવતાં જતાં ઘણો ખર્ચ પણ થઈ જાય, બધાંયની પાસે કાંઇ પૈસા હોતા નથી, એ બધુંય ખરું! પણ ગુરુ ભલેને ગમે તેટલી વાર પાછાં વાળે, પરંતુ જે કૃપા ચાહે છે, તે ભીખ માગીને પણ આવશે.

વાત એમ છે કે જેનો ભવસાગર તરીને પાર ઊતરવાનો સમય પાકશે તે બંધનો તોડીને પણ નીકળી પડશે; કોનામાં તેને બાંધી રાખવાની તાકાત છે? અર્થાભાવ, પત્રની રાહ, આવીને પાછા જવાનો સંદેહ,–એ બધાં માત્ર ફાંફાં છે."

ભક્તોને માટે ગળગળાં થઈ જઇને માતાજીએ સજલનયને કરુણ સ્વરે કહ્યું: "આહા! તમે બધાં મને જેટલું ચાહો છો, તેટલું હું પણ તમને ચાહું છું." વળી કહ્યું: "આશીર્વાદ દઉં છું, બાબા, ઘણું જીવો, ભક્તિ થાઓ, ચૈતન્યનો ઉદય થાઓ, પરમ શાંતિમાં રહો,–શાંતિજ પ્રધાન છે, શાંતિનીજ જરૂર છે!"

॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગોચિત વાતચીત

"જો શાંતિ ચાહતાં હો તો, બેટા, કોઇના દોષ જુઓ નહિ.
દોષ જોવા હોય તો પોતાના જુઓ. જગતને
પોતાનું કરતાં શીખો; કોઇ પારકું નથી, બાબા,
જગત તમારું જ છે."

(શ્રીશારદાદેવીની અંતિમ વાણી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"માટીના પડની નીચે પાણીનું ઝરણું વહી રહ્યું છે. ઘોર શુષ્કતાના દિવસોમાં આ આશાની વાત પ્રગટ કરવી જરૂરી છે. એ ચિરવહમાન છૂપું જળ જ્યાં ફૂટી નીકળે ત્યાં જ છે જીવનનું રક્ષણ અને પોષણ. મરમિયા કવિઓનુ વાણીનું સ્રોત સમાજના અગોચર થર નીચે વહી રહ્યું છે. એ પ્રાણમયી ધારામાં શુષ્કતાનાં પડળોને પ્લાવિત કરી દેવાનું અખૂટ બળ હોય છે. એને આજે સાહિત્યમાં ગોચર કરવું જોઇશે.........

જે મૂળની વસ્તુ છે, તેના ઉપર ઓપ ટકે નહિ. તે સહજ છે; તેમાંજ તેનું સૌન્દર્ય, તેનું માધુર્ય છે."

—શ્રીરવીન્દ્રનાથ ઠાકુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧.

દીક્ષા

આખા ઘરમાં શાંતિ હતી. મેં માને કહ્યુંઃ "મા, મારે આપને કાંઈક કહેવું છે. જો આપની અનુમતિ હોય તો જણાવું." માએ હા કહી એટલે મેં કહ્યુંઃ "મેં સ્વપ્નમાં ઠાકુરને અને આપને જોયાં હતાં, અને આપ જાણે મને મંત્ર દઈ રહ્યાં હો, પરંતુ તે વિધિ પૂરો થયો નહિ ત્યારથી આપની પાસેથી દીક્ષા લેવાની આકુળતા જન્મી છે."

દીક્ષાનો વિધિ

માએ પ્રસન્ન મુખે જણાવ્યુંઃ "ભલે, આજે જ તે થશે. તેં તારા સ્વામીને તે વિષે જણાવ્યું તો છે ને?" મેં કહ્યુંઃ "હા, મા, તેમણે કહ્યું કે મારો તેમાં વિરોધ નથી." માએ કહ્યુંઃ "તારા સ્વામી ક્યાં છે?" "રાયપુર," મેં કહ્યું.

પછી માએ મને ચકલી બતાવી અને હાથપગ ધોઈ આવવાનું કહ્યું. મેં જણાવ્યું કે મેં સ્નાન કર્યું નથી. પરંતુ માએ કહ્યું કે ચાલશે.

પછી નળની પાસે જઈને હાથપગ ધોયા. ઠાકુરના ઓરડામાં જઈને જોયું તો માએ બે આસન પાથરી રાખ્યાં હતાં. સામે મૂકેલાં પૂજાપાત્રમાંથી ગંગાજળ લઈને પોતે ઠાકુર તરફ મોં ફેરવીને બેઠાં. તેમની ડાબી બાજુએ આસન ઉપર બેસવાનો મને ઈશારો કર્યો. પાત્રમાંથી જળ લઈને માએ આચમન કર્યું અને મને પણ કરાવ્યું. પછી કહ્યુંઃ "તારી કયા દેવતામાં ભક્તિ છે?" મેં તે કહ્યું, એટલે મને દીક્ષા આપીને કેવી રીતે ઈષ્ટ જપ કરવો તે બતાવ્યું. તે મુહૂર્તે પરમાનંદનો એક અપૂર્વ પ્રવાહ મારા અંતરમાં જાણે કે વહેવા લાગ્યો! બાહ્યાભ્યંતર વિપુલ આનંદોચ્છ્વાસ ઊછળવા લાગ્યો! જાણે કાંઈ જ સમજાયું નહિ! દીક્ષા પછી માએ મને કહ્યું કે દક્ષિણા આપ. મેં કહ્યુંઃ "મા, હું તો કોઈ પણ જાતના વિચાર વિના આવી હતી, એટલે કાંઈ જ લાવી નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માએ ઊઠીને ફૂલ, ફળ આણ્યાં. મારા હાથમાં આપ્યાં અને હાથની અંજલિ કરીને નીચે પ્રમાણે બોલવાનું કહ્યું: "મારા પૂર્વ જન્મનાં, આ જન્મનાં, જાણતાં કે અજાણતાં જે જે પાપપુણ્ય થયાં હોય તે બધાં આપને સમર્પણ કરું છું." માએ હાથ લંબાવીને મારી અંજલિ સ્વીકારી.

* * * *

વિધિનો બીજો પ્રસંગ

માએ મને આસન લઇને તેમને ડાબે પડખે બેસવાનું કહ્યું: "મેં ગંગાસ્નાન તો કર્યું નથી, મા." મા કહે: "ભલે, લુગડાંલત્તાં તો ચોખ્ખાં છે ને?" પછી તેમની પાસે બેઠી. મારી છાતીમાં જાણે કંઇક થવા લાગ્યું! માએ તે વખતે બધાંને બહાર જવાનું કહ્યું. ત્યાર પછી મને પૂછ્યું: "સ્વપ્નમાં શું આવ્યું હતું તે જણાવ, બેટા." મેં કહ્યું: "લખું કે કહું?" મા: "મોઢેથી જ જણાવ."........ દીક્ષાને સમયે માએ મને સ્વપ્નમાં પ્રાપ્ત થયેલ મંત્રનો અર્થ સમજાવ્યો. કહ્યું કે તેનો જપ કર. પછી તેમણે બીજો મંત્ર આપ્યો અને તેનાં જપ અને ધ્યાન કરવાનું સૂચવ્યું.

મંત્રનો અર્થ સમજાવ્યા પહેલાં માને કેટલીક પળ ધ્યાનસ્થ દશામાં જોયાં હતાં. મંત્ર લેતી વખતે મારા શરીરમાં કંપન થતું હતું. પછી રડી પડી. માએ ચંદનનો ચાંલ્લો કર્યો. દક્ષિણા અને ઠાકુરના ભોગને માટે થોડા રૂપિયા આપ્યા.

દીક્ષાને સમયે મા ખૂબ ગંભીર હતાં. પછી પૂજાના આસન પરથી ઊઠીને મને કહ્યું: "થોડીવાર ધ્યાન, જપ અને પ્રાર્થના કર." તેમ કરી રહ્યા પછી જ્યારે માને પ્રણામ કરવા ગઇ ત્યારે માએ આશીર્વાદ આપ્યા, "ભક્તિ થાઓ."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીક્ષા પછી

દીક્ષા લીધા પછી ભવબંધનમાંથી છૂટવા માટે શું કરવું તે વિષે માને એકવાર પૂછ્યું: "મા, હવે મારે શું કરવાનું?" માએ કહ્યું: "કાંઇજ નહિ." મેં કહ્યું: "શું કાંઈજ નહિ?" માએ વારંવાર તેનો તેજ ઉત્તર આપ્યો. એટલે મને સમજાયું કે માએ પોતાના ઉપર મારી બધી સંભાળની જવાબદારી લીધી છે....

"મા, જેઓએ તમારી પાસે દીક્ષા લીધી છે, તેમને હવે પછી અહીં આવવું નહિ પડે?" માએ કહ્યું: "ના, તમારે હમેશાં વિચારવું કે તમારી પછવાડે એક જણ છે." "મા, તમને પામ્યાં છીએ એજ અમારી શ્રદ્ધા છે." "તમારે તેની ચિંતા નહિ કરવી. તમારી વાત મને બરાબર યાદ રહે છે."

"પરંતુ મા, કાંઇ સાધનભજન ઠીક થતાં નથી." માએ અભય અને સાંત્વના આપીને કહ્યું: "બેટા, તમારે તો કાંઇ જ કરવાનું રહેતું નથી હવે." મેં સાશ્ચર્ય કહ્યું: "શું કાંઇ જ નહિ મા?" "ના." "ત્યારે શું હવેથી મારી ભાવિ ઉન્નતિ મારાં પોતાનાં કર્મો ઉપર નિર્ભર નહિ?" "ના, તું શું કરીશ? જે કાંઈ કરવાનું હશે તે તો થઈ રહેશે." શ્રીમાની આવી અહેતુક કૃપાથી હું તો અવાક થઈ ગયો. પછી વાતવાતમાં માના પગના દરદની વાત નીકળી. મેં કહ્યું; "મા, મેં સાંભળ્યું છે કે કોઇ તમારા પગનો સ્પર્શ કરે તો કોઈવાર તમને ઘણું કષ્ટ થાય છે?" માએ કહ્યું: "હા, બાબા, કોઇકના સ્પર્શથી શરીર જાણે શીતળ થઇ જાય છે, વળી કોઇકના સ્પર્શથી જાણે કોઈ ઝેરી જીવડું કરડી ગયું હોય તેવું દરદ થાય છે. પણ હું તો કોઇને કાંઈ જ કહેતી નથી, બેટા."

એકાદ માસ પછી રથયાત્રાની રજાઓમાં હું કોવાલપાડાના આશ્રમમાં ગયો. તે દિવસે માની સાથે નીચે પ્રમાણે વાતો થઇ. મેં કહ્યું: "મા, તમારી કૃપા પામ્યો છું એજ મારું બળ છે, એજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારું શ્રદ્ધાસ્થાન છે." માએ કહ્યું: "તમારે વળી ચિંતા શી, બાબા? તમે બધાં તો મારા અંતરનાં છો. કોઈ પ્રકારનો અભાવ કે જરૂર પડે કે તરતજ તમે બધાં યાદ આવો છો. તમારે હવે કાંઈજ કરવાપણું નથી." મેં પૂછ્યું: "જ્યાં તમારાં જેટલાં સંતાન છે, તે બધાંને માટે તમારે કરવાનું?" મા: "હાસ્તો, બધાંયને માટે." મેં કહ્યું: "પરંતુ આટલાં બધાં સંતાનો તમને યાદ કેવી રીતે રહે?" મા: "બધાં તો યાદ નાજ રહે." "ત્યારે તમે કહો છો ને કે તમે બધાંને માટે પ્રાર્થના કરો છો?" "જેમનાં નામ યાદ આવે તેમનાં નામ યાદ કરીને જપ કરું છું, અને જેમનાં નામ યાદ નથી આવતાં તેમને માટે ઠાકુરની પાસે જઈને પ્રાર્થના કરું છું કે, 'હે ઠાકુર, મારાં અનેક સંતાનો અનેક સ્થળે રહ્યાં છે, તેમનાં બધાંયનાં નામ મનમાં આવતાં નથી, તો તેમનું જેથી કલ્યાણ થાય તેવું કરો.'"

* * * *

દીક્ષાગુરુ એકજ

એક વાર વૈકુંઠબાબુએ માને કહ્યું: "મા, યોગશિક્ષણ માટે બીજા ગુરુ કરી શકાય?" ઉત્તરમાં માએ કહ્યું: "બીજી બધી બાબતમાં કરી શકાય, પરંતુ દીક્ષાગુરુ તો બીજા ના હોઈ શકે."

દીક્ષાનો ઉદ્દેશ્ય

"દીક્ષા લેવાનો ઉદ્દેશ્ય સરળ ભાવે સાધનભજન કરવું અને ભગવાનને મેળવવા માટે પ્રયત્ન કરવો, એ છે; પરંતુ તેથી કરીને કુળગુરુની વૃત્તિ નષ્ટ કરવી તે નથી."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ

ગુરુમાં ભક્તિ

" ગુરુભક્તિ જોઈએ, બેટા. ગુરુ ગમે તેવા હોય, પરંતુ તેમની ભક્તિમાં જ મુક્તિ છે. ઠાકુરના તરફ તેમના શિષ્યોની કેવી ભક્તિ છે? ગુરુભક્તિને લીધે શિષ્યો ગુરુવંશનાં બધાંય તરફ ભક્તિ રાખે છે, અરે, ગુરુના દેશની બિલાડી સુદ્ધાંતને પણ માને છે ! "

ઉપદેશ માટે આધાર

એક વાર કેટલાંક ભક્તોએ માની પાસે ઉપદેશની માગણી કરી. માએ જણાવ્યું કે હું વળી શો ઉપદેશ આપી શકું ? તેમના ગયા પછી માએ મને જણાવ્યું: " ઉપદેશ ઝીલી શકે તેવો આધાર ક્યાં છે ? આધાર વિના, બેટા, કાંઈ જ થઈ શકે નહિ. "

માબાપ સમાન

મેં કહ્યું: " સંસારમાં રહેવાથી કંઈ થતું નથી, મા. " માએ કહ્યું: " બાબા, સંસાર તો કાદવથી ભરેલો છે, તેમાં ખૂંપ્યા કે નીકળવું મુશ્કેલ. અરે, બ્રહ્મા, વિષ્ણુ જેવા પણ ખાંડ ખાઇ જાય ! તો વળી માણસની શી વિસાત ! તેમનું સ્મરણ રાખવું. સંસારમાં જેમ માબાપ બાળકને માટે આશ્રયનાં સ્થાન છે, તેમ ઠાકુરને પણ સમજવા. "

હું પદ

મેં માને પૂછ્યું: " મા, અમારું શું થશે ? " માએ કહ્યું: " ઠાકુરનું સ્મરણ કરવું. " મારી બહેને પૂછ્યું: " પણ અમે તો, મા, ઠાકુરને જોયા નથી; માત્ર તમને જ જોયાં છે ! " માએ કહ્યું: " ત્યારે, શું તમે મને ડૂબી મરવાનું કહેવા માગો છો ? જેમ કોઈ એક માણસ 'જય ગુરુ' કહીને ગુરુને નામે નદી પાર થઇ ગયો, ગુરુએ તે જોયું, અને જોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર્યું કે મારા નામનું શું આટલું જોર? પછી તે 'હું હું' કરતોક ને પાણીમાં ઊતર્યો અને ડૂબી મર્યો!" એમ કહીને મા હસી પડયાં.

વિવેકબુદ્ધિ

માના એક ભક્તની ઉચ્છૃંખલતા જોઇને એક દિવસ યોગેન માએ માને જણાવ્યું: "મા, તમે તેને સહેજ ચેતવી દેજો, નહિ તો સમૂળગો બગડી જશે." માએ કહ્યું: "મારાથી નહિ કહેવાય યોગેન, હું જો કહીશ તો તે સંબંધી સાંભળી શકશે નહિ. હું તેની ગુરુ કહેવાઉં, અને જો તે મારી આજ્ઞાનું પાલન ના કરે, તો તેનું અકલ્યાણ થાય."...

ગુરુકૃપા

તે વખતે મા 'ઉદ્બોધન કાર્યાલય'માં હતાં. મેં વાત કાઢી. "મા, ચૈતન્યદેવે નારાયણીને આશીર્વાદ આપ્યો એટલે તે 'કૃષ્ણ કૃષ્ણ' કરવા મંડી પડી. તે વખતે નારાયણી માત્ર ત્રણચાર વર્ષની હતી. વળી બીજી એક નારદ વિષે વાત છે. તેમને સિદ્ધિ મળી, પછી એક કીડીને જોઇને તેમના હૃદયમાં દયા ઉપજી. તેમણે વિચાર્યું કે કેટલા જન્મની તપસ્યા પછી મને આ સિદ્ધિ મળી, અને આ બિચારીને મનુષ્ય થવાને પણ કેટલી વાર લાગશે! આમ દયા ઉપજવાથી નારદે કીડીને આશીર્વાદ આપ્યો કે 'મુક્ત થઇ જા.' તરત જ તે કીડી, પંખી, પશુ ઈત્યાદિ દેહ ધારણ કરતી કરતી અંતે મનુષ્ય બની ગઈ. માનવદેહે અનેક જન્મ ભોગવ્યા પછી તેનું તપસ્યામાં મન ગયું. ભગવાનની આરાધના કરીને તે અંતે મુક્તિ પામી. આ બધો અસંખ્ય જન્મજન્માંતરનો ખેલ નારદની આંખ આગળ જાણે કે મુહૂર્તમાં બની ગયો! એટલે કે મા, જો મહાપુરુષની કે ગુરુની કૃપા થાય તો ગમે તે થઇ શકે." માએ કહ્યું: "બરાબર છે." મેં ઉમેર્યું: "વળી સાંભળ્યું છે કે બીજાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપોને લઈને શરીર ટકતું નથી. જે શરીરદ્વારા અનેકનો ઉદ્ધાર થઈ શકે, તે શરીરનો કદાચ એક જણને ખાતર ક્ષય પણ થાય."

મા–"હા, તેમની શકિત પણ ઓછી થઈ જાય. ઠાકુર કહેતા હતા કે ગિરીશને પાપે તેમને વ્યાધિ ભોગવવો પડયો હતો." મેં કહ્યું: "ત્યારે તો દેહ ધારણ કરવાથી શકિત સીમાબદ્ધ થઈ જાય?" મા: "હાસ્તો. કોઈ કોઈ વાર થઈ જાય છે કે જાણે હવે આ શરીર છોડી દઉં!"

શક્તિસંચાર

મેં–"મા, આ બધા ભકતો મંત્ર લે છે, તે બધા શું તે પામે છે? બાહ્યદૃષ્ટિથી તો લાગે છે કે માણસ જ્યાં હતો ત્યાં જ જણાય છે." મા: "મંત્ર દ્વારા શકિત મળે છે. ગુરુની શકિત શિષ્યમાં અને શિષ્યની ગુરુમાં જાય છે. તેથી જ મંત્રદીક્ષાથી શિષ્યનો વ્યાધિ પણ ઘણી વાર ભોગવવો પડે છે. ગુરુ થવું ભારે છે. શિષ્ય પાપ કરે તો ગુરુને પણ લાગે. સારો શિષ્ય હોય તો ગુરુને ઉપકાર થાય. કોઈની ઉન્નતિ જલદી થાય, કોઇની વળી ધીરે ધીરે. જેના જેવા સંસ્કાર."

* * * *

સાધના

જપ

મેં–"મા, સંખ્યા રાખીને જપ કરવા કે?"

મા—"સંખ્યા રાખીને જપ કરવાથી સંખ્યા તરફ મન જાય છે. એમ ને એમ કરવા."

મેં—"જપ કરતાં કરતાં મન તેમાં શાથી નથી પરોવાતું, મા?"

મા—"કરતાં કરતાં પરોવાશે. મન સ્થિર ના થાય તોય જપ તો છોડવા નહિ. તારે તારું કાર્ય કર્યે જવું. એમ કરતાં કરતાં મન આપમેળે સ્થિર થઈ જશે, વાયુ વગરના સ્થાનમાં દીવાની જ્યોતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માફક. પવન હોય તો પ્રદીપની શિખા સ્થિર રહે નહિ. બરાબર ઉચ્ચારણ ના થાય તો મોડું પણ થાય. એક સ્ત્રીનો મંત્ર હતોઃ ‘રુક્મિણીનાથાય,’ પણ તે ‘રુકુરુકુ’ બોલતી, તેથી તેને વાર લાગી. પાછળથી તેમની કૃપા વડે તેણે બરાબર મંત્ર મેળવ્યો.”

મેં—“મા, મન કેમ સ્થિર થતું નથી? જ્યારે ભગવાનને વિષે વિચારું છું, ત્યારે મન અનેક વિષયોમાં ચાલ્યું જાય છે.”

‘જપાત્ સિદ્ધિ’

મા—“વિષય એટલે પૈસાટકા, પુત્રપરિવાર. એ બધાંમાં મન જાય એ તો ખરાબ. પરંતુ કામમાં તો મન જવાનું જ. ધ્યાન ના થાય તો જપ કરવો. ‘જપાત્ સિદ્ધિ.’ ધ્યાન થયું તો સારું, નહિ તો પરાણે કરવું નહિ.”

* * * *

નારાયણ આયંગર—“હું યંત્ર છું, ઠાકુર યંત્રી છે. મારી પાસેથી યંત્રની માફક કામ લે છે.”

મા—“ઠાકુર કહેતા હતા કે જેની પાસે ધનધાન્ય છે તે માપે, નથી તે જપે.”

નારાયણ–“જપ કરતી વખતે આચમન કરવું જરૂરી છે, મા?”

મા—“હા, ઘરમાં હો તો આસન, આચમન જરૂરી ખરાં. પણ રસ્તામાં કે બીજે ક્યાંક નામ માત્રથી ચાલે.”

નારાયણ—“માત્ર નામ? મંત્રજપ નહિ?”

મા—“મંત્રનો જપ પણ ખરો. પરંતુ મનને સ્થિર કરીને એકવાર હાકલ કરવાથી લાખ જપનું કામ કરે છે. નહિ તો આખો દિવસ જપ કર્યા કરો, પણ જો મન સ્થિર ના હોય, તો તેથી શું વળે? મન જોઇયે, ત્યારે જ તેમની કૃપા થાય.”

નારાયણ–“હું કરું છું તેમ ચાલશે કે બીજું કશું જરૂરી છે?”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા—" જે કરો છો તેજ કરો, તમે તો તેમના કૃપાપાત્ર છો."

નારાયણ—" એ ત્રણ દિવસ સરળભાવે બોલાવ્યાથી દર્શન થાય, છતાં આટઆટલા દિવસથી કરવા છતાં કેમ થતાં નથી?"

મા—" જરૂર થશે. શિવ વાક્ય અને તેમના મુખની વાત, એમાંથી એક પણ મિથ્યા થાય નહિ."

* * * *

કોઈ એક ભક્ત કેવી રીતે આંગળીએ જપ કરવો તે ભૂલી ગયેલો. તેથી તેણે મને કાગળમાં લખી જણાવેલું અને તે વિષે માને પૂછીને લખી જણાવવા સૂચવેલું. તેથી મેં પૂછ્યું એટલે માએ જવાબ આપ્યો:-" એમાં શું આવે જાય છે? એક રીતે કરવો વળી. એ બધું તો મનની સ્થિરતા માટે છે, બેટા."

* * * *

એકવાર જપતપની વાત નીકળી. માએ કહ્યું, " જપતપ દ્વારા કર્મપાશ તૂટી જાય છે, પરંતુ ભગવાનને પ્રેમભક્તિ વગર પામી શકાય નહિ. જપતપ કેવાં છે, ખબર છે? તેમનાદ્વારા ઇન્દ્રિય-બિન્દ્રિયનો પ્રભાવ કાંઈક ઓછો થઇ જાય."

* * * *

જયરામબાટીમાં એક ભક્તે જપ વિષે માને પૂછ્યું: " જ્યારે રસ્તામાં, રેલમાં, સ્ટીમરમાં હોઈએ ત્યારે જપ કેવી રીતે કરવો?" માએ કહ્યું: " મનમાં કરવા. પછી ક્રમે ક્રમે હાથ, મોં બંધ થઈ જશે, માત્ર મનમાં જપ ચાલશે. અંતે મન જ ગુરુ થશે."

* * * *

કોવાલપાડામાં રજાને દિવસે એક ગુરુભાઇએ માને પૂછ્યું: " મા, મન ઘણું જ ચંચળ છે. કેમે કર્યું શાંત થતું નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માએ કહ્યું: "જેવી રીતે વંટોળથી મેઘ ચાલ્યા જાય, તેવી રીતે નામજપથી વિષયમેઘ વિખરાઇ જાય."

* * * *

એક વાર મનની દુર્બળતા વિષે વાત નીકળી. માએ કહ્યું: "કામ શું એકદમ ચાલ્યો જાય, મા ? શરીર હોય ત્યાં સુધી ઓછો-વત્તો રહેવાનો જ. પણ જેવી રીતે સાપને માથે ધૂળનાં રજકણ પડે ને જેમ થાય તેમ તેનું થશે. પ્રસન્ન થઇને રહેવું."

* * * *

મંત્ર

એકવાર સંધ્યા પછી મા સૂઈ રહ્યાં હતાં. કામિની માને પગે વાનું તેલ માલીશ કરી રહી હતી. માએ કહ્યું: "દેહ એક, દેહી એક. દેહી બધા શરીરમાં વ્યાપી રહ્યો છે. તેથી જ પગમાં પીડા થાય છે. જો ત્યાંથી મન ખેંચી લઉં તો પીડા ના થાય."

મેં પછી મંત્રદીક્ષાની વાત કાઢી. "મા, મંત્ર લેવાની શી જરૂર ? જપ કર્યા વગર કોઈ માત્ર 'મા કાલી, મા કાલી' કર્યા કરે તો શું ના ચાલે ?"

માએ કહ્યું: "મંત્રદ્વારા દેહશુદ્ધિ થાય છે. ભગવાનનો મંત્ર જપ્યાથી મનુષ્ય પવિત્ર બને છે. છેવટે દેહશુદ્ધિ પૂરતી પણ મંત્રની જરૂર છે. વૈષ્ણવો મંત્ર દેતાં કહે છે કે 'હવે મન તારું.' તેથી જ તો–

'માનવગુરુ મંત્ર દે કાને,
જગદ્ગુરુ મંત્ર દે પ્રાણે;'—

કહ્યું છે. મનમાંજ બધું છે. મનની શુદ્ધિ વગર કાંઈજ નહિ. વળી– 'ગુરુ, કૃષ્ણ, વૈષ્ણવ, એ ત્રણની દયા થાય' (પણ એકની દયા વિના જીવ છારખાર થાય.' તે એકની દયા એટલે મનની દયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના મનની પણ કૃપા જોઈયે." મેં કહ્યું: "મા, પણ મારી તો જપતપમાં પ્રવૃત્તિ નથી ને?"

મા: "કદાચ તારા પૂર્વ જન્મમાં તેં બધું કરી લીધું હોય?"

* * * *

એક સ્ત્રી ભકતે માને પૂછ્યું: "મા, ઘણા શિવપૂજા કરે છે, તો અમે પણ શિવપૂજા કરી શકીએ કે નહિ?" માએ કહ્યું: "મેં જે મંત્ર દીધો છે, તેમાં બધું આવી જાય છે. દુર્ગાપૂજા, કાલીપૂજા, બધું જ એ મંત્રમાં છે. છતાંય જો ઇચ્છા પ્રબળ હોય, તો શીખી લેવામાં વાંધો નથી. પણ તેની કંઈ જરૂર નથી. કદાચ મનમાં ગડમથલ વધે."

* * * *

ઇષ્ટમંત્ર

શ્રીઠાકુરને નૈવેદ્ય ધરવા વિષે માને પૂછ્યું: "મા, પૂજા પદ્ધતિની રીતે નિવેદન કરવાનું જાણતો નથી." ત્યારે માએ જણાવ્યું: "તેની કાંઈજ જરૂર નથી. ઇષ્ટમંત્રથી બધું ચાલે."

* * * *

શ્રીશ્રીમાએ મને દીક્ષા દીધા પછી જણાવ્યું: "જો, બેટા, મેં તને મંત્ર તો દીધો, મને ડૂબાડીશ નહિ. શિષ્યનાં પાપ ગુરુને લાગેછે. બધો વખત ઘડિયાળના કાંટાની માફક ઇષ્ટ મંત્ર જપજે."

* * * *

મેં પૂછ્યું: "મા, આસન કે પ્રાણાયામ વગેરે કરવા શું જરૂરી છે?"

આસન, પ્રાણાયામ વગેરે

માએ કહ્યું: "તેનાથી કદાચ સિદ્ધ થવાય, અને સિદ્ધ જ લોકોને પથભ્રષ્ટ કરે છે."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં–" મા, થોડા વખતથી શરીરને માટે આસનો કરું છું. તેથી કરીને ખાધેલું હજમ થાય છે, અને બ્રહ્મચર્યમાં સહાયતા મળે છે."

મા–" કદાચ શરીર તરફ મન જાય અથવા છોડી દેવાથી કદાચ શરીર ખરાબ થઇ જાય, એ બધાનો વિચાર કરીને કરવું."

મેં–" મા, માત્ર ખોરાક પચાવવા માટે પાંચ દશ મિનિટ કરું છું."

મા– " ભલે. કોઈ પણ વ્યાયામ છોડી દેવાથી શરીર પાછું લથડી જાય છે એ વિચારથી મેં તને કહ્યું. આશીર્વાદ કરું છું, બાબા, ચૈતન્ય થાઓ."

*　　　*　　　*　　　*

તીર્થભ્રમણ 　મેં–" મા, સાધુને માટે તીર્થભ્રમણ ઇષ્ટ ખરું ?"

મા–" જો મન એક જ સ્થળે શાંત રહી શકે, તો તેની શી જરૂર ?"

*　　　*　　　*　　　*

કુંડલિની 　મેં–" મા, ધ્યાન થતું નથી. કુંડલિની જાગ્રત કરી દો."

મા–" જાગશે, જાગશે ! ધ્યાન જપ કર્યે બધું થશે. આપમેળે તે કાંઈ જાગે ? ધ્યાન કરતાં કરતાં મન એવું સ્થિર થઈ જશે કે પછી ધ્યાન છોડવાની ઇચ્છા નહિ થાય. જે દિવસે ધ્યાન ના જાગે, તે વખતે જોર કરીને કરવું નહિ. માત્ર પ્રણામ કરીને ઊઠી જવું. ધ્યાન જ્યારે થશે, ત્યારે આપમેળે જ થશે."

*　　　*　　　*　　　*

મેં–" સહેજ પ્રાણાયામનો અભ્યાસ કરું છું. કરું કે નહિ, મા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા–" સહેજસાજ કર. પણ વધારે કરીને માથું ગરમ કરવું ઠીક નથી. મન જો આપમેળે જ સ્થિર રહેતું હોય, તો પ્રાણાયામની કાંઇ જ જરૂર નથી."

" મા, કુંડલિની તો જાગી નહિ, કાંઈ થયું નહિ ?"

" જાગશે, જાગશે ! તેમના નામસ્મરણથી બધું થશે. મન સ્થિર ના રહે તોય બેસીને તેમનાં લાખો નામ જપી શકાય. કુંડલિની જાગતાં પહેલાં અનાહત ધ્વનિ સંભળાય છે. જગદંબાની કૃપા વગર કાંઇ ના થાય, બેટા."

* * * *

મેં–" કાશીમાં મઠમાં રહીને સાધનભજન કરવું સારું કે

સાધનભજન કોઈ નિર્જન સ્થળમાં જઇને કરવું સારું ?"

મા–" હૃષીકેશ જેવા એકાંત સ્થળમાં થોડો વખત કરવાથી મન ઘડાશે, અને ત્યારપછી મનને ગમે ત્યાં રાખીશ, ગમે ત્યાં હરી-ફરીશ, તોય વાંધો નહિ આવે. જ્યાં સુધી ઝાડ નાનું હોય છે, ત્યાં સુધી તેની આસપાસ વાડ બાંધવી પડે છે. મોટું થઇ ગયા પછી, ગાયબકરાં તેને કાંઇ કરતાં નથી. તો નિર્જનમાં હમણાં જવું જરૂરી ખરું. જ્યારે મનમાં કોઈ વિષય ઉત્પન્ન થાય, ત્યારે એકલા રડી રડીને તેમની પ્રાર્થના કરવી. તેઓ મનનો બધો મેલ દૂર કરશે, અને બધું સમજાવશે."

" મારી તો સાધનભજનની શકિત નથી, મા. આપનાં ચરણમાં પડ્યો છું, ફાવે તે કરો."

માએ ઠાકુરને હાથ જોડીને પ્રાર્થના કરી: " ઠાકુર તારા સંન્યાસનું રક્ષણ કરો. તેમની નજર છે, ત્યાં સુધી તને કશો ભય નથી. ઠાકુરનું કામ કરજે અને સાધનભજન કરજે. કામમાં પરોવાયાથી ખોટા વિચારો આવતા નથી. એકલા બેસી રહેવાથી અનેક પ્રકારના વિચારો આવે."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં–"કેવા ભાવે, કેવે સ્થળે જઈને સાધનભજન કરવું?"

મા–"કાશી તમારું સ્થાન છે. સાધન એટલે તેમના ચરણ-કમળમાં નિત્ય ચિંતવન કરતાં કરતાં મનને લીન કરવું તે. તેમના નામનો જપ કરવો."

મેં–"અનુરાગ ના હોય, તો માત્ર નામ જપ્યાથી શું વળે, મા?"

મા–"પાણીમાં ઇચ્છા કરીને પડો કે અનિચ્છાએ, પણ કપડાં તો પલળવાનાં જ. નિત્ય ધ્યાન ધરવું. મન તો હજી કાચું છે ને? ધ્યાન કરતાં કરતાં સ્થિર થશે. હમેશાં વિચાર કરવો. જે વસ્તુમાં મન જાય, તે વસ્તુને અનિત્ય ગણીને, ભગવાનમાં તેને જોડી દેવું. એક માણસ માછલી પકડતો હતો, તેની પાસે થઈને વરઘોડો જતો હતો, પરંતુ તેની દૃષ્ટિ તો માછલાને પકડવામાં જ રોકાયેલી હતી."

જીવનનો ઉદ્દેશ "ત્યારે મા, જીવનનો ઉદ્દેશ્ય શો?"

"ભગવાનને મેળવવા અને તેમના ચરણમાં સર્વદા મનને મગ્ન રાખવું તે. તમે તો બધા સંન્યાસી છો, તેમના જ માણસો છો. તમારો ઇહકાલ તેમજ પરકાલ તેઓ જ સંભાળે છે. તમારે વળી ચિંતા શી? પ્રત્યેક પળે કાંઈ ભગવાનનો વિચાર કરી શકાય? કોઇવાર હરવું ફરવું, કોઇવાર તેમનો વિચાર કરવો."

* * * *

મેં–"નિર્જન સ્થાનમાં ક્યાંક થોડો વખત સાધના કરવાની ઇચ્છા છે."

મા–"તેમ કરવાનો આજ ખરો સમય છે. આ ઉંમરે કરવી. પણ ખાવાપીવામાં ધ્યાન રાખવું."

* * * *

ચારે બાજુ શાંતિ જોઈને મેં માને સાધન, ભજન, દર્શન વિષે કેટલીક વાતો પૂછી. માએ કહ્યું: "ઠાકુરને અને મને અભેદ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવે જોવાં અને જ્યારે જે ભાવે દર્શન થાય, ત્યારે તે ભાવે જ ધ્યાન સ્તુતિ વગેરે કરવાં. ધ્યાન થયા પછી પૂજાનો અંત આવે છે. અહીંયાં (હૃદયમાં) આરંભ કરવો, અને અહીંયાં (મસ્તકમાં) સમાપ્ત કરવું. મંત્રતંત્ર કાંઇ જ નથી, બેટા, ભક્તિ સર્વસ્વ છે. ઠાકુરમાં જ ગુરુ, ઈષ્ટ સર્વે છે.

* * *

મનની સમતા

એક વાર પગે હાથ ફેરવતાં ફેરવતાં મેં માને પૂછ્યું: "મા, એક વાત પૂછવી છે, આપને કોઇ અડચણ તો નથી ને?" માએ પૂછવાની રજા આપી એટલે મેં મારી બધી હકીકત જણાવી. તે સાંભળીને માએ કહ્યું: "આહા, એ આનંદ તે રોજરોજ થાય, બેટા? બધું જ સત્ય છે, કાંઇ મિથ્યા નથી. તેઓ જ પ્રકૃતિ છે. તેઓ જ પુરુષ છે."

મેં કહ્યું: "મા, કોઈ કોઈ વાર મંત્ર જપ્યા પછી ઘણો સમય વીતી જાય છે, અને જે કરવાનું કહ્યું હોય તેમાંનું કાંઇ જ થતું નથી. પછી ઉતાવળમાં બધું પતાવી દેવું પડે છે, કારણ કે સંસારી કામમાં ત્રૂટી થાય તો ચાલે નહિ. આથી કરીને કાંઈ અપરાધ તો નહિ ને, મા?"

મા: "ના, ના, એમાં કાંઇ જ નહિ."

મેં: "એક જણ જણાવે છે કે, કોઇ કોઇ વાર ગંભીર રાત્રે ધ્યાનમાં એક પ્રકારનો ધ્વનિ સંભળાય છે,– ઘણે ભાગે શરીરના જમણા ભાગમાં, કોઈ કોઈ વાર ડાબે પડખે પણ સંભળાય છે."

મા: "હા, જમણી બાજુ તરફ જ હોય, ડાબી બાજુનો દેહભાવનો ધ્વનિ છે. કુલકુંડલિની જાગ્રત થાય એટલે આવા અનુભવો થાય. જમણી બાજુમાં થાય તે બરાબર છે. અંતે મન ગુરુ છે. મનની સમતા પ્રાપ્ત કરવી એ જ ઉત્તમ છે."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્સંગ, શરણાગતિ

એક વાર મનમાં દુઃખ પામીને વૈકુંઠબાબુ ઉદ્‌બોધન'માં ગયા. ત્યાં જઈને તેમણે માને જણાવ્યુંઃ "મા, મારે આપને કાંઈક જણાવવું છે." માએ જણાવવાની રજા આપી એટલે વૈકુંઠે કહ્યુંઃ "મા, આ અભાગી બાળક ઉપર ક્યારે દયા થશે?"

માએ કહ્યુંઃ "બાબા, ઠાકુર બધું જ કરશે."

વૈકુંઠે કહ્યુંઃ "હજી તો મા, કાંઈ જ વળ્યું નહિ, મેં ઠાકુર તો જોયા નથી. તેમનું શી રીતે સ્મરણ કરવું? આપની દયા પામ્યો છું, તો આપ જ દયા કરીને આ અભાગીને ઠાકુર જણાવો."

માએ કહ્યુંઃ "જપ, ધ્યાન વિના કાંઇ ના થાય, બેટા. એ બધું તો કરવું જ પડે."

વૈકુંઠઃ "હવે મારે જપ તપ કરવાની ઇચ્છા નથી. તેથી કાંઇ વળતું નથી. કામ, ક્રોધ, મોહ જેવા પહેલા હતા તેવા અત્યારે પણ છે. મનનો મેલ પણ ગયો નહિ, મા."

માઃ "બાબા, બધું ધીરે ધીરે થશે. ના કર્યે કાંઇ ચાલે? ગાંડો થા મા, જ્યારે વખત મળે ત્યારે સાધનભજન કરવું."

વૈકુંઠઃ "ના, મા. મારી તો શક્તિ નથી. જપ કરવા બેસું એટલે મન ચંચળ બને છે. કાંતો મારું મન તન્મય કરી દો, કે જેથી ચિંતા આવે નહિ. અથવા તો આપનો મંત્ર પાછો લઈ લો. આપને વૃથા કષ્ટ આપવાની મારી ઇચ્છા નથી, કારણ કે મેં સાંભળ્યું છે કે જો શિષ્ય મંત્રનો જપ ના કરે તો તે માટે ગુરુને ભોગવવું પડે છે."

માઃ "એ વળી શું! તમારે માટે તો ચિંતાથી અસ્થિર બની રહી છું." એમ કહેતાં કહેતાં તો માની આંખમાં આંસુ આવ્યાં. પછી આવેગપૂર્વક કહ્યું, "અચ્છા, તારે હવે મંત્રનો જપ કરવો નહિ પડે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ તે વાતનો મર્મ નહિ સમજવાથી તે વખતે ભય અને સંતાપથી માથું ફરવા લાગ્યું. મેં વિચાર્યું કે, હવે મેં બધું જ ગૂમાવ્યું. તેથી પ્રાણના આવેગથી મેં કહ્યું: "મા, મારું બધું જ ગયું? હવે મારે કરવું શું? ત્યારે શું હું હવે રસાતાળમાં જવાનો, મા?"

આ સાંભળતાંની સાથે જ ખૂબ બળપૂર્વક મા બોલ્યાં, "શું મારો બાળક રસાતાળ જવાનો? અહીંયાં જે બધાં છે, તે મારાં સંતાન છે, તેમને માટે મુક્તિ છે. વિધિની તાકાત નથી કે તેમને રસાતાળમાં ધકેલી દઇ શકે."

મેં: "ત્યારે હવે મારે કરવું શું, મા?"

મા: "મારા પર જવાબદારી નાખીને નિશ્ચિંત રહેવું, બસ. અને હંમેશાં યાદ રાખવું કે તમારી પાછળ એવું એક જણ છે, જે યોગ્ય સમયે તમને નિત્ય ધામમાં લઈ જશે."

મેં: "મા, જ્યાં સુધી આપની પાસે હોઉં છું ત્યાં સુધી સારો હોઉં છું. તે વખતે સંસારની ચિંતાઓ મનમાં આવતી નથી. જ્યારે ઘેર જાઉં છું, ત્યારે અનેક કુચિંતાઓ સતાવે છે. જૂના સંગીઓની સાથે પાછો હળુંમળું છું, અને કુકૃત્યો કરવા પ્રેરાઉં છું. ઘણા પ્રયત્નો કરવા છતાંય ચિંતાઓ દૂર થતી નથી, મા."

મા: "એ તો બધાં તારાં પૂર્વજન્મનાં ફળ છે, બેટા. એ બધાં કાંઇ એકદમ જતાં રહે? સત્સંગ કરવો, એટલે ધીરેધીરે બધું ઠીક થઈ જશે. ઠાકુરનું સ્મરણ કરવું. આ જન્મમાં જ તારી મુક્તિ છે એમ જાણવું. ભય શાનો? સમય પાકશે એટલે બધું જ થઇ જશે."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાનનો નિયમ

એક વાર ધ્યાનજપની વાત નીકળતાં માએ કહ્યું: "ધ્યાન અને જપને માટે એક નિયમિત સમય રાખવો જરૂરી છે, કારણ કે કયી કેવી પળ આવશે અને જશે તે કહી શકાય નહિ. કદાચ કોઇ શુભ પળે તેઓ હાજરાહજુર થઇ જાય. અને આપણને ખબર પણ ન પડે. ગમે તેટલી ધમાલ હોય, છતાં નિયમ રાખવો જરૂરી છે."

મેં: "પરંતુ, મા, કામની જંજાળ અને અસ્વસ્થતા વગેરે નડે છે; તેથી કરીને બધી વખતે નિયમ સચવાતો નથી."

મા: "શરીર ખરાબ થાય તે ઉપર તો આપણો અધિકાર નથી, અને અકસ્માત કોઇ કામ પણ આવી પડે, તો તે વખતે સ્મરણ કે પ્રણામ કરવાથી પણ ચાલે."

"સમય ક્યારે રાખવો, મા ?

મા: "સંધિક્ષણમાં જ તેમનું સ્મરણ કરવું. રાત જતી હોય, દિવસ આવતો હોય, કે દિવસ જતો હોય ને રાત આવતી હોય,—એ થઈ સંધિની પળ. એ વખતે મન પવિત્ર હોય છે."

"પરંતુ મા, મનની દુર્બળતા તો ઘણી છે, તે કેમ ટળે?"

મા: "એ તો પ્રકૃતિનો નિયમ છે, બાબા. જેમ અમાવાસ્યા અને પૂર્ણિમા છે ને તેવો જ. મન પણ તે પ્રમાણે કોઈ વાર સારું, વળી બીજી વાર મંદ હોય છે."

* * * *

મનની સમતા, ધ્યાન

"રોજ પંદર કે વીસ હજાર જપ કરવાથી કાંઇક થાય. ખરેખર, કૃષ્ણલાલ, વાસ્તવિક થાય. પહેલાં તે પ્રમાણે કરવું જોઈએ. જો ના થાય તો કહેવું. પરંતુ મન પરોવીને જપ કરવો પડે. માત્ર મોં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલાવ્યે કાંઈ જ ના થાય. જપની સંખ્યા ગણવી એ બધું ઠીક, પરંતુ માત્ર મનની સ્થિરતા માટે. મન જ્યાં ત્યાં જતું હોય, તેને તે દ્વારા કેન્દ્રિત કરી શકાય. જપ કરતાં કરતાં જ્યારે ભગવાનના રૂપનું દર્શન થાય, ધ્યાન થાય, પછી જપની કાંઈ જરૂર નહિ. ધ્યાન થયું એટલે બસ.

મન ચંચળ છે. તે માટે શરૂશરૂમાં તેને સ્થિર રાખવા માટે સહેજ સહેજ નિઃશ્વાસ બંધ કરીને ધ્યાનનો પ્રયત્ન કરવો. તેમ કરવાથી મદદ મળે છે. પરંતુ એ પ્રમાણે બહુ વાર ના કરવું, નહિ તો માથું ગરમ થઈ જશે. ભગવાનનું દર્શન કહો, ધ્યાન કહો, બધું જ મન છે. મનની સમતા એ મોટી વાત છે.

મનુષ્ય તો ભગવાનને ભૂલી જ ગયો છે. તેથી જ્યારે જ્યારે જરૂર જણાય છે, ત્યારે ત્યારે પોતે આવીને પોતે સાધના કરીને પથ દર્શાવી જાય છે. આ વેળા ઠાકુરે આવીને ત્યાગનો માર્ગ બતાવ્યો."

* * * *

આપમેળે ધ્યાન

"જો મન શુદ્ધ હોય તો ધ્યાન ધારણા કેમ થઈ ના શકે? દર્શન કેમ ના થાય? જપ કરવા બેઠા કે તરત જ આપમેળે ભીતરમાંથી ગરગર કરતું નામ શરૂ થાય, પ્રયત્નથી નહિ. જપ, ધ્યાન, એ બધું યથાસમયે આળસ છોડીને કરવું. શરૂશરૂમાં એમ જ થાય. સાધન કહો, ભજન કહો, તીર્થદર્શન કહો, અર્થોપાર્જન કહો, એ બધું જ જીવનની શરૂઆતના ભાગમાં કરવું જોઇએ. પછી તો કોણ જાણે કે શું થશે!"

* * * *

નિર્વાણ

મેં કહ્યુંઃ "જે વેદાંતવાદી સાધુ હોય, તે નિર્વાણ મેળવી શકે?"

મા–"એટલે? માયા જાય તો નિર્વાણ. વાસનાના ભાવથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અસ્તિત્વથી) તો આ દેહ છે. વાસના સહેજ પણ ના હોય, તો દેહ શાનો? એકદમ વાસનારહિત થયા તો પત્યું સમજવું."

* * * *

જ્ઞાનચૈતન્યનો ઉદય

"સાધુ પુરુષની વાત જૂદી છે. તેમનું મન તો શુદ્ધ જ હોય છે. ગંગાતીરે જેઓ વાસ કરે છે, તે બધા દેવતા છે. ગંગાસ્નાન કરવાથી રોજનું પાપ ક્ષય પામે છે.

ગોલાપનું મન કેવું શુદ્ધ છે? તેથી તેને અશુચિ-શુચિનો ખ્યાલ પણ નથી.

હવારૂપી નારાયણ છે. ગંગાતીરે પવિત્ર હવા વાય છે. ઘણી તપસ્યા પછી મનની શુદ્ધિ થાય છે. સાધના વિના કાંઇ થાય નહિ.

અને ભગવાન મળે તોપણ શું થાય છે? શું એ શિંગડાં ઊગતાં હશે? માત્ર મન શુદ્ધ થાય એજ. અને મન શુદ્ધ થાય એટલે જ્ઞાન-ચૈતન્યનો ઉદય થાય."

* * *

વાસના

મેં: "વાસનામાંથી જ ભોગ જન્મે છે. ચાર માળના બંગલામાં રહેવા છતાં વાસના ના હોય, અને ઝાડ નીચે રહેવા છતાં વાસના હોય. એ તો મા, ઠાકુર કહેતા હતા ને કે મહામાયાનો ખેલ ન્યારો છે."

મા: "ખરેખર, તેમ છે."

મેં: "મા, મારા અંતરમાં કેટકેટલી વાસનાઓ ઊઠે છે, તે બધી ક્યારે શમશે?"

મા: "એ બધી વાસનાઓ નથી. એ તો મનના તરંગ છે. એ બધા જાય તો સારું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં: "કાલે બેઠો બેઠો વિચારતો હતો કે જો ઈશ્વરની કૃપા નહિ હોય તો મનની સાથે ક્યાં સુધી ઝૂઝી શકાશે. એક વાસના ગઈ કે બીજી તરત આવે છે."

મા: "જ્યાં સુધી મારાપણું છે, ત્યાં સુધી વાસનાઓ ઊઠવાની જ. પણ તેથી ગભરાવાનું નથી. ઠાકુર રક્ષા કરશે."

મેં: "પણ મારામાં તો તે શ્રદ્ધા નથી, મા. કોઈવાર તેવી શ્રદ્ધા આવે છે, પાછી ચાલી જાય છે. તમે છો તો પછી ભલેને વિપત્તિઓ આવે. તમારી પાસે આવું છું એટલે શાંતિ થાય છે."

મા: "કાંઈ ભય નથી, બાબા, બધું જ સમય પ્રમાણે થઈ રહેશે."

* * * *

શુદ્ધિ, મનની

નલિની નામની માની ભત્રીજી સ્નાન કરીને આવી. તેનું શરીર સારું નહોતું, પણ પાયખાનું ધોવાથી તે ગંગાસ્નાન કરીને આવી. માએ પૂછ્યું: "શું નલિની ગંગાસ્નાન કરી આવી?" નલિનીએ કારણ જણાવ્યું.

મેં કહ્યું કે, નળે નાહી હોત તો ચાલત, માએ પણ તેમજ જણાવ્યું. પણ નલિનીએ કહ્યું: "પણ તેથી કાંઈ સ્નાન વળે, મા? જાજરૂ હતું ને?"

મા: "તેથી શું? વિષ્ટાને તો નથી અડીને? અને કદાચ અડી હોત તો પણ શું? પેટમાં તો વિષ્ટા છે જ..........મનનાં બધાં કારણ છે. માણસ પ્રથમ પોતાનું મન દોષિત કરે છે, ત્યારપછી પારકાના દોષ જુએ છે. પારકાના દોષ જોવાથી શું થાય? પોતાની ક્ષતિ. ક્ષમારૂપી તપસ્યા. અનેક સાધનાતપસ્યા કર્યા પછી આ જન્મમાં મન શુદ્ધ થાય છે."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત વાતમાં માએ કહ્યું: "ભગવાનને કોણ બાંધી શક્યું છે? પોતે જ પકડાયા ત્યારે તો માતા યશોદા તેમને બાંધી શક્યાં, ગોપગોપી તેમને પામી શક્યાં.

વાસનાશૂન્યતા

જ્યાં સુધી વાસના, ત્યાં સુધી આવાગમન ટળવાનું નહિ. વાસનાથી જ દેહાંતર ઘટે છે. એક સંદેશ ખાવાની વાસનાથી પણ પુનર્જન્મ થાય છે. તેથી જ મઠમાં જાતજાતની વસ્તુઓ આવે છે.

વાસનાનું બીજ સૂક્ષ્મ છે. તેમાંથી જતે દહાડે પ્રચંડ વૃક્ષ ઊગે છે. કેવળ વાસનાશૂન્ય તો કોઈક જ હોય. છતાંય વાસનાથી દેહાંતર થાય તોય પૂર્વજન્મની સુકૃતિ હોય તો ચૈતન્ય સમૂળગું જતું નથી. જેઓ વાસનાશૂન્ય છે, તેઓ જ મુક્ત છે."

* * * *

નિર્વાણની વાત ચાલતી હતી. માએ કહ્યું: "દેવતા કહો, કે જે કોઈ કહો, બધું જ પૃથ્વીમાં જન્મે છે. સૂક્ષ્મ દેહે તો ખાવુંપીવું, પહેરવુંઓઢવું, કથાવાર્તા કાંઈ જ થાય નહિ. તેથી વધારે દિવસ રહી શકતા નથી."

માયાનો વિસ્તાર

મેં: "જો એમજ હોય તો દિવસ કેવી રીતે પસાર થતો હશે, મા?"

મા: "લાકડાની પૂતળીની માફક યુગયુગાંતર સુધી જ્યાં હોય ત્યાં જ રહેવાનું. મેં રામેશ્વરમાં જોયું તો રાજાઓની પત્થરની મૂર્તિઓ ઘણી હતી. બધીને પોષાક પહેરાવેલા. જો ભગવાનની ઇચ્છા હોય, તો તેમને પાછા આણી શકે. દેવલોક પણ ઘણા છે,—જનલોક, સત્યલોક, ધ્રુવલોક વગેરે. ઠાકુર કહેતા હતા કે સ્વામીજીને સપ્તર્ષિલોકમાંથી આણ્યા હતા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં: "ત્યારે શું અમારે પણ લાકડાની પૂતળીની માફક રહેવું પડશે?"

મા: "ના, તમારે તેમની સેવા કરવાની. એ રીતે રહેવાય. એક તો અહીંની માફક ભગવાનની સેવા કરવી તે, બીજું યુગયુગાંતર સુધી પુતળીની માફક રહેવું તે."

મેં: "મા, ઠાકુર કહેતા હતા કે ઇશ્વરકોટિ નિર્વાણ પછી પણ પાછા ફરી શકે, બીજા કોઈ નહિ, તો તેનો અર્થ શો?"

મા: "એટલે કે ઇશ્વરકોટિ નિર્વાણ પછી મનને વ્યવસ્થિત રીતે પાછું આણી શકે."

મેં: "પરંતુ જે મન લીન થઈ ગયું, તે કેવી રીતે પાછું આવે? જે જળ તળાવમાં ભળી ગયું તે ફરીથી કેવી રીતે તે જ સ્વરૂપમાં પાછું મેળવાય?"

મા: "બધા તેમ ના કરી શકે, બેટા, જેઓ પરમહંસ હોય, તેઓજ તેમ કરી શકે."

મેં: "બધા વાસનારહિત થઇ શકે, મા?"

મા: "તો પછી સૃષ્ટિ કેવી રીતે ચાલે? તેમ થતું નથી માટે તો આ સૃષ્ટિ છે, વારંવાર જન્મમરણ છે."

મેં: "જો ગંગામાં દેહ પડે તો, મા?"

મા: "માત્ર વાસના નિર્મૂળ થાય તો, નહિ તો હરિ હરિ. વાસના ના જાય તો છેલ્લો જન્મ હોય તોય શું?"

મેં: "મા, ત્યારે આ અનંત સૃષ્ટિમાં ક્યાં શું થઈ રહ્યું હશે તે કોણ જાણી શકે? આ બધા ગ્રહ, નક્ષત્ર વગેરેમાં કોઇ જીવનો વાસ હશે કે નહિ?"

મા: "માયાના આવડા મોટા રાજ્યમાં સર્વજ્ઞ હોવાનો દાવો એક માત્ર ઇશ્વર જ કરી શકે, બેટા."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મ

મેં: "બાબુ હવે તો મઠમાં આવતા પણ નથી. આપને ત્યાં **કર્મનાં ફળ** પણ આવતા નથી. આમ કેમ થયું, મા?"

મા: "હા, જ્યારે કલકત્તા હતી ત્યારે પણ આવતા નહિ."

મેં "આટલા દિવસના પુરાણા ભક્ત, ને આમ કેમ?"

મા: "કર્મનાં ફળ. અનેક જન્મનાં કર્મ હતાં. છેવટે રહી શકયો નહિ. જે બધા તરંગો છે, તે ચાલ્યા જશે તો! કારણ કે એકજ જન્મમાં મુકિત મળવાની."

મેં: "જો તેમની જ ઇચ્છાથી બધું થતું હોય, તો કર્મનાં ફળ પણ કેમ કાઢી નાખતા નથી?"

મા: "તેમની ઇચ્છા હોય તો તેમ પણ થાય. જોને, કર્મનાં ફળ તો તેમને પણ ભોગવવાં પડયાં'તાં! ઠાકુરના મોટાભાઇ બીમારીમાં પાણી પીવા જતા હતા, ત્યાં ઠાકુરે તેમના હાથમાંથી પ્યાલો લઈ લીધો. તેથી મોટાભાઇએ ક્રોધ કરીને કહ્યું: 'તેં મને પાણી પીવા દીધું નહિ, તેમ તું પણ છેવટને સમયે કાંઇ ખાઈપી શકીશ નહિ.' ઠાકુરે કહ્યું: 'દાદા, મેં તો તમારા ભલાને માટે કર્યું, અને તમે તો મને શાપ દીધો!' આ પછી મોટાભાઇ રડવા લાગ્યા. અને કહ્યું: 'ભાઈ, કોણ જાણે શાથી મારા મોઢામાંથી આવી વાણી નીકળી પડી તે મને સમજાતું નથી.'

તો બીમારીને વખતે તેમને પણ કર્મનાં ફળ ભોગવવાં પડયાં. કાંઇ ખાઇ શકયા નહિ. તો એના પણ અનેક જન્મના સંસ્કાર એવા હશે, બેટા."

* * * *

મેં: "જો તેઓ બધાયના માબાપ હોય, તો પછી પાપ સંસ્કાર અને કર્મ કેમ કરાવે છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા: "જીવજંતુ બધાંયમાં પોતે છે એ ખરું, છતાં સંસ્કાર અને કર્મ અનુસાર બધાંય પોતપોતાનાં કર્મફળ ભોગવે. સૂર્ય એક છે, પણ સ્થાન અને પદાર્થ પ્રમાણે તેનો પ્રકાશ ભિન્ન ભિન્ન છે કે નહિ?"

* * * *

પુણ્યકાર્યમાં કાલાકાલ વિચાર

એક વાર મારી ગર્ભધારિણી માતાને તીર્થદર્શને કાશી લઈ જવાની ઈચ્છા દર્શાવતાં તેણે કહ્યું કે હજી સમય યોગ્ય નથી. મેં એ વાત શ્રીમાને જણાવી. તેથી માએ મને કહ્યું: "અકાળે તીર્થે જવાથી પૂર્વ ધર્મ નષ્ટ થાય છે, પરંતુ પુણ્ય કાર્ય જલદી પતાવી નાખવું સારું." માનું આવું સંદિગ્ધ વાકય સાંભળીને સંશય ઉપજ્યો, તેથી મેં ખાત્રી કરવા માટે વધારે સ્પષ્ટ જણાવવાનું કહ્યું. ત્યારે માએ કહ્યું: "સંસારીઓમાં એક માન્યતા છે કે અકાળે તીર્થયાત્રા કરવી ઠીક નથી. જો, કાલાકાલનો વિચાર કરીને પુણ્ય કાર્ય રોકી શકાય, પરંતુ કાળની પાસે કાલાકાલનો વિચાર નથી. અને જ્યારે કાળની પાસે તેમ છે, ત્યારે સુયોગ મળતાં જ કાલાકાલનો વિચાર કર્યા વિના શુભ કાર્ય પતાવી નાખવું સારું."

* * * *

પાપપુણ્ય

નલિની: "પાપની વાત એકવાર મોંએ બોલ્યાં એટલે શું ધોવાઈ ગઈ?"

મા: "ત્યારે નહિ? ઠાકુર તો મહાપુરુષ છે. તેમની પાસે કહ્યાથી ધોવાઈ જાય. અને વળી જ્યાં પાપપુણ્યનો પ્રસંગ થાય, ત્યાં જેટલાં માણસો હોય તે બધાંને તેની સારીનરસી અસરો ભોગવવી પડે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નલિની: "એ કેવી રીતે?"

મા: "જો, ધાર કે એક જણ આવીને તારી પાસે પોતાનાં પાપપુણ્યની વાતો જણાવી ગયો. હવે જ્યારે તારા મનમાં તે માણસની વાત યાદ આવશે, ત્યારે તે પ્રસંગો પણ સાંભરવાના, એટલે તેની અસર પણ થવાની જ, ખરું કે નહિ?"

* * * *

કર્મનાં ફળનું ખંડન મેં: "મા, કર્મનાં ફળનું ખંડન થઇ શકે? શાસ્ત્ર જણાવે છે કે જ્ઞાનનો ઉદય થાય તો થઇ શકે. વળી પ્રારબ્ધ પણ ભોગવવું પડે."

મા: "કર્મમાંથી જ સુખ દુઃખ જન્મે છે...કર્મનાં ફળ ભોગવવાં જ રહ્યાં. છતાં ઈશ્વરના નામથી જ્યાં છરી વાગવાની હોય, ત્યાં સોયથી પતે. જપતપથી કર્મનો ઘણો ભાગ ખંડિત થાય ખરો."

મેં: "ત્યારે જો કર્મના પ્રાધાન્યથી જગત ચાલતું હોય, તો ભગવાનને શા માટે માનવા? બૌદ્ધો તો કર્મને જ માને છે, મા."

મા: "ત્યારે શું કાલી, કૃષ્ણ, દુર્ગા એ બધાં નથી?"

મેં: "જપ તપ દ્વારા કર્મ ખંડિત થાય ખરાં ત્યારે?"

મા: "હા"......

"પરંતુ કામ તો કરવાં જ જોઇએ. કામ કરતાં કરતાં તેનાં બંધન પણ તૂટતાં જાય છે; ત્યાર પછી નિષ્કામ ભાવ આવે છે. એક પળ પણ કાર્ય તજવું ઉચિત નથી."

* * * *

કર્મનું સમર્પણ મેં: "મા, ત્યારે જીવન કેમ ગાળવું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા: "જેમ ગાળો છો તેમ વળી. તેમની વ્યાકુળ ભાવે પ્રાર્થના કરવી. સદાસર્વદા સ્મરણમનન કરવું."

મેં: "મોટા મોટા પુરુષોનું પણ પતન થાય છે તે સાંભળીને ભય થાય છે, મા."

મા: "બધી ભોગની વસ્તુઓ સ્વીકારવાથી ભોગનાં ઉપકરણ તો આવવાનાં જ."

મેં: "પરંતુ મનુષ્ય તો કંઈ જ કરતો નથી, તેઓ જ કરે છે ને?"

મા: "હાસ્તો, પણ એ પ્રમાણે બોધ થાય તો ને? અહંકારમાં મત્ત થઈને બધાં તો માને છે કે હું કરું છું. તેમના ઉપર કેટલા નિર્ભર છે? જે તેમને બધું અર્પણ કરે છે, તેને તેઓ સંભાળે જ છે."

* * * *

સાધુભાવ–સંન્યાસ

એક સાધુને ઉદ્દેશીને માએ કહ્યું: "ઠાકુર કહેતા હતા: સાધુ સાવધાન! સાધુએ હંમેશાં સાવધાન થઈને રહેવું.

સાધુ, સાવધાન!

તેનો માર્ગ ઘણો લપસણો છે. લપસણે માર્ગે ચાલતાં પગ ઠેરવીને ડગલું ભરવું જોઈયે. સંન્યાસી થવું એ શું જેવી તેવી વાત છે? સાધુ તો સ્ત્રી તરફ નજર સરખી ના કરે. ચાલતી વખતે અંગુઠા તરફ દૃષ્ટિ રાખીને ચાલે. સાધુનાં ભગવાં કપડાં કુતરાંની બગલની માફક તેનું રક્ષણ કરશે. તેને કોઇ મારી શકશે નહિ. તેનો માર્ગ સીધો છે. બધાંય તેનો રસ્તો છોડીને ચાલશે."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠાકુર ભગવાન સિવાય કોઇ વિષેની વાત કરતા નહિ. મને કહેતા, 'જોયો મનુષ્યનો દેહ? આજ છે, કાલ નથી. અને સંસારમાં આવીને કેટકેટલાં દુઃખ, કેટકેટલી બળતરા પામે છે! એ દેહને તે વળી પેદા કરવો? એક ભગવાન જ નિત્ય સત્ય છે. તેમનું નામ જ બધું છે. દેહ ધારણ કર્યો એટલે અનેક ઉપસર્ગો આવીને નડવાના.' એક દિવસે વિલાસે આવીને મને જણાવ્યું: 'મા, અમારે કેટલી સાવધાનીથી રહેવું પડે છે!' ખરેખર, સાધુપુરુષો ધોળું વસ્ત્ર છે, સંસારીઓ કાળું વસ્ત્ર છે. કાળા વસ્ત્રમાં ડાઘ પડે તોય જણાય નહિ. પણ ધોળામાં તરત જ જણાઇ આવે. દેહ ધારણ કર્યો ત્યારથી જ બધી મુશ્કેલીઓ. સંસાર તો કામિનીકાંચનમાં મશગુલ છે, સાધુઓને કેટલો ત્યાગ કરીને ચાલવું પડે છે. તેથી જ ઠાકુર કહેતા હતા 'સાવધાન!'"

*　　*　　*　　*

ઉદ્‌બોધનમાં એક દિવસ એક યુવાન ભક્તે જઇને માને કહ્યું: "મા, મારે સાધુ થવું છે." માએ સહેજ હસીને કહ્યું: "જો, બેટા, તમે બધા જ સાધુ થઈ જાઓ તો આ બધાંની દેખરેખ કોણ રાખશે? એમને માટે ખાવાપીવાની વ્યવસ્થા કોણ કરે?" પછી તેણે વિવાહ કર્યો...

નદી, સાપ અને સાધુથી સાવધાન

"બાબા, તારામાં ખૂબ આનંદનો ભાવ છે, તું એ જ પ્રમાણે આનંદમાં મગ્ન રહે. માતા જગદંબાની સામે ગાન ગાઇને જેમ આનંદ મેળવે છે તેમ હંમેશાં આનંદ કર. સાધુ પણ એવા સ્વભાવના હોય છે. છતાં જીવનમાં કેટલીક વાતો યાદ રાખવી. ઠાકુરની દયાથી જ નાનપણથી તને આ માર્ગે રસ છે. માટે આ ત્રણ વસ્તુઓથી ચેતીને ચાલજે. પ્રથમ નદીને તીરે વાસો કરવો તે. બીજું સાપ અને ત્રીજો સાધુ. સાધુથી ચેતવાનું, કારણ કે તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયી વાણીથી કે મનના કયા ભાવથી ગૃહસ્થનું અમંગલ થાય તે સમજાય નહિ. સાધુને જોઈને તેના તરફ ભક્તિ દર્શાવવી, અવજ્ઞાથી જોવું નહિ."

* * * *

માયાથી પર

"સાધુ તો બધી માયાથી પર હોય. તેને માટે સોનાની બેડી પણ બંધન છે, લોઢાની બેડી પણ બંધન છે. તે માયામાં ફસાતો નથી. કેવળ 'માતૃસ્નેહ' 'માતૃસ્નેહ' એ શું! એ વળી બંધન શાં?"

* * * *

સંન્યાસ

આસો માસમાં દુર્ગાપૂજાના દિવસો હતા. સપ્તમીને દિવસે બે યુવક ભક્તો માની પાસે જયરામવાટીમાં આવ્યા. અષ્ટમીને દિવસે પદ્મ એકઠાં કરીને તેમણે માને ચરણે ધર્યાં. તેમાંના એકે કહ્યું: "મા, મને સંન્યાસની દીક્ષા આપો." તેના સાથીદારે તેમાં હા પૂરાવી. મા સહેજ હસ્યાં અને પછી કહ્યું: "બધું થશે, બાબા, ચિંતા શી?" પરંતુ તેણે તો જીદ લીધી, "ના, મા, સંન્યાસ તો દેવો જ પડશે. મને ભગવાં પહેરાવો." પછી મા ગંભીર બનીને બોલ્યાં: "ભગવાંથી તે શું વળે, બાબા? ભગવાંમાં તે કંઈ જાદુ છે? તમે વિવાહ કર્યો નથી, એટલે સંન્યાસી જ છો ના? બીજું બધું ક્રમે થશે." પછી તે ભક્તે કહ્યું: "મારી ઈચ્છા છે કે આ જનોઈ તોડી નાખીને તૈલંગ સ્વામીની માફક સર્વદા ભગવાનના ધ્યાનમાં મગ્ન રહું." માએ હસીને કહ્યું: "વખત આવે બધું થશે." ભક્તની અસ્થિરતા વધી ગઈ. તેણે કહ્યું: "મા, હું તો આ બધું ફેંકી દઉં છું." એમ કહેતાંક ને તેમ કરવા ગયો, ત્યાં માએ તેને વાર્યો અને કહ્યું: "રહેવા દે, રહેવા દે, વખત આવશે એટલે આપમેળે બધું જ થશે". છતાંય તેનો પારો ઊતર્યો નહિ. "મા, ઠાકુરના ગાંડપણનો એક છાંટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને આપો, મને પાગલ કરી દ્યો." માએ એનું એ જ કહ્યું. પછી બન્ને જણ પ્રણામ કરીને ગયા.

* * * *

દીક્ષા, પ્રાણના ભીતરમાં

એક વાર સ્વપ્નમાં મેં જોયું કે મા જાણે મને કહી ગયાં: "બ્રહ્મચર્ય લે." પછી તે વાત મેં માને જણાવી. માએ મને સંન્યાસની દીક્ષા દેવાનું નક્કી કર્યું. મને ઠાકુરના ઓરડામાં લઈ ગયાં, પછી તે બંધ કરી દીધો. મને કહ્યું: "પહેરણ કાઢી નાખ." પછી તરભાણામાંથી પાણી લઈને તેની છાંટ મારા ઉપર નાખી. મારી નાભિ, છાતી, અને માથા ઉપર તેમણે હાથ મૂકીને કાંઈક કર્યું. નવું કપડું લઈને કહ્યું: "જો, પેલા ઠાકુર રહ્યા. બોલ કે આજે મેં મારી બધી જવાબદારી આપને સોંપી." પછી તે વસ્ત્ર મારા હાથમાં દઈને તેમણે કહ્યું: "આજે તારા પ્રાણના ભીતરમાં મેં સંન્યાસની દીક્ષા આપી. ચૈતન્ય થાઓ." આમ કહ્યું કે મારા શરીરમાં કોઈ અપૂર્વ ભાવનો સંચાર થયો! થોડા દિવસો સુધી તે ભાવ સતત પ્રાણમાં જાગ્રત રહ્યો.

* * * *

સંન્યાસ, બાહ્ય ને આંતરિક

એક ભક્તે માને પૂછ્યું: "મા, ઠાકુર કહેતા હતા કે અહીંયાં જેઓ આવશે, તે બધાંનો છલ્લો જન્મ સમજવો. વળી સ્વામીજી કહે છે કે સંન્યાસ વિના કોઈની મુક્તિ નથી. ત્યારે મા, ગૃહસ્થને માટે શો ઉપાય?" માએ તેના ઉત્તરમાં જણાવ્યું: "હા, બેટા, ઠાકુરે જે કહ્યું તે પણ ખરું. પરંતુ ગૃહસ્થને માટે બાહ્ય સંન્યાસની જરૂર નથી, તેમને આંતરિક સંન્યાસ આપમેળે થશે. છતાં કોઈ કોઈને બાહ્ય સંન્યાસ પણ જરુરી હોય છે. તારે ભય નથી, બેટા? ઠાકુરને શરણે જવું."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સવારે માને પૂછ્યું: "મા, મઠમાં રહેવું હોય તો સંન્યાસ લેવો જોઇએ ?" માએ કહ્યું કે એ તો થશે.

અભિમાન મેં કહ્યું: "મા, સંન્યાસ લેવાથી જખરું અભિમાન આવે છે." મા: "હા, બેટા. મને પ્રણામ કર્યાં નહિ, મને માન્ય કર્યો નહિ, આ કર્યું નહિ, વગેરે! તેના કરતાં તો આ શું ખોટું. વૃંદાવનમાં ગૌર શિરોમણિએ વૃદ્ધાવસ્થામાં દીક્ષા લીધી, જ્યારે ઇન્દ્રિયો વગેરેનો પ્રભાવ ઓછો થઈ ગયો ત્યારે. રૂપનું અભિમાન, ગુણનું અભિમાન, વિદ્યાનું અભિમાન, સાધુપણાનું અભિમાન,– એ તે ટાળ્યાં ટળે, બેટા ?"

* * * *

સિદ્ધના પ્રકાર મા: "સંસારમાં, બેટા, કાંઇ સુખ છે? કામિની અને કાંચન, એમાં જ બધાં ભાન ભૂલીને રહે છે. જ્યાં જુઓ ત્યાં ભોગ."

મેં: "અને વળી પાછું બહિર્મુખ મન, મા ?"

મા: "જગદંબા કાલી, એ જ બધાંયની માતા છે. સ્વંતઃસિદ્ધ, સાધનસિદ્ધ, કૃપાસિદ્ધ, એકદમ સિદ્ધ, એવા સિદ્ધ ઘણાય છે."

મેં: "મા, છેલ્લા કેવા હોય ?"

મા: "જેવી રીતે પારકાનું ધન મેળવીને કોઈક મોટો ધનિક બની જાય તેમ."

* * * *

શ્રદ્ધા, કૃપા, શરણાગતિ, ભક્તિ ઇત્યાદિ

મેં: "મા, બધાય જણાવે છે કે કલ્પતરુની પાસે જઇને કાંઇક માગવું જોઇએ, પણ બાળક માની પાસે શું માગે ? જેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી જરૂર, તેને તેવું મા દે છે. ઠાકુર કહેતા હતા કે જેને જે રુચે તેને તેવું મા દે છે. તો કયું પથ્ય છે, મા ?"

મા: "મનુષ્યની વળી કેટલી બુદ્ધિ, બેટા ? શું માગવા જાય અને શું માગી આવે ? પરિણામે શિવની મૂર્તિ ઘડતાં વાનરની ઘડાઇ જાય ! માટે તેમને શરણે જવું ઉત્તમ છે. જેની જેવી જરૂર હશે, તેને તેવું દેશે. છતાંય ભક્તિ અને વાસનારહિત થવાની કામના કરવી, માત્ર કામના માટે કામના નહિ હોં."

મેં: "ઠાકુર કહેતા હતા કે જેઓ અહીં આવે છે તેમને માટે છેલ્લો જન્મ છે. સ્વામીજી વળી જણાવે છે કે સંન્યાસ લીધા વના કોઇની મુક્તિ નથી. ત્યારે ગૃહસ્થનું શું, મા ?"

મા: "બરાબર, ઠાકુરે જે કહ્યું તે પણ ઠીક છે. ગૃહસ્થીને બાહ્ય સંન્યાસની જરૂર નથી. તેમના અંતરમાં સંન્યાસ આપમેળે જ પ્રકટે. તેમની શરણાગતિ વાંછો, તેઓ તમારી પાસે જ છે."

* * * *

મેં: "મા, ઠાકુર કહેતા હતા કે જેઓ તેમની પાસે જશે તેમનો છેલ્લો જન્મ. ત્યારે આપની પાસે આવે તેમનું શું ?"

મા: "શું કેમ ? એનું એ."

મેં: "મા, આપની પાસેથી જેમણે મંત્ર લીધો હોય તેઓ જો કોઈ જાતનું જપતપ વગેરે કાંઈ ના કરે, તો શું થાય ?"

મા: "શું કેમ ? તમને બધાંને આવી ચિંતા કેમ થાય છે ? તમે તમારે તમારા મનની જે જે વાસના, જે જે કામના હોય, તે બધી છૂટથી ભોગવી લો. પછી રામકૃષ્ણલોકમાં ચિર શાંતિ ભોગવો. ઠાકુરે તમારે માટે નવું રાજ્ય રચ્યું છે."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકવાર સંધ્યા વેળા હતી. માએ જણાવ્યું: "નવા ભક્તોને પ્રથમ ઠાકુરની સેવા કરવાનું કામ સોંપવું જોઇએ, કારણ કે તેમનો અનુરાગ તાજો હોય છે, તેથી સેવા સારી થાય છે, બીજાં બધાં તો સેવા કરતાં કરતાં છેવટે વેઠ ઊતારે છે. અને માત્ર સેવાથી પણ કાંઇ વળે, બેટા! સેવાપરાધ ના થાય તે તરફ ખાસ ધ્યાન રાખવું પડે છે. છતાંય ઠાકુર જાણે છે કે મનુષ્ય અંતે અજ્ઞ છે, એમ જાણીને ક્ષમા આપે છે. ચંદનમાં કાંકરી ના હોય, ફૂલ કે બીલીપત્રમાં કીડા ના હોય, પૂજા કરતી વખતે પોતાના કોઇ અંગને, વાળને કે વસ્ત્રને હાથ ના અડકે, એ બધાંની સંભાળ રાખવી જોઈએ. બધી સાધનસામગ્રી ખૂબ પ્રયત્નપૂર્વક સાચવવી જોઇએ."

* * * *

એકવાર ફૂલ લઈને માની પાસે ગઈ- મા તે વખતે પૂજામાં હતાં. મારી પાસેનાં શિવલી ફૂલ જોઈને માએ મને કહ્યું: "બહુ સરસ થયું. કાર્તિક માસમાં શિવલી ફૂલથી પૂજા કરવી જોઇએ. હજી સુધી એ ફૂલ ઠાકુરને ચડાવવામાં આવ્યાં નથી."

* * * *

વારંવાર મા 'શેષ જન્મ' 'શેષ જન્મ' એમ કહે છે, તેથી મેં માને એક વાર પૂછ્યું: "મા, શેષ જન્મ એટલે શું? ઠાકુર પણ તેમ કહેતા, તમે પણ એમ કહો છો."

મા: "એટલે જેમને આવવાજવાનું નહિ તેઓ. આ જ તેમનો છેલ્લો જન્મ."

મેં: "એમનામાંના ઘણાને તો વાસના છે. સંસાર, છૈયાંછોકરાં, કુટુંબપરિવાર, બધું છે. એ બધાં તરફની વાસનાનો નાશ થયા વિના આવાગમનનો ફેરો કેવી રીતે ટળે, મા?"

મા: "ઠાકુરે જે કહ્યું તે સાચું જ માનવું. અત્યારે વાસના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો ભલે હોય, જેને જે કરવું હોય તે કરે, પરંતુ અંત વખતે તે બધું ચાલ્યું જ જવાનું."

મેં: "ત્યારે શેષ જન્મ એટલે નિર્વાણ ને?"

મા: "હા, કદાચ દેહ છોડવાની વખતે પણ મન વાસના-રહિત બને."

મેં: "મા, ઠાકુર ઘણાંને પોતાનાં માણસ તરીકે પીછાનતા, તો તેનો અર્થ શો?"

મા: "જેવી રીતે રાજા જ્યારે ક્યાંક જાય છે, ત્યારે તેની આસપાસનાં પણ તેની સાથે જાય છે, તેવી રીતે જે પોતાનાં અંતરંગનાં છે, તે બધાં યુગયુગનાં સાથી છે, તે બધાં એકબીજાનાં સુખે સુખી, દુ:ખે દુ:ખી, વ્યથાથી વ્યથિત હોય છે."

*　　*　　*　　*

એક ત્યાગી ભક્ત જયરામબાટીમાં માનું દર્શન કરીને હૃષીકેશ ગયો. થોડા દિવસ પછી તેણે કાગળ લખ્યો કે મા, તમે જણાવ્યું હતું કે યોગ્ય સમયે તને ઠાકુરનાં દર્શન થશે, તો તે પ્રમાણે થયું નહિ. માએ કાગળ સાંભળીને કહ્યું: "તેને લખી દે કે તું હૃષીકેશ ગયો એટલે ઠાકુર કાંઈ તારે માટે આગળ જઈને તારી રાહ જોતા બેઠા હશે! સાધુ થયો તો ભગવાનનું સાધનભજન કર. તેમની કૃપા થશે ત્યારે આપમેળે બધું થશે."

*　　*　　*　　*

મુક્તિની વાત નીકળી. માએ કહ્યું: "એ કેવી છે, ખબર છે, બેટા? જાણે કે બાળકના હાથનો પેંડો. કેટકેટલા માગણી કરે છે, કહે છે મને આપો, મને આપો. પણ કોઈને તે મળતો નથી. જેના ઉપર તે ખુશ થાય છે, તેને ઝટ દઈને આપી દે છે. કોઈ આખું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન માથું ફોડીને મરી ગયો, પણ કાંઈ કરી શક્યો નહિ, અને બીજો વળી ઘેર બેઠાં બેઠાં પામી ગયો. કૃપાની વાત મોટી છે, બેટા."

*   *   *   *

"બે મહિના આરા જીલ્લાના એક સ્થળમાં હતી. ત્યાંનાં હવા-પાણી ઘણાં સારાં. મારી સાથે ગોલાપ, બાબુરામની મા અને બળ-રામનો પરિવાર વગેરે હતાં. તે પ્રદેશમાં હરણનાં ટોળાંનો પાર નહિ, બેટા. એવાં દોડે, એવાં દોડે. આહા! ઠાકુર કહેતા કે હરણની નાભિમાં જ્યારે કસ્તુરી થાય છે, ત્યારે તેની ગંધથી હરણ ચારેબાજુ તેની શોધમાં બહાર દોડે છે. પણ બીચારાને ખબર નથી કે ગંધ ક્યાંથી આવી રહી છે? ભગવાન પણ આપણામાં જ છે, બેટા. ખરેખર, ભગવાન જ સત્ય છે, બેટા, કેમ નહિ?"

*   *   *   *

મેં: "મા, ભગવાનના નામથી પ્રારબ્ધનો ક્ષય થાય કે નહિ?"

મા: "પ્રારબ્ધના ભોગ ભોગવવા જ પડે. છતાં ભગવાનના નામથી એટલું થાય કે જેમ કોઈનો પગ ભાંગવાનો હોય, તો તે ઠેકાણે કાંટો વાગીને તે ભોગવી લે, બસ."

*   *   *   *

એકવાર 'રામકૃષ્ણ પોથી' વંચાતું હતું. તેમાં વિવાહના ભાગનું વર્ણન હતું. માને તેમાં જગન્માતા તરીકે વર્ણવેલાં હતાં. એક ઠેકાણે આવ્યું કે—" ગિરીશ: વળી એક વાત, ઠાકુર!"

ઠાકુર:–' શી?' ગિરીશ: 'અહેતુકી ભક્તિ.'

ઠાકુર: "અહેતુકી ભક્તિ તો ઈશ્વરકોટિને જ હોઈ શકે, જીવકોટિને નહિ."

મેં પૂછ્યું: "મા, જીવકોટિ અને ઈશ્વરકોટિ એટલે શું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા: " ઈશ્વરકોટિ પૂર્ણકામ હોય છે, તેથી તે અહેતુક ગણાય; કારણ કે જ્યાં સુધી કામના હોય, ત્યાં સુધી અહેતુકી ભક્તિ સંભવે નહિ."

* * * *

એક શિષ્ય રડતો હતો. તેને જોઈને માએ કહ્યું: " રડ નહિ, બેટા. તમે જ બધાં ભગવાન છો. ભગવાનને માટે કોઈ કાંઈ ત્યજી શક્યું છે? ઈશ્વરને શરણે જવાથી વિધિના વિધિનું પણ ખંડન થઈ શકે છે. પોતાની કલમને પોતાને હાથે ઘડવી પડે છે. અને ભગવાન મળવાથી શું થતું હશે? બે શિંગડાં ઊગતાં હશે?

સદસદ્ વિચારણા આવે, જ્ઞાનચૈતન્યનો ઉદય થાય, જન્મ-મૃત્યુ ચાલ્યાં જાય. ભાવનામાં લાભ છે, બેટા. તે સિવાય કોણે વળી ભગવાનને જોયા છે? કોની સાથે ભગવાને વાતો કરી છે? ભાવમાં દર્શન, ભાવમાં કથાવાર્તા,—ભાવમાં જ સર્વસ્વ છે."

* * * *

પ્રેમભક્તિની વાત નીકળી. માએ કહ્યું: " વૃંદાવનમાં ગોવાળોએ શું કૃષ્ણને જપ ધ્યાન દ્વારા મેળવ્યા હતા? તેમણે તો 'આય, ખા, લે,' એમ કહીને તેમને મેળવ્યા હતા."

મેં: " તેમના પ્રેમ વગર તેમને માટે પ્રાણ કેવી રીતે વ્યાકુળ બને, મા?"

મા: " તેથી જ તો, તેમની કૃપાની વાત સૌથી મોટી છે."

* * * *

રાત્રે માની સાથે વાતો નીકળી. મેં કહ્યું: " મા, ભગવાનની કૃપા હોય તો ગમે ત્યારે પણ થાય, સમયની અપેક્ષા રહે નહિ." ઉત્તરમાં માએ જણાવ્યું: " એ તો ઠીક, પરંતુ જે આંબો જેઠ માસમાં ફળે તે જેવો મીઠો થાય, તેવો બીજા માસમાં થાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્ય હમેશાં અકાળે ઉતાવળથી પરિણામ મેળવવાનો પ્રયત્ન કરે છે. જોને અત્યારે આસો માસમાં પણ કેરી તો થાય છે, પણ તેની મીઠાશ ને પેલીની મીઠાશ ! ઇશ્વરપ્રાપ્તિની વાતમાં પણ તેવું જ છે. આ જન્મમાં જે કાંઈ સાધના કરી હોય, તેનો ભાવ બીજા જન્મમાં ઘનીભૂત થાય, વળી ત્રીજામાં તેનો વિકાસ થાય, એમ ચાલ્યાં કરે... ભગવાન તો બાળકના જેવા છે, કોઈ કદાચ ના માગે તોય આપી દે, અને કોઇ માગ્યાં કરે છતાં ના આપે. એ બધી એમના ખ્યાલની વાત છે."

* * * *

કોઇ એક સાધુ કાશીમાં મણિકર્ણિકાને ઘાટે ખૂબ તપસ્યા કરતો હતો. હું કલકત્તા આવવાનો હતો તે વખતે તેણે મને કહ્યું: "માને પૂછી જુઓ કે કેટલા દિવસો પછી મારા પર ભગવાનની કૃપા થશે ?" મેં એ વાત માને જણાવી, એટલે ગંભીર થઇને માએ જણાવ્યું: "તેને લખી દે કે તપસ્યા કરે છે તેથી ભગવાનની કૃપા થશે એ માનવાનું કાંઈ કારણ નથી. પહેલાં તપસ્વીઓ ઊંચે પગ અને નીચે માથું રાખીને અગ્નિ ધખાવીને હજારો વર્ષો તપશ્ચર્યા કરતા. તેથી કરીને ભાગ્યેજ કોઈના પર તેમની કૃપા થતી. બધું તેમની કૃપા પર નિર્ભર છે."

* * * *

મા: "હાસ્તો, તેમની કૃપાની જરૂર છે. કૃપાને પાત્ર હોવું જોઇએ."

મેં: "કૃપાને વળી પાત્રાપાત્ર કેવું, મા ? કૃપા તો બધાંય પર સમાનભાવે હોય."

મા: "નદીને તટે બેસીને જે તેમના નામનો અહાલેક પોકારે તે જ પાર જાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં: "જ્યારે સમયે જ બધું થવાનું હોય, ત્યારે તેમની કૃપાની વાત ક્યાં?"

મા: "જો માછલીને પકડવી હોય તો દોરી ઝાલીને બેસી રહેવું પડે."

મેં: "જો તેઓ પોતાના જ હોય, તો બેસી શાને રહેવું પડે?"

મા: "અલબત્ત, અકાળે પણ બને છે. આજકાલ જેવી રીતે અકાળે ફળ ફળે છે તેવી રીતે. ભાદરવામાં પણ કેરીઓ આવે જ છે ના?"

મેં: "તેમને મેળવી ના શકાય, ત્યારે?"

મા: "જેવો ભાવ તેવો લાભ."

મેં: "ભાવ તો માત્ર સ્વપ્નવત્ છે, મા?"

મા: "ત્યારે તો જગત પણ સ્વપ્નવત્ નથી? આપણી આ જાગ્રત અવસ્થા એ પણ શું સ્વપ્ન નથી?"

મેં: "ના, મા, એ તો સ્વપ્ન નથી. એમ હોય તો પળમાં ભાંગી જાત. આ તો જન્મ જન્મથી ચાલ્યું આવ્યું છે."

મા: "ભલે, સ્વપ્ન વિના કાંઇ જ નથી. રાતે જે સ્વપ્ન જણાય છે તે અત્યારે નથી. એક ખેડુતે સ્વપ્ન જોયું કે તે રાજા થયો, આઠ છોકરાંનો બાપ થયો. સ્વપ્ન ભાંગી ગયું એટલે બિચારો કહેવા લાગ્યો, 'આઠ છોકરાં માટે રડું કે આ એકને માટે રડું? ખરું શું?'"

* * * *

એક વાર ભગવાનમાં શ્રદ્ધા વિષે વાત નીકળી. મા બોલ્યાં: "બાબા, માત્ર વાંચવાથી તે કાંઈ શ્રદ્ધા પ્રગટતી હશે? ઘણું વાંચવાથી તો ઊલટો ગોટાળો વધે. ઠાકુર કહેતા હતા કે, જગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિથ્યા છે, તેઓ જ માત્ર સત્ય છે. એટલું સમજીએ તોય ઘણું છે. આ જોને, મેં તને પત્ર લખ્યો હતો કે આવે ત્યારે આટઆટલી ચીજો સાથે લેતો આવજે. તો તે પત્રની જરૂર ક્યાં સુધી? જ્યાં સુધી તેમાં શું છે તે જાણે નહિ ત્યાં સુધી. જેવું જણાઈ ગયું કે પત્રની જરૂર મટી ગઈ, નહિ? કારણ કે તારે તો મંગાવેલી વસ્તુઓ સાથે મારું દર્શન કરવું છે. નહિ તો રાત દિવસ કાગળ વાંચ્યાં કરે, વાંચ્યાં જ કરે, તેથી વળે શું, બેટા?"

મેં: "પરંતુ, મા, આટઆટલી વારથી આવું છું ને જાઉં છું, આપની કૃપાનો લાભ પણ પામ્યો છું; છતાં જાણે કે કાંઈજ થતું નથી! મને તો, મા, લાગે છે કે જાણે જ્યાં હતો, ત્યાંને ત્યાંજ છું."

મા: "બેટા, ધાર કે તું એક ખાટલામાં સૂતો છે. કોઈ આવીને તને ખાટલા સાથે બીજે ઠેકાણે લઈ જાય છે. તો તારી ઊંઘ ઊડતાંજ શું તું તરત સમજી શકીશ કે તારું સ્થાનાંતર થયું છે? કે પછી જ્યારે તારી ઊંઘનું આળસ જશે ત્યારે સમજી શકીશ?............

એક વાર બીજા ભક્તને મેં કહ્યું હતું કે મારે જે કાંઈ કરવાનું તે મેં દીક્ષા વેળાએ કરી દીધું હોય છે. છતાંય જો તરત શાંતિ જોઈતી હોય, તો સાધનભજન કરો; નહિ તો દેહાંતે થશે."

* * * *

મુક્તિ અને ભક્તિ વિષે વાત નીકળી. માએ કહ્યું: "મુક્તિ તો પ્રતિ ક્ષણે દઈ શકાય, પરંતુ ભક્તિ ભગવાન સહેજમાં દેતા નથી." બોલતી વખતે મા એવા ભાવથી બોલ્યાં કે જાણે મુક્તિ તો તેમની મુઠીમાં ના હોય! બોલીને તરતજ શાંત સમાહિત થઈ ગયાં.

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં: "કેવી રીતે ભગવાન મળે? પૂજા, જપ, ધ્યાન વગેરેથી, મા?"

મા: "કશાથી નહિ!"

મેં: "કશાથી નહિ?"

મા: "હા, કશાયથી નહિ."

મેં: "ત્યારે શાનાથી મળે?"

મા: "માત્ર તેમની કૃપાથી. છતાંય ધ્યાન, જપ વગેરે જરૂરી છે. તેથી કરીને મનનો મેલ જાય છે. જેવી રીતે ફૂલને મસળતાં તેમાંથી તેની ખુશબો નીકળે છે, ચંદનને ઘસતાં તેમાંથી તેની સુગંધ નીકળે છે, તેવી રીતે ભગવતતત્ત્વની આલોચના કરતાં કરતાં તત્ત્વજ્ઞાનનો ઉદય થાય છે. જો વાસના ચાલી જાય તો કશાની જરૂર નથી."

* * * *

એક વાર એક સ્ત્રી ભક્તે માને પોતાના બંધુના મનોમાલિન્યની વાત જણાવી. માએ કહ્યું: "જો બેટા, માનવની સાથે પ્રેમ કરવાથી દુઃખ, ક્લેશ, વગેરે સહન કરવાં પડે છે; પરંતુ જે ભગવાનને પ્રેમ કરી શકે છે, તેજ ખરો ધન્ય છે. તેને કાંઈજ થતું નથી."

* * * *

એક સ્ત્રી ભક્તે માને જણાવ્યું કે, "મા, મારી ઉંમર નાની છે. મારાં સાસુસસરા મને અહીં આવવા દેતાં નથી. તો આપની કૃપા વાંછું છું." માએ લખી જણાવ્યું: "તારે અહીં આવવાની કાંઈજ જરૂર નથી. જે ભગવાન વિશ્વબ્રહ્માંડમાં વ્યાપી રહેલ છે, તેમનું જ ધ્યાન ધર. તેજ તારા પર કૃપા કરશે."

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ભક્તે અભિમાન સાથે પત્ર લખ્યો હતો. માએ તેનો ઉત્તર આપતાં જણાવ્યું હતું કે, "ઠાકુર કહેતા હતા કે શુક, વ્યાસ એ બધા તો મંકોડા જેવા છે. એવા તો અનંત સૃષ્ટિમાં કેટલાય છે. તમે જો ઇશ્વરનું સ્મરણ નહિ કરો, તો તેમને શું? એ તો તમારું દુર્ભાગ્ય! ભગવાનની માયાજ એવી છે." મેં કહ્યું: "મા, બધા કાંઈ નથી ઇચ્છતા તેમ નથી. જો ના ઇચ્છતા હોય, તો આવા પ્રશ્નોજ કેમ ઊઠે? પરંતુ જેમને પોતાના માનીને પકડવા જઈએ છીએ, તેઓ તો પકડાતાજ નથી, તેથીજ આટલું લાગી આવે છે. બુદ્ધ, ચૈતન્ય, ખ્રિસ્ત એ બધાએ ભક્તો માટે કેટકેટલું કર્યું?"

મા: "ઠાકુર પણ શું નથી કરી ગયા? છતાં આપણે ક્યાં પળેપળ તેમને સમર્પણ કરીએ છીએ?"

મેં: "હા, મા, મનુષ્ય કાલી, દુર્ગા, વગેરેને ઇશ્વર તરીકે માની શકે, પરંતુ મનુષ્યને ઇશ્વર માનીને તેના ઉપર શ્રદ્ધા રાખવી, એ કેમ બને?"

મા: "એ તો છે તેમની કૃપાની વાત."

* * * *

મેં: "અત્યારે જે બધા તમારી કૃપા મેળવે છે, તે બધા તો ખરેખર ભાગ્યશાળી છે. પણ તમારા ગયા પછી બીજા બધાનું શું થશે?"

મા: "એ વળી શું? ભગવાન તો સર્વત્ર સર્વકાળ રહેલ જ છે. ઠાકુર પણ છે. તેમની કૃપાથી બધું જ થાય. શું બીજા દેશોમાં નહિ થતું હોય?"

* * * *

મેં: "મા, મને સર્વત્યાગી કરી દો, જેથી કાંઇ આકર્ષણ ના રહે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા: "સર્વત્યાગી તો છું જ. શું એ શિંગડાં ઊગાડવાં છે?"

* * * *

મેં: "મા, બ્રહ્મજ્ઞાન કેવી રીતે થાય? શું પ્રત્યેક વિષય લઇને પ્રથમ અભ્યાસ કરવો જરૂરી છે, કે પછી આપમેળે થાય?"

મા: "એ માર્ગ તો ઘણો કઠણ છે, બેટા. ઠાકુરનું સ્મરણ કરવાથી બધુંજ મળશે."

* * * *

મેં: "મા, ભગવાનનું દર્શન એટલે શું જ્ઞાનચૈતન્યની પ્રાપ્તિ માત્ર? કે બીજું કાંઇક?"

મા: "ત્યારે બીજું શું વળી? શું વળી એ શિંગડાં ઊગે?"

મેં: "અહીંયાં ઘણા ભક્તો માને છે કે જાણે ભગવાનનું દર્શન થાય એટલે તેમને નજરે જોવા તે, તેમની સાથે વાતચીત કરવી તે."

મા: "'બાબાને બતાવો, બાબાને બતાવો,' એમ કહે છે. પરંતુ એ તો કોઇના બાબા નથી, બેટા. 'ગુરુ, કર્તા, બાબા,' એ ત્રણેય એમને શરીરે કાંટા ભોંકતા. કેટકેટલાય મુનિઓએ યુગયુગાંતર તપસ્યા કરી છતાં મળ્યા નહિ. તો વળી સાધના વિના, તપસ્યા વિના, માત્ર બોલ્યાં કે અમને બતાવો!"

મેં: "અચ્છા મા, પરંતુ કેટલાક માગે છે ને પામતા નથી, કેટલાક માગતા નથી, છતાં પામે છે,—એ શું?"

મા: "ઈશ્વર તો બાળકના જેવા સ્વભાવવાળા છે ને! કોઈ માગે તેને દે નહિ, ના માગે તેને દઇ દે. કદાચ પૂર્વ જન્મમાં ઘણું કર્યું હોય, તો તેના પર કૃપા થાય."

મેં: "ત્યારે તો કૃપામાં પણ વિવેક ખરો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા: "હાસ્તો, જેવું જેનું કર્મ. કર્મ શેષ થાય એટલે એમનાં દર્શન. તે છેલ્લો જન્મ."

મેં: "મા, જ્ઞાનચૈતન્યના ઉદય માટે તો સાધના, કર્મક્ષય, સમય એ બધાં ખરાં. પરંતુ જો તેઓ પોતાના જ હોય તો તેમની ઇચ્છાથી જ દર્શન થઈ શકે નહિ?"

મા: "ખરી વાત છે, પણ આ સૂક્ષ્મ વાત જેવી રીતે તું સમજે છે, તેવી રીતે બીજા કેટલા સમજે છે? બધાં તો માત્ર કરવા ખાતર કર્યે જાય છે. ઈશ્વરને ખરેખર કોણ માગે છે?"

મેં: "મેં આપને એકવાર કહ્યું હતું કે બાળક જો પોતાની માને પણ સ્નેહપૂર્વક યત્નપૂર્વક ના પામે તો પોતાની માને મા તરીકે પણ જાણી શકે નહિ."

મા: "હાસ્તો, દર્શન વિના પ્રેમ ક્યાંથી સંભવે? આ જોને તારી સાથેના દર્શનથી,—હું તારી મા છું, તું મારો બાળક છે."

* * * *

ઠાકુર જ્યારે કામારપુકુરમાં રહેતા હતા, ત્યારની એક વાત માએ જણાવી: "જેઠ મહિનો હતો. ખૂબ વરસાદ પડ્યો. પાણીથી ખેતર બધાં ભરાઈ ગયેલાં. ઠાકુર તે વખતે દિશાએ ગયા. ત્યાં ઘણા મગરમચ્છો જોઈને ઠાકુર તેમને લાઠીથી મારતા હતા. તેમાંનું એક માછલું ઠાકુરના પગની આસપાસ ફરતું હતું. તે જોઈને તેઓ બોલ્યા: 'એને મારીશ નહિ, અલ્યા, એ જોને મારે શરણે આવીને કેવું ઘૂમી રહ્યું છે. આહા, જ્યારે કોઈ આ પ્રમાણે શરણાગત થાય, ત્યારે જ તે આ મહામાયાના ફંદામાંથી બચી જાય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્તિપૂજા

એકવાર માની પાસે કાલીઘાટના શિવનારાયણ પરમહંસની બે શિષ્યાઓ આવી. તેમણે ભગવાં ધારણ કર્યાં હતાં. તેમને ત્યાં તે વખતે રાતદિવસ યજ્ઞ ચાલતો હતો. થોડીવાર પછી મા આવ્યાં એટલે તેમાંના એકે પૂછ્યું: "આપને એક વાત પૂછવી છે." માએ કહ્યું, ભલે. ત્યારે ભગવાંવાળી શિષ્યાએ પૂછ્યું: "મૂર્તિપૂજામાં કાંઇ સત્ય છે કે નહિ? અમારા ગુરુ કહે છે કે મૂર્તિપૂજામાં કાંઇ જ નથી. પૂજા કરવી હોય તો સૂર્યની કે અગ્નિની પૂજા કરો."

માઃ "જ્યારે તમારા ગુરુ તેમ કહે છે, ત્યારે મને તે વિષે શા માટે પૂછો છો? ગુરુવાક્યમાં શ્રદ્ધા રાખવી જોઇએ."

તે શિષ્યાએ કહ્યું: "ના, આપનો મત તો અમારે જાણવો જ છે." માએ તે વિષે કાંઈ પણ કહેવાની ના કહી, પણ તેમણે માન્યું નહિ. પછી માએ કહ્યું: "જુઓ ત્યારે,–આ બધું તમારી જીદનું ફળ છે, વાતમાં વાત નીકળી ત્યારે કહું છું–તમારા ગુરુ સર્વજ્ઞ હોત તો તે પ્રમાણે ના બોલત. આદિકાળથી માંડીને કેટકેટલા મનુષ્યો મૂર્તિની ઉપાસના કરીને મુક્તિ પામ્યા છે, તેમનું શું? ઠાકુરની તેવી સાંકડી બુદ્ધિ નહોતી. બ્રહ્મ બધે છે. સાધુ પુરુષો બીજાને માર્ગ જણાવે છે. માર્ગ અનેક છે, તેથી તે બધાયની વાતો ખરી છે. જેવી રીતે એક ઝાડ ઉપર ધોળું, કાળું કે રાતું એમ અનેક રંગરંગનાં પંખી બેસે અને જાતજાતની બોલી બોલે; સાંભળવામાં તે બધી જૂદી ગણાય, પરંતુ તે બધાંને અંતે પંખીના બોલ ગણીએ છીએ." આ પ્રમાણે માએ બધાંને સમજાવ્યું. પછી ઘણી ચર્ચાને અંતે પેલાં બન્ને જણ ખુશ થઇને ગયાં. તેમના ગયા પછી માએ મને કહ્યું: "સ્ત્રીજાતિ ને વળી તર્ક! જ્ઞાની પુરુષો જ તર્કદ્વારા તેની બૃહત્તા કળી શકે! બ્રહ્મ તે શું માત્ર તર્કની વસ્તુ છે?"

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં: "છબીમાં શું ઠાકુર છે, મા?"

મા: "ત્યારે શું નથી? છાયા અને કાયા સમાન છે. છબી તો તેમની છાયા છે."

મેં: "બધી છબીઓમાં પોતે છે?"

મા: "હા, બોલાવતાં બોલાવતાં તેમાં આવિર્ભાવ થાય છે. સ્થાન એક પીઠ બની જાય છે. ધારો કે આ સ્થાનમાં કોઇએ તેમની પૂજા કરી, તો તે તેમનું સ્થાનક બની ગયું."

મેં: "ત્યારે તો બધાં સ્થાનકોમાં તેમની સ્મૃતિઓ જડિત હોય?"

મા: "ના, એ સ્થાનમાં તેમની દૃષ્ટિ હોય."

મેં: "ત્યારે ઠાકુરને જે ભોગ ધરવામાં આવે છે, તે શું ઠાકુર ખાય છે?"

મા: "હા, ચોક્કસ."

મેં: "ત્યારે તેની નિશાની તો જણાતી નથી?"

મા: "તેમની આંખમાંથી પ્રકાશનું કિરણ નીકળીને બધા પદાર્થો ચૂસે છે. તેમના અમૃતમય સ્પર્શથી તે પરિપૂર્ણ બને છે."

* * * *

મેં: "મા, સાચેજ ઠાકુર ખાય છે?"

મા: "હા, શું હું જોતી નથી? ઠાકુર ખાવા બેસે છે, ખાય છે."

મેં: "તમે તે જોઈ શકો છો?"

મા: "હા, કોઇનું પોતે ખાય છે, કોઈના ઉપર માત્ર નજર જ ફેરવે છે. આપણને શું બધી વસ્તુઓ બધો વખત ખાવી ગમે છે? બધુંય કાંઈ ખાઇ શકાય છે? જેમની જેવી ભાવભક્તિ."

"જ્યારે જ્યારે ખાવું, ત્યારે ત્યારે તે ભગવાનને નૈવેદ્ય રૂપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરીને પ્રસાદી તરીકે ખાવું. તેમ કરવાથી રક્ત શુદ્ધ થાય છે, અને પરિણામે મન પણ શુદ્ધ થાય છે."

* * * *

મેં: "જગન્નાથની કેવી મૂર્તિ છે, મા?"

મા: "મેં તો બેટા, સ્વપ્નમાં શિવમૂર્તિ જોઈ હતી."

મેં: "જગન્નાથમાં પણ શિવમૂર્તિ જોઇ?"

મા: "હા. શિવલિંગ જોયું. જાણે કે લાખો શાલિગ્રામોની વેદી, અને તેના ઉપર જગન્નાથ શિવ. કાંઇ હોય નહિ, તો આટઆટલાં લોક આવે? વિમલા દેવી છે. વિમલા તો દુર્ગાજ ને! તેથીજ તો શિવ?"

મેં: "કેટલાક કહે છે કે એ તો બૌદ્ધ મંદિર છે, મૂર્તિ પણ બુદ્ધની છે. પછી જ્યારે શંકરાચાર્યે બૌદ્ધોને દૂર કર્યા, ત્યાર પછી એજ મૂર્તિ શિવમૂર્તિ થઇ ગઈ. વળી પાછા વૈષ્ણવ ધર્મના પ્રચાર પછી તેની તે મૂર્તિ વિષ્ણુની ગણાઈ."

મા: "કોણ જાણે, પણ મેં તો શિવ જોયા."

મેં: "મુસલમાનોએ કેટકેટલાં મંદિરો તોડી નાંખ્યાં, મા?"

મા: "દુષ્ટલોકના ભયથી ભગવાન પણ ભાગે છે. એ તો તેમની ઇચ્છા હોય તો બધુંજ કરી શકે. છતાં એ પણ એમની લીલા છે."

* * * *

મેં: "મા, કાશીમાં મરવાથી મુક્તિ મળે એ વાત ખરી?"

મા: "શાસ્ત્રોમાં છે અને ઘણાય લોક જાય છે. મુક્તિ તો ખરી. જે તેમને શરણે જાય તેમની મુક્તિ ના હોય, તો કોની હોઈ શકે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં: "શરણાગતની તો મુક્તિ ખરી, પરંતુ જે શરણાગત નથી, જે ભક્ત નથી, જે વિધર્મી છે, તેમની મુક્તિ પણ ખરી ?"

મા: "તેમની પણ થાય. કાશી ચૈતન્યમય સ્થાન છે."

મેં: "ખરેખર, મા ?"

મા: "ત્યારે શું ? નહિ તો સ્થાનમાહાત્મ્યનો શો અર્થ ?"

* * * *

સૃષ્ટિપ્રકરણ

એક વાર સૃષ્ટિની ઉત્પત્તિની વાત નીકળી. માએ કહ્યું: "સાંભળ બેટા, જ્યારે વિધાતાએ પ્રથમ મનુષ્યને ઉત્પન્ન કર્યો, ત્યારે તેને સત્વગુણી બનાવ્યો. પરિણામે તે જ્ઞાન લઈને જન્મ્યો અને સંસાર અનિત્ય છે તે સમજતાં તેને વાર લાગી નહિ. આથી બધાં જ ભગવાનનું નામ લેતાં તપસ્યા કરવા નીકળી પડયાં અને તેમનો મુક્તિપદમાં લય થઇ ગયો. પછી વિધાતાએ જોયું કે આ તો ઠીક ના થયું, સંસારની લીલાનો ખેલ બરાબર જામ્યો નહિ. તેથી પરિણામે સત્વની સાથે રજસ અને તમસનું મિશ્રણ કર્યું. પછી ખરેખરી લીલા જામી !"

* * * *

જયરામવાટીમાં માને ઘેર એક રાતે વાતો નીકળી. મા સૂતાં સૂતાં સાંભળતાં હતાં. વેદાંતની વાત આવી. મેં કહ્યું: "નામરૂપ વિના બીજું કાંઈ નથી, અંતે ઈશ્વરબીશ્વર કાંઈજ નથી."

સાંભળીને મા તરત જ મારા મનનો ભાવ જાણે કે કળી ગયાં. તરત જ બોલ્યાં: "નરેન્દ્ર કહેતો હતો કે મા, જે જ્ઞાન ગુરુપાદપદ્મને ઉડાવી દે તે તો અજ્ઞાન ગણાય, કારણ કે ગુરુપાદપદ્મ વિના જ્ઞાન પ્રતિષ્ઠિત ક્યાં રહે ? માટે, બેટા, જ્ઞાનચર્ચા છોડી દે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને કોણ પામી શક્યું છે? શુક, વ્યાસ, શિવ બધા માત્ર મંકોડા જેવા છે."

મેં: "મા, જાણવાની ઇચ્છા છે, કાંઈક સમજાય છે, પણ વિચારને કેવી રીતે રોકી શકાય?"

મા: "પૂર્ણ જ્ઞાન પ્રગટ્યા વિના વિચાર જાય નહિ."

પછી સૃષ્ટિની વાત નીકળી.

મેં: "ત્યારે શું, મા, આ બધાં અસંખ્ય નાનાંમોટાં પ્રાણી એકજ સાથે ઉત્પન્ન થયાં હશે?"

મા: "ચિત્રકાર જેવી રીતે પીંછીથી આંખ, મુખ, નાક એમ એક પછી એક ચીતરતાં મૂર્તિ ખડી કરે છે, તેમ શું ભગવાન પણ કરતા હશે? ના, બેટા, તેમની એક પ્રકારની શક્તિ છે. તેમની 'હા' થી જગતનું બધું થાય છે, 'ના' થી બધું લોપાય છે. બધું એક સાથે થાય છે."

વાત કરતાં હતાં તે વખતે ઓરડામાં ખાવાની ગંધથી મંકોડા ચારે બાજુ ઉભરાયા હતા. તેમને જોઈને મેં પૂછ્યું: "ત્યારે આ બધા મંકોડા આટલા પાછળ કેમ પડયા? તેમને તો માણસ થવાને ઘણી વાર છે." માએ કહ્યું: "હાસ્તો. ઘણી વાર લાગવાની. કલ્પાંતે બધુંજ જાણે કે ઊંઘમાંથી ઊઠે છે."

* * * *

મેં: "તમે, મા, જયરામવાટીમાં એકવાર કહ્યું હતું કે બધું એક જ વખતે ઉત્પન્ન થયું છે?"

મા: "ત્યારે શું એક પછી એક? આ તો જાણે તેમનું યંત્ર ચાલે છે. તેમની સૃષ્ટિ અનંત છે, પ્રતિક્ષણે તેમને ધ્યાન રાખવું પડે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વપ્નરહસ્ય

મેં માને એક સ્વપ્નની વાત કહીઃ “ મા, એકવાર સ્વપ્નમાં મેં જોયું તો જાણે સ્વામીની સાથે ક્યાંક જઈ રહી છું. જતાં જતાં રસ્તામાં એક નદી આવી, તેને ન મળે કિનારો. એક ઝાડ નીચે થઇને નદીની પાસે ગઇ, ત્યાં જઇને જોયું તો પેલી પારથી એક કાળો છોકરો એક નૌકા લઈને આવી રહ્યો છે. તેણે કહ્યુંઃ હાથની લતા કાઢી નાખ, પછી તને પેલી પાર લઈ જઇશ. પછી મેં તેનો ઘણો ભાગ કાઢી નાખ્યો, પણ થોડો ભાગ કેમે કર્યો જાય નહિ. એટલામાં મારા સ્વામી કોણ જાણે ક્યાંય ચાલ્યા ગયા, અને પછી જણાયા જ નહિ. પછી મેં કહ્યુંઃ આટલો ભાગ તો નીકળતો નથી, પણ મને લઈ જવી જ પડશે. એમ કહેતી નૌકામાં બેસી ગઈ. બેસતાં વેંત નૌકા તો ચાલી, અને મારું સ્વપ્ન પણ ભાંગી ગયું. ”

માઃ “ જે તેં જોયું તેમાં તેમનું રૂપ લઇને મહામાયા તને પાર લઈ ગઇ. સ્વામી કહો, પુત્ર કહો, દેહ કહો, બધું જ અંતે તો માયા જ. આ બધાં માયાનાં બંધન તોડયા વિના પેલી પાર જઈ શકાતું નથી.

દેહમાં માયા તે દેહાત્મબુદ્ધિ છે, તે પણ તોડવી જ રહી. શાનો દેહ, બેટા, અંતે તો એક શેર રાખ કે કાંઇ બીજું ? એનો વળી ગર્વ શો ! ગમે તેટલો મોટો હોય, મોહક હોય, તેના ઉપર વળી આસક્તિ ! હરિ બોલ, હરિ બોલ, જય મા, જગદંબા......”

મૃત્યુ

પ્રેમાનંદ સ્વામીની વાત નીકળતાં માએ કહ્યુંઃ “ બેટા, ગમે તેવો મહાપુરુષ ભલે ને હોય, પરંતુ દેહ ધારણ કરીને આવ્યા એટલે દેહના ભોગ ભોગવવા જ રહ્યા. છતાં તફાવત એ કે સાધારણ લોક રડાકૂટ કરે, જ્યારે સમજુ માણસ ખુશીથી તે સ્વીકારે, જાણે મૃત્યુ તો એક ખેલ છે એમ માનીને. ”

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તઃ "મા, જેઓ મૃત્યુ પહેલાં અજ્ઞાન રહીને દેહત્યાગ કરે છે, તેમની શી રીતે સદ્‌ગતિ થાય?"

માઃ "અજ્ઞાન હોવા પહેલાં જે વિચાર આવ્યો હોય, જે દ્વારા તેનું અજ્ઞાન હોય, તે વિચાર પ્રમાણે તેની ગતિ થાય."

શ્રીરામકૃષ્ણ પરમહંસ અને શ્રીમાને વિષે

માઃ "જ્યારે ઠાકુર ચાલ્યા ગયા, ત્યાર પછી એકવાર બેઠી બેઠી વિચારતી હતી. તે વખતે કામારપુકુરમાં હતી. મારે હવે કોઇ નથી, મારું શું થશે? એકવાર ઠાકુરે દર્શન દીધાં અને મને કહ્યું: 'શો વિચાર કરે છે? તારે તો અનેક રત્નો છે, તે તને સોંપતો જાઉં છું. વખત આવતાં કેટલાંય લોક તને 'મા' 'મા' કહેતાં આવશે."

* * * *

મેં: "મા, બધાં ઠાકુરને પૂર્ણબ્રહ્મ સનાતન કહે છે તે શું ખરું છે?"

માઃ "હા, તે મારા પૂર્ણ બ્રહ્મ સનાતન છે."

'મારા' એમ સાંભળીને મેં કહ્યું: "એમ તો પ્રત્યેક સ્ત્રીને માટે તેના સ્વામી પૂર્ણબ્રહ્મ સનાતન છે. પરંતુ હું તે ભાવે પૂછતો નથી."

માઃ "હા, તેઓ મારા સ્વામીભાવે પણ, અને બીજી બધી રીતે પણ."

આ સાંભળીને મેં વિચાર્યું કે જો ઠાકુર પૂર્ણ બ્રહ્મ સનાતન હોય, તો મા સ્વયં જગદંબા, હોવાં જોઇએ,–જેમ સીતારામ, રાધાકૃષ્ણ, પરસ્પર અભિન્ન હતાં તેમ. હું પણ તે જ વિશ્વાસથી માને દર્શને ગયો હતો. તેથી મેં પૂછ્યું: "ત્યારે તમે તો જાણે એક સામાન્ય સ્ત્રીની માફક બેઠાં બેઠાં અત્યારે રોટલી વણી રહ્યાં છો, એ બધું શું? માયા કે બીજું કાંઇ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા: "માયા વિના મારી આ દશા શાની હોય? વૈકુંઠમાં નારાયણની પાસે લક્ષ્મી બનીને રહેતી. પણ ભગવાનને નરલીલા કરવાનું ગમે છે. શ્રી કૃષ્ણ ગોવાળ બન્યા, રામ દશરથને ત્યાં અવતર્યા."

મેં: "તમને તમારું સ્વરૂપ મનમાં આવતું નથી, મા?"

મા: "કોઈ કોઈવાર આવે છે, ત્યારે મનમાં થાય છે કે આ શું કરી રહી છું? વળી આ બધું ઘરસંસાર, છોકરાંછૈયાં મનમાં આવે છે ને તે ભૂલી જાઉં છું."

*　　　*　　　*　　　*

મા: "એક જાતનો સુમેળ જામે, તો દર્શન થાય."

મેં: "મા, બધા તમને 'આપ' કહે છે, પરંતુ હું તો તે પ્રમાણે બોલી શકતો નથી, મારે મોઢેથી તેમ નીકળતું જ નથી."

મા: "તે જ ઠીક છે. એજ ખરો સહજ ભાવ છે."

પછી વાતવાતમાં મેં માને જણાવ્યું: "મા, તમે તેમને મંત્ર દીધો છે, તો તેમની જવાબદારી તમે લીધી છે. છતાં અમારી વાત નીકળતાં 'ઠાકુરને જણાવીશ,' એમ કેમ કહો છો? અમારી જવાબદારી તમે લઈ શકતાં નથી?"

મા: "તમારી જવાબદારી તો લીધી છે."

મેં: "મા, આશીર્વાદ કરો, જેથી મન શુદ્ધ થાય, અને અનુરાગ ઉત્પન્ન થાય. હું એક છોકરાની સાથે ભણતો, તેને ખૂબજ ચાહતો. તેનો થોડો ભાવ પણ જો ઠાકુર તરફ વળત, તો સંતુષ્ટ થાત."

મા: "આહા! એજ તો. અચ્છા, ઠાકુરને જણાવીશ."

મેં: "એમ વળી કેમ કહો છો? તમે અને ઠાકુર શું જૂદાં છો? તમે આશીર્વાદ કરશો એટલે જ બસ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા: "બાબા, જો માત્ર મારા આશીર્વાદથી જ બનતું હોત તો મારાં હાડકાં તોડીને પણ તેમ કરું. મનુષ્યની તે શી તાકાત છે કે તે માયાના પંજામાંથી છૂટી શકે? તેથી તો ઠાકુરે આટઆટલી સાધના કરી અને તેનું બધું ફળ જીવોના ઉદ્ધાર માટે દઇ ગયા!"

મેં: "તેમનાં દર્શન વિના પ્રેમ કેમ ઉપજે?"

મા: "હાસ્તો, હવાની સાથે કોણ બાથ ભીડી શકે?"

મેં: "મા, ઠાકુરને ક્યારે દેખીશ?"

મા: "થશે, સમય આવશે એટલે બધુંજ થશે."

* * * *

મેં: "મા, ઠાકુરની સમાધિની અવસ્થામાં તેમનું મુખ તમે કદાપિ મ્લાન જોયું છે?"

મા: "ના, મેં તો જોયું નથી. તે વખતે મેં તો પ્રસન્ન જોયા છે."

મેં: "ભાવસમાધિમાં પ્રસન્ન હોઈ શકે. પરંતુ બેઠેલી છબી વિષે ઠાકુર કહેતા કે તે અતિ ઉચ્ચ અવસ્થાની છબી છે. તેમાં પણ શું હાસ્ય હોય?"

મા: "મેં તો બધી સમાધિમાં તેવા જોયા છે."

મેં: "રંગ કેવો હતો?"

મા: "તેમના શરીરનો રંગ જાણે હિમાલયના જેવો હતો, સોનાના ઇષ્ટ કવચની સાથે તેનો રંગ મળી જતો હતો. જ્યારે તેલ ચોળતી, ત્યારે આખા શરીરમાંથી જાણે જ્યોતિ નીકળતી."

* * * *

એક વાર મા પૂજાના ઓરડામાં બેઠાં હતાં. પૂજા પૂરી થઇ ગઈ હતી. એક ગુરુભાઇએ માને પૂછ્યું: "મા, આપ ઠાકુરને કેવી દૃષ્ટિથી જુઓ છો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડો વખત નિસ્તબ્ધ બનીને ગંભીર ભાવે માએ કહ્યું: "સંતાનની માફક."

* * * *

મેં: "મા, તમે એકવાર કહ્યું હતું કે ઠાકુર શ્વેતકાય ભક્તો દ્વારા પણ કાર્ય કરશે એ વાત ખરી?"

મા: "ના, તેમના અનેક શ્વેતકાય ભક્તો આવશે એમ કહ્યું હતું. જોને, ઘણા આવેજ છે ના? ઠાકુર કહેતા હતા કે એકસો વરસ પછી પોતે વળી પાછા આવશે......ઠાકુરનો ત્યાગ એજ તેમનું ઐશ્વર્ય હતું. તેમના તે ત્યાગથી જ આપણે જે છીએ તે છીએ."

"ઠાકુરના આવિર્ભાવથી સત્યયુગનો આરંભ થયો. વિશેષ વિશેષ લોક તેમના સાથે જન્મ્યા હતા. નરેન્દ્ર સપ્તર્ષિમાંનો એક હતો."

* * * *

"કાશીપુર બાગ તેમની અનંતલીલાનું સ્થાન છે. કેટકેટલી તપસ્યા, ધ્યાન, સમાધિ! તેમનું તે મહાસમાધિસ્થાન છે, સિદ્ધસ્થાન છે; ત્યાં ધ્યાન કરવાથી સિદ્ધ થવાય."

●

૨

વિવિધ વાર્તાલાપ

સ્વભાવ મા એકવાર કોઇને વિષે વાતો કરતાં હતાં:—

"સ્વભાવ છાડિતે નારે જીવેર હાય, હાય ।
સ્વભાવ છાડિયે, ભજે, ભજિ તાર પાય ॥"

મેં: "એટલે શું, મા?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા: "મનુષ્ય સ્વભાવને છોડી શકતો નથી. તેથી ચૈતન્યદેવ કહે છે કે સ્વભાવને છોડીને જે મારું ભજન કરે છે, તેને હું ભજું છું."

મેં: "તમે જયરામબાટીમાં કહેતાં હતાં કે સ્વભાવ બદલાય તો બધું થાય, એવું જ કે?"

મા: "હા, એમજ. સ્વભાવ બદલવો એ મોટી વાત છે, બેટા."

* * * *

"આ પાણી જેનો સ્વભાવ નીચે વહેવાનો છે, તેને પણ સૂર્યનાં કિરણ આકાશમાં લઈ જાય છે, તેવી રીતે મનનો સ્વભાવ પણ નીચે જવાનો છે, ભોગ વિલાસમાં રચ્યાપચ્યા રહેવાનો છે. પરંતુ તેને પણ ભગવાનની કૃપા ઉર્દ્ધગામી કરે છે."...

સ્ત્રીઓ વિષે

એકવાર સાસરે જતી વખતે માએ મને કહ્યું: "બેટા, કોઇની સાથે વધારે હળવું મળવું નહિ, કોઇનાથી ભોળવાવું નહિ. પોતાનામાં પોતે રચ્યાં રહેવું. કોઇનાં ઘર ગણવાં નહિ."

* * * *

પુરુષનો વિશ્વાસ

"જો મા, પુરુષ જાતનો કદાપિ વિશ્વાસ કરવો નહિ. બીજાની તો વાત શી, પણ પોતાના બાપનો કે ભાઇનો સરખોય નહિ. સ્વયં ભગવાન જો પુરુષનો વેષ લઇને આવે તો તેમનો પણ વિશ્વાસ કરાય નહિ."

સ્ત્રી સ્વભાવ

"સ્ત્રી જાતિને આટલો ક્રોધ કરવો ઉચિત નથી. સહન કરવું એ ઘણું જરૂરી છે. બાળપણમાં માબાપનો ખોળો, જુવાનીમાં સ્વામીનો આશરો, તે સિવાય સ્ત્રીને માટે બીજી કોઈ મોટી વાત નથી. સ્ત્રી જાત ઘણી વિચિત્ર છે. કદાચ ઝટ દઇને કાંઈનું કાંઈ કરી બેસે."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જુઓ મા, સ્વામી અને સ્ત્રીનો એક મત થાય ત્યારે ધર્મનો ઉદય થાય."

સહમત

* * * *

શુચિ-અશુચિ

એક વાર શુચિ-અશુચિની વાત નીકળી. માએ કહ્યું: "જુઓ, બેટા, ઠાકુરને પેટનું દરદ હતું. જ્યારે હું ટંકારખાનામાં રહેતી, ત્યારે તેમને જે ગમે તે રાંધી આપતી. પણ મહિનામાં જે ત્રણ દિવસ થાય નહિ, તે દિવસોએ મા કાલીનો પ્રસાદ આવતો, તે ખાઈને ઠાકુરના પેટનો રોગ વધતો. એકવાર ઠાકુરે મને બોલાવીને કહ્યું: 'જો, આ ત્રણ દિવસ તેં ખાવાનું ના કર્યું, તો મારું શરીર વધારે ખરાબ થઈ ગયું. તેં કેમ ના રાંધ્યું?' મેં કહ્યું: 'સ્ત્રીઓ મહિનાના ત્રણ દિવસોમાં કોઈને રાંધી આપી શકે નહિ!' ત્યારે ઠાકુરે કહ્યું: 'કોણે કહ્યું? તું તારે મને રાંધી આપજે, મને વાંધો નથી. કહે તો ખરી, તારા શરીરની કયી વસ્તુ અશુચિ છે? તારી ચામડી, માંસ, હાડકાં, મજ્જાતંતુ, શું અશુચિ છે? જો, મન જ શુચિ કે અશુચિ છે. બહારની અશુચિ તો કાંઈજ નથી?' ત્યાર પછી હું હંમેશાં રાંધી આપતી. તે પ્રમાણે એક વાર પૂજા ન થવાથી મારા મનમાં ગોઠ્યું નહિ. તેથી ઠાકુરે મને કહ્યું: "જો પૂજા ના કરવાથી મનમાં દુ:ખ લાગે તો કરવી, નહિ તો તેમાં કાંઇ નથી."

* * * *

મેં: "મા, અશુચિ અવસ્થામાં સ્ત્રીઓ ઠાકુરની પૂજા કરી શકે કે નહિ?"

મા: "હા, કરી શકે, જો ઠાકુર તરફ પ્રેમ હોય તો. પરંતુ જો મનમાં સંશય ઉત્પન્ન થાય તો ના કરવી."

પરંતુ મા બધાંને આજ પ્રમાણે કહેતાં નહોતાં. થોડા દિવસ પછી તેજ અવસ્થામાં કોઇ બીજી સ્ત્રીએ પૂછ્યું, ત્યારે માએ કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આવી અવસ્થામાં તે વળી ઠાકુરની પૂજા થઇ શકે? ના કરાય." લોકની માનસિક અવસ્થા જોઇને મા કહેતાં, તેથી કરીને તેઓ શું કહેશે તે વિષે પ્રથમથી અટકળ કરવી ભારે પડતું.

* * * *

સંસારની વિવિધતા રાત્રે વાળુ કરતી વખતે માએ મને પૂછ્યું: "તું હવે ઘેર જ રહે છે ને?"

મેં: "હા, મા, ઘેર જ રહું છું. મારે મોટી એક મુસ્કેલી છે. ખૂબ બીમારી આવી ગઈ, પછી વિવાહ થયો."

મા: "વિવાહ પણ થઈ ગયો?"

મેં: "હા, મા."

મા: "છોકરીની ઉંમર કેટલી છે?"

મેં: "લગભગ તેર વર્ષની."

મા: "જે થયું છે તે સારાને માટે થયું છે. હવે શું કરીશ?"

મેં: "માસ્તર મહાશયે વિવાહ કરવાની ના પાડી હતી."

મા: "આહા! પોતે ઘણી મુસ્કેલીઓ વેઠી હતી ને? તેથીજ કહે છે કે કોઇ વિવાહ કરશો નહિ રે!"

મેં: "સંસારમાં ઘણા આઘાત લાગે છે, માણસ પોતાની માણસાઈજ ગૂમાવી બેસે છે."

મા: "ખરેખર. માત્ર પૈસા, પૈસા, પૈસા, કાંઈજ નહિ!"

મેં: "ઘણી વિષમ યંત્રણા!"

મા: "ઠાકુરને સંસારી ભક્તો ઘણા છે. ગભરાવું શાને?"

હું નિસ્તબ્ધ રહ્યો.

મા: "મારા ભાઇઓએ વિવાહ કર્યો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં: "આપના કહેવા પ્રમાણે ?"

મા: "શું કરું ? ઠાકુર કહેતા, 'વિષ્ટાનો જીવ વિષ્ટામાંજ સારો, ભાતની હાંડીમાં તેને રાખીએ તો મરી જાય.'"

મેં: "ક્રમશઃ બધું ઠીક થઈ જશે ?"

મા: "તે તો કોણ જાણે ? જુઓ. પહેલાં તો કીડી મારતાંય બીતી, હવે તો બીલાડીને પણ સીધી કરી દઉં છું. ઠાકુર કહેતા, 'આ પણ કરો, તે પણ કરો.' 'તું હું, તું હું.' જીવ ઘણાં દુઃખ-કષ્ટ ભોગવે, ત્યારે બોલે છે, 'તું હું, તું હું.'

ભય શાનો ? વિવાહ કર્યો છે તો તે પણ ઠાકુરની ઇચ્છાથી સારું થઇ જશે. કદાચ તેમાં કાંઈ સુકૃતિ પણ હોય. ઠાકુર કહેતા કે વિદ્યાના કરતાં અવિદ્યાનું જોર વધારે છે, એટલે કે અવિદ્યામાયા સંસારને મુગ્ધ કરી રહી છે."

* * * *

એક સ્ત્રીભક્તે માને જણાવ્યું: "મારે પાંચ દીકરીઓ છે, મા. તેમનો વિવાહ કરવો છે. ઘણી ચિંતામાં પડી છું." માએ કહ્યું: "વિવાહ ના થાય, તો તેમાં ચિંતા શી ? નિવેદિતાસ્કૂલમાં તેમને મૂકી દેવી. ત્યાં ભણશે, ગણશે, સંસ્કારી થશે." એ સાંભળીને બીજી કોઇ બાઇએ કહ્યું: "જો માની વાતમાં તારો વિશ્વાસ હોય તો તેમજ કરવું ઉચિત છે. માતા પોતે જ જ્યારે આમ કહે છે ત્યારે તે વિષે ચિંતા શી ?" પરંતુ તે બાઈના મનમાં તે વાત ગળે ઊતરી હોય તેમ લાગ્યું નહિ. કોઇએ કહ્યું: "અત્યારે છોકરા મેળવવા મુશ્કેલી ભર્યું છે. ઘણા તો પરણવા જ માગતા નથી."

માએ કહ્યું; "અત્યારે છોકરાઓને જણાય છે કે સંસાર અનિત્ય છે, તેમાં જેટલા લિપ્ત ના થવાય તેટલું સારું."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર એક ભક્તની પૂછપરછ કરી. તેના છોકરાના વિવાહ વિષે વાત નીકળી. તે ભક્તે કહ્યું: “ના, મા, વિવાહ કર્યો નથી.” માએ કહ્યું: “એક છોકરો, છતાં, વિવાહ કર્યો નથી?”

ભક્ત: “વિવાહ કરવાની ઇચ્છા તેની નથી, મા.”

મા: “અત્યારે તો છોકરાઓની એ જ વાત છે. શું વિવાહ કરવાથી સાચા થઇ ના શકાય? બધાંય મનનાં ભૂત છે. શું ઠાકુરે મારી સાથે વિવાહ કર્યો ન હોતો? તેણે દીક્ષા લીધી છે?”

ભક્ત: “હા, મા. તેથી તે આપનો જ છે.”

મા: “એમ, ત્યારે વિવાહ કેમ ના કરે? હું કહીશ. મને લાગે છે કે દુઃખકષ્ટનો માર્યો વિવાહ કરવા માગતો નહિ હોય. તારી શી ઇચ્છા છે?”

ભક્ત: “મા, તેનું જેમાં મંગળ હોય તે તો તમે જાણી શકો. તમારી ઇચ્છા પ્રમાણે કરીશું.”

મા: “જો, બેટા, કેટલાક સાધુ બની જઇને સર્વ બંધનોથી મુક્ત બને છે, કેટલાકને સંસારનો આસ્વાદ ભોગવવાને જન્મ લેવો પડે છે. મને લાગે છે કે ભોગ પૂરો થઇ જાય તે જ સારું. ઠાકુરનાં સાંગોપાંગની વાત જૂદી છે.”

ભક્ત: “મા, એ તો જેવી તમારી ઇચ્છા.”

મા: “હું કહીશ કે તે વિવાહ કરે. તેના ભોગ પૂરા થાઓ. ઠાકુરનો સિદ્ધમંત્ર તેનું રક્ષણ કરશે.”

* * * *

માએ એકવાર રસ્તામાં પડતા વરંડામાં જઇને હસતાં હસતાં મને બોલાવીને કહ્યું: “અહીં આવ તો, બેટા, અહીં તો આવ, જો તો મઝા!” હું પાસે ગઈ એટલે કહ્યું: “જો તો, પેલી વેશ્યાના ઘરની સામેની બારીની પાસે પેલો કોઈ માણસ એકવાર આ બારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો બીજી બારી, એમ આંટા મારી રહ્યો છે. બિચારો અંદર ઢૂકી શકતો નથી. જોયો કેવો મોહ, કેવી પ્રવૃત્તિ! અંદરથી ગાનના અવાજ આવે છે, છતાં પેલો અંદર જઇ શકતો નથી! આહા! કેવો તનમનાટ!" પછી અમે બન્ને હસવા લાગ્યાં.

* * * *

એક સ્ત્રીની વાત નીકળી. માએ કહ્યું: "કોણ જાણે તેને પોતાના સ્વામીને માટે કેવો મોહ લાગ્યો છે! ખાતાં, પીતાં, સૂતાં કાંઇ ચેન નહિ! ખાતાં પીતાં ઊઠે ને વળી સ્વામીને જોઇ આવે! રાત દિવસ બિચારાને ઘરમાં જ બંદી રાખે. જોને તેનું શરીર કેવું થઇ ગયું છે! એકાદ છોકરું થાય ને તેનો સ્વભાવ કાંઇક બદલાય તો સારું!"

* * * *

માએ કહ્યું: "કાલે એક વહુ આવી હતી. ખૂબ નાની ઉંમરની. તેના ખોળામાં, પીઠ પર બધે છોકરાં. બધાંને બરાબર સાચવી પણ શકતી ન હોતી, અને વળી કહેતી હતી કે, 'મા, સંસાર સારો લાગતો નથી.' મેં કહ્યું: 'કેમ! તારે તો નાનાં બાળબચ્ચાં છે ને?' ત્યારે કહે કે બસ, હવે થવાનાં નહિ. મેં કહ્યું: 'એમ થાય તો તો ઘણું સારું.'

* * * *

"એક જ દેહ દ્વારા વીસ પચીસ છોકરાં જન્મે, એ તે શું મનુષ્યત્વ! નહિ સંયમ, નહિ કાંઈ,–કેવળ પશુતા!"

* * * *

એક સ્ત્રી ઘણી દુ:ખિત થઇને માને પૂછવા આવી: "મા, મારું શું થશે?" માએ સહેજ ઉદાસીન થઇને જણાવ્યું: "તારે તો વર્ષે વર્ષે છોકરાં થાય, સહેજ પણ સંયમ ના મળે અને મને કહે છે કે મારું શું થશે? એમ કહ્યે શું વળવાનું હતું?"

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર હરિહર મહારાજ ઠાકુરને ભોગ ધરવા આવ્યા હતા. તેમને જોઇને માએ કહ્યું: "આ જોયો એક ત્યાગી છોકરો, ઠાકુરને નામે આવ્યો છે. સંસારી લોક વારંવાર બાળકોને જન્મ આપે છે. જાણે એ જ તેમનું કાર્ય ના હોય! ઠાકુર કહેતા કે એક બે છોકરાં થઇ ગયાં એટલે બસ! આ બાબતમાં અંગ્રેજો કાંઇક સમજતા લાગે છે. અને આપણે!"

* * *

આજે સંધ્યા પછી માને ત્યાં ગઇ હતી. મા સાદડી ઉપર સૂઇ રહ્યાં હતાં. પ્રણામ કરીને વાતવાતમાં મેં માને પૂછ્યું: "મા, અનેક દિવસો આવી, તો હવે મારા કાલીઘાટના ઘરમાં જવું ઉચિત છે?" મા: "હજી થોડા દિવસ રહી જા, બેટા. ત્યાં ગયા પછી અહીં વારંવાર આવી જઇ શકાશે નહિ. કદાચ એકાદ દિવસ ના આવે તો મનમાં થાય છે કે કેમ ના આવી. કાલે નહોતી આવી, તેથી મનમાં થયું કે શરીર તો નહિ બગડ્યું હોય? જો આજે ના આવી હોત તો તપાસ કરાવવાની હતી. પરંતુ જો તારા સ્વામીનું શરીર બગડે, અથવા તો તને તેમના મનનો ભાવ કળાય કે તારે તેમની પાસે રહેવું જોઇએ, તો ચોક્કસ જવું."

મેં: "સ્વામી પ્રસન્ન હોય, છતાં, મા, લોકો તો કહેવાનાં જ કે ઘરસંસાર છોડીને આટલા દિવસ બહેનને ત્યાં રહી. સ્વામીની સેવા, ઘરસંસાર, બધું જ સંભાળવું રહ્યું."

મા: "ઘણાય દિવસ સંસાર ભોગવ્યો. લોકોની વાતો જવા દે. એ તો બોલવાના જ. પૂજાને વખતે તો ત્યાં જવું જ પડશે."

મેં: "સંસારને માટે ચિંતા તો મા, કોઈ વેળા થતી નથી. આપની પાસે આવી શકાય નહિ, એજ મોટી ચિંતા છે, મા."

મા: "કાંઈ નહિ, આ મહિનો રહી જા."

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં: "અચ્છા, મા, સંસારમાં તો સ્ત્રીઓને માટે તેનો સ્વામી જ પૂજ્ય અને ગુરુ ગણાય. તેમની જ સેવાથી સાલોક્ય, સાયુજ્ય પ્રાપ્ત થાય છે, એમ શાસ્ત્ર જણાવે છે. તેના સ્વામીના મનથી સહેજ વિરુદ્ધ જઈને જો કોઈ સ્ત્રી અનુનય, વિનય કે સદાલાપ દ્વારા સંયમી થવાનો પ્રયત્ન કરે, તો તેથી શું થાય ?"

મા: "ભગવાનને માટે જે કાંઇ હોય તેમાં પાપ નથી, બેટા. ઇન્દ્રિયનો સંયમ, જ્ઞાનપૂર્વકનો, જરૂરી છે. વિધવાઓને માટે આપણી જે બધી વ્યવસ્થા છે, તે સઘળી આ નિયમને વર્તીનેજ છે, બેટા."

* * * ×

એક વાર કોઈ કારણસર વૈકુંઠબાબુ અને તેમના ભાઇ વચ્ચે કલહ થયો. આથી વૈકુંઠબાબુ પોતાનું ઘર છોડીને બીજે રહેવા માટે શ્રીમાને જણાવવા ગયા. બધું સાંભળીને માએ ગોલાપમાને કહ્યું: "જોયું, ગોલાપ, વૈકુંઠને ભાઇએ તમાચો માર્યો, એટલે ભાઈ અહીં દોડી આવ્યા ! ઘર હોય એટલે કાંઇક તો થવાનુંજ, તેને માટે આટલી ધમાલ શી ?" પછી વૈકુંઠને કહ્યું: "જા, બાબા, ઘેર જા. સંસાર માંડ્યો એટલે કજીયાકંકાસ તો થવાનાં જ."

* * * *

ભગિની નિવેદિતાની શાળાની કેટલીક છોકરીઓને લઇને સુધીરાદેવી રાત્રે માનાં દર્શને ગયાં હતાં. રાત્રે મોડું થતું જોઇને માએ કહ્યું: "રાત તો પડી ગઈ, ઘેર વઢશે નહિ ?"

સુધીરા: "આજે વળી જરા ચોપડાશે. તેમનાં ઘરનાં માણસો જરા વિચિત્ર છે. જો જણાશે કે બધાં અહીં આવ્યાં હતાં, તો તો આવીજ બન્યું !"

મા: "બિચારાં ! કેટલી કેટલી જાતનાં માણસો હોય છે ? જેઓ સમાજને વશવર્તીને ચાલે છે, તેમને કેટલો બધો ભય ! જાઓ, બધાં. નહિ તો ઘેર વઢશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધીરા: " એ તો ઠીક, મા ! એટલું સહન નહિ કરે, તો કરશે શું ? આપના આશીર્વાદથી બધું ઠીક થઈ જશે. "

મા: " ઠાકુરની કૃપાથી બધું સારું થઇ જશે. જો કોઈ કાંઈ બોલે તો તેનો ઉત્તર આપશો નહિ. સંસારમાં ભાતભાતનાં માણસો છે. ખૂબ સહન કરતાં શીખવું જોઇશે, બેટા. "

* * * *

શાંતાનંદ સ્વામીએ માની પાસે દેશનાં દુ:ખ તેમજ દુર્દશાની વાત કાઢી. વાતવાતમાં તેમણે કહ્યું: " ઇન્ફ્લૂએન્ઝાના તાવમાં સાઠ લાખ જણ મરી ગયાં ! ધાનધાન મોંઘું થઈ ગયું છે. લોકોને ઘણું દુ:ખ છે, મા. "

મા: " હાં, બાબા. લોકોને ખાવાનું મળતું નથી. અને જેમને ઘેર છૈયાંછોકરાં હશે તેમને તો ઘણી મુશ્કેલી. હજી તો શરૂઆત છે. વરસાદ આવે ને કાંઇક ધાન થાય તો ઠીક. "

મણીન્દ્ર: " તેને માટે પ્રયત્ન તો થઇ રહ્યો છે, મા. "

શાંતાનંદ: " લોકોનાં કષ્ટ તો વધતાં જાય છે. આટઆટલાં કષ્ટ, શાનાં કર્મફળ હશે, મા ? "

મા: " આટલાં બધાંનાં કર્મફળ કેવાં ! કોણ જાણે બેટા, બધી હવા જ બદલાઇ ગઇ છે ! "

શાંતાનંદ: " યુદ્ધ તો પૂરું થઈ ગયું, છતાં જણસપત્ર સસ્તાં થતાં નથી ! "

મા: " કોઇ કહે છે ને કે યુદ્ધ તો ચાલુ છે ? "

શાંતાનંદ: " એ તો કાબુલમાં. આટઆટલાં દુ:ખ, કષ્ટ, યુદ્ધ ! શું, મા, કોઇ યુગપરિવર્તન થશે ? "

મા: (હસીને) " કેમ કરીને કહેવાય ? તેમની ઇચ્છા શી હશે એ તો કોણ જાણે ? રાજાને પાપે રાજ્ય નષ્ટ થાય છે. હિંસા, કપટ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મહત્યા, વગેરે પાપો રાજાને પાપે પ્રજાને કષ્ટ આપે છે, અને દૈવનો ઉત્પાત મચે છે,–જેવાં કે યુદ્ધ, ભૂકંપ, દુકાળ વગેરે. ”

* * * *

પ્રબોધબાબુ: “ આજે ગામમાં ગયો હતો. લોકોને ઘણું દુઃખ છે. પહેરવાનું કાપડ નથી, ઢોરને નીરવાનું ખડ પણ નથી ! ’

મા: “ તેમને ચાવલ આપવામાં આવ્યા કે નહિ ? ”

પ્રબોધ: “ કાલે આપવામાં આવ્યા હતા. ”

મા: “ કાપડ અપાય છે ? ”

પ્રબોધબાબુ: “ સમાલીને અપાય છે.........મા, મેં સાંભળ્યું છે કે આપે એક સ્વપ્ન જોયું હતું. એક સ્ત્રી કળશી અને ઝાડુ લઈને ઊભી હતી. ”

મા: “ હા, જોયું હતું. પછી મેં તેને પૂછ્યું: ‘ તું કોણ ? ’ તો કહે કે હું ઝાડુ વાળવા આવી છું. મેં કહ્યું: ‘ ત્યારે શું ? ’ ત્યારે કહે, ‘ અમૃતની છાંટ નાંખી જઈશ. ’ હવે તેજ થઈ રહ્યું છે. મારી માતાને મુખે સાંભળ્યું હતું કે જ્યારે આવશે ત્યારે ઉપરાછપરી ત્રણ વર્ષ દુકાળ આવશે. એ વર્ષો તો થયાં કે નહિ ? ”

મણીન્દ્ર: “ યુદ્ધ તો ક્યારનું થઈ રહ્યું છે. ”

મા: “ યુદ્ધ તો થઈ રહ્યું. દુકાળને બે વર્ષ થયાં કે નહિ ? હજી એક વર્ષ ચાલશે. ”

પછી ધાનની વાત નીકળી. માએ કહ્યું: “ આટલી બધી મોંઘવારી ! જેમની પાસે છે તેમને પણ ચિંતા થતી હશે. હવે તો ‘ તારું ચામડું હું ખાઉં, મારું તું ખા ! ’ બધું સહન કર્યે જ છૂટકો છે. ભગવાન કરે તેમ ખરું ! ”

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" જો, બેટા, બધાંય કહે છે કે આ દુઃખ ને પેલું દુઃખ, ભગવાનને કેટલી અરજ કરી છતાં દુઃખ તો ગયું નહિ! પરંતુ દુઃખ તો ભગવાનનું દાન છે. અને સંસારમાં દુઃખ તો કોને નથી પડ્યાં? વૃંદા શ્રીકૃષ્ણને કહેતી હતી કે કોણ કહે છે તમે દયામય છો? રામ અવતારમાં સીતાને રડાવી, કૃષ્ણ અવતારમાં રાધાને રડાવી અને કંસના કારાગૃહમાં દુઃખથી કલેશ પામતાં કૃષ્ણનાં માતાપિતા રાતદિવસ કૃષ્ણ કૃષ્ણ કરીને રડતાં હતાં!"

* * * *

લલિતબાબુ: " મા, ખાવાપીવામાં કયા નિયમો પાળવા?"

મા: " આદ્ય શ્રાદ્ધનું ખાવું નહિ. તેથી ભક્તિમાં હાનિ થાય છે. બીજાં શ્રાદ્ધોનું ખાઈ શકાય. જે કાંઇ ખાવું તે ભગવાનને અર્પણ કરીને ખાવું. અપ્રસાદી અન્ન ખાવું નહિ. જેવું અન્ન તેવું લોહી, શુદ્ધ અન્ન તો શુદ્ધ લોહી. શુદ્ધ મનમાં શુદ્ધા ભક્તિ જન્મે."

લલિતબાબુ: " મા, અમે તો ગૃહી રહ્યા, આત્મીય સ્વજનનાં શ્રાદ્ધ વખતે શું કરવું?"

મા: " શ્રાદ્ધમાં જઈને કામકાજ કરવું. તેમને ખોટું ના લાગે તેવું બધું કરવું. પરંતુ તે દિવસે બની શકે ત્યાં સુધી બધા પ્રયત્નો કરીને ખાવાનું ચૂકવી દેવું. જો તેમ ના થઇ શકે તો, જે દેવતાને નિવેદન થયું હોય તે ગ્રહણ કરવું. પ્રસાદી હોય તો આદ્ય શ્રાદ્ધનું પણ ભક્તગણ ખાઈ શકે."

લલિતબાબુ: " ઘણીવાર શ્રાદ્ધને માટે બનાવેલી વસ્તુઓ વધે છે તે ખવાય?"

મા: " હા, તેમાં દોષ નથી. ગૃહી બીજું શું કરી શકે "

શ્રાદ્ધાન્ન ખાવાને માટે ઠાકુર પણ ના કહેતા હત.

* * * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક નાનકડી ટોપલીમાં સીતાફળ હતાં. કોઈએ સાધુઓને જઈને પૂછયું કે તમારે આ ટોપલીની શી જરૂર છે, નકામી છે, નાખી દોને! એટલે સાધુઓએ તે બહાર નાખી દીધી. માએ આ બધું જોયું. તેથી પોતે ઊઠયાં અને રસ્તાના વરંડા ઉપર જઈને મને બોલાવીને કહ્યું: "જોયું! કેવી સરસ ટોપલી ફેંકી દીધી છે? એમને શું? બધા સાધુઓ, એમને કાંઈ માયા છે! પણ આપણને તો સામાન્ય પદાર્થોનો પણ બગાડ સહન ના થાય. એટલી ટોપલી છેવટે શાકનાં છોતરાં રાખવાને તો કામમાં લાગે?" એમ કહીને તે ટોપલી મંગાવી લીધી.

*   *   *   *

એક વાર એક સ્ત્રી દીક્ષા લેવા માટે આવી. માએ કહ્યું: "તને જોઈને મનમાં થાય છે કે તારે ખોળે એક છોકરું હશે. તેને કયાં મૂકીને આવી છું?" તે સ્ત્રીએ કહ્યું: "અહીં લાવું તો બધું બગાડી મૂકે, મા, તે વિચારથી નથી લાવી." બાળક માત્ર ત્રણ માસનું હતું તે જાણીને માએ કહ્યું: "શું, આવડાં બાળકનાં મળ-મૂત્રથી ઘર અપવિત્ર થઈ જાય? એ તો બધાં નારાયણ સ્વરૂપ છે. ઘેર જા, જલદીથી, બાળક રડતું હશે. ચાર દિવસ પછી આવજે."

*   *   *   *

રાધુને મિશનરી શાળમાં જવાનું હતું. ગોલાપમાએ કહ્યું: "હવે તો છોકરી મોટી થઇ છે. હવે નિશાળબિશાળ કેવી?" એમ કહીને રાધુને જવાની ના પાડી. રાધુ રડવા લાગી. માએ કહ્યું: "શાની વળી મોટી? જવા દે એને. લખવું વાંચવું, શિલ્પકળા અને બીજી વિદ્યાઓ શીખવી એ બધું ઘણું ઉપકારક છે. જે ગામમાં તેનો વિવાહ થયો છે, ત્યાં આ બધું જાણવાથી તેને તેમજ બીજાં બધાંને ઉપકાર થશે."

*   *   *   *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકવાર સંધ્યા થઇ ગઈ હતી. જોયું તો નિવેદિતા–સ્કૂલમાંથી કેટલીક કન્યાઓ આવી હતી. તેમાં બે મદ્રાસી છોકરીઓ હતી. તેમને મા તેમનાં ભણતર વિષે પૂછતાં હતાં. તે છોકરીઓ અંગ્રેજી જાણતી હતી તે સાંભળીને માએ કહ્યું: "અચ્છા, ત્યારે, અમે ઘેર જઇશું તેનું અંગ્રેજી બોલો તો?" બધાંને એમ અંગ્રેજી કરવાનું પૂછ્યું. સાંભળીને મા ખડખડાટ હસી પડ્યાં. પછી ગાન વિષે પૂછ્યું. મદ્રાસી છોકરીએ ગાન ગાયું. તેનું ગાન સાંભળીને માને ઘણો આનંદ થયો.

* * *

કોઈ એક વિધવા કોઇની પાસેથી ભક્તિરસ વિષેનું ગાન શીખતી હતી. તે સાંભળીને માએ કહ્યું: "આહા, ઠાકુર કેવું સરસ ગાતા હતા! જાણે કે ગાન ઉપર વહેતા હતા! તે ગાનથી મારા કાન ભરેલા છે. હવે તો જે ગાન છે તે તો માત્ર સાંભળવા પૂરતાં જ. અને નરેન્દ્રનો કેવો પંચમ સૂર!"

* * * *

એક વાર વૈકુંઠબાબુએ કામારપુકુરમાં માને પૂછ્યું: "મા, માછલી ખાવામાં દોષ ખરો?" માએ કહ્યું: "આ દેશ જ માછલીનો દેશ છે, તેથી તે ખાવામાં કોઇ દોષ નથી."

* * * *

મેં: "મા, નાની નાની વિધવાઓને માછલી ખાતાં જોઇને મને તો આશ્ચર્ય થયું. અમારી તરફ તો સામાજીક નિયમો પ્રમાણે તે ખાવાનો નિષેધ છે."

મા: "એ બધી તો, બેટા, દેશાચાર અને લોકાચારની વાતો છે. અહીંયાં તો નાની વિધવાઓને પણ માછલી ખાવાની ને ઘરેણાં પહેરવાની છૂટ છે. તેમના મનમાં તો તેની વાંછના હોય જ ને? નહિ તો ચોરી છૂપીથી કરે. જ્યારે સમજે કે તે સમાજવિરુદ્ધ છે, ત્યારે તે છોડે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં: "મા, ભોગની આકાંક્ષા જાય ?"

મા: "ના, બેટા, તે ઘણું મુશ્કેલ છે."

* * * *

કોવાલપાડામાં માના મંદવાડને વખતે તેમને માટે શરબત બનાવ્યું હતું. તે ઠીક થયું છે કે નહિ તે જોવા માટે મેં તે ચાખી જોયું. પરંતુ માને તેની ખબર નહોતી. બે ત્રણ દિવસ પછી માએ સ્વયં કહ્યું: "જો, બેટા, સ્નેહીજનને કાંઈ આપતાં પહેલાં તે ચાખી જોવું, અને પછી તે આપવું." ત્યારે મેં કહ્યું: "મેં તો આપનું શરબત ચાખીને જ આપ્યું હતું." માએ કહ્યું: "સારું કર્યું, બેટા. પ્રેમના પાત્રને તેમજ કરવું. શું ગોવાળિયા શ્રી કૃષ્ણને ફળ આપતાં પહેલાં નહોતા ચાખતા ?"

* * * *

મેં: "મા, રસ્તે જતાં જતાં કોઈને જોતાં માત્ર મનમાં થાય છે કે જાણે તે આપણો ખાસ પરિચિત ના હોય ! પાછળથી ખબર પડે કે તે ઠાકુરના કે આપના ભક્ત છે. આમ કેમ થતું હશે, મા ?"

મા: "એ તો બધાં એક જ વૃક્ષની શાખા પ્રશાખા ને, એટલે."

* * * *

"દોષ તો મનુષ્ય કરવાનો જ. એ જોવા નહિ. તેથી પોતાની જ ક્ષતિ થાય છે. દોષ જોતાં જોતાં છેવટે માત્ર દોષ જ દેખાય છે."

* * * *

"જે મહાન હોય છે, તે એક જ હોય છે. તેની સાથે બીજા કોઈની તુલના થઈ શકે નહિ."

* * * *

એક વાર બધાં વાતોએ ચઢયાં. વાતવાતમાં 'કપિલાનંદ' શબ્દની વાત નીકળી. માએ પૂછયું: "કપિલ એટલે શું ?" સરલાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું: “મને લાગે છે કે વાનર.” મેં કહ્યું: “અરે, સરલા, કપિ એટલે વાનર, કપિલ એટલે નહિ.” બધાં હસી પડયાં. માએ કહ્યું: “બાપનું નામ વળી ભૂમાનંદ છે. તેનો શો અર્થ?” મેં કહ્યું: “મા, તે તો તમે જ કહી શકો.” મા: “ના, બેટા, તું જ કહે.” મેં કહ્યું: “ભૂમા એટલે અનંત સર્વવ્યાપી પુરુષ, એમ સાંભળ્યું છે.” સાંભળતાં જ માને ઘણો આનંદ થયો. કોઈ કોઈ વાર મા જાણે કે બાળકના કરતાંય અજ્ઞાન જણાય છે, જાણે કાંઈજ જાણતાં થી! કોઈ કોઈ વાર વળી કઠણ આધ્યાત્મિક તત્ત્વની એવી સરળ વ્યાખ્યા કરે છે કે જે વિષે પોથીમાં કાંઇ જ મળી આવે નહિ.

* * * *

“ભાંગી તો બધાં શકે, પણ કેટલાં ઘડી શકે છે? નિંદા કે ઠઠ્ઠા મશ્કરી તો બધાં જ કરી શકે, પરંતુ કેવી રીતે કોઈનું શ્રેય તાકવું તે વિષે કોણ વિચારે છે? દુર્બળતા તો મનુષ્યમાં રહેલીજ છે.”

શ્રીશ્રીમાની છેલ્લી બીમારી વખતે સવારના પહોરમાં એક વાર માનાં દર્શન કરવા ગયો. તે વખતે ઓરડામાં કોઈ નહોતું. મા તે વખતે દક્ષિણ તરફના ઓરડામાં હતાં. આ સમય દરમિયાન તેમનું શરીર જરા ઠીક હતું. દિવસે માનો બીછાનો ત્યાં જ રહેતો. ચૈત્ર માસનું પ્રથમ અઠવાડીઉં હતું. માનાં દર્શન કર્યાં કે તરત જ તેમણે મારા ઘરની વાત કાઢી. માનું શરીર રોગીલું જોઇને મેં કહ્યું: “મા, તમારું શરીર વળી પાછું ખરાબ થઈ ગયું. આવું દુર્બળ મેં કદાપિ જોયું નથી.” માએ કહ્યું: “હા, બાબા, દુર્બળ તો થઈજ ગયું છે. મનમાં થાય છે કે આ શરીર દ્વારા ઠાકુરને જે કાંઈ કરવું હતું તે પૂરું થયું છે, હવે મન માત્ર તેમને જ વાંછે છે, બીજું કાંઈજ ગમતું નથી. જો ને રાધુને કેટલી ચાહતી, તેના સુખને માટે કેટકેટલું કરતી, હવે તેને વિષે પણ ભાવ રહ્યો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે જો રાધુ સામી આવીને ઊભી રહે તોપણ ના ગમે. મનમાં થાય કે શા માટે સામે આવીને મનને નીચે તાણી રહી છે! ઠાકુરે પોતાના કાર્યને માટે આટલો વખત મનને નીચે રાખ્યું, નહિ તો તેમના ગયા પછી શું હું રહી શકું?"

મેં કહ્યું: "મા, તમે આમ બોલો છો તેથી અમને ઘણું દુઃખ થાય છે. તમે જો જતાં રહો તો અમારું શું થાય?

ત્યાગ અને તપસ્યાનો અમારામાં ઘણો અભાવ છે. વૈરાગ્ય તો છે જ નહિ. તમે નહિ હો તો આ મહામાયાના રાજ્યમાં કોને જોરે ટકીશું? મનમાં કોઇ વાર દુર્બળતા આવે તો તમારી પાસે આવીને ઘણી વાર આશ્વાસન અને બળ મેળવીએ છીએ. તમારા ગયા પછી ક્યાં જઇશું, મા?" માએ દૃઢતાપૂર્વક કહ્યું: "શું તમે નિરાશ્રય છો? શું ઠાકુર તમારું બધું જોતા નથી એમ તમે માનો છો? તમારે વળી ચિંતા શી? તમને મેં તેમને સોંપી દીધા છે. તમારે તે મર્યાદામાં રહેવું પડશે. બીજે ક્યાંય જઈ શકાશે નહિ. તેઓ હંમેશાં તમારું રક્ષણ કરી રહ્યા છે."

મેં કહ્યું: "તેમની વાત મનમાં તો ઘણી વાર આવે છે, પરંતુ તે સમજાતી નથી. કેટલીક વાર મનમાં શ્રદ્ધા બેસે છે, કેટલીક વાર સંદેહ ઉપજે છે. તમને પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ, તમારી આગળ અમારા મનની સારીનરસી બે વાતો કહી શકીએ છીએ, અને તમે પણ અમને માર્ગ બતાવો છો. તો અમે તમારી પાસે આશ્રય પામ્યાં છીએ. આથી તમારામાં શ્રદ્ધા છે."

મા: "ઠાકુર એક માત્ર રક્ષણકર્તા છે, એ વાત હમેશાં ધ્યાનમાં રાખો. એ જો ભૂલ્યા તો બધું જ ભૂલ્યા. આજે મેં તારા ઘરની, તારી માની વાત પૂછી, તેનું શું કારણ તે સમજાયું? પહેલાં ગણેનને મોઢે તારા પિતાના મૃત્યુની વાત સાંભળી. મેં એને પૂછ્યું કે તારા ઘરમાં કોણ કોણ છે, ખાવાની પૂરતી જોગવાઈ છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ, અને તારા સિવાય તારી માને ચાલી શકે કે નહિ. જ્યારે સાંભળ્યું કે તારા વિના ચાલી શકે તેમ છે, ત્યારે મનમાં થયું કે બાળકની બુદ્ધિ સદ્દમાર્ગે વળી છે, તો ઠાકુરની કૃપાથી તેને સત્યને માર્ગે જતાં અડચણ નહિ આવે.

માતાની સેવા ચાકરી કરવી બધાંને ઉચિત છે, ખાસ કરીને જ્યારે તમે બધાંની સેવા કરવા અહીં આવ્યાં છો ત્યારે. જો તારા પિતા પૈસા મૂકી ગયા ના હોત, તો તને ધંધોરોજગાર કરીને માની સેવા કરવાનું કહેત. ઠાકુરની કૃપાથી તારે માથે તે મુશ્કેલી નથી. માત્ર સ્ત્રીઓના હાથમાં ગેરવ્યવસ્થા ના થઇ જાય તેનો બંદોબસ્ત કરવો અને પૂરતી દેખરેખ રાખવી. આ કાંઇ ઓછી સરળતા છે?

મનુષ્ય ધંધોરોજગાર પણ સદ્દભાવે કરી શકતો નથી, તેનું મન મલિન થઇ જાય છે. તેથીજ તને કહું છું કે પૈસાટકાની વાત બને તેટલી પતાવી દેવી. એમાં જો બહુ લપટાયા તો તેનું આકર્ષણ વધી જવાનું, પૈસો એવી ચીજ છે, બેટા! તું કદાચ ધારતો હોઇશ કે મારા મનમાં તેનું આકર્ષણ નથી, જ્યારે એકવાર તેને છોડી શકયો છું ત્યારે હવે તેમાં ફસાઈશ નહિ, ઇચ્છા થશે કે ચાલ્યો આવીશ. તો એવી ધારણા કદાપિ બાંધીશ નહિ. કોઇ છિદ્ર વાટે તે એવી ઘૂસી જશે, કે તને છટકવા પણ નહિ દે.

વળી, તમે રહ્યાં કલકત્તામાં ઉછરેલાં. પૈસાટકાની સાથે રમવાનું પણ તમે જાણો. બની શકે તેટલો જલદીથી માને માટે પૂરતો બંદોબસ્ત કરીને કલકત્તાથી છૂટો થઈ જા. જો માતાને કોઇ તીર્થસ્થળે લઈ જઈ શકાય તો વધારે સારું. આ શોકના વખતમાં માને ઘણું દુઃખ થતું હશે. તેમની ઉંમર પણ થઇ હશે. તેમને સમજાવજે.

માનો પથસંચય કરી શકે તો જ ખરો પુત્ર. તેની છાતીના રક્તથી તું આવડો મોટો થયો, કેટલાં કષ્ટ વેઠીને તને મોટો કર્યો; તો તેમની સેવા કરવી એ સૌથી મોટો ધર્મ છે. છતાં જો તને તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાનને માર્ગે જતાં અટકાવે તો જૂદી વાત છે. તેમને એક વાર અહીં લઈ આવજે. જો ઠીક લાગશે તો એક બે વાતો કરી જોઇશ.

પરંતુ સાવધાન રહીને બધું કરજે. માની સેવા કરું છું એવા ભાવથી તેમાં આસક્ત થઇશ નહિ. ઠાકુર તો પૈસાને અડી પણ શકતા નહિ. તમે તેમના નામે નીકળ્યા છો, તો હંમેશાં તેમનો દૃષ્ટાંત ખ્યાલમાં રાખજો, જગતમાં બધા અનર્થનું મૂળ પૈસો છે. હજુ તારી ઉંમર નાની છે, હાથમાં પૈસા આવ્યા કે લોભ વળગશે. સાવધાન, બેટા!"

મેં કહ્યું: "મનમાં ક્યારનું થાય છે કે માને એકવાર તમારી પાસે લઇ આવું, પરંતુ આ શરીર જોઈને તે ઇચ્છા પડતી મૂકું છું."

મા: "ના, ના, લઈ આવજે. કેટલાય જણ આવે છે. અને શરીર તો દિવસે દિવસે ખરાબ જ થતું જવાનું. જલદી લઇ આવજે. સવારે ઠીક રહે છે. મોડું કરીશ નહિ."

મેં: "મા, તમારી વાત સાંભળીને ઘણું દુઃખ થાય છે. વારંવાર શરીરની વાત કાઢો છો, તે પરથી થાય છે કે જાણે હવે શરીરને ધારણ કરી રાખવાની તમારી ઇચ્છા નથી."

મા: "શરીર રહે કે ન રહે તે મારી ઇચ્છા ઉપર નિર્ભર નથી, બેટા. જેવી તેમની ઇચ્છા. પણ તમે શા માટે ગભરાઓ છો? તમે મારી પાસે કેટલું રહો છો? કોઇ વાર મઠમાં તો કોઈ વાર મઠની બહાર. મારી સાથે વાતચીત કરવાની કે પાસે રહેવાની કેટલાંને સગવડ છે, બેટા?"

મેં: "એ તો ઠીક છે, મા, પરંતુ તમે છો એ વિશ્વાસ હોવાથી મનની ઘણી દુર્બળતાઓ આપમેળે ચાલી જાય છે."

મા: "તમે શું એમ ધારો છો કે ઠાકુર કદાચ આ શરીર ના રાખે, છતાંય મેં જેમની જવાબદારી લીધી છે, તેમાંનો એક પણ રહે ત્યાં સુધી મને છૂટી છે? તેમની સાથે રહેવું જ જોઇશે, તેમનાં સારાં–નરસાંના ભાગીદાર બનવું જ પડશે. મંત્ર આપવો એ શું ખેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ? કેટલો બોજો ઉપાડવો પડે છે, કેટલી ચિંતા રાખવી પડે છે. આ જોને, તારા પિતા મરી ગયા, તેથી તારું મન પણ કેવું થઈ ગયું ? મનમાં થયું કે બાળકને ઠાકુરે વળી પાછો કસોટી પર ચડાવ્યો. કેવી રીતે તેમાંથી પાર ઊતરાય, તે વિષે વિચારું છું. તેથીજ તને આટઆટલી વાતો સમજાવું છું. સમજાયું ? જો તું સમજે તો મારો ઘણો ભાર હળવો થઈ જાય. ઠાકુર અનેક ભાવે અનેકને રમાડે છે, પણ મારે બધાની ઢાલ થવું પડે છે! જેમને પોતાનાં ગણ્યાં તેમને કેમ કાઢી શકાય, બેટા ?"

મેં: "મા, તમે નહિ હો ત્યારે કોની પાસે જઈશું ? એ બધું વિચારતાં ઘણું દુઃખ થાય છે."

મા: "કેમ, રાખાલ, શરદ વગેરે છે જ ને ? એ શું જેવા તેવા છે ? તું તો રાખાલને પણ ખૂબ ચાહે છે. તેને પૂછવું. પણ પૂછવું ય શું બેટા ? બહુ પૂછપરછ કરવી પણ સારી નહિ. એક વાતને પૂરી હજમ ન કરી હોય, ત્યા પાંચ દશ બીજી આડીઅવળી વાતો આવવાથી ગડમથલ ઊભી થાય છે. જે કાંઈ પામ્યો છું, તેમાં જ મગ્ન રહેવું. જપ કરવો, ધ્યાન ધરવું, સત્સંગ કરવો, અને અહંકારને સહેજ પણ ડોકિયું ઊંચું કરવા દેવો નહિ. જો ને, રાખાલનો કેવો બાળકના જેવો સ્વભાવ છે ? શરદને જોયો ? કેટકેટલું કામ કરે છે, કેટકેટલી ધમાલ મચાવે છે ? એ બધા ખરા સાધુ છે, એમને વળી આટઆટલી ધમાલ શી ? એમની જો ઇચ્છા થાય તો રાતદિવસ ભગવાનમાં મન જોડીને લાગ્યા રહે. પરંતુ માત્ર તારા જેવા ઘણાના મંગળને માટે તેમને ઊતરવું પડે છે. એમનું ચરિત્ર નજર આગળ રાખવું, એમની સેવા કરવી. હંમેશાં વિચારવું કે હું કોણ ? જ્યારે જ્યારે મનમાં કોઇ ખરાબ ભાવ ઘૂસી જાય ત્યારે ત્યારે મનને કહેવું કે હું તેમનો બાળક છું, મારાથી એવું કામ કદાપિ નહિ થાય. જોજે, એમ કરવાથી તારા મનને બળ મળશે, શાંત મળશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થળ: ઉદ્બોધન, ઠાકુરનો ઓરડો

સમય: ૨૫-૯-૧૯૧૦

સવારે માની સાથે વાત નીકળી. મેં પૂછ્યું: "મા, જો ઈશ્વર નામે જગતમાં કોઈ હોય તો દુઃખ શાને? શું તેઓ આ બધું જોતા નથી? તેમની શું આ બધાં દુઃખ દૂર કરવાની શક્તિ નથી?" માએ કહ્યું: "આખી સૃષ્ટિ દુઃખમય છે. દુઃખ ના હોય તો સુખ શું જાણી શકાય? અને બધાંયને સુખ જ હોય એ પણ કેવી રીતે સંભવે? એકવાર સીતાએ રામને કહ્યું: 'તમે બધાંનાં દુઃખ દૂર કેમ કરતા નથી? રાજ્યમાં જેટલી પ્રજા છે, તેમને સુખે રાખી શકો તેમ છો.' રામે કહ્યું: 'બધાંયનું એક સાથે તે સુખ થતું હશે વળી?' 'પણ તમે ઇચ્છો તો થાય. જેમને જેનો અભાવ હોય તેમને તે રાજભંડારમાંથી આપી શકો છો.' 'ભલે, તારા કહ્યા પ્રમાણે થશે.' પછી રામે લક્ષ્મણને બોલાવીને કહ્યું: 'જા, રાજ્યમાં જઈને બધાંયને જણાવ કે જેમને જેનો અભાવ હશે તેમને તે રાજકોષમાંથી મળી શકશે.' પછી બધાંયે જઈને રામની આગળ પોતપોતાનાં દુઃખ જણાવ્યાં. રાજભંડાર ખુલ્લો મૂકવામાં આવ્યો. બધાંયનાં દુઃખ દૂર થયાં. રામની એવી માયા થઈ કે જે ઠેકાણે રામ અને સીતા રહેતાં હતાં ત્યાં છાપરું તૂટવાથી પાણી ટપકવા લાગ્યું. તેને સમરાવવા માટે માણસોને તેડાવ્યાં, પરંતુ કોઈ આવે નહિ! હવે કડિયા મજુર ક્યાંથી મળે? રાજ્યમાંથી પણ ઘણાયની ફરિયાદ આવવા લાગી. કોઈ કોઈનું કામ જ કરે નહિ. ત્યારે સંસાર વ્યવહાર ચાલે શી રીતે? છેવટે સીતાએ નિરુપાય બનીને રામને કહ્યું: 'હવે તો કાંઈક કરવું જ પડશે. જેમ હતું તેમ ફરીથી પાછું બનાવી દ્યો.' રામે કહ્યું, 'ભલે.'

ત્યારે સમજવું કે આખો જન્મારો કોઈનો દુઃખમાં જાય નહિ. જેવાં કર્મ તેવું ફળ, તેવું બધું આવી મળે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું: "ત્યારે શું બધું જ કર્મમાંથી થાય છે, મા?" માએ જવાબ આપ્યો, "ત્યારે શેમાંથી? જોને પેલો ભંગી વિષ્ટાનો ટોપલો ઉપાડીને જાય છે!" મેં કહ્યું: "ત્યારે આવી સારીનરસી કર્મની પ્રવૃત્તિ શરૂઆતમાં ક્યાંથી આવી હશે? આ જન્મનું મૂળ, તેનો પૂર્વ જન્મ; તેનું મૂળ, વળી તેનો પૂર્વ જન્મ,–એમ કરતાં કરતાં સર્વનો આદિ ક્યાં?"

મા: "ઇશ્વરેચ્છા વિના કાંઈ થઈ શકે નહિ, તરણું પણ હાલે નહિ. જ્યારે જીવને શુભ સમય આવે ત્યારે તેને ધ્યાન વગેરે સૂઝે છે; ખરાબ સમયમાં બીજી બધી પ્રવૃત્તિઓ ગમે છે. તેમની ઇચ્છા પ્રમાણે કાળમાં બધું જ થાય છે. પોતે જ તે દ્વારા કાર્ય કરે છે. નરેન્દ્રની શી તાકાત હતી? તેમણે જ તેના દ્વારા ઘણું કર્યું.

ઠાકુર જે કાંઈ કરવાના છે, તે તેમણે ઠીક કરી રાખેલું છે. છતાં જો કોઈ તેમના ઉપર બરાબર જવાબદારી નાંખે તો તેઓ બધું જ કરી દે. બધું જ સહી લેવું રહ્યું. કારણ કે કર્મ પ્રમાણે આવી મળે છે. વળી કર્મ દ્વારા કર્મનું ખંડન પણ થાય છે!" મેં કહ્યું: "શું કર્મ દ્વારા કર્મનું ખંડન પણ થાય?" મા: "શું ના થાય? કોઈ સત્કાર્યથી અસત્યકાર્ય ક્ષીણ થાય છે."......

એક વાર મીરજાપુર સ્ટ્રીટમાં કોઇ એક બાળકમાં મૃતાત્માનો આવેશ થયો. ઉદ્બોધનમાંથી કેટલા સાધુ તે જોવા ગયા. તે વિષે વાત નીકળી. મેં માને પૂછ્યું: "મા, પ્રેતદેહમાં કેટલું રહેવું પડે છે!" મા: "ઉન્નત પુરુષ સિવાય બધાંયને એક વર્ષ પ્રેતયોનિમાં ગાળવું પડે. ત્યાર પછી ગયામાં પિંડદાન, મહોત્સવ, વગેરે કરવાથી પ્રેતયોનિમાંથી મુક્ત થવાય. પછી વાસના પ્રમાણે જન્મ થાય. કોઇને વળી ત્યાંથી પણ મુકિત મળે. છતાં આ જન્મમાં કાંઇ સુકૃત કર્યાં હોય, તો પ્રેતદેહમાં પણ બધું જ ચૈતન્ય જતું રહેતું નથી." મેં કહ્યું: "ગયામાં પિંડદાન દેવાથી શું ભગવાનની પાસે જવાય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા: "જવાય." "તો પછી સાધનભજનની શી જરૂર ?" "કારણ કે વાસના અને કર્મ પ્રમાણે વળી પૃથ્વીમાં જન્મવું પડે છે. કોઇ મુક્તિ મેળવે છે, કોઈ નીચ યોનિમાં જાય છે. બધી સૃષ્ટિની ક્રિયા ચક્રની માફક થાય છે. જે જન્મમાં મન વાસનાશૂન્ય થાય, તે છેલ્લો જન્મ ગણવો."

મેં: "તમે કહ્યું કે ભગવાનની પાસે જાય, તો તેને કોઇ લઈ જાય કે પોતે જ જાય ?"

મા: "પોતે જ જાય, કારણ કે સૂક્ષ્મ શરીર હવાના દેહ જેવું છે." મેં: "ત્યારે જેમને માટે ગયામાં પિંડ ના દેવાય, તેમની શી ગતિ થતી હશે ?"

મા: "જ્યાં સુધી વંશમાં કોઈ ભાગ્યશાળી જન્મીને ગયામાં પિંડ દે નહિ, કે ઔર્ધ્વદૈહિક ક્રિયા કરે નહિ, ત્યાં સુધી પ્રેતદેહમાં રહેવું પડે."

મેં: "આ બધાં ભૂતપ્રેત, એ શું શિવના ચેલા હશે કે પછી બીજા કોઈ ?"

મા: "જે મરી ગયા છે તેઓ. શિવના ચેલા જૂદા. ખુબ સાવધાનીથી ચાલવું પડે છે. પ્રત્યેક કર્મનું ફળ મળે છે. કોઇને કષ્ટ દેવું, કોઇને કડવું કહેવું ઠીક નહિ."

મેં: "મા, ત્યારે લીંબડામાંથી આંબો ફળે નહિ, આંબામાંથી લીંબડો ફળે નહિ. જેને જે થવાનું તેને તે થાય, એમ ને ?"

મા: "બરાબર છે, અને બેટા અંતે તો ઇશ્વરબીશ્વર કાંઇજ રહે નહિ. જ્ઞાનચૈતન્યનો ઉદય થાય એટલે આપોઆપ ઠાકુરબાકુર બધુંજ માયા લાગે,–માત્ર કાળની ગતિમાં બધું આવે, જાય, આવે ને જાય, બસ !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

એક ભક્તની સળંગ નોંધપોથી

બં. સં. ૧૩૧૫ના જેઠ માસમાં એક દિવસે સવારે મેં સાંભળ્યું કે બપોરે ચાર વાગે શ્રીશ્રીમા, પૂ. શરદ મહારાજ, યેગેન મા, ગોલાપ મા વગેરેની સાથે કલકત્તાને માર્ગે કોવાલવાડા જવાનાં છે. સંધ્યાની વેળા થવા આવી છતાં કોઈ જણાયું નહિ. પછી સમાચાર આવ્યા કે તેમની ગાડી નદીની પાસે કાદવમાં ખૂંપી ગઈ છે. તરતજ બધાં ત્યાં પહોંચી ગયાં. રાતે દશ વાગે બધાં ગામમાં પહોંચ્યાં.

ગાડીમાંથી ઊતરીને મા ધીરે ધીરે કેદારબાબુની માની સાથે ઠાકુરઘરમાં ગયાં. માએ ઠાકુરને પ્રણામ કર્યા અને પછી આસન ઉપર બેઠાં. પછી બીજાં સ્ત્રી પુરુષો પણ તેમને પ્રણામ કરીને બેઠાં. મેં પણ તેમ કર્યું. કેદારબાબુની મા કાને થોડું સાંભળતાં હતાં, તેથી મા મારા દ્વારા પુરુષ ભક્તગણની સાથે વાતચીત કરતાં હતાં. રાતે વખત ઘણો વીતી ગયો છે તેવા સમાચાર શરદ મહારાજે કહેવરાવ્યા, એટલે માએ એકદમ ઊઠવાની તૈયારી કરી. તેથી માએ થાળીમાંથી એકાદ સંદેશ ચાખ્યો. બધાંની સાથે મેં પણ માને પ્રણામ કર્યા, અને પિતાએ જે પ્રણામી આપી હતી તે માના હાથમાં મૂકી. સસ્નેહે માએ મને ચૂંબન કર્યું અને કહ્યું: “બાબા, જે કાંઇ આપવાનું હોય, તે પગમાં મૂકવું જોઇયે.” પછી ધીરે ધીરે ગાડીમાં બેઠાં.

આવી થોડી સામાન્ય વાતો દ્વારા તેમના સ્નેહનો જે આસ્વાદ મેં મેળવ્યો તેની સરખામણીમાં પિતામાતાનો પ્રેમ પણ તે વખતે તુચ્છ જણાયો !

એકવાર જગદ્ધાત્રીની પૂજાને વખતે મા કલકત્તાથી જયરામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાટી જવાને રસ્તે જતાં સવારે કોવાલપાડાના આશ્રમમાં પહોંચ્યાં. બપોરે રવાના થવાને વખતે આશ્રમના ઉત્સાહી કર્મચારીઓને માએ કહ્યું: "અહીંયાં હવે તમે બધાંજ પોતાનાં છો. હવે તમારી શ્રદ્ધા ઉપરજ ઠાકુર અહીં છે."

જગદ્ધાત્રીની પૂજાને દિવસે અમે ત્રણ જણ અમારા ખેતરમાંથી થોડું શાક લઇને જયરામવાટી ગયાં. અમને જોઇને માને ઘણો આનંદ થયો, અને કહ્યું: "અહીંયાં શાકભાજી બધો વખત મળતાં નથી. ઘણીવાર મુશ્કેલી નડે છે. તમે લાવ્યા તે ઠીક કર્યું." ત્યાર પછી જ્યારે જ્યારે અમે જયરામબાટી જતા ત્યારે ત્યારે માને માટે શાકભાજી લઈ જતા. કોઈ કોઇવાર જઇને જોતા તો મા સૂઈ રહ્યાં હોય. અમે પ્રણામ કરીએ એટલે મા તરતજ કહેતાં, "ચૈતન્ય થાઓ, ભક્તિ થાઓ." પછી પ્રસાદ લઇને ઘેર પાછા ફરતા. કોઈ વાર રાતના બાર પણ વાગી જતા.

એકવાર શીતકાળમાં કેટલીક શાકભાજી અને ગાયનું ઘી વગેરે વસ્તુઓ માથે લઇને થાક્યોપાક્યો જયરામબાટી સંધ્યાને સમયે પહોંચ્યો. મારી અવસ્થા જોઇને મામીઓમાંથી એકે કહ્યું: "જોયું ભક્ત થવામાં કેટલી મુશ્કેલી! બોજો ઉપાડીને બિચારાનું માથું રહી ગયું!" શ્રીમાએ એ વાત સાંભળીને કહ્યું: "એમને વળી માથું ક્યાં છે! જેમનું માથું તેમને તેમણે તો બોજો સોંપી દીધો છે!" ત્યાર પછી અતિ સ્નેહે માથા ઉપર હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા. પાછળથી મને આશ્રમમાં નીચે પ્રમાણે કહેવરાવ્યું હતું: "એક સાથે આટલી બધી ચીજો ના લાવવી, નહિ તો સૂકાઈ જશે."

જગદ્ધાત્રીની પૂજા પછી જ્યારે મા કોવાલપાડાના આશ્રમમાં થઈને કલકત્તા જવાનાં હતાં, ત્યારે આશ્રમમાં ગરમાગરમ સ્વદેશી ચર્ચાઓ થતી હતી અને ધ્યાન, જપ, પૂજાપાઠ વગેરેના કરતાં ચરખો, સ્વદેશી વસ્તુઓ વગેરેના ઉપર બધાનો ઝોક વધ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળીને કેદારબાબુ માનાં દર્શન કરવાને જયરામબાટી ગયા. માએ તેમને કહ્યું: "જુઓ, બેટા, જ્યારે તમે બધાએ ઠાકુરને માટે જૂદો ઓરડો અને અમારા માર્ગના વિશ્રામને માટે એક સ્થાન કર્યું છે, ત્યારે આ વખતે જતી વેળા ત્યાં ઠાકુરની પ્રતિષ્ઠા કરતી જઇશ. તો બધી તૈયારી કરી રાખજો. પૂજા, અન્નભોગ, આરતી વગેરે નિયમિત કરજો. માત્ર સ્વદેશીથી કાંઇ નહિ વળે. આપણું જે કાંઈ છે, તે ઠાકુરને લીધે છે. તેજ આપણા આદર્શ છે. ગમે તે કરો, પરંતુ તેમને સ્વીકારવાથી કાંઈ અડચણ નહિ આવે."

આ સાંભળીને કેદારબાબુએ કહ્યું: "સ્વામીજીએ તો દેશને માટે કેટકેટલું કરવા માટે કહ્યું છે, મા. જો તેઓ અત્યારે જીવતા હોત, તો દેશને માટે કેટકેટલું કરત." તરત જ માએ કહ્યું: "અરે બાબા, મારો નરેન્દ્ર જો હોત તો કંપની સરકાર શું તેને બહાર રાખત? જેલમાં પૂરી દેત. પણ હું તો તે જોઇ શકત નહિ, બેટા. નરેન્દ્ર તો જાણે ઉઘાડી તલવાર! વિલાયતથી પાછો ફર્યો ત્યારે મને કહે, 'મા, આપના આશીર્વાદથી એ મુલકમાં જઈ આવ્યો. ત્યાંય જોયું તો ઠાકુરનો શો મહિમા! કેટકેટલા સજ્જનોએ મારી પાસેથી તેમની વાણી મંત્રમુગ્ધ થઇને સાંભળી અને એ ભાવમાં તરબોળ થવા લાગ્યા.' એ બધાંય અંતે તો મારાં જ સંતાન ને, બેટા, કેમ નહિ?"

પ્રસંગના ક્રમમાં એક ઘટના મનમાં આવે છે. એક વાર પૂજાને વખતે માની ભત્રીજીઓ માટે કાપડ ખરીદવાનો ભાર માએ મારા ઉપર નાંખ્યો. મેં બધુંજ કાપડ દેશી ખરીદ્યું. છોકરીઓએ તેમાંનો ઘણો ભાગ નાપસંદ કર્યો અને તેમને જે જાતનું ગમતું હતું તે લાવવા જણાવ્યું. મેં ઉત્તેજીત થઇને માને કહ્યું: "મા, એમને ગમે છે એ તો બધું વિલાયતી છે, એ કેવી રીતે લવાય?" તે વખતે શ્રીમા એક ખૂણામાં બેઠાં હતાં. સહેજ હસતાં હસતાં મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલ્યાં: "બેટા, ત્યાંના લોક પણ મારાં છોકરાંજ છે. મારે તો બધાંને લઇને ઘર માંડવાનું. મારે શું એકલપેટા થયે ચાલે? એમને ગમતું હોય તેવું લાવી દેજે." ત્યાર પછી મેં જોયું તો કોઇને માટે વિલાયતી કાપડ મંગાવવાનું હોય, તો બીજાને કહેતાં. કોઈની ભાવનાને આઘાત લાગે એવું વર્તન માને માટે સ્વભાવ વિરુદ્ધજ હતું!

પરંતુ જ્યારે સમાચાર આવ્યા કે કોઇ સ્વદેશી હિલચાલને અંગે યુથવિહાર ગામના દેવેનબાબુની સ્ત્રી અને તેમની બહેન સિન્ધુબાલાને ગર્ભાવસ્થામાં બાઁકુડાના પોલિસે અટકમાં લીધાં છે, તે વખતે માની અગ્નિમયી મૂર્તિ જોઇને બધાં થંભીજ ગયાં! "શું કહે છે?" એમ કહેતાંક ને મા તો ધ્રૂજવા લાગ્યાં. પછી કહ્યું: "આ શું કંપનીનો આદેશ છે કે પોલિસોની કરામત છે? નિરપરાધ સ્ત્રીઓ ઉપર આવો અત્યાચાર તો મહારાણી વિક્ટોરિયાના સમયમાં સાંભળ્યો નથી? જો આ કંપનીનોજ આદેશ હોય, તો તેને બહુ વાર નથી. કોઈ એવો માઇનો જાયો ત્યાં શું નહોતો કે બે થપડાક મારીને બે સ્ત્રીઓને બચાવી શકે?" પછી થોડી વારે જ્યારે સાંભળ્યું કે તેમને છોડી દેવામાં આવ્યાં છે, ત્યારે શાંત પડીને કહેવા લાગ્યાં: "જો આ સમાચાર આજે ના મળ્યા હોત તો રાત્રે ઊંઘ ના આવત."

મા કોવાલપાડામાં હતાં. પૂજનીય શરદ મહારાજે રાસબિહારી મહારાજને થોડી કેરીઓ લઇને મોકલ્યા હતા. આપ્યા પછી થોડી વારે માને તે પ્રણામ કરવા ગયા. કુશળ સમાચાર પૂછ્યા પછી માએ કહ્યું: "હેં, યુદ્ધના શા સમાચાર છે? કેટલા લોકોનો વિનાશ! કેટલાં માનવઘાતી યંત્રો! આજકાલ કોણ જાણે યંત્રોનીજ વાતો! જુઓને, રાસબિહારી કાલે કલકત્તાથી નીકળ્યો અને આજે તો અહીં આવી પણ ગયો. અમારા વખતમાં કેટલું ચાલતાં, કષ્ટ ભોગવતાં, ત્યારે દક્ષિણેશ્વર પહોંચતાં." પ્ર...બાબુએ સહેજ ઉત્સાહપૂર્વક પાશ્ચાત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને વિજ્ઞાનની પ્રશંસા કરતાં જણાવ્યુંઃ "મા, અંગ્રેજ લોકોએ આપણા દેશનાં અનેક સુખ અને સ્વચ્છંદતામાં વધારો કર્યો છે." માએ બધી વાતોમાં ટેકો આપ્યો, પણ છેવટે કહ્યુંઃ "પરંતુ, બાબા, એ બધી વાતો હોવા છતાંય આપણા દેશમાં અન્નવસ્ત્રનો અભાવ વધવા લાગ્યો છે. પહેલાં આટલી અન્નને માટે હાડમારી ન હોતી."

કલકત્તા જવાને રસ્તે કોવાલપાડાના આશ્રમમાં માએ ઠાકુરની પ્રતિષ્ઠા કરી. પોતે ઠાકુરનો અને પોતાનો ફોટો રાખ્યો અને તે બન્નેની સ્વહસ્તે પૂજા કરી અને કિશોરદાદા દ્વારા હોમ તેમજ બીજો વિધિ કરાવ્યો. મધ્યાહ્ને પગે ચાલીને કેદારબાબુની માની સાથે મા તેમના ઘર તરફ ફરવા ગયાં. ત્યાંથી પાછા ફરતાં વચમાં માને પ્ર...બાબુ મળ્યા. તેમણે માને પાલખીમાં બેસીને જવાનું સૂચવ્યું. એટલે સહેજ વિરક્ત બનીને માએ તેમ કર્યું. આશ્રમમાં જઇને માએ ખૂબ ધમકાવીને કહ્યુંઃ "આ તો આપણું ગામડું છે. કોવાલપાડા તો આપણી બેઠક છે. આ બધાં પણ મારાં સંતાન જેવાં છે. અહીં આવીને જરા સ્વાધીન ભાવે હરીફરી શકાય તેથી આવું છું. કલકત્તાથી અહીં આવીને શ્વાસ નીચે મૂકું છું. ત્યાં તો તમે બધાં મને પાંજરામાં પૂરી રાખો છો. તેથી કરીને મારે ત્યાં સંકુચિત જીવન ગુજારવું પડે છે. અહીં આવીને પણ જો તમારી પ્રમાણે મારે કરવાનું રહે, તો તે મારાથી નહિ થઈ શકે. શરદને લખી નાખો." આ સાંભળીને પ્ર...મહારાજે ક્ષમા માગી અને કહ્યુંઃ "મને શરદ મહારાજે આપને ખૂબ સાવધાનીથી લઈ જવાનું કહ્યું હતું. હું સમજ્યો કે મારી બેકાળજીને પરિણામે આપને પગે ચાલીને જવું પડયું. તો મા, આપની જેવી ઇચ્છા હશે તે પ્રમાણે થશે."

પ્ર...મહારાજના કહેવા પ્રમાણે નક્કી થયું કે સંધ્યાકાળે ૭ વાગ્યા પહેલાં અમારે ખાવાનું તૈયાર કરી દેવું. પરંતુ ઘણો પ્રયત્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર્યા છતાં અમે વખતસર પહોંચી વળી શક્યાં નહિ. તે જોઈને પ્ર...મહારાજ અમારા ઉપર ચીડાઈ ગયા. રાજેન્દ્રદાદાએ તેથી કહ્યું: “ભલે, આપના વખત પ્રમાણે એમને બધાંને લઈને આપ રવાના થાઓ, અને અમે ખાવાનું તૈયાર કરીને તમે ગમે તેટલે દૂર હશો તોય પહોંચાડીશું.” મા આ બધું સાંભળી ગયાં. તેથી તેમણે પ્ર...મહારાજને બોલાવીને કહ્યું: “આટલો બધો તપી જઈને તેમને દબડાવે છે શાનો? આ તો ગામડું કહેવાય, ઓછું કલકત્તા છે કે ઘડિયાળના કાંટાની માફક ચાલી શકાય? જો તો ખરો, બિચારા છોકરા કેટકેટલી ધમાલ કરી રહ્યા છે. અહીંયાં ખાધા વિના નીકળવાનું નથી.” છેવટે રાતે આઠ વાગે બળદગાડીમાં વિષ્ણુપુર તરફ બધાં ગયાં.

રામેશ્વરની યાત્રા કરીને મા કલકત્તા પાછાં ફર્યાં હતાં. અમે ત્રણ જણ ઉદ્બોધનમાં તેમના દર્શનાર્થે ગયા. અમારા પ્રણામ કરી રહ્યા પછી કોવાલપાડાના આશ્રમની તેમજ જયરામબાટીની વાતો પૂછી અને પછી કેદારબાબુને માએ કહ્યું: “તારા આશ્રમને માટે રામેશ્વરના બે ફોટા લાવી છું. જતી વખતે લઈ જજે. પૂજા કરજે.” કેદારબાબુએ કહ્યું: “આપે તો ઠાકુરને બેસાડયા છે, અને તેમનેજ દેવદેવી ગણીને પૂજવાનું કહ્યું છે, વળી પાછા આ દેવ આપો છો? કેટલા ઠાકુરની પૂજા કરવી? અમે બીજા ઠાકુરની પૂજા નહિ કરી શકીએ.” માએ કહ્યું: “અચ્છા, તો આ બધાને બરાબર બાંધીને ટાંગી રાખજો.” કેદારબાબુએ કહ્યું: “રામેશ્વરમાં શું શું જોયું, મા?” માએ કહ્યું: “બાબા, જેવું રાખીને આવી હતી, બરાબર, તેવુંજ.” તે વખતે ગોલાપમા ત્યાં થઈને જતાં હતાં. માની આ વાત સાંભળીને તે તરતજ અંદર આવ્યાં અને કહ્યું: “શું કહ્યું, મા?” માએ ચમકીને જણાવ્યું: “શું? એ તો તમારે મોંએ જેમ સાંભળ્યું હતું તેવુંજ બરાબર જોયું.” ગોલાપમાએ કહ્યું: “ના, મા, તમે વાત બદલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખી; કેમ, ખરું ને કેદાર?" એટલામાં તો મા ત્યાંથી બહાર સરકી ગયાં.

પછી માએ કહ્યું: "અહા, શશીએ (સ્વામી રામકૃષ્ણાનંદ) તો મારી પાસે સોનાનાં ૧૦૮ બીલીથી રામેશ્વરની પૂજા કરાવી. હું ત્યાં છું તે સાંભળીને રામનાદના રાજાએ તેના દિવાનને મને બધું બતાવવાનો હુકમ કર્યો અને મને જો કોઈ વસ્તુ ગમે તો તે ભેટ તરીકે આપવાનું જણાવ્યું. હું તો શું માગું? મેં તો કહ્યું, 'મારે કાંઈ જરૂર નથી, મારે માટે તો શશીએ બધી વ્યવસ્થા કરી છે.' પછી મેં જોયું કે તેમની ખૂબજ તીવ્ર ઇચ્છા છે, તેથી મેં કહ્યું, 'ભલે, રાધુને કાંઇ ગમે તો માગી લેશે.' ત્યાર પછી અમને ખજાનામાં લઈ ગયા. ત્યાં તો હીરામાણેકનું ઝવેરાત ભર્યું હતું. કદાચ રાધુ આમાંનું કાંઇક માગે એ વિચારથી મારી છાતીમાં કાંઈ કાંઈ થવા લાગ્યું. ઠાકુરની પાસે મનમાં પ્રાર્થના કરવા લાગી કે હે ઠાકુર, રાધુના મનમાં કોઈ વાસના ના જાગે તેમ કરજો. રાધુએ પણ મારી લાજ રાખી અને માત્ર એક પેન્સીલ જ માગી." આ બધું કહીને મા ઠાકુરને ભોગ ધરવા ગયાં.

જન્માષ્ટમીથી એક બે દિવસ પહેલાં હું માની પાસે તે દિવસે દીક્ષા લેવાની ઇચ્છા જણાવવા ગયો હતો. એ વિષે સાંભળીને ગોલાપમાએ મને કહ્યું: "આવડો નાનો તેર વરસનો છોકરો, એક બે દિવસમાં મંત્ર પણ ભૂલી જશે, અત્યારે તેને વળી દીક્ષા કેવી!" સાંભળીને માએ મને કહ્યું: "ગોલાપની વાત સાંભળીશ નહિ. બાળકકાળમાં જે બરાબર શીખે તે કદાપિ ભૂલી શકાય? અત્યારથી ભલે કરે." જન્માષ્ટમીને દિવસે નક્કી કરેલે સમયે માએ મને દીક્ષા દીધી અને મને તેમના સૂચવ્યા પ્રમાણે જપ કરતો જોઇને કહ્યું: "જોયું ને, બરાબર કરે છે. પાછળથી જરૂર પ્રમાણે બતાવીશ." ત્યાર પછી માથા પર અને છાતી પર હાથ ફેરવીને મને આશીર્વાદ આપ્યા અને પછી પ્રસાદ ખવરાવ્યો....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર કેદારબાબુએ માને વાતવાતમાં પૂછ્યું: "મા, આપનાં બધાંજ બાળકો વિદ્વાન છે, માત્ર અમેજ થોડાં મૂર્ખો છીએ. શરદ મહારાજે ઠાકુર વિષે પુસ્તક લખ્યું. બીજા કેટલાક ભાષણો કરે છે, બીજાં ઘણાં કાર્યો પણ કરે છે." માએ કહ્યું: "એ વળી શું? ઠાકુર તો કાંઈ જાણતા નહોતા. ભગવાનમાં મતિ હોવી એજ ખરું છે. તમારા દ્વારા આ દેશનાં ઘણાં કામ થવાનાં છે. ઠાકુર ધની કે નિર્ધન, પંડિત કે મૂર્ખ, એ બધાંયના ઉદ્ધારને માટે આવ્યા હતા. મલયનો પવન જોરથી વાય છે, જે સઢ ચઢાવશે, શરણાગત થશે, તે ધન્ય થશે. આ સમયે વાંસ અને ઘાસ સિવાય જેમનામાં કાંઈક સાર હશે તે બધાં ચંદન થશે. તમારે ચિંતા શી? તમે તો પોતાનાં છો. વિદ્વાન તો કેવા, ખબર છે, જાણે હાથીના દાંતને સોનાથી બાંધેલા!"

જગદ્ધાત્રી પૂજાનો દિવસ હતો. સંધ્યાકાળની આરતી પછી સાધુ ભક્તગણ મળીને ભજન કરવા લાગ્યા. ભજન હતું: "માકે દેખબો બોલે ભાવના કેઉ કરો ના ગો આર; શે જે તોમાર આમાર મા શુધુ નય, જગતેર મા સબાકાર (માને જોઈશું એમ માનીને કોઈ ચિંતા કરશો નહિ, કારણ કે તે માત્ર તમારી કે મારી મા નથી, પરંતુ આખા જગતની મા છે)." મા એક ઓરડામાં બેસીને તે સાંભળતાં હતાં. રાત્રે મને માએ કહ્યું: "ગાન સરસ જામ્યું હતું. ભક્તની વળી જાતબાત શી? બધાંય એક. મારી ઇચ્છા થાય છે કે બધાંને એક પાત્રમાં ખવરાવું. પણ આ પતિત દેશમાં જાતની બડાઇ હજી ટકી છે. ગમે તેમ હો, પણ મમરા જલેબીમાં વાંધો નથી. જા, જઈને તે લઈ આવ." પછી બધાંને એક સાથે ખાતાં દેખીને માને ઘણો આનંદ થયો.

એકવાર ચોમાસુ ખેઠું હતું. જયરાવાટીમાં તે વખતે મેલેરિયા અને આમાશયનો પ્રકોપ થયો હતો. માને પણ લોહી પડતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ડૉ. કાન્જિલાલની ચિકિત્સાથી ઠીક થઈ ગયું હતું. વારંવાર કાદવ ખૂંદીને આવવા જવાથી આશ્રમમાં પણ બધાંને થોડો ઘણો તાવ આવતો હતો. આ પ્રમાણે પરિણામે દશ પંદર દિવસ સુધી કોઈ જયરામવાટી જઈ શકયું નહિ. તેથી માને ચિંતા થવા લાગી, અને એક બાઈને મોકલીને સમાચાર જાણ્યા. બીજે દિવસે રાધુની પાસે કાગળ લખાવ્યો: "શ્રી. કેદાર, ત્યાંના આશ્રમમાં મેં ઠાકુરને પધરાવ્યા છે. પોતે સિદ્ધ ચાવલનો ભાત ખાતા, અને માછલી પણ ખાતા. માટે હું જણાવું છું કે ઠાકુરને તે પ્રમાણે તમારે દરરોજ ધરાવવું. છેવટે શનિવારે ને મંગળવારે માછલીનો ભોગ ધરાવવો જ. રવિવારે નહિ. આટલી કઠોરતા વેઠશો તો આ પ્રદેશના મેલેરિયાની સામે ઝૂઝશો શી રીતે?"

કલકત્તાથી માએ એકવાર કેદારબાબુ પર પત્ર લખ્યો, "જો તમે કોવાલપાડામાં મારે માટે એક આશ્રયસ્થાન બનાવી શકો, તો દેશમાં જતાં વારે વારે ત્યાં રહી શકું." એ પત્ર ઉપરથી અમે પ્રયત્ન કરીને માને માટે એક ઘર બનાવ્યું. તેનું જ નામ 'જગદંબા આશ્રમ.' મા ત્યાં શરૂમાં એક પખવાડિયું રહ્યાં.

પછી એક વાર આવવાનો સમય નક્કી થયો. અમે પાલખી તૈયાર કરી રાખી. પણ તે દિવસે સવારથી મૂષળધાર વરસાદ પડવા લાગ્યો. નદીમાં ઘણું પાણી ચઢી ગયું. છતાંય કેદારબાબુએ કહ્યું: "તમારે તેમના કહ્યા પ્રમાણે યથાસમયે ઉપસ્થિત થવું. પછી મા જેમ કહે તેમ કરજો." નદીમાં જઈને જોયું તો ખૂબ પાણી. રાજેન મહારાજ તરીને પેલી પાર ગયા અને હોડકી લઈ આવ્યા, અને અમે પાલખી સાથે પેલી પાર પહોંચીને લગભગ ત્રણ વાગે જયરામવાટી પહોંચ્યા.

કાલીમામા અમને વઢવા લાગ્યા: "આવી પરિસ્થિતિમાં તમે શું જોઈને બહેનને લેવા આવ્યા હશો?" સાંભળીને મા હસવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજેન મહારાજે કહ્યું: "અમારી તો શી તાકાત છે કે માની કૃપા સિવાય કાંઈ કરી શકીએ? પાલખી લાવવાનું કહ્યું હતું, એટલે અમે તો આવ્યા." માએ કહ્યું: "તમે આવ્યા તો શું હું પણ તે પ્રમાણે નહિ કરું? એકલી પાલખીમાં જઈશ. ચાલો." પછી અમે માને ખૂબ સમજાવ્યાં ત્યારે માન્યાં અને અમે પાછા ફર્યા.

એક વાર લગભગ અગિયાર વાગ્યાને સુમારે જગદંબા આશ્રમમાં જઈને જોયું તો બધાં ચંચળ બની રહ્યાં હતાં. કેદારબાબુની માએ જણાવ્યું કે માને ભાવસમાધિ થઇ છે. 'ઠાકુર' શબ્દ બોલતાં વેંત જ અચૈતન્ય થઇને પડયાં હતાં. બધી સ્ત્રીઓ માથે અને આંખે પાણી લગાડવા લાગી. થોડી વાર પછી જ્યારે મા સુસ્થ થયાં, ત્યારે નલિનીએ પૂછયું: "ફઇબા, એમ કેમ બન્યું?" માએ કહ્યું: "કેમ, શું? એ તો કાંઈ નહિ, બેટા."………

રાસબિહારી મહારાજ અને હું એક વાર તેમના બીછાનાની પાસે બેઠા હતા. મા અમારી છાતી ઉપર, પીઠ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં બોલતાં હતાં: "આ:, આટઆટલી છોકરીઓ, તેમાંથી કોઇનાં શરીર ઠંડાં નથી. અને આ બધા છોકરાઓ, કેવાં ઠંડાં છે તેમનાં શરીર?" તાવમાં શરદ મહારાજને ખૂબ યાદ કરતાં. તેમને ખબર મળ્યા કે તરત જ ડૉ. કાંજિલાલને લઇને આવી પહોંચ્યા, અને માની પથારી પાસે જ બેઠા. માનું તે વખતે શરીર ધીખતું હતું. તેથી હાથ પછાડતાં હતાં. તે જોઇને શરદ મહારાજે પહેરણ ખોલી નાખ્યું અને માની ખૂબ નિકટમાં ગયા. માએ તેમની પીઠ ઉપર હાથ ફેરવીને કહ્યું: "આ:, મારો દેહ ઠંડો પડી ગયો. શરદનું શરીર જાણે પત્થર." શરદ મહારાજે કહ્યું: "મા, હવે અમે આવી પહોંચ્યા છીએ, સારાં થઈ જાઓ." માએ કહ્યું: "હા, બાબા, કાંજિલાલની દવાથી જ બરાબર થઈ જશે." સાંભળીને શરદ મહારાજનું મુખ પ્રફુલ્લિત થયું. થોડા દિવસોમાં માનો તાવ ચાલ્યો ગયો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્ન ખાવા લાગ્યાં. શરદ મહારાજે કહ્યું: "મા, આ વખતે આપને છોડીને જવાના નથી. મારી સાથે જ કલકત્તા લઈ જવાનાં છે."

માની અસ્વસ્થ અવસ્થામાં જ ઉદ્બોધનમાં સ્વામી પ્રજ્ઞાનંદનો દેહત્યાગ થયો. તેમનાં બહેન અને નિવેદિતાસ્કૂલનાં પરિચાલિકા શ્રીમતી સુધીરાદેવી તે વખતે સ્થિરભાવે તેમની પાસે જ બેઠાં હતાં. તે જાણીને માએ કહ્યું: "અહા, સહેજ મુક્ત મને રડવાથી શોક કાંઈક હલકો થાત. જો તો, એને વળી કાંઈક થાય નહિ. એને પણ હૃદયનો રોગ છે."

એક પ્રસંગ યાદ આવે છે. હું તે વખતે માની પાસે જયરામ-બાટીમાં હતો. એક વાર કોવાલપાડામાંથી કેટલીક વસ્તુઓ લઈને એક વૃદ્ધ મજૂરણ સાથે લગભગ દશ વાગે જયરામવાટી પહોંચ્યો. તે વૃદ્ધાએ ભાર ઊતારીને માને પ્રણામ કર્યા. માએ કહ્યું: "કેમ હમણાંથી તો જણાતી જ નથી?" સાંભળીને તે વૃદ્ધા કરુણ સ્વરે કહેવા લાગી: "મા, આજ કાલ ઘણું દુ:ખ થાય છે. અનેક ઠેકાણે અન્નને માટે ભટકું છું. અહીં કાંઇક લાવવું હોય ત્યારે બાબુલોકને ઘણી વાર મારો મેળાપ થતો નથી. થોડા દિવસો પહેલાં મારો જુવાન પહાડ જેવો રોજગારી છોકરો મરી ગયો, મા!" તે સાંભળીને માએ કહ્યું: "એમ, બેટા!" કહેતાં કહેતાં માની આંખોમાં પાણી આવ્યાં. માની સહાનુભૂતિ પામીને પેલી વૃદ્ધા તો પોક મૂકીને રડવા લાગી. મા પણ રડવા લાગ્યાં. પછી માએ તે વૃદ્ધાને માથે કોપરેલ ચોળ્યું અને તેને થોડું લાવી આપ્યું. તેને વિદાય દેતી વખતે આંખમાં આંસુ સાથે કહ્યું: "વળી આવજે, બેટા."

સહેજ તાકાત આવી એટલે નિર્દિષ્ટ દિવસે શરદ મહારાજને લઈને મા જયરામવાટીમાં પહોંચ્યાં. ગામનાં બધાં સ્ત્રીપુરુષો માને જોવા આવ્યાં. કોઈ કોઈ બોલવા લાગ્યાં: "મા, અમે તમને જોઈ શકીશું એની આશા અમે છોડી દીધી હતી." માએ કહ્યું: "હા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણું ભોગવ્યું. શરદ, ડૉ. કાંજિલાલ બધા આવી પહોંચ્યા, અને મા સિંહવાહિનીની કૃપાથી આ યાત્રા પૂરતી તો બચી ગઈ. શરદની ઇચ્છા મને કલકત્તા લઈ જવાની છે. જો તમે સંમત થાઓ તો જઈને જરા ફેરબદલો કરી આવું." બધાંએ આનંદ સાથે સંમતિ દીધી...............

કેટલાક મહિના પછી બેલુડ મઠમાં ગયો. ઉદ્બોધનમાં રાધુ માંદગી ભોગવી રહી હતી. શબ્દ પણ સહન કરી શકે નહિ. તેથી તેને લઇને મા પણ નિવેદિતાસ્કૂલની બોર્ડિંગમાં રહેતાં હતાં. લગભગ દરરોજ ત્યાં જતો. માને ઘણી ચિંતા થતી. કહેતાં, "આને મૂકીને ક્યાં જવાય? દેશમાં નિર્જનતા હોય, પણ દાક્તરવૈદ્ય ત્યાં મળે નહિ ને?"

સ્વામીજીના ઉત્સવને દિવસે બપોરે સાંભળ્યું કે મા કાલે સવારે દેશમાં જવાનાં છે. પૂ. શરદ મહારાજના આદેશથી ઉતાવળે માની સાથે જવાને માટે સંધ્યા વેળાએ ઉદ્બોધન ગયો. ઉપર જઇને જોયું તો મા બીસ્તરા બાંધી રહ્યાં છે. મને જોઇને કહ્યું: "આ અગાધ દરિયો લઇને દેશમાં જાઉં છું. તારે મારી સાથે આવવાનું શું થશે? તમે બધાંજ મારાં છો ત્યાં." મેં પ્રણામપૂર્વક કહ્યું: "આપના હુકમ પ્રમાણે થશે. આપની સાથે જઈશ." માને સંતોષ થયો. રાતના અગિયાર વાગી ગયા. બીજે દિવસે પરોઢિયે નીકળ્યાં.

વિષ્ણુપુરમાં બે દિવસ વિસામો કરીને અમે પરોઢિયે છ બળદની ગાડી કરીને રવાના થયાં. આઠ માઇલ દૂર જયપુર ગામમાં એક ચટ્ટીમાં રાંધવાની વ્યવસ્થા થઈ. ચૂલા ઉપરથી ઉતારતી વખતે હાંડી અકસ્માત ભાંગી ગઈ અને તેથી ભાત ચારે બાજુ ફેલાઇ ગયો. અમે બધાં તો ગભરાઈ ગયાં. પરંતુ માએ ગભરાયા વગર ખડથી બધું ફીણ કાઢી નાખ્યું. ત્યાર પછી હાથ ધોઇને ઠાકુરની છબી પેટી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી બહાર કાઢીને તેની આગળ શાલપાત્રમાં થોડો ભાત ધરાવ્યો અને શાક વગેરે રાખીને હાથ જોડીને પ્રાર્થના કરી, "ઠાકુર, આજે આવું જ મળશે. માટે ગરમ ગરમ બે કોળિયા ખાઈ લો." અમે માની સમતા જોઇને આશ્ચર્ય પામ્યા. માએ અમને કહ્યું: "જ્યારે જેવું મળે ત્યારે તેનાથી ચલાવી લેવું જોઇએ. હવે તમે બધા બેસી જાઓ." અમે બધા બેસી ગયા. લાકડી વતી માએ બધાંને પીરસ્યું અને પછી પોતે પણ બેઠાં અને કહેવા લાગ્યાં: "વાહ, સરસ થયું છે નહિ?" પછી રાત્રે અગિયાર વાગે કોવાલપાડા પહોંચ્યાં.

અહીંયાં એક રમુજી પ્રસંગ યાદ આવે છે. એક વાર પૂ. ગૌરીમા માનાં દર્શનાર્થે જયરામવાટી જતાં હતાં. કોવાલપાડામાંથી મને સાથે લઇને સાંજે નીકળ્યાં. જયરામવાટી પાસે નદીના ઘાટે થોડી વાર રોકાઇને પછી આગળ વધ્યાં. સંધ્યાકાળ પછી માના સદર દરવાજા આગળ મને મૂકીને પોતે અંદર ગયાં અને ભિખારીના જેવો અવાજ કરીને બોલ્યાં: "મા, થોડી ભિક્ષા આપો, મા." તે સાંભળીને નાના મામી બહાર આવીને કહેવા લાગ્યાં, "અત્યારે વળી કોણ છે?" ગૌરીમા વળી પાછાં તે પ્રમાણે બોલ્યાં. તેથી નાનાં મામી ભય પામીને અંદર માના પાસે દોડી ગયાં. માએ ચીત્કાર સાંભળીને ધીરે બહાર આવીને દૃઢ સ્વરે કહ્યું: "કોણ છે રે?" ગૌરીમા ફરીથી તે પ્રમાણે બોલ્યાં. અંધકારમાં માએ ગૌરીમાનો અવાજ પારખી કાઢ્યો. પછી બધાં હસી પડયાં.

કોવાલપાડામાં એકબે દિવસ રહ્યા પછી રાધુને માટે તે સ્થાન નિર્જન તરીકે પસંદ થયું. મા તેથી ત્યાં છ માસ રહી ગયાં. જગદંબા આશ્રમથી થોડે દૂર કોઈ એક નિર્જન સ્થળમાં રાધુને રહેવાનું ઠરાવવામાં આવ્યું. તેની ત્રણ બાજુ કાંટાળાં વૃક્ષોનું જંગલ હતું. માએ એક દિવસ મને કહ્યું: "આજકાલ મનમાં કોણ જાણે શું થયું છે કે મનમાં જે કાંઈ વિચાર થાય તે ઉપસ્થિત થાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તે સારો વિચાર હોય કે ખરાબ. રાધુને તો આ જંગલ જ પસંદ છે, નિર્જન છે ને તેથી. થોડા દિવસથી મને મનમાં થાય છે કે આખો દિવસ ભલે કામકાજ માટે બહાર આવો જાઓ, પરંતુ સંધ્યાકાળ પછી અહીંજ આવી જવું. ખૂબ ભય લાગે છે, બાબા. રાજેનને પણ જણાવ્યું છે. તે વળી રાતે દશ કે અગિયાર પછી આવશે." તે દિવસથી માંડીને દરરોજ સંધ્યાથી માંડીને રાત્રે અગિયાર વાગ્યા સુધી અમે ચોકી રાખતા. માએ એક દિવસ કહ્યું: "કેવું જંગલ! કોણ જાણે કોઈ દિવસ રીંછ ના આવી ચડે!" મેં કહ્યું: "ના, મા, આ બાજુ તો કદાપિ રીંછ હોય જ નહિ." પરંતુ ખરેખર એક બે દિવસ પછી એક બાઈને રીંછે મારી નાખી એ વાત સાંભળીને માએ કહ્યું: "જોયું, તું ના કહેતો હતો ને?"

સંધ્યાકાળે મા સહેજ મીઠાઈ ખાઈને પાણી પી લેતાં. હું તેમની પાસે ગયો, એટલે તેમણે મને પણ ખાવા આપ્યું. મને કહ્યું: "આખા દિવસના પરિશ્રમ પછી સંધ્યાને વખતે કાંઈક મોંઢામાં નાખીને પાણી પીવાથી શરીર સ્નિગ્ધ રહે છે. ત્યાર પછી જપ તપ કે કોઈ પણ કાર્યમાં મન ઠીક સ્થિર રહે છે."

એકવાર વળી કહેવા લાગ્યાં: "ઠાકુરની સેવા માટે જ્યારે નહોબતખાનામાં રહેતી ત્યારે કેટકેટલાં કષ્ટ વેઠીને ત્યાં રહેતી, બેટા! અને એવડા નાનકડા ઘરમાં કટકેટલી વસ્તુઓનો સંઘરો! ઠાકુરને માટે હાંડીમાં માછલી રાખી મૂકતી. તેમની સેવાથી શરીરે કાંઈ થતું નહિ. કોણ જાણે ક્યાંય દિવસ વહી જતો. અને અહીંયાં, રાધુની સાથે મુસ્કેલીમાં પડી છું. આવા નિર્જન જંગલમાં તમારી સાથે દિવસો ગુજારું છું. ધર્મ કર્મ, જપ તપ, બધું જ નેવે મૂક્યું છે. હવે તો માત્ર તેમની કૃપાથી રાધુને ઠીક થઈ જાય એટલે ગંગા નાહ્યાં!"

સહેજવાર પછી નવાસનનાં વહુએ આવીને જણાવ્યું: "સાંભળ્યું કે, દાદા! બપોરે મા અને હું બેઠાં હતાં. નિર્જન સ્થળ હતું. મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે કે પેલા બે કાગડા આ વખતે આવીને આ વૃક્ષ ઉપર બેસીને ચીત્કાર કરતા. રાધુ પણ કંટાળી જતી. પણ આજે કેટલાક દિવસોથી કોણ જાણે કેમ તે જણાતા નથી? ક્યાં ગયા હશે એ, કહે તો? મા એવું બોલ્યાં ના બોલ્યાં એટલામાં તો કાગડા આવ્યા અને કાકા કરવા મંડી પડયા. માને પણ આનંદ થયો અને "હાઁ, બાબા, હાઁ," કહેતાં હસવા લાગ્યાં.

અષાઢની શરૂઆતમાં મા અને અમે કેટલાંક જણ ઝાડની તળે બેઠાં હતાં. રાતના દશ વાગ્યા હશે. મા કહે: "પેલો પાગલ તો આવ્યો જ નહિ પછી? ગાન સરસ ગાય છે. પણ મને ભય થાય છે કે કદાચ આવીને ધમાલ મચાવે." નવાસનનાં વહુએ કહ્યું: "જવાદોને, મા? કદાચ અત્યારે આવી પડે તો!" માએ કહ્યું: "કોણ જાણે, બેટા?" અમે વાતો કરતાં હતાં એટલામાં તો તરત જ તે પાગલ આવી જ લાગ્યો ને! આવીને તરત જ માને કહ્યું: "તમારે માટે શાક લેતો આવ્યો છું, મા." નવાસનનાં વહુ તો બીને અંદર જતાં રહ્યાં. માએ કહ્યું: "જા, જા, બેટા, આટલી રાતે ધમાલ કરીશ નહિ, હોં!" તેણે કહ્યું: "પણ નદીમાં તો પૂર આવ્યું છે ને, મા?" મેં કહ્યું: "ત્યારે આવ્યો શી રીતે?" તેણે કહ્યું: "તરીને આવ્યો." માએ પછી કહ્યું: "તોફાની છોકરા, ધમાલ કરીશ નહિ." તે પાગલ કાંઇ પણ બોલ્યા વિના ચાલ્યો ગયો. આ જાતનો ભાવ લગભગ બે માસ માને રહ્યો.

એકવાર રાધુના ઓરડાના વરંડામાં માની પાસે બેસીને બજાર-માંથી શું શું લાવવાનું તેની યાદી લખતો હતો. તે વખતે પાસેથી પસાર થતી વખતે એક સ્ત્રી ભક્તનું કપડું મારી પીઠ ઉપર અડયું. તે જોઇને માએ ખૂબ જોરપૂર્વક તે સ્ત્રીને કહ્યું: "કેમ, તને સમજાતું નથી કે આ છોકરાને અડકીને જાય છે? આ બધા બ્રહ્મચારી છે, તમે સ્ત્રીઓ છો. તેમને સમાલીને ચાલવું જોઇએ. પ્રણામ કર."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી એક દિવસ કોવાલપાડામાં એક છોકરો પોલિસની નજર-બંદીમાંથી મુક્ત થઇને માની પાસે આવ્યો. તેની ઇચ્છા માની પાસેથી દીક્ષા લેવાની હતી. તે વખતે આશ્રમ ઉપર પોલિસ ખાતાની તીક્ષ્ણ નજર રહેતી હોવાથી આશ્રમના અધ્યક્ષે તેને ચાલ્યા જવાનું કહ્યું. માએ એ વાત સાંભળીને મને જણાવ્યું: "બિચારો કેટલી મુશ્કેલીથી આવ્યો છે? જો તું તેને માટે ગામમાં કોઈને ત્યાં રહેવાની વ્યવસ્થા કરી શકે તો કાલે સવારે તેને દીક્ષા આપીને રવાના કરી દઇશ." તેમની સૂચના મુજબ મેં તેને માટે વ્યવસ્થા કરી દીધી. બીજે દિવસે સવારે માની સાથે રાધુની પાસે જતો હતો. પેલો છોકરો તે વખતે સ્નાન કરીને માર્ગમાં આવી ચડયો. માએ મને તે વખતે પુકુરમાંથી પાણી લાવવાનું જણાવ્યું. માએ તરત જ ત્યાં ને ત્યાં તેને દીક્ષા દીધી!

સંધ્યાને ટાણે મા એક વાર કહેવા લાગ્યાં: "બાબા, હું તો કોઇના દોષ જોઈ કે સાંભળી શકતી નથી. જેનાં જેવાં પ્રારબ્ધ કર્મ. જ્યાંથી ઊંટ પેસી જાય, ત્યાં બકરું તો જવાનું જ! મારી પાસે ...ના દોષની વાત કહી. તે વેળા બધાં કયાં હતાં? તેણે મારી કેટકેટલી સેવા કરી છે. હું તો તે વખતે ભાઈઓને ઘેર રાંધતી. વહુરો નાની હતી. તે બીચારો શીત કે વર્ષાની દરકાર કર્યા વગર સવારથી માંડીને શરીર કાળું થાય તોય મારી સાથે હાંડીઓ ઊતારતો. અત્યારે તો ઘણાય ભક્તો બનીને આવે છે. તે વખતે મારે કોણ હતું? શું હું એ બધું ભૂલી જાઉં, એમ? અને લોકોનો પણ શો દોષ? પહેલાં મારી નજરે પણ લોકોના કેટલાય દોષો ચડતા! ત્યાર પછી કંટાળીને ઠાકુરની પાસે રડી રડીને પ્રાર્થના કરવા લાગી કે, હે ઠાકુર, હવે તો દોષ જોઈ શકાતા નથી. ત્યાર પછી તેમાંથી છૂટી છું. મનુષ્યના હજારો ઉપકારો કરીને એક દોષ કરો, તો મોં તરતજ ફાટી જશે. લોકો તો માત્ર દોષ જ જુએ છે. ગુણ જોવાની જરૂર છે, બેટા!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયરામવાટીમાં એક વાર મહાપુરુષોના સેવકગણોની દુર્બુદ્ધિ વિષે વાત નીકળી. માએ જણાવ્યું: "જુઓ, સેવાપરાધ પણ ઘણા છે. તેનાં કેટલાંક દૃષ્ટાંતો સાંભળો. સેવા કરતાં કરતાં અધિકાર વધી જવાથી અહંબુદ્ધિ પણ વધી જાય છે. અને તે વખતે સેવક બીજાને પૂતળાંની માફક નચાવવા ઇચ્છે છે. ઉઠતાં, બેસતાં, ખાતાં, પીતાં બધાંયમાં તેનો કક્કો ખરો. એમાં પછી સેવાનો ભાવ તો રહે જ નહિ, જે લોકો પોતાના દેહનું સુખ ભૂલી જાય છે, તેઓ બીજાનાં સુખ-દુઃખને પોતાનાં ગણીને તેમની સેવા કરે છે. તેમને તો કર્તાપણું કેમ કરીને વળગે ? અને તમે પતનની વાતો જણાવો છો. અનેક મહાપુરુષોની ચારે બાજુ ઐશ્વર્યનો ભાવ હોય છે. તે જોઇને ઘણાય તેમની સેવાને નામે આવે છે, અને તેમાંજ મત્ત રહે છે. અને તેમાં જ ડૂબી મરે છે. તેમની ખરી સેવા, કહો તો, કેટલા જણ કરે છે ?"

ત્યાર પછી માએ એક વાત કહી. "જુઓ, વાત છે કે તળાવમાં ચંદ્રનું પ્રતિબિંબ પડતું જોઈને નાની માછલીઓ ત્યાં કૂદાકૂદી કરવા લાગી, અને વિચારવા લાગી કે જાણે આપણામાંનું જ કોઈક હશે! પરંતુ જેવો તે ચંદ્ર અસ્ત થયો, કે તરત જ, તેમની તે અવસ્થા! કૂદાકૂદી પછી વિમાસણ ઉભી થઈ, કાંઈજ સમજાયું નહિ!" મેં કહ્યું: "કેદાર મહારાજ કહે છે કે ગુરુની પાસે બહુ રહેવું ઠીક નથી. ગુરુનું લૌકિક આચરણ જોઈને ઘણીવાર શિષ્યની શ્રદ્ધા ઓછી થઈ જાય છે." માએ હસતાં હસતાં કહ્યું: "તમે બધા એવી વાતોથી મનને ખરાબ કરો નહિ. ત્યારે મારું કામ કેવી રીતે ચાલે ? ભગવાન માનવબુદ્ધિમાં એવી બુદ્ધિ ના કરે. હું જે કહું તે પ્રમાણે કર્યે જાઓ. તમારે કોઈ જાતનો ભય નથી."

એક વાર ભક્તોના ઘણા પત્રો આવ્યા હતા. સંધ્યા પછી માને બધા વાંચી સંભળાવ્યા. પત્રો સાંભળીને માએ જણાવ્યું: "કેટલાય છોકરાઓએ કેટકેટલી ઇચ્છા દર્શાવી છે, જોયું! કોઇ કહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, આટઆટલી પ્રાર્થના, જપ, ધ્યાન કરું છું, છતાં કાંઇ જ થતું નથી; કોઈ વળી સંસારમાં અનેક અશાંતિ, રોગ, શોક વગેરે વિષે લખે છે. હવે તો એ બધું સાંભળવું ગમતું નથી. ઠાકુરને કહું છું: 'હે ઠાકુર, તમે આ બધાંના ઇહકાલ અને પરકાલ વિષે જોજો.' હું મા થઇને શું કહું? કેટલા તેમને સત્ય રીતે ચાહે છે? તે વ્યાકુળતા ક્યાં છે? તેમની ભક્તિ, તેમનો આગ્રહ કેટલો? સહેજ ભોગ્ય વસ્તુ મળી આવી કે સંતુષ્ટ, બસ! વળી કહે કે, 'ઓહો, તેમની દયા?' વળી કહે, 'રાધુને કેમ છે?' મારા મનને આર્દ્ર કરવા માટે રાધુની ભાળ પહેલી લે. મને ખબર છે કે મારી આંખો બંધ થઈ ગઇ કે રાધુની ભાળ કોઇ લેવાનું નથી."

નવાસનનાં વહુએ કહ્યું: "મા, આપને તો બધાં જ બાળકો સરખાં. જે લગ્ન કરવા માટે આપનો મત જાણવા ઇચ્છે છે તેને આપ અનુમતિ આપો છો; અને જે સંસારનો ત્યાગ કરવા ઇચ્છે છે, તેને પણ તેના ત્યાગની પ્રશંસા કરીને ત્યાગ કરવાનો ઉપદેશ આપો છો. તો આપને માટે તો ઉચિત એ છે કે જે સારો માર્ગ હોય તે માર્ગે જ બધાંને લઇ જવાં." માએ કહ્યું: "જેની ભોગ-વાસના પ્રબળ હોય, તેને ગમે તેટલું કહું તોય શું તે સાંભળે? અને જે ઘણાં સુકૃત્યોને બળે આ બધો માયાનો ખેલ સમજી શક્યો છે, અને જે માત્ર એક તેમને જ સારરૂપ માને છે, તેને મારે સહાયતા આપવી નહિ? અને સંસારમાં દુ:ખનો તો ક્યાં અંત છે?"

કેટલીક ચર્ચા કરીને નલિનીએ માને પૂછ્યું: "ફઇબા, કહો તો, કયો અપવાદ સારો?" માએ કહ્યું: "અપવાદમાં વળી સારા-નરસી!" પછી માએ કહ્યું: "છતાંય ધનનો અપવાદ સારો. ધારો કે કોઇને કહીએ કે તું તો મોટો ધનિક છે, તો તે સાંભળીને તે ભલે ચહેરા પર દીનતા કે અસંતોષ જણાવે, પણ તેના અંતરમાં તે ખુશ થાય છે. તો કહે જો, ભગવાનની પાસે કયી પ્રાર્થના સૌથી સારી?" નલિનીએ કહ્યું: "કેમ વળી? જ્ઞાન કે ભક્તિ, જેથી કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારમાં સુખી રહીએ, તેવી પ્રાર્થના!" માએ કહ્યું: "ત્યારે સાંભળ. એક જ વાતમાં કહીએ તો વાસનારહિત થવાની પ્રાર્થના સૌથી ઉત્તમ, કારણ કે વાસના જ બધાય દુઃખનું મૂળ છે, વારંવાર જન્મમૃત્યુનું કારણ છે, અને મુક્તિમાર્ગનો મોટો અંતરાય છે."

શ્રાવણ માસમાં મા રાધુને લઈને કોવાલપાડાથી જયરામવાટી આવ્યાં હતાં. તે વખતે બધાં થઈને અમે પંદર વીશ જણ હોઈશું. બધાંયની ખાવાપીવાની વ્યવસ્થા મા પોતે કરતાં. એક વાર વાત નીકળતાં માએ મને કહ્યું: "બાબા, તે દિવસે મને કેવી વાત કહી! હું તો જાણતી હતી કે તેમનું મન ઘણું ઉદાર છે. તેમના જેવા માણસને વિષે એવું બોલવું ઠીક નહિ. તેમના મનનો ભાવ કળીને આશ્રમના ખર્ચને માટે હું ધાન લેતી આવી. તે વળી પાછો લેવા માગે નહિ, પોતાની ભૂલ સમજીને મારી પાસે ક્ષમા માગવા આવ્યો.

"તે દિવસે સવારે પ્રણામ કરતી વખતે મને કહે કે, 'મા, આ બધા પહેલાં મારું કહ્યું માનતા. પણ હવે તો મારી વાત બધી વખતે માનવા તૈયાર નથી. અને જો શરદ મહારાજ કે આપની પાસે આવે તો ખૂબ આદરપૂર્વક પાસે રાખો છો, એથી કરીને સારી ખાવાની પણ વ્યવસ્થા થાય છે. તેથી જો આપ તેમને સ્થાન ના આપો અને સમજાવીને મારી પાસે મોકલો તો વળી પાછા મારું માનતા થઈ જાય.' મેં કહ્યું: 'એ વળી શું? શું બોલે છે? પ્રેમ એ તો આપણી અસલ વસ્તુ છે. પ્રેમથી તો તેમનો સંસાર રચાયો છે. હું તો બધાંયની મા છું, તો મારી પાસે આવેલાંને વિષે ખાવા-પહેરવાની વાતમાં કાંઇ ના કહેવું.

"ઓહો, આને માટે ઠાકુરની પાસે કેટલી રડી રડીને પ્રાર્થના કરી છે. તેથીજ તો તેમની કૃપાથી આજે મઠબઠ બધું થયું. ઠાકુરના દેહ છોડયા પછી તેમનાં બધાંય બાળકો સંસારનો ત્યાગ કરીને એક આશ્રમમાં આવી મળ્યાં. ત્યાર પછી બધા એક પછી એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધીનભાવે બહાર નીકળી પડીને અહીંતહીં ફરવા લાગ્યા. તે વખતે મારા મનમાં ઘણું દુઃખ થતું. ઠાકુરની પાસે પ્રાર્થના કરવા લાગી: 'ઠાકુર, તમે આવ્યા અને આ કેટલાંકની સાથે લીલા કરીને ચાલ્યા ગયા. અને શું એમજ પૂરું થઈ ગયું! ત્યારે આટઆટલાં કષ્ટ વેઠીને ચાલવાની શી જરૂર હતી? કાશીવૃંદાવનમાં અનેક સાધુસંન્યાસી ભિક્ષા માગીને ખાય છે અને ઝાડ નીચે બેસીને ફરતા ફરે છે. એવી જાતના સાધુઓનો તો અભાવ ક્યાં છે? તમારે નામે બધાનો ત્યાગ કરીને મારાં બીચારાં બાળકો બે કોળિયા અન્નને માટે ગમે ત્યાં ભટકે તે મારાથી જોયું જતું નથી. તો મારી તમને આ પ્રાર્થના છે કે જેઓ તમારે નામે નીકળી પડે તેમને માટે સામાન્ય ખાવાની તેમજ પહેરવાની કશી ખોટ ના પડે. એ બધા તમારી અને તમારા ભાવ ઉપદેશની વાતો ગ્રહણ કરીને એકઠા પડયા રહેશે. અને સંસારના તાપથી દગ્ધ થયેલા લોકો તેમની પાસે આવીને તમારી વાતમાંથી શાંતિ મેળવશે. એટલા માટે તો તમે આવ્યા હતા, ઠાકુર! તમારાં સંતાનોને ભટકતાં જોઇને મારો પ્રાણ આકુળ વ્યાકુળ થઈ જાય છે!' ત્યાર પછી આવ્યો નરેન્દ્ર અને એણે ધીરે ધીરે બધું કરી દીધું."...

અમારા બે જણનું ધોળી કિનારવાળું કપડું જોઈને માએ કહ્યું: "આ શું? ધોળી કિનારવાળું કેમ પહેરો છો? તમે તો બાળક છો, રંગીન કિનારીવાળું પહેરવું જોઈયે. નહિ તો મન બુઠ્ઠું થઇ જશે. મનમાં હમેશાં ઉત્સાહ રાખવો જોઇયે." એમ કહીને પેટીમાંથી બે કપડાં બહાર કાઢી આપ્યાં.

સંધ્યાકાળ પછી સંધિપૂજાનો સમય હતો. માના ચરણમાં પદ્મફૂલ મૂકીને ઘણા પુષ્પાંજલિ દેવા આવ્યા હતા. તે વખતે માએ કહ્યું: "બીજાં ફૂલ પણ લાવો; રાખાલ, શરદ, તારક, ખોકા, યોગેન, ગોલાપ,—એ બધાંયનાં નામ બોલીને ફૂલ આપો. મારાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણ્યાં અજાણ્યાં બધાંય સંતાનોને માટે ફૂલ આપો." મેં તે પ્રમાણે કર્યું. એટલે મા હાથ જોડીને ઠાકુરની પાસે ઘણા સમય સુધી સ્થિરભાવે ઊભાં રહ્યાં અને પછી કહ્યું: "બધાંયના ઇહકાલ અને પરકાલનું મંગળ થાઓ."

કેદાર મહારાજ એકવાર સવારે જયરામવાટીમાં માની પાસે બેસીને કહેવા લાગ્યા: "મા, આપણા ચિકિત્સાલયમાં જેમની સ્થિતિ સારી હોય છે એવા લોક પણ દવા લેવાને માટે આવે છે. આપણે તો માત્ર ગરીબ લોક માટે કર્યું છે. તો એ બધાંને દવા આપવી શું ઉચિત છે?" માએ કહ્યું: "આ દેશનાં બધાંજ ગરીબ છે. છતાંય બધું જાણીસાંભળીને પણ જો એવાં બધાં માગણી કરતાં આવે, તો આપણી શક્તિ પ્રમાણે દેવું. જે પ્રાર્થી છે, તે જ ગરીબ છે, બેટા."

કેદારબાબુએ જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું: "મા, ઠાકુર મને લાગે છે કે એક નવી વસ્તુ દેવાને માટે આવ્યા હતા. તેથી તેઓ સર્વધર્મ-સમન્વય કરી ગયા." માએ કહ્યું: "જુઓ, બાબા, તેમણે સમન્વય-ભાવના પ્રચાર માટે બધાય ધર્મોની અલગ સાધના કરી હતી, એ વાત મારે ગળે ઊતરતી નથી. પોતે તો ભાગવતભાવમાં મસ્ત રહેતા. ખ્રિસ્તીઓ, મુસલમાનો, વૈષ્ણવો, જે જે ભાવે ભગવાનને ભજીને વસ્તુની પ્રાપ્તિ કરતા, તે તે ભાવે સાધના કરીને અનેક પ્રકારની લીલાનો અનુભવ કરતા, અને રાતદિવસ ક્યાંય પસાર થઈ જતાં તેની ખબર પણ પડતી નહિ. છતાંય આ યુગમાં તેમનો જે ત્યાગ, તે જ મને તો તેમનું વિશેષત્વ લાગે છે. એ જાતનો સ્વાભાવિક સહજ ત્યાગ કદાપિ કોઇએ જોયો છે? તેં જે સર્વધર્મસમન્વયની વાત કહી, એ પણ ઠીક છે. જૂદે જૂદે વખતે એક જ ભાવને મોટો ગણવાથી બીજા બધા ભાવ દબાઇ જતા."

અનેક ભક્તોના કાગળો આવેલા તે માને જઈને સંધ્યાકાળ પછી વંચાવ્યા. એક સ્ત્રી ભક્ત વારંવાર પત્ર લખતી અને તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક ગુણગાન ગાતી. તેના કાગળીનો મર્મ પણ માને જણાવ્યો. એ બધું સાંભળીને માએ કહ્યું: "જો, બેટા, અનેક વાર મનમાં વિચાર આવે છે કે હું તો હજી તે રામ મુકરજીની દીકરી છું; મારી સરખી ઉમરની કેટલીય જયરામવાટીમાં હશે. તો તેમની સાથે મારો તફાવત શો? ભક્તો ક્યાં ક્યાંથી આવીને મને પ્રણામ કરે છે. તેમને વિષે પૂછતાં જણાય છે કે તેમાંના કેટલાક ડાક્તર, તો કેટલાક વકીલ હોય છે. એ બધા પણ કેમ આવતા હશે?" આમ બોલીને મા ચૂપ થઇ ગયાં. ત્યાર પછી મેં કહ્યું: "અચ્છા, મા, આપને બધો વખત આપનું સ્વરૂપ યાદ રહે છે?" માએ કહ્યું: "બધો વખત તો કેવી રીતે રહે? અને પછી આ બધું કામકાજ કેવી રીતે ચાલે? છતાંય બધાં કામોની વચ્ચે જ્યારે મનમાં ઇચ્છા પ્રગટે, ત્યારે જોતજોતામાં ઉદ્દીપના જાગે, અને આ મહામાયાનો ખેલ તરત સમજાઈ જાય." એક જણે કહ્યું: "અમે તો, મા, આટ-આટલા પ્રયત્નો છતાં કાંઇ જ પામ્યાં નહિ" માએ જણાવ્યું: "બધું જ પામશો. વખત આવશે એટલે બધું જ થશે."

તે સમયે રાત્રે મોડા સુધી વાતચીત થતી. મેં કહ્યું: "મા, કેદાર મહારાજ કહે છે કે આ બધાં કામકાજમાં ભલે ને ગમે તેટલાં રચ્યાંપચ્યાં રહો, છતાંય જે થવાનું છે તે જ થશે." માએ કહ્યું: "કામકાજ તો કરવાં જ, કારણ કે તેથી મન સારું રહે છે. છતાં જપ, ધ્યાન અને પ્રાર્થનાની પણ વિશેષ જરૂર રહે છે. અંતે સવારે અને સંધ્યાકાળે તો થાય તેટલું કરવું જ જોઇએ. એ થયું જાણે નૌકાનું સુકાન. સંધ્યાકાળે શાંત સમાહિત ચિત્ત સ્થિર થવાથી સમસ્ત દિન શું કર્યું કે શું નહિ તેનો વિચાર આવે છે. ત્યાર પછી ગઈ કાલની મનની અવસ્થા સાથે આજની માનસિક અવસ્થાની તુલના કરવી જોઈએ. પછી જપ કરતાં કરતાં ઇષ્ટ મૂર્તિનું ધ્યાન ધરવું. ધ્યાનમાં પ્રથમ તો જાણે કે મુખ જ આવે છે, પરંતુ પ્રયત્નપૂર્વક પગથી માંડીને સમસ્ત અંગનું સાક્ષાત ધ્યાન કરવું. સંસારનાં કામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાજની સાથે સાથે જો આ પ્રમાણે ના કરે તો શું કરો છે ને શું નહિ તેનો ખ્યાલ કેવી રીતે આવે?"

મેં કહ્યું: "મા, કોઇ કોઇ વળી કહે છે કે કામકાજ કરવાથી કાંઈ વળશે નહિ, સર્વદા જપ, ધ્યાન કરી શકવાથી ઘણું થશે." માએ જણાવ્યું: "એ બિચારા શું સમજે કે શું કરવું ને શું ન કરવું? થોડા દિવસ ધ્યાન, જપ કર્યાં એટલે શું પતી ગયું? મહામાયા જ્યાં સુધી માર્ગ મોકળો ના કરે ત્યાં સુધી બધાંય ફાંફાં છે. તે દિવસે જોયું હતું ને કે એક જણ જપ, ધ્યાન વધારે પડતાં કરવા ગયો તો પરિણામે મગજ ગૂમાવી બેઠો! અને મગજ બગડયું પછી રહ્યું જ શું? સ્ક્રૂના વળની બે બાજુ હોય છે. એક વળ બગડયો કે બસ આવી બન્યું, પાગલ જ બની જવાના! નહિ તો મહામાયાના ફંદામાં પડીને પોતાની જાતને બુદ્ધિમાન માને અને મનમાં વિચારે કે હું બરાબર છું. અને બીજી દિશામાં એક વળને જો બરાબર સખત કરવામાં આવે અને યોગ્ય રીતે બેસાડવામાં આવે તો શાંતિ અને આનંદ મળે! સર્વદા તેમનું સ્મરણ અને તેમનું મનન કરીને પ્રાર્થના કરવી કે 'પ્રભુ, સદ્બુદ્ધિ આપો.' બધો વખત જપ ધ્યાન તે કેટલા કરી શકે? શરૂશરૂમાં કદાચ કરે, પરંતુ અંતે—ની માફક બેસીને નીચેની ગરમી માથે ચઢે (અહંકારી થાય). ધૂળરાખના વિચારોથી અનેક પ્રકારની અશાંતિ જન્મે છે. મનને સમમાં આણીને અળગું રાખ્યા વિના કાંઈ કરવું ઘણું સારું છે. મનને અળગું રાખ્યું કે ધમાલ મચવાની! મારા નરેન્દ્રે એ જોઈનેજ નિષ્કામ કર્મનો પ્રચાર કર્યો."

માએ વળી......ને વિષે વાત કાઢી: "જોયુંને, બેસી બેસીને તેનું મન અશુદ્ધ બની ગયું છે! માત્ર તેના ચોખલિયાવેડા જ વધતા જાય છે. અને પાછો જણાવે છે કે અશાંતિ! આટઆટલી અશાંતિ શી? આટઆટલું જોતાં સાંભળતાં છતાંય ચૈતન્ય પ્રગટયું નહિ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે દશ અગિયાર વાગ્યાને સુમારે મા સદર બારણાની ઓસરીમાં બેઠાં હતાં. અમે તે વખતે બેઠકના ઓરડામાં હતા. અકસ્માત કાલીમામા અને વરદામામાની વચ્ચે બોલાબોલી થઇ અને તરતજ મારામારી ઉપર આવી જવાની તૈયારી ઉપર હતા. મા તરતજ તેમની પાસે ગયાં. જઈને એકને કહે કે 'તારો અન્યાય છે,' વળી બીજાને કહે કે 'તારો અન્યાય છે'. ખૂબ ચીડાઈ ગયાં હતાં. અમે પણ વચ્ચે પડયા એટલે મામલો ઓછો થઈ ગયો અને પછી બોલતા બોલતા બધા વીખરાઈ ગયા. મા પણ ક્રોધ સાથે ઘરમા ગયાં. બેસીને હસવા લાગ્યાં અને કહેવા લાગ્યાં: "કેવો મહામાયાનો ખેલ, જોયો! અનંત પૃથ્વી પડી છે, આ પણ પડયું રહેશે! જીવ એટલું પણ સમજી શકતો નથી." મા એટલું બોલતાં બોલતાં અસ્થિર બનીને હસવા લાગ્યાં, હસવાનું કેમે કર્યું અટકે નહિ!

રાધુને સુવાવડમાંથી ઊઠયે છ માસ થયા હતા, પરંતુ શરીરની દુર્બળતાને લીધે ચાલી શકતી નહિ. માત્ર બેઠી બેઠી હરતી ફરતી. વળી તેની અફીણ ખાવાની ટેવ પણ વધી ગઈ હતી. માનું શરીર પણ હવે પહેલાંના જેવું રહેતું નહિ. વચ્ચે વચ્ચે તાવ આવી જતો. રાધુની અફીણ ખાવાની ટેવ ધીમે ધીમે ઓછી કરવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. પણ રાધુ તે માટે ઘણી જીદ લઈ બેસતી. એક વાર મા સવારમાં શાક સમારતાં હતાં. રાધુ અફીણ ખાવા માટે આવીને બેઠી હતી. મા સમજી ગયાં અને રાધુને કહ્યું: "હવે બસ થયું રાધુ. જા ઊઠી જા. હવે તારું સહ્યું જતું નથી. તારે માટે મારાં ધર્મકર્મ ગયાં. આટલું બધું કયાંથી લાવું, બેટા?" માનાં આવાં મૃદુ રોષવાકયો સાંભળતાં જ રાધુએ ચીડાઈને પાસેની ટોપલીમાંથી એક મોટું રીંગણ લઈને માની પીઠ ઉપર જોરથી ફેંકયું. તેનો અવાજ સાંભળીને અમે જઇને જોયું તો મા પીઠ નમાવીને બેસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયાં હતાં, પણ જે ઠેકાણે વાગ્યું હતું તે સ્થળ સૂજી ગયું હતું. મા ઠાકુરને હાથ જોડીને પ્રાર્થના કરતાં હતાં: "ઠાકુર, તેનો અપરાધ મનમાં લાવશો નહિ, એ બીચારી અજ્ઞાન છે." પોતાના ચરણની રજ લઈને રાધુને માથે મૂકીને કહેવા લાગ્યાં: "રાધિ, આ શરીરને ઠાકુરે કોઈ દિવસ એક ઉંચું વેણ સરખું કહ્યું નથી, અને તું તેને આટઆટલું કષ્ટ આપે છે? તને કાંઈ ખબર છે કે મારું સ્થાન ક્યાં છે? તારે માટે જીવી રહી છું એટલે તારે તેનો હિસાબ નથી?" રાધુ તરત રડી પડી.

આ બનાવ બની ગયા પછી થોડે દિવસે રાધુની પાગલી માએ મનમાંને મનમાં પોતાના જમાઈ મન્મથને કોઈ સ્થાને શોધવા છતાં નહિ મળવાથી નક્કી કર્યું કે તે પાણીમાં ડૂબી મર્યો છે. પછી તેને તરંગમાં આવ્યું કે એ બધું કરનાર મા છે. તેથી માની પાસે આવીને પગે પડીને રડીને કહેવા લાગી: "અરે ઓ ઠાકુરની દાસી, અલી ઓ, મારો જમાઈ તો પુકુરમાં ડૂબી ગયો છે, બાપરે! હવે મારું શું થશે, રે!" માએ તે સાંભળીને અમને કહ્યું: "જુઓ તો પાગલી શું બોલે છે," અને પોતે પણ ગભરાઈ ગયાં. અમે તરતજ તપાસ કરવા જતા હતા એટલામાં હ—એ આવીને કહ્યું કે એ તો દુકાનમાં પત્તાં રમે છે. અમે તરતજ તેને બોલાવી લાવ્યા. પછી તે ગાંડી ભાંડતી ભાંડતી ચાલી ગઈ.

સાંજે મા એક વાર રાતના શાક સમારી રહ્યાં હતાં. એકદમ નાની મામી આવીને બોલવા લાગી: "તમેજ રાધુને અફીણ ખવરાવીને વશ કરી દીધી છે. મારી લાડીલીને અને મારા લાડકવાયાને મારી પાસે પણ આવવા દેતાં નથી." માએ કહ્યું: "લઈ જાને તારી લાડીલીને, એ પડી. મેં શું તેને સંતાડી રાખી છે?" આ પ્રમાણે બોલતાં બોલતાં તો સામીનું ગાંડપણ વધી ગયું. માને મારવાને માટે એક બળતું લાકડું લેવાને દોડી. માએ તે વખતે મોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ કરીને કહ્યું: "અરે! તમે કોણ છો? આ ગાંડી તો મને મારી નાખશે!" મેં દોડીને જોયું તો તેણે માથા સુધી તો લાવી દીધું હતું. મેં તરત જ તેને દૂર ફેંકી દીધું, અને ગાંડીને બારણા બહાર કાઢી મૂકી. મા પણ ઉત્તેજિત થઈને બોલી ઊઠયાં: "પાગલી, શું કરવા આવી હતી? તારો એ હાથ ખરી પડશે." આટલું બોલાઇ ગયું કે તરત જ જીભ કાઢીને મા તો કંપવા લાગ્યાં. ઠાકુરની તરફ હાથ જોડીને કહેવા લાગ્યાં: "ઠાકુર, મેં શું કર્યું? હવે શું થશે? મેં તો કોઇ દિવસ મારા મુખમાંથી આવી વાણી કાઢી નથી; અંતે એ પણ થયું! હવે શું?" માની અપાર કરુણાનો ભાવ દેખીને અમે તો સ્તંભિત થઈ ગયા!

કેટલાક મહિના પહેલાં બૅંગલોરનિવાસી શ્રી. ન—થોડા દિવસની રજા લઈને કોવાલપાડામાં માની પાસે રહેતા હતા, અને રાધુને માટે માને ઘણું ખર્ચ વેઠવું પડે છે જોઇને તેમને પ્રતિ માસ ખૂબ મદદ કરતા. જતી વેળા માને પોતે કહી ગયા હતા: "મા, કાંઈ પણ જરૂર પડે કે તરત જ મને લખી જણાવજો." આજકાલ જયરામવાટીનું ખર્ચ ઘણું વધી પડયું હતું. પૂ. શરદ મહારાજે લખી જણાવ્યું હતું કે પૂરતા પૈસા મોકલવાની જરા વાર થાય છે. તે પત્ર સાંભળીને માએ કહ્યું: "મને લાગે છે કે શરદની પાસે હવે વધારે પૈસા નથી, નહિ તો તે કદાપિ આમ ના લખે! ન—તે દિવસે જે જોઇએ તે મંગાવવાનું કહી ગયો, પણ તેની પાસે મારે પૈસા શી રીતે માગવા? ઠાકુર, તમારો શેષ આદેશ શું હું પાલન નહિ કરી શકું? રાધિ, તારે માટે બધું જ ગુમાવવા બેઠી છું.

"ઠાકુર કહેતા હતા કે 'જો, કોઈની પાસે એક પૈસાની પણ માગણી કરવી નહિ. તારે માટે ખાવાપહેરવાની સગવડ થઈ રહેશે. એક પૈસા માટે પણ કોઈની પાસે હાથ લંબાવ્યો, તો તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે માથું ગીરે મૂકાયું જાણવું. ભકતો તને ભલે ને પોતાનાં ઘરમાં આદરપૂર્વક રાખે, પરંતુ કામારપુકુરનું પોતાનું ઘર કદાપિ નષ્ટ કરતી નહિ.' "

મનસા નામે એક છોકરો માની પાસે આવ્યો હતો. તેની દીક્ષા લેવાની અને ભગવાં પહેરવાની ઘણી પ્રબળ ઇચ્છા હતી. માએ પણ આનંદપૂર્વક તેમ કર્યું. મનસા પણ આનંદમાં આવી જઇને કાલીમાતાના બેઠકના કમરામાં ગાન ગાવા લાગ્યો. માને તેથી ઘણો આનંદ થયો. માની પાસે તે વખતે રાધુ, માકુ, નલિની, મામીમાંનાં એકાદ અને બીજાં ઘણાં ભક્તજનો બેસીને તે સાંભળતાં હતાં. મામીઓમાંથી એકે કહ્યું: "ઠાકુરઝિએ તો બીચારાને સાધુ બનાવી દીધો." માકુએ તેમાં ટાપસી પૂરી અને કહ્યું: "એસ્તો, ફઇબાનું તો કામ જ એ! આવા આવા સરસ છોકરાઓને સાધુડા બનાવી દે છે. બીચારાનાં માબાપે મોટો કર્યો, કેટકેટલી આશા! એ બધું ધૂળમાં રગદોળાઇ ગયું! હવે ભાઇ કયાં તો હૃષીકેશમાં જઇને ભીખ માગી ખાશે, કે પછી યોગીની સેવા કરતાં મળમૂત્ર ચૂંથશે! વિવાહ કરવો એ પણ એક પ્રકારનો સંસારધર્મ ખરો કે નહિ? તમે જો બધાંને આ પ્રમાણે સાધુ મુંડી દેશો, તો મહામાયા તમારા ઉપર ચીડાઈ જશે! સાધુ થવું હોય તો ભલેને પોતાની મેળે થાય, પણ એમાં તમે નિમિત્ત કેમ બનો છો, ફઇબા?" માએ કહ્યું: "માકુ, એ બધાં દેવશિશુ છે, સંસારમાં ફૂલની માફક પવિત્ર થઇને રહેશે. એના કરતાં કયું સુખ મોટું છે, કહે જો? સંસારનાં બધાં સુખ તું નજરે તો જુએ છે. સ્વામીનું સુખ પણ જોયું. તને શરમ નથી આવતી કે વળી વળીને સ્વામીની પાસે દોડતી જાય છે? અત્યાર સુધી મારી સાથે રહીને તે શું જોયું? આટલું આકર્ષણ, આટલો પશુભાવ શો? તેમાં તને શું સુખ મળે છે? ફરીથી જો સ્વામીની પાસે જઇશ, તો કાઢી મૂકીશ. શું તારા સ્વપ્નમાં પણ પવિત્ર ભાવની કલ્પના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકતી નથી ? હજીયે શું ભાઈબહેનની માફક રહી શકતાં નથી ? કેવળ પશુની માફક રહેવા ઈચ્છે છે ? તમારી સંસારી બળતરાથી તો મારાં હાડકાં ગળી ગયાં." બધાં શરમનાં માર્યાં માથું નમાવીને સાંભળી રહ્યાં.

પછી માએ કહ્યું: "ભગવાનને સ્મરે કે ના સ્મરે, પરંતુ જે વિવાહ નથી કરતો તે તો અર્ધમુક્ત જ છે. જે વખતે તેનું મન ભગવાનમાં ચોંટશે, તે વખતે એકદમ તે આગળ વધી જશે. જેમણે મહાપાપ કર્યાં હશે, તેઓ જ વિવાહ કરીને સંસારમાં રચ્યાંપચ્યાં રહે છે. ભગવાન તરફ મન જાય છતાંય તે તેને નામે ઊઠી શકવાનો નહિ. તેના હાથપગ બાંધેલા હોય છે."

હમણાં હમણાં માને સહેજસાજ તાવ આવે છે. શરીર ઘણું દુર્બળ થઇ ગયું છે. પૂ. શરદ મહારાજ માને કલકત્તા લઈ જવાની ગોઠવણ કરી રહ્યા છે. તે વખતે માની કલકત્તા જવાની વાત નીકળતાં માએ કહ્યું: "શરદ કલકત્તા ના હોય ત્યાં સુધી મારે ત્યાં જવાની વાત જ નહિ. કોની પાસે જાઉં ? હું ત્યાં હોઉં ને કદાચ શરદ મને કહે કે મા, થોડા દિવસો માટે બીજે જઇ આવું, તો હું તરત જ કહું કે, બાબા, થોડું રોકાઈ જા, મારા ગયા પછી તું જજે. શરદ વિના મારી ઝંઝટ કોણ ઊઠાવી શકે ?"

શિયાળાનો વખત હતો. માનું શરીર તદ્દન ખરાબ થઈ ગયું હતું. પરંતુ પહેલાંની ટેવને લીધે સવારે ત્રણ વાગે ઊઠતાં અને પ્રાતઃકાર્ય સમાપ્ત કરીને વળી પાછાં આડાં પડતાં. તે વખતે અમે તેમના ઓરડામાં જઇને બારણું બંધ કરીને ચૂપચાપ બેસી રહેતા. કોઈ કોઇ વાર મા વળી કહેતાં: "અત્યારે આ દેવતાનો મંત્ર આ પ્રમાણે જપવો જોઇએ." થોડી વાર પછી વાત નીકળી કે કેટલાક સાધુઓ અસ્વસ્થ થઇને ગૃહસ્થને ઘેર રહેતા. માએ કહ્યું: "અસ્વસ્થ થયા એટલે શું ગૃહસ્થને ઘેર પડ્યા રહેવાનું ? મઠ તો છે, આશ્રમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ છે. સંન્યાસી તો ત્યાગનો આદર્શ ગણાય. કદાચ લાકડાની સ્ત્રીમૂર્તિ પણ જો રસ્તામાં પડી હોય, તો સંન્યાસી કદાપિ તેના સામી નજર સરખી ન કરે. અને સંન્યાસીની પાસે પૈસો હોવો એ પણ અત્યંત ખરાબ. પૈસો શું ન કરે? અરે, પ્રાણનો પણ સંશય રહે. પુરીમાં એક સાધુ રહેતો, સમુદ્રને કિનારે. તેની પાસે કેટલાક રૂપિયા હતા. તે વાતની ગંધ આવવાથી તેના બે ચેલા લોભને સમાલી શક્યા નહિ અને પરિણામે તે સાધુનું ખૂન કરીને રૂપિયા લઈને ચાલ્યા ગયા.”

એકવાર નવ દશ વાગ્યાના સુમારે મા બેઠાં બેઠાં તેલ માલીશ કરતાં હતાં. તે વખતે એક જણે આવીને સાવરણી ગમે ત્યાં ફેંકી દીધી. માએ તે જોઈને કહ્યું: “એ શું કરે છે, અલ્યા! કામ પતી ગયું એટલે તેના પર અશ્રદ્ધા થઈ ગઈ? જેટલી વાર તેને ફેંકી દેવામાં થાય, તેટલી જ તેને ઠીક ઠેકાણે મૂકવામાં પણ થાત. નાની વસ્તુ જાણીને શું તેને તુચ્છભાવે જોવાની? જેને સાચવશો તેજ તમને સાચવશે. હજી તો તેની જરૂર પડશે. વળી આખી વિશ્વ-સૃષ્ટિનું એ પણ અંગ છે ને? તે દૃષ્ટિથી પણ તેનું સંમાન કરવું ઘટે છે. જેને જે પ્રમાણમાં સંમાન ઘટે, તેને તે પ્રમાણમાં દેવું જરૂરી છે. સાવરણીને પણ સંમાનપૂર્વક સાચવવી પડે. નાનું સરખું કાર્ય પણ શ્રદ્ધા સાથે ભગવાનની સાધનાના અંગ તરીકે કરવું ઘટે છે.”

એક વાર રાધુની પ્રિય એક બિલાડી બેઠી છે. ના—દિદિ ઊઠીને તેના માથા ઉપર પગ મૂકીને તેને રમાડે છે. મા તે જોઈને બોલી ઊઠયાં: “અરે બેટા, એ શું કરે છે? માથું તો ગુરુનું સ્થાન ગણાય, તેના પર તે પગ દેવાતો હશે? જા, નમસ્કાર કર.”

સવારે કલકત્તાથી કેટલાક ભક્તો આવ્યા હતા. કપડાંલત્તાં ખૂબ ચળકાટવાળાં પહેર્યાં હતાં. માને માટે ઘણાં ફળ લાવ્યા હતા. મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજે કહેતાં હતાં: "હું તો હવે બળી રહી છું. હવે સહેવાતું નથી. કોઈ કોઈ આવે છે, તેનાથી મારો સંસાર જાણે કે શાંતિપૂર્ણ બની જાય છે. કોણ જાણે ક્યાંથી શાકભાજી વગેરેની સગવડ મળી જાય છે. મારે કાંઈ ચિંતા પણ ન કરવી પડે. તેમના મુખની વાણીથી પ્રાણ પણ શાંત બની જાય. અને જુઓને, આજે સવારથી ધમાચકડી ચાલી છે. કેટલાં બધાં ફળ લઈ આવ્યો! અડધાંપડધાં તો કોહીને ખરાબ પણ થઇ ગયાં. એ બધાં ક્યાં નાખી દેવાં એ પણ સવાલ છે. એક બાજુથી આવાં આવાં કપડાં અને બીજી બાજુથી કહે છે કે ગામછો ભૂલી ગયા છીએ! હું ક્યાંથી તેમને માટે ગામછા લઇ આવું?......ઠાકુર, તમારો સંસારપરિવાર તમેજ જુઓ. મારાથી તો હવે થઇ શકતું નથી. એક બાજુથી આ રાધિ, અને બીજી બાજુથી આ બધું!"

ભક્તોમાંના કેટલાક સમજ્યા વગર માને કેવાં વ્યગ્ર કરી મૂકે છે તેના કેટલાક દૃષ્ટાંતો આપું.

મા જયરામવાટીમાં છે. શ્યામબજારમાંથી ફરીને આવીને જોયું તો મા એક સાદડી ઉપર સહેજ આડાં પડ્યાં છે. જતાંજ મને મા કહેવા લાગ્યાં: "તમે બધાં છો, પણ કામકાજ માટે બહાર પણ જવું પડે. આજે એક વૃદ્ધ માણસ આવ્યો. તેને દૂરથી જ જોઇને હું તો ઓરડામાં પેસી ગઈ. તેણે બહારથી પ્રણામ તો કર્યાં, પરંતુ ચરણરજ લેવાને ઉત્સુક હતો. મેં ઘણી ના કહી, પણ કેમે કર્યો તેણે મને છોડી નહિ. પછી બળપૂર્વક તેણે ચરણરજ લીધી. ત્યારથી પગમાં ઘણીજ બળતરા થઈ રહી છે અને પેટમાં પણ પીડા થાય છે. ત્રણ ચાર વાર તો પગ ધોઈ નાખ્યા, મટતી નથી. તારા જેવા પાસે હોત તો ઇશારાથી સમજાવી શકાત."

એકવાર ઉદ્બોધનમાં મા પૂજા કરીને ઊઠયાં હતાં. તે વખતે એક ભક્ત કેટલાંક ફૂલ સાથે માને પ્રણામ કરવા ગયો. અપરિચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તને જોઇને માએ તો સર્વાંગે ચાદર ઓઢી લીધી અને પાટ ઉપર બેઠાં. ભક્તે માનાં ચરણ આગળ ફૂલ મૂક્યાં, પ્રણામ કર્યા અને પછી સ્થિર થઇ જઇને ન્યાસ અને દીર્ઘ પ્રાણાયામ શરૂ કરી દીધા. તે વખતે બધાં કામમાં રોકાયેલાં હતાં, તેથી માની પાસે કોઇ નહોતું. બેસી બેસીને માનું શરીર તો પરસેવાથી તરબોળ થઈ ગયું. ભક્ત પૂજા કરે છે એમ માનીને ગોલાપમા કામકાજ માટે બીજે ગયાં હતાં. ઘણીવાર પછી પણ તેને ત્યાં જ બેઠેલો જોઇને ગોલાપમા સમજી ગયાં અને તેને ઊઠાડીને કહ્યું: " આ તે શું લાકડાના દેવ છે, કે તેને ન્યાસ પ્રાણાયામ કરીને તારે જગાડવાના છે? અક્કલબક્કલ નથી? માને કેટલો પરસેવો વળી ગયો!"

એકવાર એક ભક્તે આવીને માને પ્રણામ કરતી વખતે તેમના અંગુઠા ઉપર જોર કરીને માથુ પછાડ્યું. માને પીડા થઈ અને 'ઉંહ્' કરીને ઊઠી ગયાં. પાસેનાં બધાંએ પૂછ્યું: " આ શું કર્યું, ભાઈ?" ત્યારે ભક્તે જવાબ દીધો: " માના પગમાં માથું ઠોકીને પીડા દૂર કરી દીધી. જેટલા દિવસ તેમને પીડા રહેશે, તેટલા દિવસ મને યાદ કરશે."

પૂ. શરદ મહારાજે કાશીથી કલકત્તા આવીને તરત જ માને તેડવા માટે એક માણસને મોકલ્યો. મા તે વખતે જયરામવાટીમાં હતાં. યથાસમયે સવારના પહોરમાં બધાંને લઇને મા કલકત્તા જવાને રવાના થયાં. તે પહેલાં બધાંએ માને પ્રણામ કર્યા. માએ પણ બધાંને આશીર્વાદ આપ્યા. તે દિવસે સંધ્યાકાળે રાધુ વગેરે ગાડામાં બેસીને વિષ્ણુપુર તરફ ગયાં. રસ્તામાં જે સ્થળે અમે એકવાર રાંધ્યું હતું ત્યાં માએ પાલખી ઊતારવાનું કહ્યું અને પાલખી ઉચકનારાઓને ત્યાં ખવરાવ્યું.

આ પ્રમાણે ચાર માઈલનું જંગલ વટાવીને તાઁતિપુરમાં પહોંચીને જોયું તો કેટલાક મજુર જેવા લોકો અડ્ડો જમાવીને બેઠા હતા. મને થયું કે આ સ્થાન જલદીથી છોડી જવાય તો સારું, પરંતુ માએ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊલટું પાલખી ઊતારવાનું જણાવ્યું. મને પાસેની એક દુકાનમાંથી અડધા પૈસાનું તેલ આણવાનું કહ્યું. હું તો સાંભળીને ચમકી ગયો! માકુને પણ તરસ લાગી હતી. તેણે પાણીની માંગણી કરી. માએ તેને ઊતરીને પાસેના તળાવડામાંથી પાણી પી લેવાનું સૂચવ્યું. પાણી ખરાબ હોવાથી મેં ઘણી ના કહી પણ માએ કહ્યું કે ચાલશે, એ તો ઘણુંય પીએ છે, કાંઈ નહિ થાય. પછી બાર વાગે વિષ્ણુપુરમાં સુરેશ્વરને ત્યાં અમે પહોંચ્યાં. સુરેશ્વરે થોડા માસ પૂર્વે દેહ ત્યાગ કર્યો હતો. મા તેને ગિરીશબાબુની સાથે સરખાવતાં. ત્યાંથી પરવારીને અમે કલકત્તા ગયાં. ઉદ્‌બોધનમાં પહોંચતાં રાતના દશ વાગી ગયા હતા.

યોગેનમા અને ગોલાપમા માનું શરીર જોઇને બોલવા લાગ્યાં: " તમે કેવાં માને લઇ આવ્યાં? ભૂતની માફક કાળાં! માત્ર ખોખું હાજર કરી દીધું!" બીજે દિવસથી પૂ. શરદ મહારાજે માને માટે ચિકિત્સાની વ્યવસ્થા કરી દીધી.

શ્રી. શ્યામાદાસ કવિરાજની દવાથી માને કાંઇક ઠીક લાગ્યું. તે વખતે એક દિવસ સાંજે કેટલીક સ્ત્રીઓ માનાં દર્શનાર્થે આવી. તેમાંનાં એકનાં અલંકાર અને વસ્ત્રાભૂષણ ઘણાં આડંબરભર્યાં હતાં. સ્ત્રી પણ વધારે ચંચલ હતી. તેમને લક્ષ્ય કરીને માએ કહ્યું: " જુઓ, બેટા, સ્ત્રીલોકને તેમની લજ્જા એજ તેમનું ભૂષણ છે. ફૂલ દેવ-સેવામાં કામ લાગ્યું એજ તેની સાર્થકતા છે, નહિ તો ઝાડ ઉપર જ સુકાઈ જાય તે જ સારું. પરંતુ મને જોઇને ઘણું દુઃખ થાય છે કે બાબુલોક ઘણીવાર ફૂલના તોડા કરે છે, ઘણીવાર હાથમાં લઇને સૂંઘી જુવે છે અને કહે છે કે 'વાહ, કેવી સરસ ગંધ!' અને મા, બીજી જ પળે પાછાં તે જ ફૂલને ધૂળમાં ફેંકી દે છે. અરે, ઘણીવાર તો જોડા નીચે રગદોળી નાંખે છે!"

તે વખતે ઈટાલી નામના ગામમાં ઉત્સવ જોવા માટે રસ્તે જતાં રામલાલ દાદા, લક્ષ્મીદિદિ અને રામલાલની કન્યા દક્ષિણેશ્વરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માની પાસે આવ્યાં હતાં. રામલાલ દાદા માને પ્રણામ કરીને નીચે શરદ મહારાજની પાસે ગયા. મા અને બીજાં બધાંના આગ્રહથી લક્ષ્મીદિદિએ કીર્તન ગાયાં. ત્યાર પછી વાતવાતમાં શ્રીઠાકુરનાં જન્મસ્થાન, મંદિર અને વિષયસંપત્તિની વાત નીકળી.

લક્ષ્મીદિદિઃ–"એમ હોય તો એ બધું આપણી પાસે રહેવું જોઈએ. આપનાં (રામલાલનાં અને શિવુનાં) છૈયાંછોકરાં પૂજા વગેરે કરશે, અને ત્યાં રહેશે."

માઃ "એ કેવી રીતે બને? એ તો ઘણા સાધુભક્ત છે. એમને કાંઈ જાતનો વિચાર છે? દેશદેશના લોક, સાહેબ, સુબા બધા ત્યાં જાય, રહે, ખાયપીવે. આપણે તો બધા જ ભકતો સરખા. તું તો રહી સંસારી. તારે સમાજ સાચવવાનો, છોકરાંછોકરીઓના વિવાહ કરવાના. તારે ઓછું એમની સાથે બની શકે!"...

એકવાર જયરામવાટીમાંથી પત્ર આવ્યો કે તે પ્રદેશમાંથી એક લૂંટારો પકડાયો છે. સાંભળીને માએ કહ્યું: "જોયું તો બેટા! મને ખબર હતી કે તેની લૂંટ પાડવાની પ્રવૃત્તિ ગઈ નથી. બાબા, કેટકેટલી કાળજીથી હું તેનો આદર કરતી, જણસપત્ર દેતી! તેથી મારે વશ રહેતો. મારી પાસે તો જાણે માખી જેવો બની જતો. છતાંય, બેટા, દુર્જનને દૂરથી જ પ્રણામ કરવા."

માનું શરીર ધીરે ધીરે ખરાબ થતું ચાલ્યું. તાવ તો માત્ર બે અઢી ડીગ્રી સુધી ચડતો, પરંતુ માના હાથપગમાં તીવ્ર બળતરા થતી. તેથી મા બોલ્યાં કરતાં: "મને ગંગાતીરે લઈ જાઓ, ત્યાં ટાઢક વળશે." પૂ. શરદ મહારાજ તો તે માટે પ્રયત્ન કરતા હતા, પણ દાક્તરો તે અવસ્થામાં માને હેરફેર કરવાની ચોખ્ખી ના પાડતા હતા.

એકવાર માએ મને કહ્યું: "તું રાધુ વગેરેને જયરામવાટી મૂકી આવ." અમે વિચાર્યું કે માનો પ્રાણ તો રાધુને વળગેલો છે, તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગર એક મુહૂર્ત પણ રહી શકતાં નથી, તો આજે આવી અવસ્થામાં તેને જયરામવાટી મોકલવાનું કેમ કહેતાં હશે. આ શું ? મા ક્રમશઃ તેમનાં ઉપર એટલાં બધાં ચીડાઇ જતાં કે તેમની પાસે તે વખતે કોઈ જ જઇ શકતું નહિ. પૂ. શરદ મહારાજે માને સમજાવ્યું: "આપનું આવું શરીર જોઇને એમને જતાં ઘણું દુ:ખ થશે. ઠીક થઈ ગયા પછી તેમને મોકલી દઈશું." માએ કહ્યું: "મોકલી દીધાં હોત તો ઠીક, બેટા. તો ભલે, મારી પાસે કોઈ આવે નહિ તે સંભાળજે. તેમનો પડછાયો સરખો જોવાની મારી ઈચ્છા નથી."

એક બપોરે રાધુ સૂઈ રહી હતી. તેનો નાનો છોકરો ઘૂંટણીયે માની પથારીની પાસે જઇને માની છાતી ઉપર ચડવા લાગ્યો. તેને જોઇને મા બોલવા લાગ્યાં: "તમારી માયા તો હવે છોડી દીધી, બેટા. જા, ચાલ્યો જા." પછી મને માએ બોલાવીને કહ્યું: "આને અહીંથી લઇ જા. હવે તો બધું પતી ગયું, બેટા." હું તેને રાધુની પાસે મૂકી આવ્યો.

મા તે જ દિવસે સ્વધામમાં ચાલ્યાં ગયાં.

માની એક બે વાતો યાદ આવે છે. જયરામવાટીમાં એક વાર એક જણ નાનાં મામીને જરા ખરાબ વેણ કહેતો હતો. માએ કહ્યું: "એ શું કરે છે ? મનુષ્યના મનને આઘાત લાગે તેવી વાણી બોલાતી હશે ? વાત સત્ય હોવા છતાં અપ્રિય ન હોવી જોઇએ. પરિણામે એવો જ સ્વભાવ થઇ જાય છે. માણસની આંખની શરમ ચાલી ગયા પછી મોઢું અટકતું નથી."

અંતવેળાએ માનું શરીર ઘણું દુર્બળ બની ગયેલું હોવાથી વધારે વાર પોતે બેસી શકતાં નહિ. પરંતુ હું જોતો કે પથારીમાં પણ તેઓ જપ કર્યા કરતાં. રાત્રે એકબે વાગે કદાચ તેમને બોલાવવામાં આવે તોય તરત જ જવાબ આપતાં અને જ્યારે પૂછીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે "કેમ, ઊંઘ નથી આવતી, મા?" ત્યારે કહેતાં: "શું કરું, બાબા, બધાં જ બાળકો મને વ્યાકુળ થઇને પકડે છે, મારી પાસેથી દીક્ષા લઈ જાય છે. પણ તેમાંનું કોઈ નિયમિત રીતે, અરે કાંઈ પણ, કરતું નથી. અને મેં જ્યારે તેમની જવાબદારી સ્વીકારી, ત્યારે મારે તો તેમને સંભાળવાં જ રહ્યાં! તેથી આટઆટલા જપ કરું છું, અને ઠાકુરને તે માટે પ્રાર્થના કરું છું: 'હે ઠાકુર, બધાંને ચૈતન્ય દો, મુક્તિ દો. સંસારમાં ઘણાં કષ્ટ છે. બધાં ફરીથી પાછાં ના આવે તેમ કરો!"

બોલતાં બોલતાં ધીરે રહીને બેસી જતાં. પછી કહેતાં: "આટલો આગ્રહ કરીને મંત્ર તો લઇ ગયો, પણ કેમ કાંઈ કરતો નથી? ભારે વળી શું છે? થોડો થોડો અભ્યાસ કરવાથી પરિણામે ઘણો આનંદ આવે છે. આહા, યોગેન અને અમે બધાં વૃંદાવનમાં કેવી મઝા લૂંટતાં! ભાન પણ રહેતું નહિ!"

એક વાર માએ કહ્યું: "આટઆટલા જપ કર્યા કહો, કે કામકાજ કર્યાં કહો, પણ એ બધું કાંઈજ નથી. મહામાયા જ્યાં સુધી માગ ન મૂકે ત્યાં સુધી કોની તાકાત છે? હે જીવ, શરણાગત થા, માત્ર શરણાગત થા! ત્યારે જ તેઓ દયા કરીને માગ મૂકશે."

॥ इति चैतन्यमस्तु ॥

पुस्तकालय गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar